


તીર્થ સ્તવનાવળી.

શ્રાવિકા શાળા

તરફથી—

શા. ખાલાભાઈ ડકલભાઈ




તીર્થ સ્તવનાવળી.

યોજક તથા છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રાવિકા શાળા તરફથી.

શા. બાલાભાઈ કકલભાઈ.

માંડવીની પોળ. નાગજીભુદરની પોળ.

અમદાવાદ.

શ્રી "જૈન" પ્રિન્ટીંગ પ્રેસમાં

શા. જેઠાલાલ દલસુખભાઈએ છાપી.

સં. ૧૯૬૦ સને ૧૯૦૪

કિંમત આઠ આના.

પ્રસ્તાવના.

શ્રી સિદ્ધાચળજી ગિરનારજી, તારંગાજી, આબુજી-અષ્ટાપદજી, સમેતશિખરજી, માણેકપુરજી, કેશરીઆજી, ભો-યણીજી આદિ તીર્થોની યાત્રા કરનાર માણસોને તે તે તી-ર્થોમાં જઈને તેમનાં ચૈત્યવંદન સ્તવન સ્તુતિ કરવાને અનુ-કુળ પડે એવા હેતુથી પુર્વ પુરૂષોના રચેલાં ચૈત્યવંદન સ્ત-વન તથા સ્તુતિઓ જુદા જુદા ગ્રંથોમાંથી ચુંટી કાઢીને તે બધાંને તીર્થવાર અનુક્રમમાં આ પુસ્તકમાં ગોઠવેલાં છે. વળી તીર્થો સિવાય બાકી રહેલા તીર્થંકરોનાં દરેકનાં ત્રણ ત્રણ ચૈત્યવંદન, સ્તવન તથા સ્તુતિઓ છાપેલાં છે, તેમાં શ્રી પાર્શ્વનાથજીના છંદ તથા સ્તવનનો સમુદાય તો મોટો છે, ઉ-પરનાં ચોવીસે તીર્થંકરનાં ચૈત્યવંદન સ્તવન વિગેરે દેવવંદ-નમાં ઘણાં ખપ લાગે એવાં છે. આ ગ્રંથની અનુક્રમણિ-કાની એવી ગોઠવણ કરી છે કે જે બાબત જોવી હોય તે, પાંચ જુદા જુદા કોઠાઓ ઉપરથી સહેજ સમજી શકાય.

આ પુસ્તક છપાવી બહાર પાડતાં પ્રુફ સુધારવામાં બનતી કાળજી રાખવા છતાં સુધારનાર છાપખાનાના કા-રકુનોના સુધારવામાં રહી જવાથી અથવા તો મારી દ્રષ્ટી દોષથી યા મતિ મંદતાથી કાનો, માત્રા, મીંડી, દસ્કત ઉ-લટપાલટ વિગેરેની ભૂલો રહી ગઇ હોય અથવા જિનાજ્ઞા વિરૂદ્ધ લખાણ આવી ગયું હોય તો તેને માટે હું મિચ્છા મિદુક્કડ દેઉછું તથા વાંચક વર્ગને સુધારી વાંચવા ભલામણ કરૂંછું અને નમ્રતા પૂર્વક અરજ કરૂંછું કે તે ભૂલો મને લખી જણાવે જેથી બીજી આવૃત્તિમાં સુધારી શકાય.

અનુક્રમણિકા.

કયા તીર્થનાં	પાંનું	પેહેલી લીટી	કયા તીર્થંકરની કે કે આગળ	કેટલામા તીર્થંકરનાં.
શ્રી શત્રુંજયનાં	૧	વિમળ કેવળજ્ઞાન કમળા	રિખભ દેવનાં ચૈત્યવંદન	૧
	૨	અરિહંતનમો ભગવંતનમો	,, ,,	
	૨-૩	દયાળુ દીનાનાથ દેવાધિદેવા	,, છંદ	
	૪	શ્રી આદિનાથ જગન્નાથ	,, ચૈત્યવંદન	
	,,	જયત્યાદિમ તીર્થેશ	,, ,,	
	૫	સરવાર્થ સિદ્ધથકી	,, ,,	
	,,	આદિદેવ અલવેસરૂ	,, ,,	
	,,	જયજય નાભિનરેંદ નંદ	,, ,,	
	૬	આંખડીયેરે મેં આજ શત્રુંજય દીઠોરે	,, સ્તવનો	
	૭	તે દિન ક્યારે આવશે	,, ,,	
	૮	સિદ્ધગિરિ ધ્યાવો ભવિકા	,, ,,	
	,,	જાત્રા નવાણું કરીએ વિમલ	,, ,,	

સિદ્ધાચળજીનાં સ્તવનો

૬૨

	૨૬	શ્રી. શત્રુંજય મંડણ.	”	સ્તુતિ
	૨૬-૨૮	શ્રી શત્રુંજયગિરિતરિથ સાર	”	”
	૨૮	આદિજિનવર રાયા	”	”
	૨૮	આસીઆમ પુરવ બારવાર	”	”
	૨૯-૩૨	સિદ્ધાચળ સમરો સદા	”	દુહા (૩૯)
	૩૩-૪૨	શ્રી આદીશ્વર અજર અમર	રિખભ દેવના દુહા (૧૦૯)	
	૪૨-૪૫	જે કોઇ સિદ્ધગિરિ રાજને આરાધશેરે લાલ	”	ની ગરબી
ગિરનારજી.	૪૫-૪૬	શ્રી આદીનાથ નિર્વાણી.	”	લાવણી
	૪૭	બાવીસમા શ્રી નેમનાથ	નેમનાથનું	ચૈત્યવંદન
	”	નેમિનાથ બાવીસમા.	”	”
	”	અપરાજિતથી આવીયા	”	”
	૪૮	સમુદ્ર વિજય કુલચંદનંદ	”	”
	૪૮-૫૦	સોરઠમેં સોહામણો	”	છંદ
	૫૦	નેમ જિણેસર નિજકારજ કર્યું.	”	સ્તવન
	૫૧	સખી નમીએ તે નેમજિન રાજ,	”	સાતવાર
	૫૨	જઇને કહેજો મારા વાલા છેરે.	”	સ્તવન
	૫૩	તોરણ આવી રથ ફેરી ગયારે હાં.	”	”
	૫૩-૫૮	ઉજ્જુલ કહે ગાયા નેમજી	”	”

ગીરનારના

૫૫	નેમ જિનંદ જુહારીએ	,,	,,
૫૬-૫૭	આઠ ભવ તર વાલહીરે	,,	,,
૫૭-૫૮	તોરણ આવી કંત પાછા વળીયારે	,,	સ્વાધ્યાય
૫૯	હાંરે કીને દેખા અમેરા સ્વામી	,,	સ્તવન
૬૦	ઘરે આવોને નેમવરણાગીયારે	,,	,,
૬૧	રહો રહોરે યાદવ દો ઘડીઆં	નેમનાથનું	સ્તવન
૬૧-૬૨	નિરખો નેમિજિણંદને	,,	,,
૬૩	રહો રહોરે નેમજી દો ઘડીયાં	,,	,,
૬૩-૬૪	દુરિત ભય નિવાર	નેમનાથની	સ્તુતિ
૬૪	રાજુલ વરનારી	,,	,,
૬૫	ગયા શસ્ત્રાગારે	,,	,,
૬૬	ગિરનાર ગિરીશ્વર વંદીયે	,,	,,
૬૬-૬૭	સુર અસુર વંદિયપાય પંકજ	,,	,,
૬૭	શ્રી ગિરનારે જે ગુણ નીલો	,,	,,
,,	તુમ સમુદ્રવિજયકા તન	,,	લાવણી
૬૮	શ્રી નેમિ નિરંજન બાળપણે બ્રહ્મચારી	,,	,, શ્લોક ૧ લો
૬૯-૭૦	ગુણવંતા શ્રી જિનરાય સંભાએ આવે.	,,	,, ૨ જો
૭૦-૭૧	હરખ્યો હરિનંદ ચિત્ત	,,	,, ૩ જો
૭૧-૭૨	આવ્યો યાદવ કેરો ચંદ ૭·		

તારંગાજીના

	સ્મન કુંકેરે	૪ થા
૭૨	આવ્યા વિજય વિમાનથી	અજિત નાથનું ચૈત્યવંદન
૭૩	અજિતનાથ પ્રભુ અવતર્યા	,, ,,
૭૩	સુદી વૈશાખની તેરશે.	,, ,,
૭૩-૭૪	તારંગાની ટુંકે મુંકુ માન ગુમાનરે	,, સ્તવન
૭૪-૭૫	અજિત જિણંદ શું પ્રીતડી	,, ,,
૭૫	અજિત જિણેસર ચરણની સેવા	,, ,,
૭૫-૭૬	અજિત જિનેસર સાહીબા-રે લોલ	,, ,,
૭૬-૭૭	પ્રીતલડી બંધાણીરે અજિત-જિણંદશું	,, ,,
૭૭-૭૮	પંથડો નિહાળુંરે બીજા જિનતણો	,, ,,
૭૮-૭૯	જ્ઞાનાદિક ગુણ સંપદારે	,, ,,
૭૯	અજિ[illegible] જિન ત[illegible] મુજ અંતરે	,, ,,
૮૦	જય [illegible]	અજિતનાથની સ્તુતિ
૮૦	વિજ[illegible]નંદા	,, ,,
૮૦	અજિ[illegible] જગપતિનો	,, ,,
૮૦-૮૧	શ્રી અ[illegible]તનાથ મહારાજ	,, લાવણી
૮૧	પ્રથમ જિનેસર વિમલદેવ	ઋષભદેવનું ચૈત્યવંદન

આબુજીનાં	૮૧-૮૨	નાભિ નરેસર વંશચંદ	"	"
	૮૨	અજરામર અકલંક અ-રૂજ માવીકે	"	"
	૮૨-૮૩	આદિજિનેસર પૂજતાં	"	સ્તવન
	૮૩ ૮૪	ચાલોને દેખવા આબુજી	"	"
	૮૪-૮૫	આબુ ગઢને નેમવરજીને ભ-ણુંરે	"	"
	૮૫-૮૬	આબુ પર્વત રૂઅડારે લોલ	"	"
	૮૬-૮૭	પરમસુખ વિલાસી	રિષભદેવની	સ્તુતિ
	૮૭	શીશનિતનમું નાભિનંદન		લાવણી
	૮૭	પ્રથમ તીર્થંકરતણા હુવા	ચોવીસજિન સમકિત ભ-વગણતિનુ ચૈત્યવંદન	
અષ્ટાપદજીનાં	૮૮	શાંતિ નમિમલ્લિ મેષ છે	તીર્થંકરની રાશીનું ચૈત્ય.	
	૮૮	પદ્મ પ્રભને વાસુપૂજ્ય	ચોવીસ જિનના વર્ણનું ચૈત્યવંદન.	
	૮૮-૮૯	ચત્તારિ અઠ્ઠ દસ દોય વંદિયેજી	અષ્ટાપદજીનુ	સ્તવન
	૮૯	તીર્થ અષ્ટાપદ નિત્ય નમીએ		
	૯૦-૯૨	શ્રી અષ્ટાપદ ઉપરે જાણી અવસર હો.	"	"
	૯૩	અષ્ટાપદ અરિહંતજી મારા વાહાલાજીરે.	"	"
			"	"
	૯૩-૯૪	અષ્ટાપદગિરિ જાત્રા કરણકું	"	"
	૯૪-૯૫	નાભિરાજિત વાસુપૂજ્ય	ચતુર્વિંશતિ જિન	સ્તુતિ

સમેતશિખરજીનાં.

૯૫	આજ દેવ અરિહંત નમું		ચૈત્યવંદન	૨૩
૯૬	બાર ગુણ અરિહંતદેવ	પંચ પરમેષ્ઠિ	"	
૯૬-૯૭	સમેત શિખર જિનવંદીએ	સમેતશિખર	સ્તવન	
૯૭	જય પૂજો લાલ, સમેત શિખરગિરિ ઉપર પાસજી શામળા	"	"	
૯૮	આજ સફળદિન ઉગ્યો હો	"	"	
૯૯-૧૦૦	તીરથ તીરથ શું કરોરે રસીઆ	"	"	
૧૦૦	સમેત શિખર ચાલો જઇએ	"	હુમરી	
૧૦૦-૧૦૧	ડુંગર બતાદે પાહાડીયાં		કેરબો	
૧૦૧	શિખરપર રાજત વીસ જિણંદ		સ્તવન	
૧૦૧-૧૦૨	ચાલો ચાલો શિખર ગિરિ જઇએરે		"	
૧૦૨	શીખરજીકી જાત્રા ક્યું ન કરે		"	
૧૦૨-૧૦૩	ડુંહી નમો નમો સમેત સિખરગિર		"	
		ચૈત્ય વંદન પાને ૧-૫ તથા ૮૧-૮૨ જુઓ		૧
૧૦૩-૧૦૪	જગપતિ જયો જયો રિષભ જિણંદ	રિષભદેવ	સ્તવન	

રાણકપુરનાં	૧૦૮	શ્રી રાણકપુર રળીયામણું રેલોલ			
	૧૦૪-૧૦૬	આદી જિણંદ અરિહંતજી પ્રભુ અમનેરે		”	
	૧૦૬-૧૧૧	પામી સુગુરૂ પસાયરે શત્રુંજય ધણી		”	
	૧૧૧-૧૧૨	ભરતજી કહે શુણો માવડી		વિનતિ સ્તવન	
કેશરીયાજીનાં	૧૧૨-૧૧૩	પ્રથમ તીર્થંકર રિષભ જિણંદા	સ્તુતિ પાને ૨૬-૨૮ તથા ૮૬-૮૭ જુઓ. ચૈત્યવંદન પાને ૧-૫ તથા ૮૧-૮૨ જુઓ	સ્તવન	૧
	૧૧૩-૧૧૪	આજ સફળદિન માહરોરે			
	૧૧૪	કેસરિયાસેં લાગ્યું મેરૂં ધ્યાનરે		”	
	૧૧૪-૧૧૫	પ્રભુ મીઠું નામ છેરે		”	
	૧૧૫	કેસરિયા વાહલા, જો લજ્જા રાખશો તો રહેશે.		”	
	૧૧૫-૧૧૬	હાંરે વહાલો મારા રિષભદેવ ગુનવાસી			
	૧૧૬	પ્રભુની મૂરતિ મોહન વેલડી			
	૧૧૬-૧૧૭	ભલા હુવાજી તેરા દરિશન પાયા			
	૧૧૭	ઋષભ સંઝા પ્રભુ સ્વરા			

		[illegible]			
મલ્લિનાથજીનાં.	૧૧૭-૧૧૮	પરમસુખ વિલાસી	જિનમંદિર	સ્તુતિ	
	૧૧૮	મલ્લિ જયંત વિમાનથી	મલ્લિનાથનાં	ચૈત્યવંદન	
	૧૧૮-૧૧૯	મલ્લિનાથ ઓગણીસમા	,,	,,	૧૯
	૧૧૯	ચવ્યા જયંત વિમાનથી	,,	,,	
	૧૧૯	મિથિલા નયરીએ અવતર્યા	,,	સ્તવન	
	૧૨૦	ગુજ મુજરીજની રીજ	,,	,,	
	૧૨૦-૧૨૧	મલ્લિનાથ જગનાથ	,,	,,	
	૧૨૧-૧૨૨	મિથિલા તે નયરી દીપતીરે	,,	,,	
	૧૨૨-૧૨૩	પંચમ સુરલોકના વાસીરે	,,	,,	
	૧૨૩-૧૨૪	મલ્લિ જિનેસર અર્ચિત કેસરે	,,	,,	
	૧૨૪	મલ્લિનાથ મુખચંદ નિહાળુ	,,	સ્તુતિ	
	૧૨૫	મલ્લિજિન નમીએ	,,	,,	
	૧૨૫	જય ચિંતામણિ પાર્શ્વનાથ	પાર્શ્વનાથજીનું	ચૈત્યવંદન	૨૩
	૧૨૫	પ્રણમામિ સદા પ્રભુ પાર્શ્વ જિનં	,,	,,	
	૧૨૬	પુરસાદાણી પાસ નાહ	,,	,,	
	૧૨૬-૧૨૭	શ્રી પાર્શ્વનાથ નમસ્તુભ્ય	,,	,,	
	૧૨૭	સકલ કરતિ શ્રી પાસતણી	પાર્શ્વનાથજીના	છંદ	
	૧૨૮	કલ્યાણ કેલીસદનાયનમો નમસ્તે	,,	,,	
	૧૨૯-૧૩૦	સકલસાર સુરતરૂ જગજાણ	,,	,,	
	૧૩૦ [illegible]	સદા [illegible]	,,	,,	

૧૩૨-૧૩૩	સુખ સંપત્તિ દાયક દેવસદા		
૧૩૩-૧૩૪	પ્રભુ પાસજી તારૂં નામ મારૂં	અંતરિક પાર્શ્વજિન છંદ	૨૨
૧૩૪-૧૩૫	આપણુ ઘર બેઠાં લીલ કરો	" " "	
૧૩૫-૧૩૮	જય જય જગ નાયક પાર્શ્વજિનં	સંખેશ્વર પાર્શ્વજિન છંદ	
૧૩૮	સકળ સુખાકર જિનવરરાય	" " "	
૧૩૯	સેવો પાસ સંખેશ્વરો મનશુદ્ધ		
૧૩૯-૧૪૦	સકળ સુરાસુર વંદ	" " "	
૧૪૧-૧૪૨	પ્રભુ ઉઠી પ્રણમે પાર્શ્વ સદા	" " "	
૧૪૨-૧૪૩	ધવળ ધીંગ ગોડી ધણી	શ્રી ગોડી પાર્શ્વનાથ છંદ	
૧૪૩-૧૪૪	પ્રભુ જ્યોતી દીપે શશી સૂરજ પે	" " અષ્ટક	
૧૪૪-૧૪૫	વંદો નરનારી સમકિતધારી	શ્રી વરકાણા પાર્શ્વજિન છંદ	
૧૪૫-૧૪૭	ભીડભંજન પ્રભુ	ભીડભંજન પાર્શ્વજિન છંદ	
૧૪૮-૧૪૯	સારકર સારકર સ્વામી સંખેશ્વરા	સંખેશ્વર પાર્શ્વજિન સ્તવન	
૧૪૯-૧૫૦	સહજાનંદી શીતળ સુખ ભોગી તો		
૧૫૦	અંતરજામી સુણ અલવેસર	" " "	
૧૫૧-૧૫૨	આવો રે આવો પાસજી મુજ મળીયા રે	" " "	
૧૫૨-૧૫૩	સજની મોરી પાસ જિનં-	" " "	

[illegible]

	ચર પૂજાર	,,	,,	
૧૫૩	હારે મ્હારે આજની ઘડી ને ગુળિયામણીજો	અજરા	,, ,,	
૧૫૪–૧૫૫	તીસ વરસ ઘરમાં વસ્યારે	,,	,,	
૧૫૫–૧૫૬	પ્રભુ પારસનાથ સધાવ્યા	,, ,,	,,	
૧૫૬	પ્રભુરે ગોડીચા પાસજી	ગોડી પાર્શ્વનાથનું	સ્તવન	
૧૫૭	સંખેશ્વર પાસજી પૂજીએ	પાર્શ્વજિન	સ્તુતિ	
૧૫૭–૧૫૮	પાસ જિણંદા વામાનંદા	,,	,,	
૧૫૮	સત્તમ ગ્રૈવેજ ચવન છે	સંભવજિન	ચૈત્યવંદન	૩
૧૫૯	સાવત્થી નયરી ધણી	,,	,,	
૧૫૯	સત્તમ ગ્રૈવેયક થકી	,,	,,	
૧૫૯–૧૬૦	સાહિબ સાંભળોરે સંભવ અરજ અમારી	,,	સ્તવન	
૧૬૦	સંભવ સ્વામી સેવીએ	,,	સ્તુતિ	
૧૬૦	સંભવ સુખ દાતા	,,	,,	
૧૬૧	ચવ્યા જયંત વિમાનથી	અભિનંદનજિન	ચૈત્યવંદન	૪
,,	નંદન સંવર રાયનો	,,	,,	
,,	જયંત વિમાન થકી ચવ્યા	,,	,,	
૧૬૨–૧૬૩	દીઠી હો પ્રભુ દીઠી જગ ગુરૂતુજ	,,	સ્તવન	
૧૬૩	અભિનંદન ગુણ માલિકા	,,	સ્તુતિ	
,,	સંવર સુત સાચો		,,	
૧૬૩	સુમતિ જયંત વિમાનથી	સુમતિનાથનું	ચૈત્યવંદન	૫

સુમતિનાથનાં | પદ્મપ્રભ સ્વા० | સુપાર્શ્વનાથનાં | ચંદ્રપ્રભ०

૧૬૩	સુમતિનાથ ગુણ ઉદ	,,	,,	
૧૬૪	આવસુભુદ બીજ ચવ્યા	,,	,,	
,,	સુમતિનાથ ગુણશું મિલીજે	,,	સ્તવન	
૧૬૫	સુમતિસ્વર્ગકીયે અસમંતન	,,	સ્તુતિ	
,,	સુમતિ સુમતિદાઇ	,,	,,	
,,	ગ્રૈવેયક નવમે થકી	પદ્મપ્રભ સ્વામિનું	ચૈત્યવંદન	૬
,,	કોશંબીપુરી રાજીયા	,,	,,	
૧૬૫-૧૬૬	નવગ્રૈવેયકથી ચવી	,,	,,	
૧૬૬	શ્રી પદ્મ પ્રભુ જિન ગુણનિ ધિરે લાલ	,,	સ્તવન	
૧૬૭	પદ્મ પ્રભુ હતા છદ્મસ્થ અવસ્થા	,,	સ્તુતિ	
,,	અઢીસેં ધનુષ કાયા	,,	,,	
,,	ગ્રૈવિજ છઠેથી ચવ્યા	સુપાર્શ્વ સ્વામિનું	ચૈત્યવંદન	૭
૧૬૭-૧૬૮	શ્રી સુપાસ જિણંદ	,,	,,	
૧૬૮	છઠ્ઠા ગ્રૈવેયકથી ચવ્યા	,,	,,	
૧૬૮	શ્રી સુપાસ જિનરાજ	,,	સ્તવન	
૧૬૯	આઠ મહા પડિહારશુંએ	,,	સ્તુતિ	
,,	સુપાસ જિન વાણી	,,	,,	
૧૬૯	ચંદ્ર પ્રભુ ચંદાવતી	ચંદ્રપ્રભ સ્વામિનું	ચૈત્યવંદન	૮
,,	લક્ષ્મણા માતા જનમીયા	,,	,,	
૧૭૦	શ્રી ચંદ્ર પ્રભજિન આઠમા	,,	,,	
૧૭૦-૧૭૧	શ્રી ચંદ્ર પ્રભજિન પદસેવા	,,	સ્તવન	

૧૭૯	વાસવ વંદિત વાસુપુજ્ય	,,	,,	
,,	પ્રાણતથી કહ્યાં આવીયા	,,	,,	
૧૮૦	સ્વામી તુમે કાંઇ કામણ કીધું	,,	સ્તવન	
,,	વિમળ ગુણ આગાર	,,	સ્તુતિ	
૧૮૧	વિશ્વના ઉપગારી	,,	,,	
,,	અષ્ટમ સ્વર્ગથકી ચવી	વિમળનાથનું	ચૈત્યવંદન	૧૩
,,	કંપીલપુરે વિમલ પ્રભુ	,,	,,	
૧૮૧-૧૮૨	અષ્ટમકલ્પથકી ચવ્યા	,,	,,	
૧૮૨	દુ:ખ દોહગ દુરે ટળ્યાંરે	વિમળનાથ સ્વામીનું સ્તવન		
૧૮૩	વિમળનાથ વિમળ ગુણ વર્ય	,,	ની સ્તુતિ	
,,	વિમળજિન જુહારો	,,	,,	
,,	દેવલોક દશમાથકી	અનંતનાથ	સ્વામીનુ ચૈત્યવંદન	૧૪
૧૮૩-૧૮૪	અનંત અનંત ગુણ આગરૂ	,,	,,	
૧૮૪	પ્રાણતથકી ચવીયા કહાં	,,	,,	
,,	શ્રી અનંત જિનશું કરો સાહેલડીઆં	અનંતજિન	સ્તવન	
૧૮૫	જ્ઞાનાદિકા ગુણ વર્યા	,,	સ્તુતિ	
,,	અનંત અનંત નાણી	,,	,,	
,,	વિજય વિમાનથકી ચવ્યા	ધર્મનાથનું	ચૈત્યવંદન	૧૫
૧૮૫-૧૮૬	ભાનુનંદન ધર્મનાથ	,,	,,	
૧૮૬	વૈશાખી સુદી સાતમે	,,	,,	
૧૮૬-૧૮૭	ધ્યારે મારે ધર્મ જિણંદશું			

...નું		લાગા પૂરણ પ્રાતજી	"	સ્તવન	
	૧૮૭	સખી ધર્મ જિનેસર પૂજિયે.	"	સ્તુતિ	
	"	ધરમ ધરમ ધારી	"	"	
શાંતિનાથનાં	૧૮૮	સર્વાર્થ સિદ્ધે થકી	શાંતિજિન	ચૈત્યવંદન	૧૬
	"	શાંતિ જિનેશ્વર સોલમા	"	"	
	"	ભાદ્રવ વદિ સાતમ દિને	"	"	
	૧૮૯-૧૯૦	શાંતિજિન એક મુજ વિનતિ	"	સ્તવન	
	૧૯૦-૧૯૧	સોલમા શાંતિજિનેસરદેવ કે અચિરાના નંદરે	"	"	
	૧૯૧-૧૯૨	શાંતિ સુહંકર સાહીબો	"	સ્તુતિ	
કુંથુનાથજીનાં	૧૯૨	લવ સત્તમ સુરભવ તજી	કુંથુજિન	ચૈત્યવંદન	૧૭
	"	કુંથુનાથ કામિત દિયે	"	"	
	૧૯૩	શ્રાવણ વદી નવમી દિને	"	"	
	૧૯૩	સાહેલાં હે કુંથુજિનેસર દેવ	"	સ્તવન	
	૧૯૩	વશી કુંથુવર્તી તિલકો જગતિ	"	સ્તુતિ	
	૧૯૩-૧૯૪	કુંથુ જિનનાથ	"	"	
અરનાથનાં	૧૯૪	ઠાણ સવ્વટ્ઠ થકી ચવ્યા	અરનાથજિન	ચૈત્યવંદન	૧૮
	૧૯૪	નાગપુરે અરજિન વરૂ	"	"	
	૧૯૪	સર્વાર્થથી આવિયા	"	"	
	૧૯૪-૧૯૫	ધરમ પરમ અરનાથનો	"	સ્તવન	
	૧૯૫	અરવિભુ જીતલે ઘાતક	"	સ્તુતિ	

૧૯૫–	અર જિનવરરાયા		
		મલ્લિનાથનાં ચૈત્યવંદન સ્તવન પાને ૧૧૮–૧૨૫ જુઓ	
૧૯૬	સુવ્રત અપરાજિતથી	મુનિસુવ્રત સ્વામીનાં ચૈત્યવંદન	૨૦
૧૯૬	મુનિસુવ્રત જિન વીસમા	,, ,,	
૧૯૬–૧૯૭	અપરાજિતથી આવીયા	,, ,,	
૧૯૭	મુનિસુવ્રત કીજે મયારે	,, સ્તવન	
૧૯૭	સુવ્રતસ્વામી આતમરામી	,, સ્તુતિ	
૧૯૭–૧૯૮	મુનિસુવ્રત નામે	,, ,,	
૧૯૮	દસમા પ્રાણત સ્વર્ગથી	નમિનાથજિન ચૈત્યવંદન	
૧૯૮	મિથિલા નગરીનો રાજિયો	,, ,,	૨૧
૧૯૮	આસો સુદી પુનમ દિને	,, ,,	
૧૯૯–૨૦૦	શ્રી નમિજીનવરસેવ ઘનાઘન ઉનમ્યોરે	,, સ્તવન	
૨૦૦	શ્રી નમિનાથ સુહામણાએ	,, સ્તુતિ	
૨૦૦	નમીએ નમિ નેહ	,, ,,	
	નેમનાથસ્વામીનાં	ચૈત્યવંદન સ્તવન સ્તુતિ પાને ૬૭ થી ૭૨ જુઓ	૨૨
	પાર્શ્વનાથ સ્વામીનાં	ચૈત્યવંદન સ્તવન સ્તુતિ ૭૬ પાને ૧૨૫થી ૧૫૮ જુઓ	૨૩

મહાવીરસ્વામીનાં.

૨૦૦-૨૦૧	ઇન્દ્રસાક દુસમા થઇ	આ મહાવીર સ્વામીના ચૈત્યવંદનો	૨૪
૨૦૧	સિદ્ધારથ સુત વંદિયે	,, ,,	
૨૦૧	શુદિ આષાઢ [illegible] દવસે	,, ,,	
૨૦૧-૨-૨	તાર હો તાર પ્રભુ	,, સ્તવન	
૨૦૨-૨૦૩	ગિરૂઆરે ગુણ તુમતણા	,, ,,	
૨૦૩	સિદ્ધારથનારે નંદન વિનવું	,, ,,	
૨૦૩-૨૦૪	ચોમાસી પારણું આવે	,, ,,	
૨૦૪	વંદો વીર જિનેશ્વર રાયા	,, ,,	
૨૦૫	વીર કુંઅરની વાતડી કેને કહીએરે	,, ,,	
૨૦૬	વીરપ્રભુ ત્રિભુવન ઉપકારી	,, ,,	
૨૦૬-૨૦૭	તારે પ્રભુ નહીં માનુ	,, ,,	
૨૦૫-૨૦૮	વીર જગતપતિ જન્મજ થાવે	,, સ્તુતિ	
૨૦૮	મહાવીર જિણંદા	,, ,,	
૨૦૯	દુવિધ ધર્મ જેણે ઉપદિશ્યો	બીજનું ચૈત્યવંદન.	
	પ્રણમી શારદમાય.	સ્તવન.	
૨૧૧	દિનસકળ મનોહર.	સ્તુતિ.	
	ત્રિગડે બેઠા વીરજિન.	પંચમીનું ચૈત્યવંદન.	
૨૧૨	પંચમી તપ તમે કરોરે પ્રાણી.	સ્તવન.	
૨૧૩	શ્રાવણ સુદી દિન પંચમીએ.	સ્તુતિ.	
૨૧૪	માહાસુદિ આઠમને દિને.	અષ્ટમીનું ચૈત્યવંદન.	

તીર્થ સ્તવનાવળી.

મોટાં ચૈત્યવંદનો.

श्री सिद्धाचळजीनुं चैत्यवंदन.

વિમલ કેવલ જ્ઞાન કમળા, કલિત ત્રિભુવન હિતકરં;
સુરરાજ સંસ્તુત ચરણ પંકજ, નમો આદિ જિનેશ્વરં. ૧.
વિમલ ગિરિવર શૃંગ મંડણ, પ્રવર ગુણ ગણ ભૂધરં;
સુર અસુર કિન્નર કોડિ સેવિત, નમો આદિ જિનેશ્વરં. ૨.
કરતિ નાટક કિન્નરીગણ, ગાય જિનગુણ મનહર;
નિર્જરાવલી નમે અહુનિશ, નમો આદિ જિનેશ્વરં ૩.
પુંડરિક ગણપતિ સિદ્ધિ સાધિ, કોડિ પણ મુનિ મનહરં.
શ્રી વિમલ ગિરિવર શૃંગસિદ્ધા, નમો આદિ જિનેશ્વરં ૪.
નિજ સાધ્ય સાધન સુર મુનિવર, કોડિનંત એ ગિરિવરં:
મુક્તિ રમણી વર્યા રંગે, નમો આદિ જિનેશ્વરં ૫.
પાતાલ નર સુર લોકમાંહી, વિમલ ગિરિવરતો પરં;
નહિં અધિક તીરથ તીર્થપતિ કહે, નમો આદિ જિનેશ્વરં ૬
એમ વિમલ ગિરિવર શિખરમંડણ, દુઃખવિહંડણ ધ્યાઇએ:
નિજ શુદ્ધ સત્તા સાધનાર્થે, પરમ જ્યોતિ નિપાઇએ. ૭
જિત મોહ કોહ વિછોહ નિદ્રા, પરમ પદસ્થિત જયકરં:
ગિરિરાજ સેવા કરણ તત્પર, પદ્મવિજય સુહિતકરં ૮

श्री आदिजिन चैत्यवंदन.

(શ્રી ચંદકેવલીના રાસમાંથી.)

અરિહંત નમો ભગવંત નમો, પરમેસર જિનરાજ નમો; પ્રથમ જિનેસર પ્રેમે પેખત, સિદ્ધાં સઘળાં કાજ નમો. અ. ૧ પ્રભુ પારંગત પરમ મહોદય, અવિનાશી અકલંક નમો; અજર અમર અદ્ભુત અતિશયનિધિ, પ્રવચન જલધિ મયંક નમો. અ૦ ૨ તિહુયણ ભવિયણ જિણમણ વંછિય, પૂરણ દેવ રસાલ નમો; લળિ લળિ પાય નમું હું ભાવે, કરજોડીને ત્રિકાલ નમો. અ૦ ૩ સિદ્ધ બુદ્ધ તું જગ જન સજ્જન, નયનાનંદન દેવ નમો; સકલ સુરાસુર નરવર નાયક, સારે અહનિશ સેવ નમો. અ૦ ૪ તું તીર્થંકર સુખકર સાહિબ, તું નિઃકારણ બંધુ નમો; શરણાંગત ભવિને હિતવત્સલ, તુંહી કૃપારસ સિંધુ નમો. અ૦ ૫. કેવલ જ્ઞાનાદર્શે દર્શિત, લોકાલોક સ્વભાવ નમો; નાશિત સકલ કલંક કલુષગણ, દુરિત ઉપદ્રવ ભાવ નમો. અ૦ ૬ જગ ચિંતામણિ જગગુરૂ જગહિત, કારક જગ જન નાથ નમો; ઘોર અપાર ભવોદધિ તારણ, તું શિવપુરનો સાથ નમો. અ૦ ૭. અશરણ શરણ નીરાગ નિરંજન, નિરૂપાધિક જગદીશ નમો; બોધિ દીઓ અનુપમ દાનેસર, જ્ઞાનવિમલ સૂરિશ નમો. અ૦ ૮.

આદિ જિન છંદ. (ભુજંગીછંદ.)

દયાળુ દીનાનાથ દેવાધિ દેવા, સદા દાસને આપીએ આપ-સેવા; વિભુ સેવકોની વિનંતી સ્વીકારો, અરીહંત આદી ભવાબ્ધિ ઉતારો. ૧. પિતા નાભિરાજા મરૂદેવી માતા, સુખે

ઉચરૂ આપનાં મુક્તિદાતા; અમોને સદા આશરો છે તમારો, અરીહંત આદી ભવાબ્ધિ ઉતારો. ૨. વિનીતા તણા રાજવી વિઘ્ન હર્તા સદા શેવના દેવતા ક્રોડ કર્તા; જગન્નાથજી નિંદ્ય પાપો નિવારો, અરીહંત આદીભવાબ્ધિ ઉતારો. ૩. ધનુ પાંચસે હેમ છે કાય ઉંચી, હૃદેમાં રતી ભાવથી ભક્તિરૂચી; સદા ઇષ્ટ છો શેલડી સ્વાદ સારો, અરીહંત આદીભવાબ્ધિ ઉતારો. ૪. પ્રભુજી તમારા તમે પુત્ર તાર્યા, અમોને વિભુ એ સમે શું વિસાર્યા; હવે હું નથી છોડસો છોડનારો, અરીહંત આદીભવાબ્ધિ ઉતારો. ૫. મહાદેવ વિષ્ણુ વળી જે વિધાતા, નથી માનતા મેલડી પીરમાતા, ભુંડા ભુતડામાં ભર્યાછે વિકારો, અરીહંત આદી ભવાબ્ધિ ઉતારો. ૬. કંઇ દેવતા દુષ્ટ માંસાદિ માગે, કંઈ નગ્ન નાચ્યા નમી નાર આગે; નથી હું કદી કોઇને જાચનારો, અરીહંત આદીભવાબ્ધિ ઉતારો. ૭. દિણંદા સુરેંદા સદા પાયપૂજે, નરીંદા મુણીંદા નમ્યા તે નમુજે; ધણી ધ્યાનમાં દાસની અર્જ ધારો, અરીહંત આદી ભવાબ્ધિ ઉતારો. ૮. ઘણીવાર મેં આપ આજ્ઞા ઉથાપી, હવે શર્ણે આવ્યો પ્રભુજી પ્રતાપી; ક્ષમા આપજયો વાંક આવ્યા અપારો, અરીહંત આદી ભવાબ્ધિ ઉતારો. ૯. નમું નમ્રતાથી નને નિર્વિકારી, કરૂણાનિધિ નાથ કલ્યાણકારી; કદી ઝાલશે કાળ આવી અંટારો, અરીહંત આદી ભવાબ્ધિ ઉતારો. ૧૦. સુકર્ણી ન કીધી કદી દેવ કાંઇ, રહ્યો મોહ માયા વિષે હું મુઝાઇ; હજી હે પ્રભુ ભુલ આવે હજારો, અરીહંત આદી ભવાબ્ધિ ઉતારો. ૧૧. વિરામી વિરામિ કરૂં છું વિલાપો, મહાકષ્ટ કાપો મને મોક્ષ આપો; કહ્યું કેશવે હાથ ઝાલી અમારો, અરીહંત આદી ભવાબ્ધિ ઉતારો ૧૨.

श्री आदिजिन चैत्यवंदन.

અનુષ્ટુપવૃત્તમ.

શ્રી આદિનાથ જગન્નાથ, વિમલાચલ મંડન:
જય નાભિકુલાકાશ, પ્રકાશન દિવાકર. ૧
તવ દેવ પદાંભોજ, સેવાપિ દુર્લભા ભવેત્;
પુણ્ય સંભાર હીનાનાં, કલ્પવલ્લીવ દેહિનામ્. ૨
તે ધન્યા માનવા દેવા, યેઽગમન્નતવ શાસનં;
વંદનીયા વિભાતોયે, વદંતે ભવતઃ પદૌ. ૩
પ્રચંડ મમ રાગાદિ, રિપુ સંતતિ ઘાતક;
શ્રી યુગાદિ જિનાધીશં, દેવ વંદે મુદા સદા. ૪
શ્રીશત્રુંજય કોટીર, કૃતં રાજ્યશ્રિયા વિભો,
સર્વાઘનાસનં મેઽસ્તુ, શાસનં તે ભવેભવે. ૫
પાતાલે યાનિ બિંબાનિ, યાનિબિંબાનિ ભૂતલે;
સ્વર્ગેઽપિ યાનિબિંબાનિ, તાનિવંદે નિરંતરમ ૬

आदिजिन चैत्यवंदन.

જયત્યાદિમ તીર્થેશ, ત્રિલોકી મંગલ દ્રુમઃ;
શ્રેય: ફ્લં સદા લોકા, યથાલોકા દુપાસતે. ૧
શ્રીમન્નાભિકુલાદિત્ય, મરૂદેવ્યંગજ પ્રભો;
સંસારાબ્ધિ મહાપોત, જયત્વં વૃષભધ્વજ ૨.
નમસ્તે જગદાનંદ, મોક્ષમાર્ગ વિધાયક;
જૈનેંદ્ર વિહિતા શેષ, ભાવસ્તદ્ભાવ નાયક ૩.
પ્રક્ષીણા શેષ સંસ્કાર, વિસ્તાર પરમેશ્વર;

નમસ્તે વાક્યથાતીત, ત્રિલોક નરશેખર. ૪.
ભવાબ્ધિ પતિતાનંત, સત્વ સંસારતારક;
ઘોર સંસાર કંતાર, સાર્થવાહ નમોસ્તુતે. ૫.

નાનાં ચૈત્યવંદનો.

श्री आदिजिन चैत्यवंदन.

સરવારથ સિદ્ધે થકી, ચવિયા આદિજિનંદ;
પ્રથમરાય વિનિતા વસે, માનવ ગણ સુખકંદ. ૧.
યોનિ નકુલ જિણંદને, હાયન એક હજાર;
મૌનાતીતે કેવલી, વડ હેઠે નિરધાર. ૨.
ઉત્તરાષાઢા જન્મ છે એ; ધનરાસી અરિહંત;
દસ સહસ પરિવારશું, વીર કહે શિવકંત. ૩.

श्री आदिजिन चैत्यवंदन.

આદિદેવ અલવેસરૂ, વિનિતાનો રાય;
નાભિરાયા કુલમંડણો, મરૂદેવા માય. ૧.
પાંચશે ધનુષની દેહડી, પ્રભુ પરમદયાલ;
ચોરાશી લખ પૂર્વનું, જસ આયુ વિશાલ. ૨.
વૃષભલંછન જિનવૃષધરૂએ, ઉત્તમ ગુણમણિખાણ;
તસ પદ પદ્મ સેવન થકી, લહિએ અવિચલ ઠાણ. ૩.

श्री ऋषभजिन चैत्यवंदन.

જયજય નાભિનરિંદનંદ, સિદ્ધાચલ મંડણ;
જયજય પ્રથમ જિણંદચંદ, ભવદુઃખ વિહંડણ. ૧.

જયજય સાધુ સુરિંદવૃંદ, વંદિઅ પરમેસર;
જયજય જગદાનંદ કંદ, શ્રીઋષભ જિનેસર. ૨.
અમૃત સમ જિનધર્મનોએ, દાયક જગમાં જાણ;
તુજ પદ પંકજ નિત્ય નમું, નિશદિન નમત કલ્યાણ.૩.

સ્તવન સમુદાય.

શ્રી સિદ્ધાચળજીનું સ્તવન.

આંખડીએરે મેં આજ શત્રુંજય દીઠારે,
સવા લાખ ટકાનો દાહાડોરે, લાગે મુને મીઠોરે,
સફલ થયોરે માહારા મનનો ઉમાહો,
વહાલા મારા ભવનો સંશય ભાગ્યોરે;
નરક તિર્યંચ ગતિ દૂર નિવારી
ચરણે પ્રભુજીને લાગ્યોરે, શત્રુંજય દીઠોરે. ૧. એ આંકણી.
માનવ ભવનો લાહો લીજે, વા૦ મા૦ દેહડી પાવન કીજેરે,
સોનારૂપાને ફુલડે વધાવી, પ્રેમે પ્રદક્ષિણા દિજેરે. શત્રું૦ ૨
દુધડે પખાલીને કેશરે ઘોલી, વા૦ શ્રી આદીશ્વર પૂજ્યારે;
શ્રી સિદ્ધાચલ નયણે જોતાં, પાપ મેવાસી ધ્રુજ્યારે. શત્રું૦ ૩.
શ્રીમુખ સૌધર્મા સુરપતિ આગે, વા૦ વીરજિણંદ એમ બોલેરે;
ત્રણ ભુવનમાં તીરથ મોહોટું; નહિં કોઇ શત્રુંજય તોલેરે. શત્રું૦૪
ઇંદ્ર સરીખા એ તીરથની, વા૦ ચાકરી ચિત્તમાં ચાહેરે;
કાયાની તો કાહાર કાઢી, સુરજકુંડમાં નાહેરે. શત્રું૦ ૫
કાંકરે કાંકરે શ્રીસિદ્ધક્ષેત્રે, વા૦ સાધુ અનંતા સિદ્ધારે;

તે માટે એ તીરથ મ્હોટું, ઊદ્ધાર અનંતા કીધારે. શત્રું૦ ૬
નાભિરાયા સુત નયણુ જોતાં, વા૦ મેહ અમીરસ વુઠારે;
ઊદયરત્ન કહે આજ મ્હારે પોતે, શ્રીઆદેસર તુઠારે. શત્રું૦ ૭

શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

તે દિન ક્યારે આવશે, શ્રી સિદ્ધાચલ જાશું;
ઋષભ જિણંદ જુહારીને, સૂરજકુંડમાં ન્હાશું. તે દિન૦ ૧
સમવસરણમાં બેશીને, જિનવરની વાણી;
સાંભળશું સાચે મને, પરમારથ જાણી. તે દિન૦ ૨
સમકિત વ્રત સુધાં ધરી, સદગુરૂને વાંદી;
પાપ સરવ આલોઇને, નિજ આતમ નંદી. તે દિન૦ ૩
પડિકમણું દોઇ ટંકનું, કરશું મન કોડે;
વિષય કષાય વિસારીને, તપ કરશું હોડે. તે દિન૦ ૪
વાહલાને વયરી વિચે, નવિ કરવો વેહેરો;
પરના અવગુણ દેખીને, નવી કરવો ચેહેરો. તે દિન૦ ૫
ધરમ થાનક ધન વાવરી, છક્કાયને હેતે;
પંચ મહાવ્રત લેઇને, પાલશું મન પ્રીતે. તે દિન૦ ૬
કાયાની માયા મેલીને, જેમ પરિસહ સહિશું;
સુખ દુઃખ સરવે વીસારીને, સમભાવે રહિશું. તે દિન૦ ૭
અરિહંત દેવને ઓલખી, ગુણ તેહના ગાશું;
ઊદયરતન ઇમ ઊચ્ચરે, ક્યારે નિર્મલ થાશું. તે દિન૦ ૮

શ્રી સિદ્ધાચળજીનું સ્તવન.

દેશી લાલનની.

સિદ્ધગિરિ ધ્યાવો ભવિકા, સિદ્ધગિરિ ધ્યાવો;
ઘેર બેઠાં પણ બહુ ફલ પાવો ભવિકા, બહુ ફલ પાવો.
એ આંકણી.

નંદીસર જાત્રાએ જે ફલ હોવે,
તેથી બમણું ફલ પુંડરગિરિ હોવે. ભ૦ પું૦ ૧
તિગણું રૂચકગિરિ ચોગણું ગજદંતા,
તેથી બમણું ફલ જંબુ મહંતા; ભ૦ જં૦
ખટગણું ધાતકી ચૈત્ય જુહારે,
છત્રીશ ગણું ફલ પુષ્કલ વિહારે. ભ૦ પું૦ ૨
તેથી તેરશગણું ફલ મેરૂ ચૈત્ય જુહારે,
સહસ ગણું ફલ સમેતશિખરે. ભ૦ સ૦
લાખ ગણું ફલ અંજનગિરિ જુહારે,
દશ લાખ ગણું ફલ અષ્ટાપદ ગિરનારે. ભ૦ અ૦ ૩
કોડિ ગણું ફલ શ્રી સિદ્ધાચલ ભેટે,
જેમરે અનાદિનાં દુરિત ઉમેટે, ભ૦ દુ૦
ભાવ અનંતે અનંત ફલ પાવે,
જ્ઞાન વિમલસૂરિ એમ ગુણ ગાવે. ભ૦ એ૦ ૪

અથ શ્રી સિદ્ધાચળજીનું સ્તવન.

જાત્રા નવાણું કરીએ વિમળગિરી, જાત્રા નવાણું કરીએ;
એ આંકણી.

પૂરવ નવાણું વાર સેત્રુંજગિરિ, રિખભજિણંદ સમોસરીએ.
વિમળ૦ ૧
કોડ સહસ ભવ પાતક છૂટે, શેત્રુંજા સામું ડગ ભરીએ.
વિમળ૦ ૨
સાત છઠ્ઠ દોય અઠમ તપસ્યા, કરી ચઢીએ ગિરિવરીએ.
વિમળ૦ ૩.
પુંડરિક પદ જપીએ હરખે, અધ્યવસાય શુભ ધરીએ. વિ૦ ૪
પાપી અભવ્ય નજરે ન દેખે, હિંસક પણ ઉદ્ધરીયે. વિ૦ ૫
ભોંય સંથારો ને નારીતણો સંગ, દૂરથકી પરહરીએ. વિ૦ ૬
સચિત્ત પરિહારી ને એકલ આહારી, ગુરૂ સાથે પદ ચરીએ. વિ૦ ૭
પડિક્કમણાં દોય વિધિશું કરીએ, પાપપડળ વિખ હરીએ. વિ૦ ૮
કળી કાળે એ તીરથ મોટું, પ્રવહણ જેમ ભવદરીએ. વિ૦ ૯
ઉત્તમ એ ગિરિવર સેવંતા, પદ્મ કહે ભવ તરીએ વિ૦ ૧૦

શ્રી સિદ્ધાચળજીનું સ્તવન.

રાગ પ્રભાત.

ચાલોની પ્રીતમજી પ્યારા, સેત્રુંજે જઇએ;
સેત્રુંજે જઇએરે સ્વામી, શત્રુંજય જઇએ. ચાલોની.
એ આંકણી.

શું સંસારે રહ્યાછો મૂંજી, દિનદિન તન છીજે;
આથ આભની છાયા સરખી, પોતાની કીજે. ચાલોની. ૧
જે કરવું તે પહેલાં કીજે, કાલે શી વાતો;
અણચિંતવી આવી પડસે, સબળાની લાતો. ચાલોની. ૨

અનુરાઈ શું ચિત્તમાં ચેતો, હાથે તે સાથે;
મરણુતણાં નિસાણાં મોટાં, ગાજેછે માથે. ચાલોની. ૩
માતા મરૂદેવા નંદન નિરખી, ભવ સફળો કીજે;
દાનવિજય સાહેબનો સેવા, એ સંબલ લીજે. ચાલોની. ૪

શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

મારૂં મન મોહ્યુંરે, શ્રી સિદ્ધાચલેરે,
મારૂં મન મોહ્યુંરે, શ્રી વિમલાચલેરે, દેખીને હરખિત થાય.
વિધિશું કીજેરે યાત્રા એહનીરે,
ભવભવનાં દુઃખ જાય. મારૂં૦ ૧
પંચમે આરેરે પાવન કારણેરે,
એ સમું તીરથ ન કોય,
મહિમા મહોટોરે મહિયલ એહનોરે,
આ ભરતે ઈહાં જોય મારૂં૦ ૨
એણે ગિરિ આવ્યારે જિનવર ગણધરારે,
સીદ્ધા સાધુ અનંત.
કઠિણ કરમ પણ ઈણે ગિરિ ફરસતારે,
હોય કર્મની શાંત. મારૂં૦ ૩
જૈન ધર્મને સાચો જાણીનેરે,
માનવ તીરથ એ થંભ,
સુરનર કિંનર નૃપ વિદ્યાધરારે,
કરતા નાટારંભ. મારૂં૦ ૪
ધન ધન હાડોરે, ધન ધન વેળા ઘડીરે;
ધરિયે હૃદય મઝાર;

જ્ઞાન વિમલસૂરિ ગુણ એહના ઘણારે,
કહેતાં નાવેરે પાર. મારૂં૦ ૫

શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

શ્રીરે સિદ્ધાચલ ભેટવા, મુજ મન અધિક ઉમાહો; ટેક.
શ્રી ઋષભદેવ પૂજા કરી, લીજે ભવતણો લાહો. શ્રીરે૦ ૧
મણિમય મુરત શ્રીઋષભની, નિપાઇ અભિરામ;
ભવન કરાયો કનકમય, રાખ્યો ભરતજી નામ. શ્રીરે૦ ૨
નેમ વિના ત્રેવીસ જિન, આવ્યા સિદ્ધ ખેત્ર જાણી;
શેત્રુંજ સમ તીર્થ નહીં, બોલે સીમંધર વાણી. શ્રીરે૦ ૩
પૂરવ નવાણું સમોસર્યો, સ્વામિ ઋષભ જિણંદા;
રામ પાંડવ મુકતે ગયા, પામ્યા પરમાનંદા. શ્રીરે૦ ૪
પૂરવ પુણ્ય પસાઉલે, પુંડરિક ગિરિ પાયા;
કાંતિવિજય હરખે કરી, વિમલાચલ ગાયો. શ્રીરે૦ ૫

શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

સિદ્ધાચલ ગિરિ ભેટયારે, ધન્ય ભાગ્ય હમારાં.
વિમલાચલ ગિરિ ભેટયારે, ધન્ય ભાગ્ય હમારાં.
એ ગિરિવરનો મહિમા મોટો, કહેતાં નાવે પાર;
રાયણ ઋષભ સમોસર્યા સ્વામી, પુરવ નવાણું વારરે ધ૦ ૧.
મુલ નાયક શ્રી આદિજિનેશ્વર, ચૌમુખ પ્રતિમા ચાર;
અષ્ટદ્રવ્યશું પૂજો ભાવે, સમકિત મુલ આધારરે. ધ૦ ૨.
ભાવ ભકિતશું પ્રભુ ગુણ ગાવે, આપણા જનમ સુધાર્યા;

આજ્ઞા કરી ભવિજન શુભ ભાવે, નરકતિર્યંચગતિ વાર્યારે. પ્ર૦ ૩.
દૂર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તેરા;
પતિત ઉદ્ધારણ બિરૂદ તુમારૂં, એ તીરથ જગસારારે. પ્ર૦ ૪
સંવત અઢાર ક્યાશીએ માસ આષાઢે, વદિ આઠમ ભોમવારા;
પ્રભુજીકે ચરણ પ્રતાપકે સંઘમે, ખેમરતન પ્રભુ પ્યારારે. પ્ર૦ ૫.

अथ श्री तीर्थमाला स्तवन.

શત્રુંજે ઋષભ સમોસર્યા, ભલા ગુણ ભર્યારે;
સિદ્ધા સાધુ અનંત, તીરથ તે નમુંરે.
તિન કલ્યાણક તિહાં થયાં, મુગતે ગયારે.
નેમીસર ગિરનાર. તી૦ ૧.
અષ્ટાપદ એક દેહરો, ગિરિ સેહરોરે,
ભરતે ભરાવ્યાં બિંબ. તી૦
આબુ ચૌમુખ અતિભલો, ત્રિભુવન તિલોરે;
વિમલ વસે વસ્તુપાલ. તી૦ ૨.
સમેત શિખર સોહામણો, રલીયામણોરે;
સિદ્ધા તીર્થંકર વીશ. તી૦
નયરી ચંપા નિરખીયે, હૈયે હરખીયેરે,
સિદ્ધા શ્રી વાસુ પૂજ્ય. તી૦ ૩.
પૂર્વદિશે પાવાપુરી, ઋદ્ધે ભરીરે;
મુક્તિ ગયા મહાવીર. તી૦
જેસલમેર જુહારીએ, દુઃખ વારીએરે;
અરિહંત બિંબ અનેક. તી૦ ૪.
બિકાનેરજ વંદીયે, ચિરનંદીયેરે;
અરિહંત દેહરાં આઠ. તી૦

સોરિસરો શંખેશ્વરો પંચાસરોરે,
ફલોધી થંભણપાસ. તી૦ ૫
અંતરિક અજાવરો, અમીઝરોરે,
જીરાવળો જગનાથ. તી૦
ત્રૈલોકય દીપક દેહરો, જાત્રા કરોરે;
રાણપુરે રિસહેસ. તી૦ ૬.
શ્રીનાડુલાઈ જાદવો, ગોડિસ્તવોરે,
શ્રી વરકાણો પાસ; તી૦
નંદીશ્વરનાં દેહરાં, બાવન ભલાંરે;
રૂચક કુંડલે ચાર ચાર. તી૦ ૭.
શાશ્વતી અશાશ્વતી, પ્રતિમા છતીરે;
સ્વર્ગ મૃત્યુ પાતાલ; તી૦ ૮.
તીરથ જાત્રાફલ તિહાં, હોજો મુજ ઇહાંરે.
સમયસુંદર કહે એમ. તી૦ ૯.

શ્રી સિદ્ધાચળજીનું સ્તવન.

આપલડાંરે પાતીકડાં, તમે શું કરશો હવે રહીનેરે,
શ્રી સિદ્ધાચળ નયણે નીરખ્યો, દૂર જાઓ તુમે વહીનેરે. ૧
આપલડાંરે૦
કાળ અનાદિ લગ તુમ સાથે, પ્રીત કરી નિરવહીનેરે,
આજથકી પ્રભુ ચરણે રહીશું. એમ શીખવીશું મનનેરે. ૨
આપલડાંરે૦
દુષમ કાળે એણે ભરતે, મુક્તિ નહીં સંઘયણનેરે,

પ્રભુ તુજ ભક્તિ મુક્તિને ખેંચે, ચમક ઉપલ જેમ લોહનેરે,
॥૩॥ બાપલડાંરે૦
બાહ્ય અભ્યંતર શત્રુ કેરો, ભય ન હોવે મુજ મનનેરે,
સેવક સુખીયો સુજશ વિલાસી, તે મહિમા પ્રભુ તુજનેરે॥૪॥
બાપલડાંરે૦
શુદ્ધ સોભાગણ સુરણ આપ્યું, મિથ્યાપંક શોધનનેરે,
આતમ ભાવ થયો જબ નિર્મળ, આણંદમય તુજ ભજનેરે
॥૫॥ બાપલડાંરે૦
નામ મંત્ર તુમારો સાધ્યો, તે થયો જગ મોહનનેરે,
તુજ મુખમુદ્રા દેખી હરખું, જીમ ચાતક જળધરનેરે॥૬॥
બાપલડાંરે૦
અખય નિધાન તુમ સમકિત પામી, કોણ વંછે ચળ ધનનેરે,
શાંત સુધારસ કનક કચોળે, સિંચ્યો સેવક તનનેરે ॥ ૭ ॥
બાપલડાંરે૦
તુમ વિણ અવર દેવ નહીં જાચું, ફરી ફરી આ મનનેરે,
જ્ઞાન વિમલ કહે ભવજળ તારો, સેવક બાંહ્ય ગ્રહીનેરે,॥૮॥
બાપલડાંરે૦

श्री रिषभदेवनुं स्तवन.

માતા મરૂદેવાના નંદ, દેખી તારી સુરતી મારૂં મન લોભાણુંજી;
મારૂં દીલ લોભાણુંજી, દેખી. એ ટેક॥
કરૂણા નાગર કરૂણા સાગર, કાયા કંચનવાન;
ધોરી લંછન પાઉલે કાંઈ, ધનુષ પાંચસેં માન. માતા૦ ૧
ત્રિગડે બેસી ધર્મ કહંતા, સુણે પર્ષદા બાર;

પોજન ગામિની વાણી મીઠી, વરસંતી જળધાર. માતા૦ ૨
ઉર્વશી રૂડી અપછરાને, રામા છે મનરંગ;
પાયે નેપુર રણઝણે, કાંઈ કરતી નાટારંભ. માતા૦ ૩
તુંહી બ્રહ્મા તુંહી વિધાતા, તું જગ તારણહાર;
તુજ સરીખો નહીં દેવ જગતમાં, અરવડીઆં આધાર, માતા૦ ૪
તુંહી ભ્રાતા તુંહી ત્રાતા, તુંહી જગતનો દેવ;
સુરનર કિન્નર વાસુદેવા, કરતા તુજ પદ સેવ. માતા૦ ૫
શ્રી સિદ્ધાચળ તીર્થ કેરા, રાજા રિખભ જણંદ;
કીર્તિ કરે માણેક મુની તારી, ટાળો ભવભય ફંદ. માતા૦ ૬

શ્રી સિદ્ધાચળજીનું સ્તવન.

ચાલો ચાલો વિમળગિરિ જઈએરે, ભવજળ તરવાને;
તુમે જયણાએ ધરજો પાયરે, પાર ઉતરવાને. એ આંકણી.
બાળ કાળની ચેષ્ટા ટાળી, હું તો ધર્મ યૌવન હવે પાયોરે, ભવ૦
ભૂલ અનાદિની દૂર નિવારી, હું તો અનુભવ મનમાં લાયોરે.
પાર૦ ચાલો૦ ૧
ભવ તરષા સવી દૂર નિવારી, મારી જિન ચરણે લય
લાગીરે. ભવ૦
સંવરભાવમાં દિલ હવે ઠરીયું, મારી ભવની ભાવટ ભાગીરે.
પાર૦ ચાલો૦ ૨
સચિત સરવનો ત્યાગ કરીને, નિત્ય એકાસણાં તપકારીરે ભવ.
પડિક્કમણાં દોયટંકના કરશું, ભલી અમૃત ક્રિયા દિલધારીરે.
પાર૦ ચાલો૦ ૩
વ્રત ઉચ્ચરશું ગુરૂની પાસે, હું તો યથાશક્તિ અનુસારેરે ભવ.

ગુરૂ સાથે ચડશું ગિરિ પાજે, જે ભવોદધિ બુડતાં તારેરે.
પાર૦ ચાલો૦ ૪

ભવતારક એ તીરથ ફરસી, હું તો સુરજ કુંડમાં નાહ્યારે. ભવ
આઠ પ્રકારી રિખભ જિણંદની, હું તો પૂજા કરીશ ભય લાવીરે.
પાર૦ ચાલો૦ ૫

તીર્થપતિને તીર્થસેવા, એતો સાચા મોક્ષના મેવારે. ભવ૦
સાત છઠ્ઠ દોય અઠ્ઠમ કરીને, મને સ્વામી વચ્છલની હેવારે.
પાર૦ ચાલો૦ ૬

પ્રભુ પાદ પદ્મ રાયણ તળે પુજી, હું તો પામીશ હરખ અપા
રરે૦ ભવ૦

રૂપવિજય પ્રભુ ધ્યાન પસાએ, એતો પામે સુખ શ્રીકારરે.
પાર૦ ચાલો૦ ૭

श्री पुंडरिकजिन स्तवन.

એક દિન પુંડરિક ગણધરૂરે લાલ,
પૂછે શ્રી આદીજીણંદ સુખકારીરે;
કહીએ તે ભવજળ ઉતરીરે લાલ,
પામીસ પરમાનંદ ભવ પારીરે. એક૦ ૧
કહે જિન ઈણી ગિરિ પામશોરે લાલ,
જ્ઞાન અને નિરવાણ જયકારીરે;
તિરથ મહિમા વાધશેરે લાલ,
અધિક આધક મંડાણ નિરધારીરે. એક૦ ૨
ઇમ નિસુણીને તિહાં આવીયારે લાલ,
ઘાતી કરમ કર્યા દૂર તમ વારીરે;

પાંચ ક્રોડ મુની પરિવર્યારે લાલ,
હુઆ સિદ્ધિ હજુર બલીહારીરે. એક૦ ૩
ચૈત્રી પુનમ દિન કીજીએરે લાલ,
પુજા વિવિધ પ્રકાર દિલ ધારીરે;
ફળ પ્રદક્ષિણા કાઉસ્સગારે લાલ,
લોગસ્સ થુઇ નમુક્કાર નર નારીરે. એક૦ ૪
દસ વીસ તીસ ચાળીસ ભલારે લાલ,
પચાસ પુષ્પની માળ અતિ સારીરે;
નર ભવ લાહો લીજીએરે લાલ,
જેમ હોય જ્ઞાન વિશાલ મનોહારીરે. એક૦ ૫

श्री पुंडरागिरि स्तवन.

વીરજી આયારે વિમલાચલકે મેદાન,
સુરપતિ પાયારે સમોવસરણ મંડાણ. એ આંકણી.
દેશના દેવે વીરજી સ્વામ, શત્રુંજય મહીમા વરણવે તામ;
ભાખ્યા આઠ ઉપર સો નામ, તેહમાં ભાખ્યુંરે,
પુંડરિગિરિ અભિધાન;
સોહમ ઇંદારે તવ પૂછે બહુ માન, કિમ થયું સ્વામીરે,
ભાખો તાસ નિદાન. વીર૦ ૧
પ્રભુજી ભાખે સાંભળ ઇંદ, પ્રથમ જે હુઆ ઋષભ જિણંદ;
તેહના પુત્ર તે ભરત નરિંદ, ભરતના હુઆરે રૂષભસેન પુંડરિક;
રૂષભજી પાસેરે દેશના સુણી તહકીક; દીક્ષા લીધીરે ત્રિપદી
જ્ઞાન અધિક. વીર૦ ૨

મણુંત્તર પદવી પામ્યા જામ, દ્વાદશાંગી ગુંથી અભિરામ,
વિચરે મહિયલમાં ગુણ ધામ, અનુક્રમે આવ્યારે
શ્રી સિદ્ધાચલ સાર:
મુનિવર કોડીરે પંચતણે પરિવાર, અનશન કીધુંરે નિજ
આતમને ઉપગાર. વીર૦ ૩
ચૈત્રી પૂનમ દિવસે એહ, પામ્યા કેવલ જ્ઞાન અછેહ;
શિવસુખ વરિયા અમલ અદેહ. પૂર્ણાનંદીરે અગુરૂ
લઘુ અવગાહ.
અજ અવિનાશીરે નિજ ગુણ ભોગી અબાહ, નિજ ગુણ
કરતારે પરપુદ્ગલ નહી ચાહ. વીર૦ ૪
તેણે પ્રગટયું પુંડરિકગિરિ નામ, સાંભળો સોહમ દેવલોક સ્વામ:
એહનો મહિમા અતિહિ ઉદ્દામ, ઇણે દિન કીજેરે, તપજપ
પૂજાને દાન:
વ્રતવલી પોસોરે જેહ કરે નિદાન, ફલ તસ પામેરે, પંચ
કોડી ગુણ માન, વીર૦ ૫
અકતે ભવ્ય જીવ જે હોય, પંચભવ મુક્તિ લહે સોય;
તેહમાં બાધક છે નહિ કોય, વ્યવહાર કેરીરે, મધ્યમ ફલની એ વાત
ઉત્કૃષ્ટ યોગેરે અંતર મુહુર્ત વિખ્યાત, શિવસુખ સાધેરે, નિજ
આતમને અવદાત. વીર૦ ૬
ચૈત્રી પૂનમ મહિમા દેખ, પૂજા પંચ પ્રકાર વિશેષ;
કીજે નહી ઉણીમ કાંઇ રેખ, ઇણીપરે ભાખેરે, જિનવર ઉત્તમ વાણ:
સાંભલી બુઝયારે કેઇક ભવિક સુજાણ,
ઇણીપરે ગાયારે પદ્મવિજય સુપ્રમાણ. વીર૦ ૭

શ્રી સિદ્ધાચલ સ્તવન.

શીતલ જિન સહજાનંદી. એ દેશી.

વિમલાચલ વિમલા પાણી, શીતલ તરૂ છાયા ઠરાણી;
રસવેધક કંચન ખાણી, કહે ઇંદ્ર સુણો ઇંદ્રાણી. ૧
સનેહી સંત એ ગિરિ સેવો, ચઉદ ક્ષેત્રમાં તીર્થ ન એવો. સ૦૧.
ષટ્રી પાલી ઉલસીએ, છઠ્ઠ અઠ્ઠમે કાયા કસીએ,
મોહ મલ્લની સામા ધસીએ, વિમલાચલ વેગે વસીએ. સ૦૨.
અન્ય સ્થાનક કર્મ જે કરીએ, તે હિમગિરિ હેઠે હરીએ;
પાખલ પ્રદક્ષિણા ભરીએ, ભવજલધિ હેલાં તરીએ. સ૦૩
શિવ મંદિર ચઢવા કાજે, સોપાનની પંતિ વિરાજે;
ચઢતાં સમકિતી છાજે, દુર ભ.વયાં અભવ્ય તે લાજે. સ૦૪
પાંડવ પમુહા કેઇ સંતા, આદીશ્વર ધ્યાન ધરંતા;
પરમાતમ ભાવભજંતા, સિદ્ધાચલ સિદ્ધ અનંતા. સ૦૫,
ષટ્માસી ધ્યાન ધરાવે, શુકરાજનૃ રાજ્યને પામે;
બહિરંતર શતરૂ હરાવે, શત્રુંજય નામ ધરાવે. સ૦૬.
પ્રણિધાન ભલે ગિરિ જાચો, તીર્થંકર નામ નિકાચો;
મોહરાયને લાગે તમાચો, શુભ વીર વિમલગિરિ સાચો. સ૦૭

શ્રી ઋષભદેવજિન સ્તવન.

સોના રે કેરૂં મારૂં બેડલું મારૂજી, વાવ્ય ખોદાવ. એ દેશી.

પ્રથમ જિનેશ્વર પ્રણમીએ. જાસ સુગંધીરે કાય;
કલ્પવેલી પરે તાસ, ઇંદ્રાણી નયનજે, ભૃંગપરે લપટાય૦ ૧

રાગ ઉરગ તુજ નવિ નડે; અમૃત જે આસ્વાદ;
તેહથી પ્રતિહત તેહ, માનું કોઈ નવિ કરે,
જગમાં તુમ શું રે વાદ૦ ૨
વિગર ધોઈ તુજ નિરમલી; કાયા કંચન વાન;
નહિં પ્રસ્વેદ લગાર, તારે તું તેહને,જે ધરે તાહરૂં રે ધ્યાન૦૩
રાગ ગયો તુજ મનથકી, તેમાં ચિત્ર ન કોઈ;
રૂધિર આમિષથી,રાગ ગયો તુજ જનમથી,દુધ સહોદર હોય૦૪
શ્વાસોશ્વાસ કમલ સમો, તુજ લોકોત્તર વાત;
દેખે ન આહાર નિહાર,ચરમચક્ષુ ધણી,એહવા તુજ અવદાત૦૫
ચાર અતિશય મુલથી, ઓગણીસ દેવના કીધ;
કર્મ ખપ્યાથી અગ્યાર, ચોત્રીશ એમ અતિશયા, સમવા-
યાંગે પ્રસિદ્ધ, ૬
જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ;
પદ્મવિજય કહે એહ સમય, પ્રભુ પાળજો, જિમ થાઉં અ
ખય અભંગ, ૭

શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

એ ઉંચો ને અલબેલોરે, કામણગારો કાનુડો. એ દેશી.
સિદ્ધાચળ શિખરે દીવોરે; આદીશ્વર અલબેલો છે;
જાણે દર્શન અમૃત પીવોરે, આદીશ્વર અલબેલો છે.
શિવ સોમજશાની લ્હારોરે. આ૦ સિ૦ ૧
કરે શિવસુંદરીનું આણુંરે. આ૦
નારદજી લાખ એકાણુંરે. આ૦

વસુદેવની નારી પ્રસિદ્ધિરે. આ૦
પાંત્રીસ હજારે તે સિદ્ધિરે. આ૦ સિ૦ ૨
લાખ બાવન એક કોડીરે, આ૦
પંચાવન સહસને જોડીરે. આ૦
સાતસેં સીત્યોતેર સાધુરે. આ૦
પ્રભુ શાંતિ ચોમાસુ કીધુંરે. આ૦ સિ૦ ૩
તવ એ વરિયા શિવ નારીરે. આ૦
ચૌદ સહસ મુની દમિતારીરે; આ૦
પ્રદ્યુમ્ન પ્રીયા અચંભીરે, આ૦
ચોંઆલીસસેં વૈદરભીરે, આ૦ સિ૦ ૪
થાવચ્ચા પુત્ર હજારરે, આ૦
શુક પરિવાજક ધારરે; આ૦
સેલગ પણ સત્ય લિખ્યાતે રે, આ૦
શુભદ્ર મુની સત સાતેરે. આ૦ સિ૦ ૫
ભવ તરીયા તિણે ભવ તારણેરે, આ૦
ગજચંદ્ર મહોદય કારણેરે; આ૦
સુરકાંત અચળ અભીનંદરે, આ૦
સુમતિ શ્રેષ્ઠ ભય કંદારે. આ૦ સિ૦ ૬
ઈહાં મોક્ષ ગયા કેઇ કોડીરે, આ૦
અમને પણ આશા મોટીરે; આ૦
શ્રદ્ધા સંવેગ ભરીયોરે, આ૦
મેં મોટો દરિયો તરીયોરે. આ૦ સિ૦ ૭
શ્રદ્ધા વીણ કોણ ઈહાં આવેરે, આ૦

લઘુ જળમાં કિમ તે નાવેરે; આ૦
તિણે હાથ હવે પ્રભુ ઝાલોરે, આ૦
શુભ વીરને હૈડે વ્હાલોરે. આ૦ શિ૦ ૮

શ્રી આદિનાથનું સ્તવન.

પીલુની ઠુમરી,

આદિનાથજીરે વિનતી કરૂં,
તે સ્વીકારો મુને આશરો છે પ્રભુ તારો;
રિખભજીરે વિનતી કરૂં,
તે સ્વીકારો મુને આશરો છે પ્રભુ તારો. ૧

મુને મોક્ષ માર્ગ દેખાડોરે, જેથી પામીએ ભવનો પારોરે;
જિનજીરે કૃપા કરીને બતાવો, મુને આશરો છે પ્રભુ તારો. આ૦ ૨
મુજને આ ભવમાંથી ઉગારોરે, હવે નથી બીજો કોઇ આરોરે;
પ્રભુજીરે પુણ્યનાં દ્વાર ઉઘાડો, મુને આશરો છે પ્રભુ તારો આ૦ ૩
મુજ મન છે પ્રભુ વહાલોરે, મારી અરજ તુમે અવધારોરે;
ગુણવંતારે ગુણ ગાઉં છું, તુમારો મુને આશરો છે
પ્રભુ તારો. આ૦ ૪
મારા કષ્ટ તુમે નીવારોરે, સુબોધિક મંડળી તારોરે;
સુખદાતારે જૈન ધર્મ છે સારો, મુને આશરો છે
પ્રભુ તારો આ૦ ૫

શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

એકવીશાની દેશી.

સુખકારીરે સિદ્ધાચળ ગુણગેહરે, ભવી પ્રણમોરે હૃદય ધરી
બહુ નેહરે. ત્રુટક.
બહુ નેહ આણી એહ જાણી સકળ તીરથ સેહરો,
શ્રી રૂષભદેવ જિણંદ પૂજી પુર્વે સવિ દુષ્કૃત હરો;
અસુર સુર મુનિરાજ કિન્નર, જાસ દરશન અભિલસે;
જેહનું ફરસન કરી ભવીજન, મુગતિ સુખમાં ઉલ્લસે. ૧
ઢાળ. આદીસરરે વિહરંતા જગમાંહિરે, સિદ્ધાચળરે આવી
સમોસર્યા તિહાંહીરે. ત્રુટક.
ત્યાંહિ ગણધર પુંડરિકને, ભુવન ગુરૂ ઇમ ઉપદિશે.
તુમ નામથી એ તીરથ કેરો, અધિક મહિમા વાધશે;
સવિ કર્મ તોડી મોહ મોડી, લહિ કેવળ નાણરે,
ચૈત્રીપુનેમ દીવસે ઇણ ગિરિ, પામશો નિરવાણરે. ૨
ઢાળ. ઇમ નીસુણીરે શ્રી ગણધર પુંડરિક રે, ભવજળથીરે, અ-
ળગું જિમ પુંડરિક રે. ત્રુટક.
પુંડરિકપરે જે ભય ન પામે, પરિસહ ઉપસર્ગથી,
ક્રોધને મદ માન માયા, જાસ ચિત્તે રતિ નથી;
પંચ કોડી મુનિવર સંગાતે, તિહાં અણસણ ઉચ્ચરે,
અઠકર્મ જાલી દોષ ટાલી, સિદ્ધ મંદિર અનુસરે. ૩
ઢાળ. તે દિનથીરે, એ ગિરિનું અતિ રિદ્ધિરે, પુંડરિક ઇતિરે
નામ થયું પ્રસિદ્ધરે. ત્રુટક.
સુમસિદ્ધ મહિમા ચૈત્રપુનમ, દિને જેહનો જાણીએ.

બહુ ભાવ આણી સાર જાણી, સુગુણ જસ વખાણીએ:
દસ વિસ ત્રીસ અને ચાલીસ. પચાસ પુફ્ફ માલરે,
લોગસ્સ તેતી કાઉસગ્ગો થુઇ, નમ્મુકાર રસાલરે. ૪
ઢાળ. ફુલ લેતાંરે, હોય તેતી પ્રદક્ષિણા,
ચૈત્રી પુજારે, ઇણી વિદ્ધ કિજે વિચક્ષણા.
ત્રુટક. વિચક્ષણા જિનરાજ પૂજી, પુંડરિક હિયડે ધરો.
શત્રુંજય ગિરિવર આદિ જીનવર, નમિ ભવસાયર તરો:
ઇમ ચૈત્રીપૂનમ તણો ઓચ્છવ, જે કરે ભવિલોયરે,
શ્રી વિજયરાજ સુરિંદ વિનયી, દાન શીવ સુખ હોયરે. ૫

अथ श्री सिद्धाचलजीनुं स्तवन.

રસિયાની દેશી.

પ્રણુમો પ્રેમ પુંડરિક ગિરિ રાજીઓ, જગમાંરે એહ સોભાગી.
યાત્રાએ જાતાં પગે પગે નિર્જરે, બહુ ભવ સંચિત એહ.
સોભાગી. ૧ પ્રણમો૦
પાપ હોય વજ્રલેપ સમોવડે, તેહ પણ જાયરે દુર સોભાગી
જો એહરે ગિરિનું દરશન કીજીએ, ભાવભગતિ ભરપૂર
સોભાગી. ૨ પ્રણમો૦
બ્રાહત્યાદિક હત્યા પંચ છે, કારક તેહનાં જે હોય સોભાગી.
તે પણ એ ગિરિનું દરશન જો કરે, પામે શિવગતિ સોય.
સોભાગી. ૩ પ્રણમો૦
શ્રી શુકરાજ નૃપતિ પણ ઇણ ગિરિ, કરતો જીનવર ધ્યાન
સોભાગી.

ષટ્માસે રિપૂ વિલય ગયા સવે, વાધ્યો અધિક તસવાન
સોભાગી. ૪ પ્રણમો૦
ચંદ્ર શેખર નિજ ભગનિ ભોગવી, કીધું પાપ મહંત સોભાગી
તે પણ એ તીરથ આરાધતાં, પામ્યો શુભ ગતિ સંત.
સોભાગી. ૫ પ્રણમો૦
મોર સર્પ વાઘણ પ્રમુખ બહુ, જીવ છે જેહ વિકરાલ સોભાગી
તે પણ એ ગિરિ દરશન પુણ્યથી, પામે સુગતિ વિસાળ.
સોભાગી. ૬ પ્રણમો૦
એહવો મહિમા એ તિરથતણો, ચૈત્રીપૂનમે વિશેષ સોભાગી.
શ્રી વિજયરાજ સૂરીશ્વર શિષ્યને, દાન ગયાં દુઃખ લેશ
સોભાગી. ૭ પ્રણમો૦

श्री ऋषभजिन स्तवन.

કુંવર ગભારો નજરે દેખતાંજી. એ દેશી.

સંમકીત દ્વાર ગભારે પેસતાંજી, પાપ પડળ ગયાં દૂર રે:
મોહન મરૂદેવીનો લાડલોજી, દીઠો મીઠો આનંદ પૂર રે સ૦ ૧
આયુ વરજીત સાતે કર્મનીજી, સાગર કોડા કોડી હીણ રે;
સ્થિતિ પઢમ કરણે કરીજી, વીર્ય અપુરવ મોઘર લીધ રે સ૦ ૨
પુંગલભાગી આદ્ય કષાયનીજી, મિથ્યાત મોહની સાંકળ સાથરે:
દ્વાર ઉઘાડ્યાં સમ સંવેગનાંજી; અનુભવ ભવને બેઠો નાથરે. ૩
તોરણ બાંધ્યું જીવ દયા તણુંજી, સાથીઆ પૂર્યા સરધા રૂપ રે:
ધૂપ ઘટી પ્રભુ ગુણ અનુમોદનાજી, ધીગુણ મંગળ આઠ
અનુપરે સમ૦ ૪
સંવર પાણી અંગ પખાલણેજી, કેશર ચંદન ઉત્તમ ધ્યાન રે:
આતમગુણ રૂચી મૃગમદ મહમહેજી, પંચાચાર કુસુમ પ્રધાનરે સ
ભાવ પૂજાએ પાવન આતમાજી, પૂજો પરમેશ્વર પુન્ય પવિત્રરે:

કારણ એમ કારજ નીપજેજી, ખીમા વિજય જિન આગમ રીત રે સુમ૦ ૬

અથ શ્રી શેત્રુંજય સ્તુતિ.

શ્રી શેત્રુંજય મંડણ, રૂષભ જીણંદ દયાલ;
મરૂદેવા નંદન, વંદન કરૂં ત્રણ કાલ.
એ તીરથ જાણી, પૂરવ નવાણું વાર;
આદીશ્વર આવ્યા, જાણી લાભ અપાર. ૧
ત્રેવીશ તીર્થંકર, ચડિયા ઇણે ગિરિ ભાવે;
એ તીરથના ગુણ, સુર અસુરાદિક ગાવે.
એ પાવન તીરથ, ત્રિભુવન નહી તસ તોલે;
એ તીરથના ગુણ, સીમંધર મુખ બોલે ૨
પુંડરગિરિ મહિમા, આગમમાં પરસિદ્ધ;
વિમલાચલ ભેટી, લહિયે અવિચળ રૂદ્ધ.
પંચમી ગતિ પોહોતા, મુનિવર કોડાકોડ;
એણે તીરથ આવી, કર્મ વિપાક વિછોડ. ૩
શ્રી શત્રુંજય ગિરિ, અહોનીશ રક્ષાકારી;
શ્રી આદિ જીનેસર, આણિ રૂદયમાં ધારી.
શ્રી સંઘ વિઘ્નહર, કવિડ યક્ષ ભરપૂર;
શ્રી સંઘનાં સંકટ, રવિ બુધ સાગર સુર. ૪

અથ શ્રી શત્રુંજય સ્તુતિ.

શ્રી શત્રુંજય ગિરિ તીરથ સાર, ગિરિવર માંહે જેમ મેરૂ ઉદાર; ઠાકુર રામ અપાર.
મંત્ર માંહે નવકારજ જાણું, તારા માંહે જેમ ચંદ્ર વખાણું; જળધર માંહે જળ જાણું.

પંખી માંહે જેમ ઉત્તમ હંસ, કુળ માંહે જેમ ઋષભનો વંશ;
નાભિ તણો જે અંશ.
ક્ષમાવંત માંહે જેમ અરિહંતા, તપસૂરા મુનિવર મહંતા;
શત્રુંજય ગિરિ ગુણવંતા, ॥ ૧ ॥
ઋષભ અજિત સંભવ અભિનંદા, સુમતિનાથ મુખ પૂનમચંદા;
પદ્મપ્રભુ સુખકંદા.
શ્રીસુપાર્શ્વચંદ્રપ્રભ સુવિધિ, સીતલ શ્રેયાંસ સેવો બહુ બુદ્ધ;
વાસુપૂજ્ય મતિ શુદ્ધિ.
વિમલ અનંત જિન ધર્મ એ શાંતિ, કુંથુ અર મલ્લિ નમું એકાંતિ;
મુનિસુવ્રત શુદ્ધ પંથિ.
નમી પાસને વીર ચોવીશ, નેમ વિના એ જિન ત્રેવીશ;
સિદ્ધગિરિ આવ્યા ઇશ. ॥ ૨ ॥
ભરતરાય જિન સાથે બોલે, સ્વામી શત્રુંજયગિરિ કુણ તોલે;
જિનનું વચન અમોલે.
ઋષભ કહે સુણો ભરતરાય, છહરી પાળતાં જે નર જાય;
પાતિક ભૂકો થાય.
પશુ પંખી જે ઈંગ્રુગિરિ આવે, ભવ ત્રીજે તે સિદ્ધજ થાવે;
અજરામર પદ પાવે.
જિન મતમેં શત્રુંજો વખાણ્યો, તે મેં આગમ દિલ માંહે આણ્યો;
સુણતાં સુખ ઉર આણ્યો. ॥ ૩ ॥
સંઘપતિ ભરત નરેસર આવે, સોવન તણાં પ્રાસાદ કરાવે;
મણિમય મૂરતિ ઠાવે.
નાભિરાયા મરૂદેવી માતા, બ્રાહ્મી સુંદરી બહેન વિખ્યાતા;
મૂર્તિ નવાણું ભ્રાતા.

ગોમુખને ચક્કેસરી દેવી, શત્રુંજય સાર કરે નિત્ય મેવી; તપગચ્છ ઉપર હેવી.
શ્રીવિજયસેન સૂરીશ્વર રાયા, શ્રીવિજયદેવસૂરિ પ્રણમી પાયા; રૂષભદાસ ગુણ ગાયા. ॥ ૪॥

श्री आदिजिन स्तुति.

આદિજિનવર રાયા, જાસસોવન્નકાયા,
મરૂદેવી જસ માયા, ધોરીલંછન પાયા;
જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાવા;
કેવળ સિરિરાયા, મોક્ષનગરે સધાયા, ૧
સવિજન સુખકારી, મોહ મિથ્યા નિવારી,
દુરગતિ દુઃખ ભારી, શોક સંતાપ વારી;
શ્રેણિ ક્ષપક સુધારી. કેવળાનંત ધારી,
નમીએ નરનારી, જેહ વિશ્વોપકારી. ૨
સમવસરણ બેઠા; લાગે જે જિન મીઠા,
કરે ગણપ પઇઠ્ઠા, ઇંદ્ર ચંદ્રાદિ દીઠ્ઠા;
દ્વાદશાંગિ વરિઠ્ઠા, ગુંથતાં ટાળે રિઠ્ઠા,
ભવિજન હોય હિઠ્ઠા, દેખી પુણ્યે ગરિઠ્ઠા. ૩
સુર સમકિતવંતા, જેહ રિધ્ધે મહંતા,
જેહ સજ્જન સંતા, ટાળીએ મુજ ચિંતા;
જિનવર સેવંતા, વિઘ્ન વારો દુરંતા,
જિન ઉત્તમ થુણંતાં, પદ્મને સુખદિંતા. ૪

श्री ऋषभदेवजीनी स्तुति.

ત્યાસી લાખ પૂરવ ઘરવાસે, વસીઆ પરિકર યુક્તાજી;
જન્મ થકી પણ દેવનરૂ ફળ, ક્ષીરોદધિ જળ ભોક્તાજી.

અઠ મુખ્ય આહી નાણુ સંજુત્ત, નયણુ વયણુ કજ ચંદાજી:
ચાર સહસશું દીક્ષા શિક્ષા, સ્વામી શ્રીઋષભ જિણંદાજી. ૧
મન: પર્યવ તવ નાણુ ઉપન્યું, સંજત્તિ લિંગ સહાયાજી:
અઢી દ્વીપમાં સંજ્ઞી પંચેંદ્રિય, જાણે મનગત ભાવાજી.
દ્રવ્ય અનંતા સુક્ષ્મ દીઠા, અઢારસેં ખિત્ત ઠાયાજી;
પલિય અસંખ્યમ ભાગ ત્રિકાલિક, દ્રવ્ય અસંખ્ય પર્યાયાજી. ૨
ઋષભ જિનેશ્વર કેવળ પામી, રયણુ સિંહાસન ઠાયાજી:
અનભિલાપ્ય અભિલાપ્ય અનંતા, ભાગ અનંત ઉચ્ચરાયાજી.
તાસ અનંતમે ભાગે ધારી, ભાગ અનંતે સૂત્રજી;
ગણધર રચીઆં આગમ પૂજી, કરીએ જન્મ પવિત્રજી. ૩
ગોમુખ જક્ષ ચક્કેસરી દેવી, સમકિત શુદ્ધ સુહાવેજી;
આદી દેવની સેવ કરંતી, શાસન સોહ ચઢાવેજી;
સુધા સંયુત જે વ્રતધારી, વિઘન તાસ નિવારેજી,
શ્રી શુભવીર વિજય પ્રભુ ભગતી, સમકિત નિત્ય સવારેજી. ૪

अथ श्री पंडित श्री वीरविजयजी कृत

શ્રી શત્રુંજય તીર્થના એકવીસ નામ સંબંધી એકવીસ ગુણ આશ્રયી એકવીસ ખમાસમણ આપવાના દોહા.

૧. સિદ્ધાચલ સમરો સદા, સોરઠ દેશ મઝાર;
મનુષ્ય જનમ પામી કરી, વંદો વાર હજાર. ૧.
અંગ વસન મન ભૂમિકા, પૂજોપગરણ સાર;
ન્યાય દ્રવ્ય વિધિ શુદ્ધતા શુદ્ધિ સાત પ્રકાર. ૨.
કાર્તિક શુદિ પૂનમ દિને, દશ કોટી પરિવાર;
દ્રાવિડ વારિ ખિલ્લજી; સિદ્ધ થયા નિરધાર. ૩
તિણે કારણ કાર્તિક દિને, સંઘ સકલ પરિવાર;
આદિજિન સનમુખ રહી, ખમાસમણ બહુ વાર. ૪

એકવીસ નામે વર્ણવ્યું, તિહાં પહેલું અભિધાન;
શત્રુંજય શુકરાયથી, જનક વચન બહુ માન. ૫

અહિ આં " સિદ્ધાચલ સમરો સદા " એ દુહો પ્રત્યેક ખમાસમાણુ દીઠ કહેવો.

૨. સમો સર્યા સિદ્ધાચળે, પુંડરીક ગણધાર;
લાખ સવા માહાત્તમ કહ્યું, સુરનર ગણધાર; ૬
ચૈત્રી પુનમને દિને, કરી અણુસણુ એક માસ.
પાંચ કોડી મુનિ સાથસું, મુક્તિ નિલયમાં વાસ. ૭.
તિણે કારણ પુંડરિકગિરિ, નામ થયું વિખ્યાત;
મન વચ કાયે વંદીયે, ઉઠી નિત્ય પ્રભાત. ૮ સિ૦
૩ વીસ કોડીસું પાડવા, મોક્ષ ગયા ઇણે ઠામ;
ઇમ અનંત મુકતે ગયા, સિદ્ધક્ષેત્ર તિણે નામ. ૯ સિ૦
૪. અડસઠ તીરથ ન્હાવતાં, અંગરંગ ઘડી એક;
તુંબી જલ સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક. ૧૦
ચંદ્ર શેખર રાજા પ્રમુખ, કર્મકઠિન મલધામ;
અચલ પદે વિમલા થયા, તિણે વિમલાચલ નામ.૧૧
૫. પર્વતમાં સુરગિરિ વડો, જિન અભિષેક કરાય;
સિદ્ધ હુઆ સ્નાતક પદે, સુરગિરિ નામ ધરાય. ૧૨
અથવા ચઉદ ક્ષેત્રમાં, એ સમો તીરથ ન એક;
તિણે સુરગિરિનામે નમું, જિહાં સુરવાસ અનેક.૧૩ સિ૦
૬. અયસી યોજન પૃથુલ છે, ઉંચપણે છવીસ;
મહિમા એ મોટો ગિરિ, મહાગિરિ નામ નમીશ.૧૪ સિ૦
૭. ગણધર ગુણવંતા મુનિ, વિશ્વ માંહે વંદનીક;
જેહવો તેહવો સંયમી, વિમલાચલ પૂજનીક. ૧૫
વિપ્ર લોક વિખધર સમા, દુઃખીયા ભૂતલ માન;

દ્રવ્ય લિંગી કણ ખેત્ર સમ, મુનિવર ક્ષીપ સમાન. ૧૬.
શ્રાવક મેઘ સમા કહ્યા, કરતા પુણ્યનું કામ;
પુણ્યની રાસિ વધે ઘણી,તેણે પુણ્ય રાસિ નામ. ૧૭ સિ૦
૮. સંયમધર મુનિવર ઘણા, તપ તપતા એક ધ્યાન;
કર્મવિયોગે પામીયા, કેવલ લક્ષ્મી નિધાન. ૧૮
લાખ એકાણું શિવ વર્યા, નારદશું અણગાર;
નામ નમો તેણે આઠમું, શ્રીપદ્મગિરિ નિરધાર. ૧૯ સિ૦
૯. શ્રી સીમંધર સ્વામીયે, એ ગિરિ મહિમા વિલાસ,
ઇંદ્રની આગે વર્ણવ્યો, તેણે એ ઇંદ્ર પ્રકાશ. ૨૦ સિ૦
૧૦. દશ કોટી અણુવ્રતધરા, ભકતે જમાડે સાર,
જૈન તીર્થ યાત્રા કરી, લાભ તણો નહીં પાર ૨૧
તેહ થકી સિદ્ધાચલે, એક મુનિને દાન;
દેતાં લાભ ઘણો હુવે, મહા તીરથ અભિધાન. ૨૨ સિ૦
૧૧. પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાલ અનંત.
શત્રુંજય મહાતમ સુણી, નમો સાશ્વત ગિરિસંત. ૨૩ સિ૦
૧૨. ગૌ નારી બાળક મુનિ, ચઉહત્યા કરનાર;
યાત્રા કર્તા કાર્તિકી, ન રહે પાપ લગાર. ૨૪
જે પરદારા લંપટી, ચોરીના કરનાર;
દેવ દ્રવ્ય ગુરૂ દ્રવ્યના, જે વળી ચોરણહાર. ૨૫
ચૈત્રી કાર્તિક પૂનમે. કરે યાત્રા ઇણે ઠામ;
તપ તપતાં પાતિક ગલે, તિણે દૃઢ શક્તિ નામ. ૨૬ સિ૦
૧૩. ભવ ભય પામી નીકળ્યા, થાવચ્ચા સુત જેહ;
સહસ્સ મુનિશું શિવ વર્યા, મુક્તિ નિલયગિરિ તેહ ૨૭ સિ૦
૧૪. ચંદારજ બિહુ જણા; ઉભા ઇણે ગિરિ શૃંગ;
કરી વર્ણવને વધાવિયો, પુષ્પદંત ગિરિ રંગ. ૨૮ સિ૦
૧૫. કર્મકલણ ભવજલ તજી, ઇહાં પામ્યા શિવ સદ્મ;

પ્રાણી પદ્મ નિરંજની, વંદો મહાગિરિ પદ્મ. ૨૯ સિ૦
૧૬. શિવ વહુ વિવાહ ઉત્સવે, મંડપ રચિયો સાર;
મુનિવર વર બેઠક ભણી, પૃથ્વી પીઠ મનોહાર. ૩૦ સિ૦
૧૭. શ્રી શુભદ્રગિરિ નમો, ભદ્ર તે મંગળરૂપ;
જળતરૂ રજ ગિરિવરતણી, શીસ ચઢાવે ભૂપ. ૩૧ સિ૦
૧૮. વિદ્યાધર સુર અપચ્છરા; નદી શત્રુંજી વિલાસ;
કરતા હરતા પાપને, ભજીયે ભવિ કૈલાસ. ૩૨ સિ૦
૧૯. બીજા નિરવાણી પ્રભુ, ગઇ ચોવીશી મજાર;
તસ ગણધર મુનિમાં વડા, નામે કદંબ અણગાર. ૩૩
પ્રભુ વચને અણસણ કરી, મુક્તિ પુરિમાં વાસ;
નામે કદંગિરિ નમો, તો હોય લીલ વિલાસ. ૩૪ સિ૦
૨૦. પાતાલે જશ મૂલ છે; ઉજ્વલગિરિનું સાર;
ત્રિકરણયોગે વંદતાં, અલ્પ હોયે સંસાર. ૩૫ સિ૦
૨૧. તન મન ધન સુત વલ્લભા, સ્વર્ગાદિક સુખ ભોગ:
જે વંછે તે સંપજે, શિવ રમણી સંયોગ. ૩૬
વિમલાચલ પરમેષ્ટીનું, ધ્યાન ધરે ખટમાસ;
તેજ અપુરવ વિસ્તરે, પુગે સઘળી આશ. ૩૭
ત્રીજે ભવ સિદ્ધિ લહે, એ પણ પ્રાયિક વાચ:
ઉત્કૃષ્ટ પરિણામથી, અંતર મૂહુર્ત સાચ. ૩૮
સર્વ કામ દાયક નમો, નામ કરી ઓલખાણ;
શ્રી શુભ વીરવિજય પ્રભુ, નમતાં કોડ કલ્યાણ. ૩૯ સિ૦

ઇતિ શ્રી સિદ્ધાચળના એકવીસ નામ આશ્રયી એકવીસ ગુણના ખમાસમણ સંબંધી દોહા. સમાપ્ત.

અથ શ્રી સિદ્ધગિરિ સ્તુતિ.

દુહા.

શ્રી આદીશ્વર અજર અમર, અવ્યાબાધ અહર્નીશ;
પરમાતમ પરમેસરૂ, પ્રણમું પરમ મુનીશ. ૧
જય જય જગપતિ જ્ઞાન ભાન, ભાસિત લોકાલોક;
શુદ્ધ સ્વરૂપ સમાધિમય, નમિત સુરાસુર થોક. ૨
શ્રી સિદ્ધાચલ મંડણો, નાભિ નરેસર નંદ;
મિથ્યામતિ મત ભંજણો, ભવિ કુમુદાકર ચંદ. ૩
પૂરવ નવાણું જસ શિરે, સમવસર્યા જગનાથ;
તે સિદ્ધાચલ પ્રણમીયે, ભક્તે જોડી હાથ. ૪
અનંત જીવ ઇણ ગિરિવરે, પામ્યા ભવનો પાર;
તે સિદ્ધાચલ પ્રણમીયે, લહિયે મંગલ માલ. ૫
જસ શિર મુકુટ મનોહરૂ, મરૂદેવીનો નંદ;
તે સિદ્ધાચલ પ્રણમીયે, ઋદ્ધિ સદા સુખ વૃંદ. ૬
મહિમા જેહનો દાખવા, સુરગુરૂ પણ મતિ મંદ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પ્રગટે સહજાનંદ. ૭
સત્તા ધર્મ સમારવા, કારણ જેહ પડૂર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, નાસે અઘ સવિ દૂર. ૮
કર્મકાટ સવિ ટાળવા, જેહનું ધ્યાન હુતાશ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પામીજે સુખવાસ. ૯
પરમાનંદ દશા લહે, જસ ધ્યાને મુનિરાય;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પાતક દૂર પલાય. ૧૦
શ્રદ્ધા ભાસન રમણતા, રત્નત્રયીનું હેતુ;

તે તીર્થેશ્વર પ્રણમીયે, ભવ મકરાકર સેતુ. ૧૧
મહા પાપી પણ નિસ્તર્યા, જેહનું ધ્યાન સુહાય;
તે તીર્થેશ્વર પ્રણમીયે, સુરનર જસ ગુણ ગાય. ૧૨
પુંડરીક ગણધર પ્રમુખ, સિદ્ધા સાધુ અનેક;
તે તીર્થેશ્વર પ્રણમીયે, આણી હૃદય વિવેક. ૧૩
ચંદ્રશેખર સ્વસાપતિ, જેહને સંગે સિદ્ધ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પામીજે નિજ ઋદ્ધ. ૧૪
જલચર ખેચર તિરિય સવે, પામ્યા આતમ ભાવ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, ભવજલ તારણ નાવ. ૧૫
સંઘ યાત્રા જેણે કરી, કીધા જેણે ઉદ્ધાર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, છેદીજે ગતિ ચાર. ૧૬
પુષ્ટિ શુદ્ધ સંવેગ રસ, જેહને ધ્યાને થાય;
તે તીર્થેશ્વર પ્રણમીયે, મિથ્યા મતિ સવિ જાય. ૧૭
સુરતરૂ સુરમણિ સુરગવિ, સુરઘટ સમ જસ ધ્યાય;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પ્રગટે શુદ્ધ સ્વભાવ. ૧૮
સુર લોકે સુર સુંદરી, મળી મળી થોકે થોક;
તે તીર્થેશ્વર પ્રણમીયે, ગાવે જેહના શ્લોક. ૧૯
યોગીશ્વર જસ દર્શને, ધ્યાન સમાધિ લીન;
તે તીર્થેશ્વર પ્રણમીએ, હુઆ અનુભવ રસ લીન. ૨૦
માનુ ગગને સૂર્યશશી, દિયે પ્રદક્ષિણા નિત્ય,
તે તીર્થેશ્વર પ્રણમીયે, મહિમા દેખણ મિત્ત. ૨૧
સુર અસુર નર કિન્નરા, રહે છે જેહને પાસ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પામે લીલ વિલાસ. ૨૨

અંગારશાહી જેહની, મૃત્તિકા હરિ ભેટ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, કુમતિ કદાગ્રહ મેટ. ૨૩
કુમતિ કૌશિક જેહને, દેખી અંધા થાય;
તે તીર્થેશ્વર પ્રણમીયે, અતિ તસ મહિમા થાય. ૨૪
સૂરજકુંડના નીરથી, આધિ વ્યાધિ પલાય;
તે તીર્થેશ્વર પ્રણમીયે, જસ મહિમા ન કહાય. ૨૫
સુંદર ટુંક સોહામણી, મેરૂ સમ પ્રાસાદ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, દૂર ટલે વિખવાદ. ૨૬
દ્રવ્ય ભાવ વૈરી તણી, જિહાં આવે હોય શાંતિ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, જાયે ભવની ભ્રાંતિ. ૨૭
જગ હિતકારી જિનવરા, આવ્યા એણે ઠામ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, જસ મહિમા ઉદ્દામ. ૨૮
નદી શત્રુંજી ન્હાવતી, મિથ્યા મલ ધોવાય;
તે તીર્થેશ્વર પ્રણમીયે, ભવિ જનને સુખદાય. ૨૯
આઠ કર્મ જે સિદ્ધગિરિ, ન દીયે તીવ્ર વિપાક;
તે તીર્થેશ્વર પ્રણમીયે, જિહાં નવિ આવે કાક. ૩૦
સિદ્ધ શિલા તપનીયમય, રત્ન સ્ફટિક ખાણ.
તે તીર્થેશ્વર પ્રણમીયે, પામ્યા કેવલ નાણ. ૩૧
સોવન રૂપા રત્નની, ઔષધિ જાત અનેક;
તે તીર્થેશ્વર પ્રણમીયે, ન રહે પાતક એક. ૩૨
સંયમધારી સંયમે, પાવન હોય જિણ ક્ષેત્ર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, હુવા નિર્મળ નેત્ર.
શ્રાવક જિહાં શુભ દ્રવ્યથી, ઓચ્છવ પૂજા સ્નાત્ર;

તે તીર્થેશ્વર પ્રણમીયે, પાવે પાત્ર સુપાત્ર. ૩૪
સ્વામિવત્સલ પુણ્ય જિહાં, અનંત ગુણું કહેવાય;
તે તીર્થેશ્વર પ્રણમીયે, સોવન ફૂલ વધાય. ૩૫
સુંદર જાત્રા જેહની, દેખી હરખે ચિત્ત;
તે તીર્થેશ્વર પ્રણમીયે, ત્રિભુવન માંહે વિદિત. ૩૬
પાલીતાણું પુર ભલું, સરોવર સુંદર પાલ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, જાએ સકલ જંજાળ. ૩૭
મનમોહન પાગે ચઢે, પગ પગ કર્મ ખપાય;
તે તીર્થેશ્વર પ્રણમીયે, ગુણ ગુણિ ભાવ લખાય. ૩૮
જેણુ ગિરિ રૂખ સોહામણાં, કુંડે નિર્મળ નીર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, ઉતારે ભવતીર. ૩૯
મુક્તિ મંદિર સોપાન સમ, સુંદર ગિરિવર પાજ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, લહિયે શિવપુર રાજ. ૪૦
કર્મ કોટ અઘ વિકટભટ, દેખી ધ્રુજે અંગ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, દિન દિન ચડતે રંગ. ૪૧
ગોરી ગિરિવર ઉપરે, ગાવે જિનવર ગીત;
તે તીર્થેશ્વર પ્રણમીયે, સુણે શાસન રીત. ૪૨
કવડ યક્ષ રખવાલ જસ, અહનીશ રહે હજૂર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, અઘરાં રાખે દૂર. ૪૩
ચિત્ત ચાતુરી ચક્કેસરી, વિઘ્ન વિનાસણ હાર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, સંઘ તણી કરે સાર. ૪૪
સુરવરમાં મઘવા યથા, ગ્રહગણમાં જિમ ચંદ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, તિમ સવિ તીરથ ઇંદ. ૪૫

કોડ દુર્ગતિવારણા, સમર્યો સારે કાજ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, સવિ તીર્થ સિરતાજ. ૪૬
પુંડરિક પંચ કોડીસું, પામ્યા કેવલ નાણ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, કર્મ તણી હોય હાણ. ૪૭
મુનિવર કોડી દસ સહિત, દ્રવિડ અને વારિખેણ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, ચઢિયા શિવ નિશ્રેણ. ૪૮
નમિ વિનમિ વિદ્યાધરા, દોય કોડિ મુનિ સાથ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પામ્યા શિવપુર આથ. ૪૯
ઋષભ વંશીય નરપતિ ઘણા, ઇણે ગિરિ પોતા મોક્ષ,
તે તીર્થેશ્વર પ્રણમીયે, ટાળે [illegible] ઘાતિક દોષ. ૫૦
રામ ભરત બિહું બાંધવ, ત્રણ કોડિ મુનિયુત્ત;
તે તીર્થેશ્વર પ્રણમીયે, [illegible] ગિરિ શિવ સંપત્ત. ૫૧
નારદ મુનિવર નિર્મળા, [illegible] એકાણું લાખ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પ્રવચન પ્રગટ એ ભાખ. ૫૨
શાંબ પ્રદ્યુમ્ન ઋષિ કહ્યા, સાડી આઠે કોડિ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પૂર્વ કર્મ વિછોડિ. ૫૩
થાવચ્ચા સુત સહસસું, અણસણ રંગે કીધ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, વેગે શીવપદ લીધ. ૫૪
શુક પરિવ્રાજક વલી, એક સહસ અણગાર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પામ્યા શિવપુર દ્વાર. ૫૫
શૈલક સૂરિ મુનિ પાંચસેં, સહિત હુઆ શિવ નાહ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, અંગ ધરી ઉત્સાહ. ૫૬
એમ બહુ સિદ્ધા ઇણે ગિરે, કહેતાં નાવે પાર;

તે તીર્થેશ્વર પ્રણમીયે, શાસ્ત્ર માંહે અધિકાર. ૫૭
બીજ ઇહાં સમકિત તણું, [illegible] બોલ્યું;
તે તીર્થેશ્વર પ્રણમીયે, ટાલે [illegible] ૫૮
ક્ષમા ગી ભૂષણ [illegible];
તે તીર્થેશ્વર પ્રણમીયે, [illegible] ૫૯
[illegible] તીરથ [illegible] દીઠું;
તે તીર્થેશ્વર પ્રણમીયે, [illegible] ૬૦
[illegible];
તે તીર્થેશ્વર પ્રણમીયે, [illegible] ૬૧
[illegible];
તે તીર્થેશ્વર પ્રણમીયે, [illegible] ૬૨
[illegible] જિન [illegible];
તે તીર્થેશ્વર પ્રણમીયે, [illegible] ૬૩
[illegible] શાસન [illegible];
તે તીર્થેશ્વર પ્રણમીયે, [illegible] ૬૪
મંત્ર યોગ અંજન સવે, સિદ્ધ હુવે જિણ ઠામ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પાતક હારી નામ. ૬૫
સુમતિ સુધારસ વરસતે, કર્મ દાવાનલ સંત;
તે તીર્થેશ્વર પ્રણમીયે, ઉપશમ તસ ઉલ્લસંત. ૬૬
શ્રુતધર નિતુ નિતુ ઉપદિશે, તત્ત્વાતત્ત્વ વિચાર,
તે તીર્થેશ્વર પ્રણમીયે, મહે ગુણયુત આચાર. ૬૭
વિમલાચલ ગુણગણતણું, કીર્તિ કમલા સિંધુ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, ક્ષિતિકાંતે જગ બંધુ. ૬૮

શ્રી શાંતિ તારણ તરણ, જેહની ભક્તિ વિશાલ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, દિન દિન મંગલ માલ. ૬૯
શ્વેત ધ્વજા જસ લહકતી, ભાખે ભવિને એમ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, ભમણું કરો છો કેમ. ૭૦

સાધક સિદ્ધ દિશા ભણી, આરાધે એક ચિત્ત;
તે તીર્થેશ્વર પ્રણમીયે, સાધન પરમ પવિત્ત. ૭૧
સંપત્તિ સમ જેહની, દે શ્રી આપે સાત્ર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, તાસ હોય નિર્મળ ગાત્ર. ૭૨
સુરકાનન સુખ રમણતા, પ્રગટે જેહને સંગ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, જેહનો જસ અભંગ. ૭૩
રાયણ વૃક્ષ સોહામણું, જીહાં જિનેશ્વર પાય;
તે તીર્થેશ્વર પ્રણમીયે, સેવે સુરનરરાય. ૭૪
પગલાં પદ્મ સુપદ્મનાં, ઉપશમ જેહને સંગ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, સમતા પાવન અંગ. ૭૫
વિદ્યાધરજન બહુ મળે, વિચરે ગિરિવર શૃંગ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, ચડતે નવરસ રંગ. ૭૬
માલતી મોગર કેતકી, પરિમલ મોહે ભૃંગ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પૂજે ભવિ એકરંગ. ૭૭
અજિત જિનેસર જીહાં રહ્યા, ચોમાસું ગુણગેહ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, આણી અવિહડ નેહ. ૭૮
શાંતિ જિનેશ્વર સોળમા, સોળ કષાય કરી અંત;
તે તીર્થેશ્વર પ્રણમીયે, ચતુર માસ રહંત. ૭૯
નેમિ વિના જિનવર સવે, આવ્યા જેણે ઠામ;

તે તીર્થેશ્વર પ્રણમીયે, શુદ્ધ કરે પરિણામ. ૮૦
[illegible] નેમ જિન અંતરે, અજીત શાંતિસ્તવ કીધ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, નંદિષેણ પ્રસિદ્ધ. ૮૧
ગણધર મુનિ ઉવજ્ઝાય તિમ, લાભ લહ્યા કેઇ લાખ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, જ્ઞાન અમૃત રસ ચાખ. ૮૨
નિત્ય ઘંટા ટંકારવે, રણઝણે ઝલ્લરી નાદ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, દુંદુભી માદલવાદ. ૮૩
જેણે ગિરિ ભરત નરેસરે, કીધો પ્રથમ ઉદ્ધાર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, મણિમય મૂરતિ સાર. ૮૪
ચૌમુખ ચઉગતિ દુઃખ હરે, સોવનમય સુવિહાર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, અક્ષય સુખ દાતાર. ૮૫
[illegible] કહ્યા, સોળ ઉદ્ધાર સફાર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, લઘુ અસંખ્ય વિચાર. ૮૬
દ્રવ્યભાવ વૈરી તણો, જેહથી થાયે અંત;
તે તીર્થેશ્વર પ્રણમીયે, શત્રુંજય સમરંત. ૮૭
પુંડરીક ગણધર હુઆ, પ્રથમ સિદ્ધ ઇણે ઠામ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પુંડરીક ગિરિ નામ. ૮૮
કાંકરે કાંકરે ઇણે ગિરિ, સિદ્ધ હુઆ સુપવિત્ત;
તે તીર્થેશ્વર પ્રણમીયે, સિદ્ધક્ષેત્ર સમચિત્ત. ૮૯
મલ દ્રવ્ય ભાવ વિશેષથી, જેહથી જાએ દૂર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, વિમલાચલ સુખ પૂર. ૯૦
સુરવરા બહુ જે ગિરિ, નિવસે નિર્મળ ઠામ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, સુરગિરિ નામ પ્રમાણ. ૯૧

અનંત સંઘ માંહે વડો, મહાગિરિ તેનું કહંત;
તે તીર્થેશ્વર પ્રણમીયે, દર્શન લહે પુણ્યવંત. ૯૨
પુણ્ય અનર્ગલ જેહથી, થાયે પાપ વિનાશ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, નામ ભલું પુણ્ય રાશ. ૯૩
લક્ષ્મીદેવી જે ભણ્યા, કુંડે કમલ નિવાસ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પદ્મ નામ સુવાસ. ૯૪
સવિ ગિરિમાં સુરપતિ સમો, પાતક પંક વિલાત;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પર્વત ઇંદ્ર વિખ્યાત. ૯૫
ત્રિભુવનમાં તીરથ સવે, તેમાં મોટો એહ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, મહા તીર્થ જગ રેહ. ૯૬
આદિ અંત નહીં જેહનો, કોઇ કાળે ન વિલાય;
તે તીર્થેશ્વર પ્રણમીયે, શાશ્વત ગિરિ કહેવાય. ૯૭
ભદ્ર ભલા જે ગિરિવરે, આવ્યા હોય અપાર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, નામ સુભદ્ર એ સાર. ૯૮
વીર્ય વધે શુભ સાધુને, પામી તીરથ ભક્તિ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, નામે જે દૃઢ શક્તિ. ૯૯
શિવ ગતિ સાધે જે ગિરે, તે માટે અભિધાન;
તે તીર્થેશ્વર પ્રણમીયે, મુક્તિ નિલય ગુણ ખાણ. ૧૦૦
ચંદ સૂરજ સમકિત ધરી, સેવ કરે શુભ ચિત્ત;
તે તીર્થેશ્વર પ્રણમીયે, પુષ્પદંત વિદિત. ૧૦૧
ભી ન રહે ભવજલ થકી, જે ગિરિ લહે નિવાસ;
તે તીર્થેશ્વર પ્રણમીયે, મહા પદ્મ સુવિલાસ. ૧૦૨
ભૂમિ ધરી જે ગિરિવરે, ઉદધિ ન લોપે લીહ;

તે તીર્થેશ્વર પ્રણમીયે, પૂજ્યા પાપ સમીપ. ૧૦૩
મંગળ સૂરિ [illegible] [illegible] એક આ આધાર;
તે તીર્થેશ્વર પ્રણમીયે, [illegible] [illegible] [illegible] નામ. ૧૦૪
શુભ વર્ણ પાતાળમેં, [illegible] [illegible];
તે તીર્થેશ્વર પ્રણમીયે, [illegible] [illegible] [illegible]. ૧૦૫
સૈકુમ [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible]
તે તીર્થેશ્વર પ્રણમીયે, [illegible] [illegible] [illegible] [illegible]. ૧૦૬
અભિનંદ સરિ [illegible] [illegible], [illegible] [illegible] [illegible];
તે તીર્થેશ્વર પ્રણમીયે, [illegible] [illegible] [illegible] [illegible]. ૧૦૭
સ્વસ્તિક [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible];
તે પ્રણમી પાતક [illegible], [illegible] [illegible] [illegible]. ૧૦૮

કળશ.

એમ તીર્થ નામ સ્તવન સોહાવે, શત્રુંજયે શ્રી સિદ્ધગિરિ;
અષ્ટોત્તરશત ગાહ સ્તવને, એમ આણી ભાવ ધરી.
શ્રી કલ્યાણસાગર સૂરિ શિષ્યે, શુભ [illegible] સુધ [illegible]
પુણ્ય મહોદય સકળ મંગળ, વેલિ સુજની [illegible] [illegible]. ૧૦૯
ઇતિ સિદ્ધગિરિ સ્તુતિ.

અથ શ્રી શત્રુંજયની આરતી.

જે કોઇ અભિગ્રહ આણીને આરાધશે હો લાલ. એ દેશી.
જે કોઇ સિદ્ધગિરિરાજને આરાધશે હો લાલ,
તેની [illegible] મનોરથ વાધશે હો લાલ;

ગિરિરાજ છે ભવોદધિ તારકુંરે લાલ,
મહા પીઠ છે સર્વે દુઃખ વારકુંરે લાલ. ૧
પુંડરગિરિ છે મંગળ પૂરકુંરે લાલ,
સિદ્ધક્ષેત્ર છે ભવોદધિ [illegible]રે લાલ;
એનાં એકવીશ નામ છે સોહામણાંરે લાલ,
હું તે વંદના કરીને લેઉં ભામણાંરે લાલ. ૨
એના [illegible] લાલ,
મુનિ સિધ્યા છે કોડરે કોડરે લાલ;
મુનિ[illegible] મુક્તિ [illegible]રે લાલ,
[illegible] છે મુક્તિનાથી [illegible]રે લાલ. ૩
એમાં [illegible] ને જિનતિ કહુંરે લાલ,
એના [illegible] પાર સર્વે કહુંરે લાલ;
પાંચ [illegible] સહિત મુનિવરારે લાલ,
શીલ[illegible] સુદર્શન મુનિ વર્યારે લાલ. ૪
દ્રવિડ વારિખિલ્લ દશકોડી નંદજીરે લાલ,
મહીપાળને મહીપતિ ચંદજીરે લાલ;
થાવચ્ચા કુંવરને મુનિ વિદ્યાધરારે લાલ.
સિદ્ધિ સાધને પ્રદ્યુમ્નજી જિહાં વર્યારે લાલ. ૫
(વળી જાલિ મયાલી ઉવાલીનેરે લાલ.)
ધ્યાન ધરિયાં છે ભિન્ન એક આસનેરે લાલ,
જોગી નર્યા છે ચંદ્રમા શાસનેરે લાલ;
[illegible] રામચંદ્રજીને નમિ[illegible]જીરે લાલ,
સિદ્ધશીલાએ બેઠા છે રૂપક ભેદિજીરે લાલ. ૬

નમું જિનમાંને મુનિ શુકરાજજીરે લોલ,
જેના શુભમાં સાધ્યાં છે સર્વ કાજજીરે લોલ;
કેવાં નામ કહ્યું તે મુનિરાજનાંરે લોલ,
ભલી એકને અનંત નામ સાજનાંરે લોલ. ૭
જેના અનંત અનંત ગુણજી તર્યારે લોલ,
ને તો દર્શન જ્ઞાનથી ભર્યારે લોલ;
નકુકરૂપ તે સાત પદમેં ભર્યારે લોલ,
ને તો ચાર અનંત સુખમાં ભળ્યારે લોલ. ૮
અર્જુ વસ્યા છે સિદ્ધશિલા ઉપરરે લોલ,
તેની આદિ અનંત સ્થિતિ છે ખરીરે લોલ;
હું તો જાણું છું ગણધર વાણીએરે લોલ,
ગાઉં સિદ્ધગિરિ મહાત્મ્ય જાણીએરે લોલ. ૯
ચારે પુંરૂવ નવાણું આદિનાથજીરે લોલ,
સમોસર્યા છે પુંડરિક સાથજીરે લોલ;
ગિરિ ફરસ્યા ત્રેવીસ જિનરાજજીરે લોલ,
અણશણ કીધાં અનંત મુનિરાજજીરે લોલ. ૧૦
સેવો સેવો એ ગિરિ સુખકંદનેરે લોલ,
સેવો સેવો મરૂદેવી નંદનેરે લોલ;
વંદો વંદો ઇક્ષ્વાકુ કુળ સૂરનેરે લોલ,
પૂજો પૂજો શ્રી વિમળ હજુરનેરે લોલ. ૧૧
(નાભિરાજાના કુળ માંહે દિન કરૂરે લોલ.)
રિષભનાથજીનો વંશ છે ગુણાકરૂરે લોલ;
આદિનાથજીના પાટથી પ્રભાકરૂરે લોલ;

જેહના આઠ પાટ આરીસા ભુવનમાંરે લોલ.
પામ્યા કેવળ જ્ઞાન શુભ ધ્યાનમાંરે લોલ. ૧૨
જેહના પાટવી અસંખ્ય મુગતે ગયારે લોલ,
તે તો સિદ્ધ દંડિકામાં સર્વે કહ્યારે લોલ;
ભરતરાયથી ઉદ્ધાર સોળ છે સાહુરે લોલ,
બિચ અંતરે ઉદ્ધાર થયા છે બહુરે લોલ. ૧૩
જે કોઈ ગિરિરાજ દરિસન ભાવિયારે લોલ,
ઘણાં જ ખરચી અસંખ્ય સંઘ લાવીયારે લોલ;
માતા ચક્કેસરીજી સુખદાયિનીરે લોલ,
ભુજા આઠે અદ્ભુત સિંહ વાહિનીરે લોલ. ૧૪
વિક્રમરાજથી અઢારસેં સત્યોતરે લોલ,
માર્ગશિર માસને ત્રયોદશી વાસરે લોલ;
ગહુંલી ગાઈ છે મુનિ દીપરાજજીરે લોલ,
જે સાંભળે તેહનાં સરશે કાજજીરે લોલ ૧૫

શ્રી આદિનાથજીની લાવણી.

શ્રી આદિનાથ જિનસ્વામી, નમું સેંધ્યાની; નમું૦
ભવ જળ તરનકે કાજ, અનાથ વાણી.
પ્રભુ નાભીરાય કુળ ધારી, બહુ અવતારી; બ૦
ખુલ રહી અલકમેં ખુબ, કેસરકી ક્યારી.
પ્રભુ મમતા મનકી મારી, આતમા તારી; આ૦
તજ દીની પ્રીત વિષયનકી, જાવું કર ખારી.

તુમ હરી મુગતિ પટરાણી, જગતમેં જાણી; જગતમેં૦ સ્વ. ૧
આદ્યા પુરંદર સુખરાસી, હું આહે ઉદાસી; હું૦
જીન્હે સબ જગત જંજાળ, જગતકી ફાંસી.
તુમ જગતપતિ અવિનાશી, મુગતકે વાસી; મુગત૦
શિવ મંદિરમેં સુખ સેજ, બિછાઇ ખાસી.
તુમ કરી સફળ જિંદગાની, મેરે મન માની; મેરે૦ સ્વ. ૨
ભઇ અયોધ્યાપતિ જીનરાજ, જગતમેં આજે; જગતમેં૦
તેરી કેવલ હે મુખદાઇ, સુધારે કાજે.
તેરી ધુની ગગનમેં ગાજે, એ સુરપતી લાજે; એ સુર૦
સબ ભાગા ગરવ પાખંડ, કળના ભાજે.
નાટક નામે ગંઠાણી, આધક ધુની આણી, અધિક૦ સ્વ. ૩
તેરી મહિમા કહી ન જાવે, પાર નહીં પાવે; પાર૦
ગાંધર્વ સુરપતિ સબ દેવ, તેરે ગુન ગાવે.
તેરે ચરનમેં લપટાવે, સરસ લય લાવે; સરસ૦
નર નાર ક્રીયાકે માંહે, ભક્તિ તેરી ચાવે.
તેરી વંદના સબ વિરલાણી, મુગતિકું ઠાણી; મુગતિ૦ સ્વ. ૪
મરુદેવી દૂખકા જાયા, અમરપદ પાયા; અમર૦
બ્રાહ્મન કુમારી નારી, મીલી જસ ગાયા.
દુરગતિકા દુઃખ વિર લાયા, સફળ કરી કાયા; સફળ૦
જીનદાસ નિરંજન દેખ, સરન તેરે આયા.
સમકિતકી સહેજ પીછાની, મીલી મોહે ઠાણી; મીલી૦
ભવ છુટ તરનકે દાજ, બનાઇ વાણી. ૫

ગિરનાર તીર્થનાં ચૈત્ય વંદન સ્તવન વિગેરે.

અથ શ્રી નેમિજિન ચૈત્યવંદનો.

બાવીશમા શ્રી નેમનાથ, નિત્ય ઉઠી વંદો;
સમુદ્રવિજય સુત ભાનુસમ, ભવિજન સુખકંદો.
સુંદર શ્યામ દ્યુતિ દેહની, દશ ધનુષ્ય શરીર;
અંજન કાંતિ યાદવ ધણી, ભાંજે ભવ ભીર.
રાજિમતી રમણી તજીએ, બ્રહ્મચર્ય ધર ધીર;
શિવરમણી સુખ વિલસતા, ભૂપ નમે ધરી હીર. ૧ ઈતિ.

નેમિનાથ બાવીસમા, શિવાદેવી માય;
સમુદ્રવિજય પૃથ્વીપતિ, જે પ્રભુના તાય. ૧
દશ ધનુષની દેહડી, આયુ વરસ હજાર;
શંખ લંછનધર સ્વામીજી, તજી રાજુલ નાર. ૨
સોરીપુર નયરી ભલી એ, બ્રહ્મચારી ભગવાન;
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અવિચલ થાન. ૩

અપરાજિતથી આવીયા, કાર્તિક વદી બારસ;
શ્રાવણ શુદિ પંચમી જનમ્યા, યાદવ અવતંસ. ૧
શ્રાવણ શુદિ છઠે સંજમી, આસોજ અમાવસ નાણ;
શુદિ આષાઢની આઠમે, શિવસુખ લહે રસાળ. ૨
અરિષ્ટનેમિ અણપરણ્યા એ, રાજિમતીના કંત;
જ્ઞાન વિમળ ગુણ ગોરના, લોકોત્તર વૃત્તાંત. ૩

સમુદ્રવિજય કુલચંદ નંદ, શિવાદેવી જાયા;
જાદવ વંશ નભોમણી, સૌરીપુર ઠાયા. ૧
બાલથકી બ્રહ્મચર્ય ધર, ગતમાર પ્રચાર;
ભોક્તા નિજ આત્મિક ગુણ, ત્યાગી સંસાર. ૨
નિઃકારણ જગ જીવનો એ, આશાનો વિશરામ;
દીન દયાલ શિરોમણિ, પૂરણ સુરતરૂ કામ. ૩
પશુઆં પોકાર સુણી કરી, છાંડી ગૃહવાસ;
તત્ક્ષણ સંયમ આદરી, કરી કર્મનો નાશ. ૪
કેવળશ્રી પામી કરી એ, પહોતા મુક્તિ મોઝાર;
જન્મ મરણ ભય ટાળવા, ધ્યાન સદા સુખકાર. ૫

અથ ગિરનારનો છંદ.

સોરઠમેં સોહામણો, તીરથમેં અતિ તુંગ;
શ્રૃંગારમેં ગિરનાર ગિરિ, સુંદર ભૂષણ અંગ. ૧ નિશાણી છંદ
નિરખ અતિ ન્યારો, મોટી માઝા, રાજત અંગ સોહંદાહે;
અતિ વિષમા દીસે, અરિદલ જીપે, શિખર સાત સોહંદાહે.
નિઝરણાં ઝરતાં, જલ બહુ વહતા, હારોપમ સુહંદાહે;
ગિરનાર ગિરિંદા, નેમિ જિણંદા, દર્શન સુખ પાવંદાહે. ૧
એ આંકણી.
દામોદર તીર, નિર્મલ નીર, જલચર કેલિ કરંદાહે;
જોગી સંન્યાસી, વિષ્ણુ ઉપાસી નિશ્ચલ ધ્યાન ધરંદાહે;
બ્રાહ્મણ સ્તુતિ કરતા, વેદ ભણતા, ગીતા ગુણ ગાવંદાહે.
ગિરનાર. ૨

મૃગકુંડ બિરાજે, સજલો છાજે, વૃક્ષતણાં તિહાં વૃંદાહે.
તિમ માસી પર્વે, સૂરિજન સર્વે, ગીતજ્ઞાન સુખકંદાહે.
ષટ દર્શન વાસી, ધર્મ્મ અભ્યાસી, સકલ લોક આનંદાહે.
ગિરનાર. ૩

ભીમકુંડ ભલેરા, ગજપદ કેરા, ગ્યાન નાવ નિરગંદા હે.
કાવલિયા કુંડે, કમંડલ ભંડે, જલ ભરી દેખી મન મુરઝંદા હે.
તિહાં બહુ વનચર, ખેચર ભૂચર, જલ ગડાવત ચંદા હે.
ગિરનાર. ૪

ચોરાશી સિદ્ધ, નિર્મળ બુદ્ધ, નિશ્ચલ ધ્યાન ધરંદા હે.
કેઇ ફલાહારી, પવન આહારી, શુક્લપાન લિવલંદા હે.
ચોરાશી આસન, વલિ સિદ્ધાસન, યોગાસન સાધંદા હે.
ગિરનાર. ૫

સહસાવન સુંદર, નેમિ જિણેશ્વર, વ્રત કલ્યાણ કરંદા હે.
તિમ ગિરિવર સુંદર, નેમિ જિણેશ્વર, કેવલ જ્ઞાન વરંદા હે.
ગિરિશૃંગ નિર્મલ, અતિ શુચિ ઉજ્વલ, મુક્તિ મહેલ પો-
ચિંદા હે. ગિરનાર. ૬

એણ ડુંગર ઉપર, બહુલ મુનીશ્વર, વ્રત પચ્ચખાણ કરંદા હે.
તિમ સમકિત ધારી, બહુ નર નારી, ગિરિવર ધ્યાન ધરંદા હે.
આતમ અજવાલી, સદ્ગતિ ધારી, ધર્મ ધ્યાન ધ્યાવંદા હે.
ગિરનાર. ૭

દેવલ અતિ સુંદર, જિમ સુરમંદિર, તિમ જિન ભુવન સોહંદા હે.
જીરણગઢ શ્રાવક, જિન મત્ત ધારક, નિરખી મન મોહંદા હે.
પૂજા તિહાં વિરચે, ચંદન ચરચે, ભાવ ભલો ભાવંદા હે.
ગિરનાર. ૮

અંબાજી સારી, સબ સુખકારી, જગહુંમા તે કહુંદા હે.
મનવાંછિત પૂરે, સંકટ ચૂરે, જિનપતિ આણ વહુંદા હે.
ભૈરવ વિક્રાલા, તેજ ઝમાલા, અંબા સેવ કરંદા હે.
ગિરનાર, ૯

કલશ છપ્પય.

ભાવે નિર્મલ ભાવ, ભાવ પરે ભવજલ તારે.
એ ગિરિવરનું નામ, કષ્ટ સબ દૂરે નિવારે.
નેમીશ્વર નિરધાર, સાર એ તીરથ જાણી.
સમવસર્યા સુવિચાર, તર્યાં તિમ બહુલા પ્રાણી.
સંઘ સકલ સબ દેશના, આવે ગિરિયાત્રા જાણી.
કર હોય જોડિ જિન વિનવે, તુમ નમો રૈવત ગિરિ ધ્યાણી. ૧૦

અથ શ્રી નેમનાથ જિન સ્તવન.

પ્રભુ જિન જઇ અલગા વશ્યા. એ દેશી.
નેમ જિણેસર નિજ કારજ કર્યું, છાંડ્યો સર્વ વિભાવોજી.
આતમ શક્તિ સકલ પ્રગટી કરી, આસ્વાદ્યો નિજ ભા-
વોજી. ૧ નેમ.
રાજુલ નારીરે સારી મતિ ધરી, અવલંબ્યા અરિહંતોજી.
ઉત્તમ સંગેરે ઉત્તમતા વધે, સધે આનંદ અનંતોજી. ૨ નેમ.
ધર્મ અધર્મ આકાશ અચેતના, તે વિજાતી અગ્રાહ્યોજી.
પુદ્ગલ ગ્રહવેરે કર્મ કલંકતા, વાધે બાધક બાહ્યોજી. ૩ ને.
રાગી સંગેરે રાગદશા વધે, થાયે તિણે સંસારોજી.
નીરાગીથીરે રાગનું જોડવું, લહીયે ભવનો પારોજી. ૪ ને.

અપ્રશસ્તતારે ટાલી પ્રશસ્તતા, કરતાં આશ્રવ નાસેજી.
સંવર વાધેરે સાધે નિર્જરા, આતમભાવ પ્રકાશેજી. ૫ ને.
નેમિ પ્રભુ ધ્યાનેરે એકત્વતા, નિજ તત્વે એક તાનોજી.
શુક્લ ધ્યાનેરે સાધિ સુસિદ્ધતા, લહિયે મુક્તિ નિદાનોજી. ૬ ને.
અગમ અરૂપીરે અલગ અગોચરૂ, પરમાતમ પરમીશોજી.
દેવચંદ્ર જિનવરની સેવના, કરતાં વાધે જગીશોજી. ૭ ને.

અથ નેમજીના સાત વાર

સખિ નગીચે તે નેમ જિનરાજ, ગઢ ગિરનારેરે.
રાણી રાજુલ જૂએ વાટ, સાતે વારેરે. ૧
સખિ આદિત્યે અરિહંત, અમ ઘર આવોરે.
મ્હારા શ્યામ સલુણા નેમ, દિલમાં ભાવોરે. ૨
સખિ સોમે તે શુભ શણગાર, સજિયે અંગેરે.
મારા જગજીવન જિનરાજ, રમીયે રંગેરે. ૩
સખિ મંગલ શુભદિન આજ, મંગલ ચારેરે.
મ્હારો નવભવ કેરો નેહ, સ્વામી સંભારોરે. ૪
સખિ બુધે તે ઘરે આવો નાથ, બુદ્ધિના દરિયારે.
તમે એક સહસ્ર ને આઠ, લક્ષણે ભરિયારે. ૫
સખિ ગુરૂ ગિરૂવા ગુણવંત, શિવા દેવીનારે.
તમે સમુદ્રવિજય કુલચંદ, નેમ નગીનારે. ૬
સખિ શુક્રે સહસાવન્ન, ચાલો સજનીરે.
મ્હારે પ્રગટ થયોરે પ્રભાત, વીતી રજનીરે. ૭
સખિ શનિયે તે સંયમ લીધ, પ્રીત વધારીરે.
બેહુ પોહોતાં મુક્તિ મઝાર, નર ને નારીરે. ૮

કહે મૂલચંદ મન રંગ, આશા ફલશેરે;
જે ઉજ્જવલ પાલે શીલ, ભવોદધિ તરશેરે, ૯

॥ શ્રી નેમિજન સ્તવન ॥ ગરબાની દેશી. માદ ॥

જઇને રહેજો માહારા વાલાજીરે, શ્રી ગિરનારને
ગોખ. જઇને૦ એ આંકણી.

અમે પણ તિહાં આવશું; માહા૦જિહાંરે પામીશુ મોખ.જઇ. ૧
જાન લેઇ જુને ગઢે, માહા૦ આવી તોરણ આપ. જઇ૦
પશુઆં પેખી પાછા વલ્યા, માહા૦જાનાં ન દીધો જબાપ.જઇ.૨
સુંદર આપણ સારિખા, માહા૦ જોતાં નહીં મલે જોડ જઇ.
બોલ્યાં અણબોલ્યાં કરો; માહા૦ એ વાતે તમને ખોડ. જઇ. ૩
હું રાગી તું વેરાગીઓ માહા૦ જગમાં જાણે સહુકોય. જઇ.
રાગી તો લાગી રહે, માહા૦ વેરાગી રાગી ન હોય. જઇ. ૪
વર બીજો હું નવિ વરૂં, માહા૦ સઘલા મેહેલી સવાદ. જઇ.
માહુની ચાને જઇ મલી, માહા૦મહોટા સાથે શ્યો વાદ જઇ.૫
ગઢ તો એક ગિરનાર છે, માહા૦ નર તો છે એક શ્રી નેમ. જઇ.
રમણી એક રાજીમતી માહા૦ પૂરો પાડયો જેણે પ્રેમ જઇ.૬
વાચક ઉદયની વંદના માહા૦ માની લેજો માહારાજ જઇ.
નેમ રાજુલ મુકતે મલ્યાં માહા૦ સાર્યાં આતમકાજ જઇ. ૭

શ્રી નેમીનાથ સ્તવન.

॥ આટલાં દિન હું જાણતો રે હાં ॥ એ દેશી ॥

તોરણ આવી રથ ફેરિ ગયા રે હાં, પશુઆં દેઇ દોષ; મેરે વાલમા.
નવ ભવ નેહ નિવારિયો રે હાં, શો જોઇ આવ્યા જોશ. મેરે. ૧
ચાંદ કલંકી જેહથી રે હાં, રામને સીતા વિયોગ; મેરે.
તેહ કુરંગને વયણડે રે હાં, પતિ આવે કુણ લોગ. મેરે. ૨
ઉતારી હું ચિત્તથી રે હાં, મુક્તિ ધૂતારી હેત; મેરે.
સિદ્ધ અનંતે ભોગવી રે હાં, તેહશું કવણ સંકેત. મેરે. ૩
પ્રીત કરતાં સોહિલી રે હાં, નિરવહેતાં જંજાલ; મેરે.
જેહવો વ્યાલ ખેલાવવો રે હાં, જેહવી અગનની ઝાલ. મેરે. ૪
જો વિવાહ અવસરે દિઓ રે હાં, હાથ ઉપર નવિ હાથ; મેરે.
દીક્ષા અવસર દીજિયે રે હાં, શિર ઉપર જગનાથ. મેરે. ૫
ઇમ વલવલતી રાજુલ ગઇ રે હાં, નેમ કને વ્રત લીધ;
વાચક યશ કહે પ્રણમિયે રે હાં, એ દંપતી દોય સિદ્ધ. મેરે. ૬

શ્રી નેમિજિન સ્તવન.

(અમે તમારાં છોરૂડાં ગુણ જાણો છો કે ના) એ દેશી.

રાજુલ કહે પિયા નેમજી, ગુણ જાણો છો કે ના;
કેમ છોડી ચાલ્યા નિરધાર, હે ગુણ માનો છો કે ના,
પુરૂષ અનંતે ભોગવી, ગુણ જાણો છો કે ના;
પીયુ શું મોહી રહ્યા તેણુ નાર, હે ગુણ માનો છો કે ના. ૧
કોડી ગમે જેહને ચાહે, ગુણ જાણો છે કે ના;

...મા તે નારીથી રંગ, હે ગુણ માનો છો કે ના,
...જગ ઉખાણો કહ્યો, ગુણ જાણો છો કે ના;
...ચે રસિયા રસિયો સંગ, હે ગુણ માનો છો કે ના. ૨
...ગુણવંતી ગોરડી, ગુણ જાણો છો કે ના;
તે નિર્ગુણ નિઠુર નાર, હે ગુણ માનો છો કે ના,
...સેવક શું રાઉસીરે, ગુણ જાણો છો કે ના;
... સામું ન જુવે લગાર, હે ગુણ માનો છો કે ના. ૩
...માં તે ગુણ આગલી, ગુણ જાણો છો કે ના;
...વશ કીધા ભરતાર, હે ગુણ માનો છો કે ના,
...વૈરાગે વાસીયું, ગુણ જાણો છો કે ના;
... સંજમ ભાર, હે ગુણ માનો છો કે ના. ૪
...નીને મલવા ભણી, ગુણ જાણો છો કે ના;
... પેહેલી તેહ જાય, હે ગુણ માનો છો કે ના,
... લઈ તે નારને, ગુણ જાણો છો કે ના;
... અનુભવ શું લયલાય, હે ગુણ માનો છો કે ના ૫
... વિજય કુલ ચંદલો, ગુણ જાણો છો કે ના;
...દેવી માત મલ્હાર, હે ગુણ માનો છો કે ના,
... એક આઉખું ગુણ જાણો છો કે ના;
...પુરનો શિણગાર, હે ગુણ માનો છો કે ના. ૬
દેહ ધનુષ દશ દીપતી, ગુણ જાણો છો કે ના;
પ્રભુ બ્રહ્મચારી ભગવંત, હે ગુણ માનો છો કે ના,
રાજુલ વર મુને વાલહો, ગુણ જાણો છો કે ના;
કહે રામવિજય જયવંત, હે ગુણ માનો છો કે ના. ૭

શ્રી નેમિજિન સ્તવન.

નેમ જિનેસર જુહારીયે, ઉજ્જવલ ગઢ ગિરનારેજી;
અરિહંત જિન બાવીસમો, ભલે ભેટયો ભગવંતોજી. નેમ૦ ૧
શ્યામલ અંગ સોહામણો, મુખ સોહે પૂનમચંદોજી;
યાદવ વંશી જગ જયો, જેહને સેવે સુરનર ઇંદોજી. નેમ. ૨
પશુઅ દેખી પાછા વલ્યા, દિલ દયા બહુ આણીજી;
આઠ વિષય ઝંપી કરી, તજી રાજિમતી રાણીજી. નેમ. ૩
સમુદ્ર વિજયસુત સુખ કરૂં, માતા શિવા દેવી મલ્હારેજી;
દાન સંવત્સરી દેઇ કરી, પોહોતા ગઢ ગિરનારેજી નેમ. ૪
ચોપન દિન ચોખે ચિતે, પ્રભુ મૌનપણું તપ કીધોજી;
કર્મ ખપાવી કેવલ લહી, જગમાં બહુ જશ લીધોજી.નેમ. ૫
સમવસરણ સુરપતિ રચ્યો, આણી મન આણંદોજી;
ત્રિગડો તેજે ઝગમગે, તિહાં નાટક નવ નવ છંદોજી. નેમ. ૬
યોજન ભૂમિ જગતગુરૂ, ઉચ્ચરે અમૃત વાણીજી;
ભવોદધિ સોષણ ભયહરૂ, જેહના ગુણ ગાવે ઇંદ્રાણીજી. નેમ. ૭
ઇમ મહી મંડલ વિચરતા, અનેક જીવ ઉદ્ધાર્યાજી;
પોહોતા બહુ પરિવારશું, મુક્તિ મોહોલ પધાર્યાજી. નેમ. ૮
વિઘ્ન હરણ નિત વંદિયે, રાણી રાજિમતી ભરતારેજી;
દુઃખ દારિદ્ર દૂરે હરે, ઊતારે ભવપારેજી. નેમ. ૯
સંવત સત્તર અગ્યારોત્તરે, આસો બીજ અજુઆલીજી;
કહે જિનદાસ યાત્રા કરી, નેમ હસી દીયો તાલીજી. નેમ. ૧૦

શ્રી નેમિનાથ સ્તવન.

(રાગ મારૂણી, ધણુરા ઢોલા.) એ દેશી.

અષ્ટ ભવંતર વાલહીરે, તું મુજ આતમરામ; મનરાવાલા.
મુગતિ સ્ત્રીશું આપણેરે, સગપણ કોઈ ન કામ. મનરા. ૧
ઘર આવો હો વાલમ ઘર આવો, મ્હારી આશાના વિશરામ. મ૦
રથ ફેરો હો સાજન રથ ફેરો, સાજન મ્હારા મનોરથ સાથ. મ૦ ૨
નારી પખો શ્યો નેહલોરે, સાચ કહે જગનાથ મનરા;
ઈશ્વર અરધંગે ધરીરે, તું મુજ ઝાલે ન હાથ. મ૦ ૩
પશુજનની કરૂણા કરીરે, આણી હૃદય વિચાર; મ૦
માણસની કરૂણા નહીંરે, એ કુણ ઘર આચાર. મ૦ ૪
પ્રેમ કલપતરૂ છેદીયોરે, ધરિયો જોગ ધતૂર; મ૦
ચતુરાઈ રો કુણ કહોરે, ગુરૂ મિલિઓ જગ સૂર. મ૦ ૫
મારૂં તો એમાં ક્યુંહી નહીંરે, આપ વિચારે રાજ; મ૦
રાજ સભામેં બેસતાંરે, કિસડી બધસી લાજ. મ૦ ૬
પ્રેમ કરે જગજન સહુરે, નિર્વાહે તે ઓર; મ૦
પ્રીત કરીને છોડી દે રે, તેહશું ન ચાલે જોર. મ૦ ૭
જો મનમાં એહવું હતું રે, નિસપત કરત ન જાણ; મ૦
નિસપત કરીને છાંડતાં રે, માણસ હુવે નુકશાન. મનરા. મ૦ ૮
દેતાં દાન સવંત્સરીરે, સહુ લહે વંછિત પોષ; મ૦
સેવક વંછિત નવિ લહેરે, તે સેવકનો દોષ. મ૦ ૯
સખી કહે એ શામલોરે, હું કહું લક્ષણ સેત; મ૦
ઈણ લક્ષણ સાચી સખીરે, આપ વિચારે હેત. મ૦ ૧૦
રાગી શું રાગી સહુરે, વૈરાગી શ્યો રાગ; મ૦

રાગ વિના કિમ દાખવો રે, મુગતિસુંદરી માગ. મ૦ ૧૧
એક ગુહ્ય ઘટતું નથી રે, સઘળોઇ જાણે લોક; મ૦
અનેકાંતિક ભોગવો રે, બ્રહ્મચારી ગત રોગ. મ૦ ૧૨
જિણ જોણી તુમને જોઉં રે, તિણ જોણી જોવો રાજ; મ૦
એકવાર મુજને જુઓ રે, તો સિઝે મુજ કાજ. મ૦ ૧૩
સાહ્ય દશા હોય ભાવના રે, ચિત્ત લહે તત્વ વિચાર; મ૦
વીતરાગતા આદરી રે, પ્રાણનાથ નિરધાર; મ૦ ૧૪
સેવક પણ તે આદરે રે, તો રહે સેવક મામ; મ૦
આશય સાથે ચાલીયે રે, એહીજ રૂડું કામ. મ૦ ૧૫
ત્રિવિધ યોગ ધરી આદર્યો રે, નેમનાથ ભરતાર; મ૦
ધારણ પોષણ તારણો રે, નવ રસ મુગતાહાર. મ૦ ૧૬
કારણરૂપી પ્રભુ ભજ્યો રે, ગણ્યું ન કાજ અકાજ; મ૦
કૃપા કરી મુજ દીજીયે રે, આનંદઘન પદ રાજ. મ૦ ૧૭

શ્રી નેમિનાથ સ્વાધ્યાય.

(સાતવારની દેશીમાં.)

તોરણ આવી કંત, પાછા વળિયા રે;
મુજ કરમે દાઝિયું અંગ, તેણે અટકળિયા રે. ૧
કુણ જોશીયે જોયા જોષ, યુગલ કુલ મળિયા રે;
કુણ અવગુણ દીઠા આજ, જિણથી ટળિયા રે. ૨
જાઓ જાઓ રે સહિયરો, દૂર શાને છેડો રે;
પાતળીયો શ્યામસુજાન, વાલિમ તેડો રે. ૩
યાદવ કુલ તિલક સમાન, એમ ન કીજે રે;

એક હાંસુ ને બીજી હાણ; કેમ ખમીજેરે. ૪
હું વાયે જાણે સમીર, વીજ ઝબૂકેરે;
પૈયા પાડે પોકારે, હૈયડું ચમકેરે. ૫
ર પાવે દાદુર સોર, નદીયો માતીરે;
ન ગર્જારવને જોર, ફાટે છાતીરે. ૬
રિતાં શુક પહેર્યાં ભૂમિ, નવ રસ રંગેરે;
લીયા નવ રસ હાર, પ્રીતમ સંગેરે. ૭
પૂરણ કીધાં પાપ, તાપે દાધીરે;
આંસુધાર વિષાદે, વેલડી વાધીરે. ૮
ને ચઢાવી મેરૂ શીશ, પાડી હેઠીરે;
સાહેબાયે મહારાજ, બિરૂદ અંગીઠીરે. ૯
ને પરણી પ્રાણ આધાર, સંયમ લેજોરે;
પતિવ્રતા હું સ્વામી, સાથે વહેજોરે. ૧૦
મિ આઠે ભવની પ્રીત, પિઉડા વલશેરે;
જ મનના મનોરથ નાથ, પૂરણ ફલશેરે. ૧૧
ચાર મહાવ્રત સાર, ચુંદડી દીધીરે;
ગીલી રાજુલ નારે, પ્રેમે લીધીરે. ૧૨
ત્ર્યાદિક ભાવના ચાર, ચોરી બાંધીરે;
ધ્યાનાનલ સલગાય, કર્મ ઉપાધિરે. ૧૩
યો રત્નત્રયી કંસાર, એકી ભાવેરે;
આરોગે નરને નાર, શુદ્ધ સ્વભાવેરે. ૧૪
તજી ચંચલતા ત્રિકયોગ, દંપતિ મલિયાંરે;
શ્રી ખિમા વિજય જિન નેમ, અનુભવ ફલિયાંરે. ૧૫

શ્રી નેમિનાથ સ્તવન.

હાંરે દીને દેખ્યા હુસેના સ્વામી, સ્વામીજી અંતરજામીરે૦ ટેક.
આઠ ભવકી પ્રીત પ્રકાશી, નવમેં ગયા શિવગામીરે. દીને. ૧
સેંસાવનકી કુંજ ગલનમેં, મલ્યા મુને અંતરજામીરે. દીને. ૨
આપે ચડે ગિરનારે ઉપર, નારી તારી કેવળ પામીરે. દીને ૩
હેમે નમુ પ્રભુ નેમ નગીનો, કહું છું આજ શિરનામીરે.
દીને૦ ૪ ઇતિ.

॥ કેરબો ॥

ભલાજી મેરો નેમ ચડયા ગિરનાર, એકેલી જાનસે મેરો.
એ આંકણી.
રાજુલ ઉભી અરજ કરે છે, ભલાજી મેરી અરજ સુનો મ.
હારાજ. એકેલી. ૧
તોરણ આએ ચસે રથ ફેરી, ભલાજી ઉવાં તો પશુઅનકી
સુની છે પોકાર. એકેલી. ૨
સહસાવનકી કુંજ ગલનમેં, ભલાજી ઉવાં તો લીઈ મહા.
વ્રત ભાર. એકેલી. ૩
ખરખચંદ પ્રભુ રાજુલ વિનવે, ભલાજી મેરો દીજો મુક્તિ
મેં વાસ. એકેલી. ૪

કેરબો.

સેતા જાઓરે શામળીઆ બીડી પાનનકી, બીડી પાનનકીરે
દીલ જાનનકી સેતા. ટેક.
કથારે ચુના લવિંગ સોપારી, વારિ તેરા દીલ જાનનકી. સેતા. ૧

તાલ મૃદંગ સરણાઇ સરોદા, આઝ બની રંગતાનનકી. લેતા. ૨
શત્રુસાવનકી કુંજ ગલનમેં, લાગીઝરી શુભ ધ્યાનનકી. લેતા. ૩
કહે નથુ પ્રભુ ધર્મ પ્રકાશિત, હું બલિહારી કેવળ જ્ઞાનનકી. લેતા. ૪

શ્રી નેમિજિન સ્તવન.

ઘરે આવોને નેમ વરણાગિયારે, ઘરે આવોને શ્યામ વરણાગિયારે. એ આંકણી.
શું કહીયે તે મોહોટા ભૂપનેરે, હુંતો મોહી છું તમારા રૂપનેરે. ઘ. ૧
વાલાના મુખનાં તે મીઠાં વેણ છેરે, વાલાની આંખડલીમાં ચેન છેરે. ઘ. ૨
વાલો ચિત્ત તણો તે ચોર છેરે, મારા કાલજડાની કોર છે રે. ઘ. ૩
વહાલે પશુ ઉપર કરૂણા કરીરે, વાહાલે જીવ દયા મનમાં ધરીરે. ઘ. ૪
વાહાલા તોરણથી પાછા વલ્યારે, વાહાલા ગઢ ગિરનારે જઇ ચઢયારે. ઘ. ૫
વાહાલા ગઢ ગિરનારના ઘાટમાંરે, મુને નેમજી મલ્યા છે વાટમાંરે. ઘ. ૬
અહુવા રૂપચંદ રંગે મલ્યારે, મારા મનના મનોરથ સવિ ફળ્યારે. ઘ. ૭

શ્રી નેમિનાથ સ્તવન.

(મલ્લિનાથ વિના દુઃખ કોણ ગમે) એ દેશી.

રહો રહોરે યાદવ દો ઘડીયાં, રહો રહોરે યાદવ દો ઘડીયાં;
દો ઘડીયાં દો ચાર ઘડીયાં, રહો રહોરે યાદવ દો ઘડીયાં.
શિવામાત મલ્હાર નગીને, કયૂં ચલીએ હમ વિછડીયાં, ર૦
યાદવ વંશ વિભૂષણ સ્વામી, તુમે આધાર છો અડવડીયાં. ર૦ ૧
તો બિન ઓરસે નેહુ ન કીનો, ઓર કરનકી આખડીયાં; ર૦
ઇતને બિચ હમ છોડ ન જઇયે, હોત બુરાઇ લાજડીયાં. ર૦ ૨
પ્રીતમ પ્યારે કેહકેર જાનાં, જે હોત હમ શિર બાંકડિયાં; ર૦
હાથસેં હાથ મિલાદે સાંઇ, ફૂલ બિછાઉં સેજડીયાં. ર૦ ૩
પ્રેમકે પ્યાલે બહુત મસાલે, પીબત મધુરે સેલડીયાં; ર૦
સમુદ્રવિજય કુલ તિલક નેમકું, રાજુલ ઝરતી આંખડીયાં. ર૦ ૪
રાજુલ છોર ચલે ગિરનારે, નેમ યુગલ કેવલ વરીયા; ર૦
રાજિમતી પણ દીક્ષા લીની, ભાવના રંગ રસે ચડીયાં. ર૦ ૫
કેવલ લઇ કરી મુગતિ સિધારે, દંપતી મોહન વેલડીયાં; ર૦
શ્રી શુભવીર અચલ ભઇ જોડી, મોહરાય શિર લાકડીયાં. ર૦ ૬

શ્રી નેમિજિન સ્તવન.

(આવો જમાઇ પ્રાહુણા, જયવંતાજી.) એ દેશી.

નિરખો નેમિ જિણંદને, અરિહંતાજી;
રાજીમતિ કર્યો ત્યાગ, ભગવંતાજી.
બ્રહ્મચારી સંયમ ગ્રહો, અરિહંતાજી;
અનુક્રમે થયા વીતરાગ, ભગવંતાજી. ૧
ચામર ચક્ર સિંહાસન, અરિહંતાજી;

ચાર પીઠ સંયુક્ત, ભગવંતાજી.
છત્ર ચાલે આકાશમાં, અરિહંતાજી;
દેવ દુંદુભિ વર ઉત્ત, ભગવંતાજી. ૨
સહસ જોયણ ધ્વજ સોહતો, અરિહંતાજી;
પ્રભુ આગલ ચાલંત, ભગવંતાજી.
કનક કમલ નવ ઉપરે, અરિહંતાજી;
વિચરે પાય ઠવંત, ભગવંતાજી. ૩
ચાર મુખે દીયે દેશના, અરિહંતાજી;
ત્રણ ગઢ ઝાકઝમાલ, ભગવંતાજી.
કેશ રોમ શ્મશ્રુ નખા, અરિહંતાજી;
વાધે નહીં કોઇ કાલ, ભગવંતાજી. ૪
કાંટા પણ ઊંધા હોય, અરિહંતાજી;
પંચ વિષય અનુકૂલ, ભગવંતાજી.
ષટ્ ઋતુ સમકાલે ફૂલે, અરિહંતાજી;
વાયુ નહીં પ્રતિકૂલ, ભગવંતાજી. ૫
પાણી સુગંધ સુર કુસુમની, અરિહંતાજી;
વૃષ્ટિ હોયે સુ રસાલ, ભગવંતાજી.
પંખી દીયે સુપ્રદક્ષિણા, અરિહંતાજી;
વૃક્ષ નમે અસરાલ, ભગવંતાજી. ૬
જિન ઉત્તમ પદ પદ્મની, અરિહંતાજી;
સેવ કરે સુર કોડી, ભગવંતાજી.
ચાર નિકાયના જઘન્યથી, અરિહંતાજી;
ચૈત્યવૃક્ષ તેમ જોડી, ભગવંતાજી. ૭

શ્રી નેમિજિન સ્તવન.

રહો રહોરે નેમજી દો ઘડીયાં, દો ઘડીયાં,
દો ચાર ઘડીયાં, રહો રહોરે નેમજી. એ આંકણી.
રાજ મહિરાણ શિવાદેવી જાયા, તુમે છો આધાર આ[illegible]
ઘડીયાં. રહો. ૧
નાહ વિવાહ ચાહ કરીએ, કયું જાવત ફિર રથ ચડીયાં; રહો.
પશુય પોકાર સુણીય કિય કરૂણા, છોડી દીયે પશુ પ[illegible]
ચડીયાં. રહો. ૨
ગાહબિછાઉ મેં ભલી જાઉં, કરૂં વિનતિ ચરણે પડીયાં; રહો.
પીઉવીણ દીહાં તે વરિસ સમોવડ, ન ગમે [illegible]
ડીયાં. રહો. ૩
વિરહ દિવાની વિલપતિ જોવત, વાડી વન ઘર સેરડીયાં. રહો.
આઠભવાંતર નેહ નિવાહત, નવમે ભવ તે વિછડીયાં.
રહો. ૪
સહસાવન માંહે સ્વામિ સુણીને, રાજુલ રૈવત ગિરિ ચડીયાં.
રહો.
પીઉ કરે નિજશિર હાથ દેવાવત, ચાખે ચારિત્ર શેલડીયાં.
રહો. ૫
જાદવ વંશ વિભૂષણ નેમજી, રાજુલ મીઠી વેલડીયાં; રહો.
જ્ઞાન વિમલ ગુણે દંપતી નિરખત, હરખત હોત મેરી આં[illegible]
ખડીયાં. રહો. ૬

શ્રી નેમિનાથ સ્તુતિ.

(કનક તિલક ભાલે) એ દેશી.

દુરિત ભય નિવાર, મોહ વિધ્વંસકાર;

ગુણ વ્રત અવિકારં, પ્રાપ્ત સિદ્ધિ મુદાર.
જિનવર જયકારં, કર્મ સંકલેશ હારં;
ભવજલ નિધિ તારં, નૌમિ નેમી કુમારં. ૧
અડ જિનવર માતા, સિદ્ધિ સૌધે પ્રયાતા;
અડ જિનવર માતા, સ્વર્ગ ત્રીજે વિખ્યાતા.
અડ જિનવર માતા, પ્રાપ્ત માહેંદ્ર સ્યાતા;
ભવ ભય જિન ત્રાતા, સંતને સિદ્ધિ દાતા. ૨
રૂષભ જનક જાવે, નાગ સ્વર ભાવ પાવે;
ઇશાન સગ કહાવે, શેષ કાંતા સભાવે.
પદમાસન સુહાવે, નેમ આદ્યંત પાવે;
શેષ કાઉસ્સગ્ગ ભાવે, સિદ્ધિ સત્રે પઠાવે. ૩
વાહન પુરૂષ જાણી, કૃષ્ણ વર્ણ પ્રમાણી;
ગોમેધને ષટ્ પાણી, સિંહ બેઠી વખાણી.
તનુ કનક સમાણી, અંબિકા ચાર પાણી;
નેમ ભગતિ ભરાણી, વીર વિજયે વખાણી. ૪

શ્રી નેમિનાથ સ્તુતિ.

રાજુલ વર નારી, રૂપથી રતિ હારી;
તેહના પરિહારી, બાલથી બ્રહ્મચારી.
પશુઆં ઉગારી, હૂઆ ચારિત્ર ધારી;
કેવલ શ્રી સારી, પામીયા ઘાતિ વારી. ૧
ત્રણ જ્ઞાન સંયુત્તા, માતની કૂખે હુંતા;
જનમે પુરહુંતા, આવી સેવા કરંતા.
અનુક્રમે વ્રત કરંતા, પંચ સમિતિ ધરંતા;

મહિલ વિચરંતા, કેવલ શ્રી વરંતા. ૨
ભવિ સુર વર આવે, ભાવના ચિત્ત લાવે;
ત્રિગડું સોહાવે, દેવ છંદો બનાવે.
સિંહાસન ઠાવે, સ્વામિના ગુણ ગાવે;
તિહાં જિનવર આવે, તત્વ વાણી સુહાવે. ૩
શાસન સુરી સારી, અંબિકા નામ ધારી;
જે સમકિતિ નરનારી, પાપ સંતાપ વારી.
પ્રભુ સેવા કારી, જાપ જપીયે સવારી;
સંઘ દુરિત નિવારી, પદ્મને જેહ પ્યારી. ૪

શ્રી નેમિજિન સ્તુતિ.

ગયા શસ્ત્રાગારે, શંખ નિજ હાથ ધારે;
કિયો શબ્દ પ્રચારે, વિશ્વ કંપ્યો તિવારે.
હરિ સંશય ધારે, એહની કોઈ સારે;
જયો નેમ કુમારે, બાલથી બ્રહ્મચારે. ૧
ચાર જંબુદ્વીપે, વિચરંતા જિન દેવ;
અડ ધાતકી ખંડે, સુર નર સારે સેવા.
અડ પુષ્કર અરધે, ઇણિપરે વીશ જિનેશ;
સંપ્રતિ એ સોહે, પંચ વિદેહ નિવેશ. ૨
પ્રવચન પ્રવહણસમ, ભવજલ નિધિને તારે;
કોહાદિક મોટા, મચ્છ તણા ભય વારે.
જિહાં જીવ દયા રસ, સરસ સુધારસ દાખ્યો;
ભવિ ભાવ ધરીને, ચિત્ત કરીને ચાખ્યો. ૩
જિન શાસન સાન્નિધ્ય, કારી વિઘન વિદારે;
સમકિત દૃષ્ટિ સુર, મહિમા જાસ વધારે.

શત્રુંજય ગિરિ સેવો, જેમ પામો ભવ પાર;
કવિ ધીર વિમલનો, શિષ્ય કહે સુખકાર. ૪

અથ શ્રી ગિરનારજીની સ્તુતિ.

ગિરનાર ગિરીશ્વર વંદીયે, શ્રી નેમી નિરખી આણંદીયે;
આષાઢ શુદિ અષ્ટમી મોક્ષ જાણુ, સાસય સુખ પામ્યા ગુણ નિધાન. ૧
જિનવર ચઊવીસે વંદતા, તેનો ધર્મ સુણિ મન રંજતા;
જિન આણા પાલી ધરી વિવેક, ભવ્ય જીત તર્યા તરશે અનેક. ૨
આગમ વાણી ચિત્ત ધારતા, અજ્ઞાન તણાં દુઃખ વારતા;
પંચમ કાલે એહીજ આધાર, તે વંદું આગમ જગત સાર. ૩
તીરથ રક્ષક જે સુર સુરી, તેહ વંદૂ આણંદ મન ધરી;
સુર ભૂપ નમત સુખ સંપદા, સહુ દૂર હરે જગ આપદા. ૪

શ્રી નેમિજિન સ્તુતિ.

સુર અસુર વંદિય પાય પંકજ, મયણ વલ્લિ અખોભિતં;
ઘન સુઘન શ્યામ શરીર સુંદર, શંખ લંછન શોભિતં.
શિવાદેવી નંદન, ત્રિજગવંદન, ભવિકકમલ દિનેસરં;
ગિરનાર ગિરિવર શિખર વંદૂ, શ્રી નેમિનાથ જિનેશ્વરં. ૧
અષ્ટાપદે શ્રીઆદિ જિનવર, વીર પાવા પુરિવરે;
વાસુ પૂજ્ય ચંપા નયર સિદ્ધા, નેમ રેવા ગિરિવરે.
સમેત શિખરે વીશ જિનવર, મુક્તિ પોહોતા મનહર;
ચોવીસ જિનવર તેહ વંદૂ, સયલ સંઘહ સુખ કર. ૨
ઇગ્યાર અંગ ઉપંગ બારે, દશ પયન્ના જાણિયે;

છ રછેદ ગ્રંથ પસથ્થ હુરથા, ચાર મૂલ વખાણિયે.
અનુયોગ દ્વાર ઉદાર નંદી, સૂત્ર જિન મત ગાઇયે;
વહુ વૃત્તિ ચૂર્ણિ સૂત્ર પેંતાલી, આગમ એ મન ધ્યાઇયે. ૩
બિહું દિશે બાલાં દોય જેહને, સદા ભવિયણ સુખ કરૂ;
દુઃખ હરિય અંબા, લુંબ સુંદર, દુરિય દોહગ અપહરૂ.
ગિરનાર મંડણ નેમ જિનવર, ચરણ પંકજ સેવિયા;
શ્રી સંઘ સુપ્રસન્ન સદા મંગલ, કરો અંબિકા દેવિયા. ૪

શ્રી નેમિજિન સ્તુતિ.

શ્રી ગિરનારે જે ગુણ નીલો, તે તરણ તારણ ત્રિભોવનતિલો;
નેમીસર નમિયે તે સદા, સેવ્યો આપે સુખ સંપદા. ૧
ઇંદ્રાદિક દેવ જેહને નમે, દર્શન દીઠે દુઃખ ઉપશમે;
જે અતીત અનાગત વર્તમાન, તે જિનવર વંદૂ વર પરધાન. ૨
અરિહંતે વાણી ઉચ્ચરી, ગણધરે તે રચના કરી;
પીસ્તાલી આગમ જાણીયે, અર્થ તેહના ચિત્તે આણીયે. ૩
ગઢ ગિરનારની અધિષ્ઠાયિકા, જિન શાસનની રખવાલિકા;
સમરૂં સા દેવી અંબિકા, કવિ ઉદય રત્ન સુખ દાઇકા. ૪

શ્રી નેમીશ્વર ભગવાનની લાવણી.

તુમ સમુદ્રવિજયકા તન અરજ સુન લીજે, અરજ૦
મેરી ઇતનીસી એક ચાહ, દરસ મોહે દીજે. એ આંકણી.
તુમ વીતરાગ શુભ ધ્યાન, બડે તુમ સૂરે; બડે૦
તુમ રિદ્ધ સિદ્ધકે ભંડાર, લબ્ધિકે પૂરે;
તુમ સાત વ્યસનકા સંગ, કિયા સબ દૂરે. કિયા સબ૦
તુમ પહોતે મુક્તિ મહેલ બિચ, જ્ઞાનકે પૂરે;
મેં હું સંગી ભાઇ, કૃપા મોહે કીજે. કૃપા૦ મેરી. ૧

મેં ઘડી ઘડી મહારાજ, ભજન નહીં ભૂલું; ભજન૦
મેં પડયા વિષમ ભવ કૂપ, કુગુરૂ સંગ ઝુલું.
મેં હુઆ દુખી જિનરાજ, તેરેસું બોલું; તેરે૦
અબ ભવસાગરથી તાર, ભરમ મેં ખોલું.
અબ સુનો અરજ મહારાજ, જગત જસ લીજે; જ૦મેરી. ૨
મેં આય પડા જિનરાજ, સરણ અબ તેરે; સરણ૦
તોરે દરશનકી અભિલાખ, લગી રહી મેરે.
મેં ભમ્યો અનંતો કાલ, મોહકે પૂરે; મોહકે૦
અબ સરને લીજે મોકું, કરન દુઃખ દૂરે.
અબ આઠ કર્મકે માંહે, મેરા તન લીજે; મેરા૦ મેરી. ૩
મેં હુઓ બહુત બલવંત, કરમકે ભાવે; કરમ૦
અબ શુદ્ધ અશુદ્ધ બિચાર, ધ્યાન નહીં પાવે.
અબ ચેતન જીવ જિનરાજ, ધર્મમેં આયો; ધર્મ૦
અબ આઠ કર્મકે માંહે, મુગતિ ફલ પાયો.
તુમ સમુદ્રવિજયકા તન અરજ સુન લીજે; અરજ૦ મેરી. ૪

શ્રી નેમીનાથની લાવણી. ચાક પહેલો

શ્રી નેમિ નિરંજન, બાલપણું બ્રહ્મચારી;
પ્રભુ મુખ પૂનમકો ચંદ, અતુલ બલ ધારી. એ આંકણી.
લિયે બરાબરીકે મિત્ર, અતિ સુરસાલા;
રસ રંગે આવે જદુપતિ આયુધશાલા.
કહે મિત્ર સુણો પ્રભુ એ છે શંખ ઉદાર,
નહિં ગિરધર પાખે ઓર બજાવન હારા;
કરકમલે લેકર સંખ બજાયા ભારી. પ્રભુ૦ ૧
સુણી સંખ શબ્દકી ધુની અતિ વિકરાળ,

ખલભલિયા શેષને ફુણી સમ પાતાલ;
ચિત્ત ચમકા મનમેં ભવન પતિકા ઇશ,
થરહર થરક્યાં ત્યાં વ્યંતર પતિ બત્રીશ.
મૂકી નિજ ઠામને નાસંતી સુરનારી, પ્રભુ૦ ૨
સાગર ગડયા ગિરિવર ને ડુંગર ડોલ્યા મોટા,
ત્રોડી બંધનને નાઠા ગજરથ ઘોડા;
ઊછલિયાં સાયર નીર ચડયાં કલ્લોલે,
ભાંગી તરૂવરની ડાલ થયા ડમડોલે.
તૂટયા વર મોતિહાર, ઝબુકી નારી. પ્રભુ૦ ૩
શશી સૂરજ તારા વૈમાનિકના સ્વામી,
સહુ કરે પ્રશંસા અહો, પ્રભુ અંતરજામી;
પ્રભુ ચક્ર ફેરવી, કિયો ધનુષ ટંકારે,
ગિરધરની ગદા લેઈ કરમાં નેમ ફેરે ભંકારે;
કહે માણક મુનિવર ચિંતા ભઇ મુરારી. પ્રભુ. ૪

શ્રી નેમીનાથની લાવણી. ચોક બીજો.

ગુણવંતા શ્રી જિનરાય, સભાયેં આવે,
પ્રણામ કરી હરિ હેત, ધરી બોલાવે.
મન મોહન પ્રાણ આધાર, દરસન મુજ દીજે;
હો બંધવ આપણ બલની, પરીક્ષા કીજે.
તુમેં વાલો અમચો હાથ, વદે ગોપાલા;
પ્રભુ હરીનો વાલે હાથ, કમલ જયું નાલા.
શ્રી નેમતણું બલ દેખી, અચરિજ પાવે. પ્રણામ૦ ૧
પ્રભુ લંબાવે નિજ હાથ, સકલ ગુણખાણી;

તિહાં કરે ખરાખર જોર, તે સારંગપાણી.
ન નમે તિલ માત્ર લગાર, રિકાયો ભારી;
જાણે હિંડોલે હિંચતો, હોય ગિરધારી.
દેખી બલ અદભુત તેજ, ચમકયો આવે. પ્રણામ૦ ૨
હરિ બોલે મધુરી વાણી, ભય મન આણી;
ભાંખે હલધરને એમ, નેમ બલ જાણી.
હો બાંધવ મહારા નેમ, સકતિ અતિ મોટી;
મેં દીઠી નજર હજૂર, વાત નહિં ખોટી.
એ રાજ તણાં તે કાજ. મેં બલા કહાવે. પ્રણામ૦ ૩
એ મહાબલિયો બલવંત છે બાલે વેશે;
મુજ રાજ ઊલાળી એક, પલકમેં લેશે.
એમ કરતો મન આલોચ, મહીનો દાણી;
તેણે અવસર બોલે દેવ, ગગનમેં વાણી.
કહે માણક પ્રભુ સંયમ, લેશે ભાવે. પ્રણામ૦ ૪

શ્રી નેમીનાથજીની લાવણી. ચોક ત્રીજો.

હરખ્યો હરિ નિજચિત સભામાં આવે,
કહે રૂકમણીને નેમ વિવાહ મનાવે. એ આંકણી.
અતિ સુંદર બાલા ભરજોબન મદમાતી,
દીપે સસિવયણી સહસ બત્રીશ સોહાતી;
જીનજીનો ઝાલી હાથ હરિજી લાવે;
નિજ મંદિર સુંદર અંતેઉરમેં આવે.
બોલે પટરાણી આઠ દેવરને ભાવે. કહે૦ ૧
કોઇ છાંટે અબિર ગુલાલ કેસરના પાણી,
કોઇ ઘાલે ગલામાં હાર પુષ્પના આણી;

રાજાને રૂકમણી બોલે મધુરી વાણી,
હો દેવર મ્હારા પરણીજે એક નારી;
તુમ જાદવકુલ સણગાર સમાન સોહાવે. કહે૦ ૨
મુખ મચકોડીને પ્રભુનો પાલવ ઝાલે,
સાભાલચા સુંદરી એક વિના કિમ ચાલે;
બહુ મલી કૃષ્ણની નાર વરણવી કહેતી,
ન કરોજી બાલક બુદ્ધ, ઓલંભા દેતી;
વિનિતાનાં સુણી વચન મુખ મલકાવે. કહે૦ ૩
બાલા સહુ બોલી મુખમલપંતુ જાણી.
માન્યોજી માન્યો નેમ પરણશે રાણી;
શ્રી સમુદ્ર વિજયને કૃષ્ણજી એમ કહેતાં,
સહુ કરે વિવાહની વાત આપણ નથી લેતા;
કહે માણક પ્રભુને પદમણી પરણાવે. કહે૦ ૪

શ્રી નેમીનાથની લાવણી. ચોક ચોથો.

મલ્યો જાદવ કેરો વૃંદ છપન કુલ કોડે,
પ્રભુ કરી સણગાર ને નેમ ચડયા વરઘોડે; એ આંકણી.
તિહા ભેરી નફેરી પંચ શબ્દ વજડાવે,
મિલી બાલા કોકિલ, કંઠે મંગલ ગાવે;
કોઈ હાથી ઘોડે બેઠા રથ સુખપાલે.
પાયક અડતાલીશ કરોડ, તે આગલ ચાલે,
મલ્યા દશે દસાર હલધર, હરિજી જોડે;
પ્રભુ કરિ સણગાર ને, નેમ ચડયા વરઘોડે. ૧
વાજે તંબાહુ જરી ફરકે નીશાન,

બહુ સાજન મહાજન જોર ચલાવે જાન;
એમ કરતાં પ્રભુજી ઉગ્રસેન ઘેર આવે,
દેખી મુખ નાથનું રાજુલ મન સુખ પાવે;
તબ કરતે પશુઅ પોકાર લાખો કરોડ. પ્રભુ૦ ૨
છોડીને પશુનો વૃંદ રથડા વાલે,
ઘર આવી પ્રભુજી દાન સંવત્સરી આલે;
સુણી વાતને રાજુલ મૂર્છા ધરણી ઢળતી,
હે નાથ શું કીધું કોડી વિલાપો કરતી;
લઇ સંયમ દંપતી કરમ કઠિનને તોડે, પ્રભુ૦ ૩
અબ ઉપનું કેવલ જ્ઞાન મુગતિમાં જાવે,
પ્રભુ સિદ્ધ બુદ્ધ અજરામર પદવી પાવે;
ગુરૂ રૂપકી રતિ ગુણ ગાતે રંગ સવાયા,
મેસાણે રહી ચોમાસ શ્રી જિનગુણ ગાયા;
મુનિ માણક લાવણી ગાવે મનને કોડે, પ્રભુકરી૦ ૪



શ્રી અજિતનાથ સ્વામીનું ચૈત્યવંદન.

આવ્યા વિજય વિમાનથી, નયરી અયોધ્યા ઠામ;
માનવ ગણરિખ રોહિણી, મુનિજનના વિસરામ. ૧
અજિત નાથ વૃષ રાશિએ, જન્મ્યા જગદાધાર;
યોની ભુજંગમ ભય હરૂ, બારે વર્ષે તે બાર. ૨
સપ્ત પરણ તરૂ હેઠલે એ, જ્ઞાન મહોત્સવ સાર;
એક સહસરશું શિવ વર્યા, વીરકહે બહુ પ્યાર. ૩

અથ શ્રી અજિતનાથજીનું ચૈત્યવંદન.

અજિતનાથ પ્રભુ અવતર્યા, વનિતાનો સ્વામી;
જિતશત્રુ વિજયા તણો, નંદન શિવગામી. ૧
બોહોતેર લાખ પૂરવતણું, પાળ્યું જેણે આય;
ગજ લંછન લંછન નહિ, પ્રણમે સુરરાય. ૨
સાડાચ્યારસે ધનુષનીએ, જિનવર ઉત્તમદેહ;
પાદ પદ્મ તસ પ્રણમીએ, જિમ લહિએ શીવ ગેહ. ૩

અથ શ્રી અજિતનાથજીનું ચૈત્યવંદન.

સુદિ વૈશાખની તેરશે, ચવિયા વિજયંત,
મહા સુદિ આઠમે જનમિયા, બીજા શ્રી અજિત. ૧
માહા સુદિ નોમે મુનિ થયા, પોસ ઇગ્યારસ;
ઉજ્જલ ઉજ્જલ કેવલી, થયા અક્ષય કૃપારસ. ૨
ચૈત્ર શુકલ પંચમી દિને એ, પંચમ ગતિ લહ્યા જેહ;
ધીર વિમલ કવિરાજનો, નય પ્રણમે ધરી નેહ. ૩

શ્રી તારંગાજીનું સ્તવન.

તારંગાની ટુંકે મુકું માન ગુમાનરે. તારંગા.
મૂલ નાયકજી હો અજિત જિનેશ્વર,
સોહે દેરૂં મેરૂ સમાનરે. તારંગા. ૧
કેસર ચંદન અગર કપૂર ધુપ,
કરી પૂજા વધારોની વાનરે. તારંગા. ૨
આંગી રચો પંચ પુષ્પા વરણી,

કરણી કરોની શુભ ધ્યાનરે. તારંગા. ૩
નણુ કલ્યાણ કવિ દીપનો શ્રાવક કહે,
મૂકી મન ગાવોની જ્ઞાનરે. તારંગા. ૪

અથ શ્રી અજીતજિન સ્તવન.

(નિંદ્રડી વેરણ હોઇ રહી. એ દેશી.)

અજિત જિણંદશું પ્રીતડી,
મુજ ન ગમે હો બીજાનો સંગ કે;
માલતી ફૂલે મોહીયા,
કિમ બેસે હો બાવલ તરૂ ભ્રંગ કે. અજિત. ૧
ગંગા જલમાં જે રમ્યા,
કિમ છિલ્લર હો રતિ પામે મરાલ કે;
સરોવર જલધર જલ વિના,
નવિ ચાહે હો જગ ચાતક બાલ કે. અજિત. ૨
કોકિલ કલ કૂજિત કરે,
પામી મંજરિ હો પંજરી સહકાર કે;
ઓછાં તરૂવર નવિ ગમે,
ગિરૂઆશું હો હોયે ગુણનો પ્યાર કે. અજિત. ૩
કમલિની દિનકર કર ગ્રહે,
વળી કુમુદિની હો ધરે ચંદશું પ્રીત કે;
ગૌરી ગિરીશ ગિરિધર વિના,
નવિ ચાહે હો કમલા નિજ ચિત્ત કે. અજિત. ૪
તિમ પ્રભુશું મુજ મન રમ્યું,
બીજા શું હો નવિ આવે દાય કે;

શ્રીનયવિજય વિબુધ તણો,
વાચક જસ હો નિત નિત ગુણ ગાય કે. અજિત. ૫

શ્રી અજિતનાથનું સ્તવન.

(આવ્યા આમ પધારો પૂજ્ય) એ દેશી.

અજિત જિણેસર ચરણની સેવા, હેવાયે હું હલિયો;
કહુએ અણચાખ્યો પણ અનુભવ, રસનો ટાણો મલિયો. ૧
પ્રભુજી મહિર કરીને આજ, કાજ હમારાં સારો;
મુકાવ્યો પણ હું નવિ મૂકું, ચૂકું એ નવિ ટાણો.
ભક્તિ ભાવ ઊઠયો જે અંતર, તે કિમ રહે શરમાણો. પ્ર.૨
લોચન શાંતિ સુધારસ સુભગા, મુખ મટકાળું પ્રસન્ન;
યોગ મુદ્રાનો લટકો ચટકો, અતિશયનો અતિ ધન્ન. પ્ર. ૩
પિંડ પદસ્થ રૂપસ્થે લીનો, ચરણ કમલ તુજ ગ્રહીયાં;
ભમર પરેં રસ સ્વાદ ચખાવો, વિરસો કાં કરો મહીયાં. પ્ર. ૪
બાલ કાલમાં વાર અનંતી, સામગ્રીયે નવિ જાગ્યો;
યૌવન કાલે તે રસ ચાખણ, તું સમરથ પ્રભુ માગ્યો. પ્ર. ૫
તું અનુભવ રસ દેવા સમરથ, હું પણ અરથી તેહનો;
ચિત્ત વિત્તને પાત્ર સંબંધે, અજર રહ્યો હવે કેહનો. પ્ર. ૬
પ્રભુની મેહેરેં તે રસ ચાખ્યો, અંત રંગ સુખ પામ્યો;
માનવિજય વાચક ઇમ જંપે, હુઓ મુજ મન કામ્યો. પ્ર. ૭

શ્રી અજિત જિન સ્તવન.

(સોના તે કેરૂં મ્હારૂં બેડલું રેલો, રૂપલા ઇંઢાણી હાથ. મ્હારા વાહાલાજીરે હવે નહી જાઉં મહી વેચવા રે લો.એ દેશી.)

અજિત જિનેસર સાહિબા રેલો, વીનતડી અવધાર;

મ્હારા વાહાલાજીરે, હવે નહી છોડું ત્હારી ચાકરી રેલો.
તું મનરંજન મ્હારો રેલો, દીલડાનો જાણણહાર. મ૦હ૦ ૧
લાખ ચોરાશી હું ભમ્યો રેલો, કાલ અનંતો અનંત, મ૦
ઓલગ લીધી મેં તાહેરી રેલો, ભાંગી છે ભવ તણીભ્રાંત.
મ૦ હ૦ ૨
કરિ સુનજર હવે સાહિબા રેલો, દાસ ધરો દીલમાંહિ; મ૦
લાખ ગુણહીન પણ તાહરો રેલો, સેવક હું મહારાજ. મ૦હ૦૩
અવગુણ ગણતાં માહરા રેલો, નહીં આવે પ્રભુપાર; મ૦
પણ જિન પ્રવહણની પરેં રેલો, તુમેં છો તારણહાર. મ૦હ૦ ૪
નયરી અયોધ્યાનો ધણીરેલો, વિજયા ઉયરે સરહંસ; મ૦
જિતશત્રુરાયનો નંદનો રેલો, ધન ઇક્ષ્વાકુનો વંશ.મ૦હ૦ ૫
ધનુસય સાઢાચારની રેલો, દેહડી રંગ સનુર; મ૦
બોહોંતેર પૂરવલાખનું રેલો, આયુ અધિક સુખપૂર.મ૦હ૦૬
પાંચમ આરે તું મલ્યો રેલો, પ્રગટ્યા છે પુણ્યનિધાન; મ૦
સુમતિ સુગુરૂ પદસેવતાં રેલો, રામ અધિક તનુવાન.મ૦હ૦ ૭

શ્રી અજિત જિન સ્તવન.

પ્રીતલડી બંધાણીરે, અજિત જિણંદશું,
કાંઈ પ્રભુ પાખે ક્ષણ એકે મન ન સુહાયજો;
ધ્યાનની તાલીરે લાગી નેહશું,
જલદ ઘટા જિમ શિવસુત વાહન દાય જો. પ્રી૦ ૧
નેહ ઘેલું મન માહારૂંરે પ્રભુ અલજે રહે;
તન ધન મન એ કારણથી પ્રભુ મુજ જો,
મારે તો આધારરે સાહિબ રાવલો;
અંતરગતનું પ્રભુ આગલ કહું ગુજ્જ જો. પ્રી૦ ૨

સાહિબ તે સાચોરે જગમાં જાણીએ;
સેવકનાં જે સહેજે સધારે કાજજો;
એહવે રે આચરણ કિમ કરીને રહું,
બિરૂદ તુમારો તારણ તરણ ઝિહાજજો. પ્રી૦ ૩
તારકતા તુઝ માંહે રે શ્રવણે સાંભલી,
તે ભણી હું આવ્યો છું દીન દયાલજો;
તુજ કરૂણાની લેહરેરે મુઝ કારજ સરે,
શું ઘણું કહીએ જાણ આગલ કૃપાલ જો. પ્રી૦ ૪
કરૂણાદિક કીધીરે સેવક ઉપરે,
ભવ ભય ભાવઠ ભાંગી ભક્તિ પ્રસંગજો;
મન વંછિત ફલિયાંરે જિન આલંબને,
કરજોડીને મોહન કહે મનરંગ જો. પ્રી૦ ૫

શ્રી અજિતનાથજીનું સ્તવન.

(રાગ આશાવરી. મારૂં મન મોહ્યુંરે શ્રી
વિમલાચલેરે) એ દેશી.

પંથડો નિહાલુંરે બીજા જિનતણોરે, અજિત અજિત ગુણધામ;
જે તેં જીત્યારે તેણે હું જીતિયોરે, પુરૂષ કિશ્યું મુજનામ. પંથ૦૧
ચરમ નયણ કરી મારગ જોવતોરે, ભૂલો સયલ સંસાર,
જેણે નયણે કરી મારગ જોઇયે રે, નયણ તે દિવ્ય વિચાર. પંથ૦૨
પુરૂષ પરંપર અનુભવ જોવતાંરે અંધોઅંધ પુલાય,
વસ્તુ વિચારેરે, જો આગમે કરીરે;
તો ચરણ ધરણ નહીં ઠાય. પંથ૦ ૩
તર્ક વિચારેરે વાદ પરંપરારે, પાર ન પહોંચે કોય;

અભિમતે વસ્તુ વસ્તુગતે કહેરે, તે વિરલા જગજોય. પંથ૦ ૪
વસ્તુ વિચારે રે દિવ્ય નયણ તણોરે, વિરહ પડયો નિરધાર;
તરતમ જોગે રે તરતમ વાસનારે, વાસિત બોધ આધાર. પંથ૦ ૫
કાલ લબ્ધિ લહી પંથ નિહાલશું રે, એ આશા અવિલંબ;
એ જન જીવેરે જિનજી જાણજોરે, આનંદઘન મતિઅંબ. પંથ૦ ૬

શ્રી અજિતનાથજીનું સ્તવન.

દેખો ગતિ દૈવની. એ દેશી.

જ્ઞાનાદિક ગુણ સંપદારે, તુજ અનંત અપાર;
તે સાંભલતાં ઉપનીરે, રૂચિ તેણે પાર ઉતાર.
અજિત જિન તારજોરે, તારજો દીન દયાલ; અજિ૦ ૧
જે જે કારણ જેહનોરે, સામગ્રી સંયોગ;
મલતાં કારજ નીપજેરે, કર્ત્તા તણે પ્રયોગ. અ૦ ૨
કાર્ય સિદ્ધિ કર્તા વસુરે, લહિકારણ સંયોગ;
નિજપદ કારક પ્રભુ મિલ્યારે, હોય નિમિત્તહ ભોગ. અ૦ ૩
અજ કુલગત કેસરી લહેરે, નિજપદ સિંહ નિહાલ;
તિમ પ્રભુ ભક્તે ભવિ લહેરે, આતમશક્તિ સંભાલ. અ૦૪
કારણ પદ કર્ત્તાપણેરે, કરી આરોપ અભેદ;
નિજપદ અરથી પ્રભુ થકીરે, કરે અનેક ઉમેદ. અ૦ ૫
એહવા પરમાતમ પ્રભુરે, પરમાનંદ સ્વરૂપ;
સ્યાદવાદસત્તા રસીરે, અમલ અખંડ અનુપ. અ૦ ૬
આરોપિત સુખ ભ્રમ ટલ્યોરે, ભાસ્યો અવ્યાબાધ;
સમર્યું અભિલાખીપણું રે, કર્ત્તા સાધન સાધ્ય. અ૦ ૭
ગ્રાહકતા સ્વામિત્વતારે, વ્યાપક ભોક્તાભાવ;

કારણતા કારજ દિશારે, સકલ ગ્રહ્યું નિજ ભાવ. અ० ૮
શ્રદ્ધા ભાસન રમણતારે, દાનાદિક પરિણામ;
સકલ થયા સત્તા રસીરે, જિનવર દરિસણ પામ. અ० ૯
તિણ નિર્યામક માહણોરે, વૈદ્ય ગોપ આધાર;
દેવચંદ્ર સુખ સાગરૂરે, ભાવ ધરમ દાતાર. અ० ૧૦

શ્રી અજિતજિન સ્તવન.

(સ્વામી શ્રીમંધર વિનતી) એ દેશી.

અજિત જિન તુજ મુજ અંતરો, જોતાં દીસે ન કોયરે;
તુજ મુજ આતમ સારિખો, હાંરે સત્તા ધર્મથી હોયરે. અ. ૧
જ્ઞાનદર્શન ચરણ આદિ દેઇ, ગુણ અછે જેહ અનંતરે;
અસંખ્ય પરદેશ વલી સારિખા, અછે ઇણિપરે તંતરે. અ. ૨
એટલો અંતર પણ થયો, હાંરે આવિર્ભાવ તિરોભાવરે:
આવિર્ભાવે ગુણ નિપના, તિણે તુજ રમણ સ્વભાવરે. અ. ૩
રાગ દ્વેષાદિ વિભાવની, હાંરે પરણતિ પરભાવેરે;
ગ્રહણ કરતો કરે ગુણતણો, હાંરે પ્રાણી એહ તિરોભાવેરે. અ. ૪
એહ અંતર પડયો તુજ થકી, હાંરે તેને મન ઘણું દુખરે;
ભીખ માગે કુણ ધન છતે, હાંરે છતે આહાર કુણ ભૂખરે. અ. ૫
તુજ અવલંબને આંતરો, હાંરે ટલે માહરે સ્વામરે;
અચલ અખંડ અગુરૂ લહું, હાંરે લહે નિરવઘ ઠામરે. અ. ૬
જે અવેદી અખેદીપણે, અલેશીને અજોગીરે;
ઉત્તમ પદવર પામીને, હાંરે થાયે ચેતન ભોગીરે. અ. ૭

શ્રી અજિતનાથની સ્તુતિઓ.

(પ્રહ ઉઠી વંદુ) એ દેશી.

જબ ગર્ભે સ્વામી, પામી વિજયા નાર;
જીતે નિત્ય પીયુને, અક્ષ ક્રીડન હુંશીયાર.
તિણે નામ અજિત છે, દેશના અમૃતધાર;
મહા જક્ષ અજિતા, વીર વિઘન અપહાર. ૧

વિજ[illegible] સુત વંદો, તેહથી જયું દિણંદો;
[illegible] ચંદો, ધીરતાએ ગિરિંદો.
[illegible] અરવિંદો, જાસ સેવે સુરીંદો;
[illegible] ણંદો, સેવના સુખ વંદો. ૨

[illegible] તિનો, દેહ કંચન જરીનો;
ભવિક જન નગીનો, જેહથી મોહ બીનો.
હું તુજ પદ લીનો, જેમ જલ માંહે લીનો;
નવિ હોય તે દીનો, તાહરે ધ્યાને પીનો. ૩

શ્રી અજિતનાથ મહારાજની લાવણી.

શ્રી અજિતનાથ મહારાજ, ગરીબ નિવાજ;
જરૂર જિનવરજી, સેવક શિર નામે તને ઉચ્ચારે અરજી.
કર માફી મારા વાંક, રઝલીયો રાંક, અનંતા ભવમેં, અન૦
આવ્યો છું તારા શરણ, ભલી દુઃખ દવમેં;
ક્રોધાદિક ધુતારા ચાર, બરેખર બારે, લગ્યા મુજકેડે, લ૦
વલી પાપી મારા નાથ, છેક છંછેડે; ધ્યાન૦
આ મુજરો મુજ ભગવાન; કરૂં ગુણગાન, ધ્યાનમાં ધરજી૦
ધ્યા૦ સેવક૦ ॥ ૧ ॥

મેં પૂરણ કર્યાં છે પાપ, મુજને આપ, કહું કરજોડી; કહું૦
મુજ ભુંડામાં ભગવાન, ભૂલ નહીં થોડી;
જીવ હિંસા અપરંપાર, કરી કિરતાર, હવે શું કરવું. હવે૦
જુઠું બહુ બોલી, સાચને શું હરવું;
તુજ ખોળામાં મુજ શીશ, જાણુ જગદીશ, ગમે તે કરજો. ગમે૦
સેવક૦ ૨
મેં કર્યા બહુ કુકર્મ, ધરી નહીં શર્મ, પૂર્ણ હું પાપી, પૂર્ણ૦
અવળો થઈ તારી આણ, મેંજ ઉત્થાપી;
મેં સુરગ નિંદા ઘણી, મુનિ પરતણી, કરી,
પરદારા દેખી લબાડ, હું લલચાયો;
કિંકર કહે કેશવલાલ, આણીને વહાલ,

શ્રી રિષભ દેવનાં ચૈત્યવંદનો.

પ્રથમ જિણેસર ઋષભદેવ, સર્વાર્થથી ચવિયા;
વદિ ચઉથ આષાઢની, શક્રે સંસ્તવિયા.
આઠમી ચૈત્રહવદિ તણી, દિવસે પ્રભુ જાયા,
દીક્ષા પણ તિણહીજ દિને, ચઉનાણી થાયા.
ફાગુણ વદિ ઇગ્યારશીએ, જ્ઞાન લહે શુભ ધ્યાન;
મહાવદિ તેરશી શિવ લહ્યા, પરમાનંદ નિધાન.

રિષભદેવ સ્વામીનું ચૈત્યવંદન

નાભિ નરેસર વંશચંદ, મરૂદેવા માત;
સુર રમણી રમણીય જાસ, ગાયે અવદાત,
કંચન વર્ણ સમાન કાંતિ, કમનીય શરીર;
સુંદર ગુણ ગાણ ગણે ભવ્ય. જન મન તરૂકીર.

આદીશ્વર પ્રભુ પ્રણમીયેએ, પ્રણત સુરાસુર વૃંદ;
મન મોહે મુખ દેખતાં, દાન મિટે દુઃખ દંદ. ૩

રિષભદેવ સ્વામીનું ચૈત્યવંદન

અજર અમર અકલંક અરૂજ, નિરૂજ અવિનાશી;
સિદ્ધ સરૂપી શંકરો, સંસાર ઉદાસી. ૧
સુખ સંસારે ભોગવી, નહી ભોગ વિલાસી;
જીતી કર્મ કષાયને, જે થયા જિતકાશી. ૨
દાસી આશી અવગણીએ, સમાચીન સંજોગ;
નય કહે તસ ધ્યાને રહો, જિમ હોય નિર્મલ અ... ૩

અથ શ્રીઆબુજીનું સ્તવન॥ચિત્ત ચેતોરે,॥એ દેશી॥

આદિ જિણેસર પુજતાં, દુઃખ મેટોરે.
આબુગઢ દૃઢ ચિત્ત, ભવિ જઈ ભેટોરે;
...લવાડે દેહરાં નમી, દુ૦ ચાર પરિમિત નિત્ય ભ૦ ૧
...શા ગજબલ પદમાવતી દુ૦ ચક્રેશરી દ્રવ્ય આપ્યું ભ૦
...ખ ક્રિએ અંબી સરિ દુ૦ પંચ કોશ વહે આપ્યું. ભ૦ ૨
...ાર પાદસાહ જીતીને દુ૦ વિમલ મંત્રી આલ્હાદ ભ૦
દ્રવ્ય ભરી ધરતી કીયો, દુ૦ રૂષભ દેવ પ્રાસાદ. ભ૦ ૩
બિહુંતર અધિકા આઠશેં દુ૦ બિંબ પ્રમાણુ કહાય ભ૦
...જારશેં કારીગરે દુ૦ વર્ષ ત્રિકે તે થાય. ભ૦ ૪
દ્રવ્ય અનુપમ ખરચિયું દુ૦ લાખ ત્રેપન બારકોડ ભ૦
સંવત દશ અઠયાશીયે દુ૦ પ્રતિષ્ઠા કરી મનહોડ ભ૦ ૫
દેરાણી જેઠાણીના ગોખડા દુ૦ લાખ અઢાર પ્રમાણુ ભ૦
વસ્તુપાલ તેજપાલની દુ૦ એ દોય કાંતા જાણ. ભ૦ ૬

મૂલ નાયક નેમીસરૂ હુ૦ ચારશેં અડશઠ્ઠિ બિંબ ભ૦
રૂષભ ધાતુમય દેહરે હુ૦ એકસો પીસ્તાલીશ બિંબ. ભ૦ ૭
ચૌમુખ ચૈત્ય જુહારિયે હુ૦ કાઉસ્સગીયા ગુણવંત ભ૦
બાણું બિંબ તેહમાં કહ્યું હુ૦ અગન્યાસી અરિહંત. ભ૦ ૮
અચલ ગઢે પ્રભુજી ઘણા હુ૦ જાત્રા કરો હુશિયાર ભ૦
કોડિ તપે ફલ જે લહે હુ૦ તે પ્રભુ ભક્તિ વિચાર. ભ૦ ૯
આલંબન નિરાલંબને હુ૦ પ્રભુ ધ્યાને ભવપાર ભ૦
આગમ લીલા પામિયે હુ૦ વીર વિજય જયકાર ભ૦ ૧૦ ઇતિ

॥ અથ શ્રી અર્બુદગિરિનું સ્તવન ॥

ચાલો ચાલોને રાજ, ગિરિધર રમવા જઇએ ॥ એ દેશી.
આવો આવોને રાજ, શ્રી અર્બુદગિરિ જઇએ,
શ્રી જિનવરની ભક્તિ કરીને, આતમ નિર્મલ થઇએ આ૦
એ આંકણી.

વિમલ વસહીના પ્રથમ જિણેસર, મુખ નિરખે સુખ પઇએ,
ચંપક કેતકી પ્રમુખ કુસુમવર, કંઠે ટોડર ઠવીયે. આ૦ ૧
ત્રમહેલ પાસે લુણ વસહી, શ્રી નેમીસર નમીયે,
રાજિમતી વર નયણે નિરખી,દુઃખ દોહગ સવિ ગમીયે.આ૦ ૨
સિદ્ધાચલ શ્રી રૂષભ જિનેશ્વર, રૈવત નેમ સમરીયે,
અર્બુદગિરિની યાત્રા કરતાં, ચિહું તીર્થ ચિત્ત ધરીયે. આ૦ ૩
મંડપ મંડપ વિવિધ કોરણી, નિરખી હિયડે ઠરીયે,
શ્રી જિનવરનાં બિંબ નિહાલી, નર ભવ સફલો કરીયે આ૦ ૪
અચલગઢ આદીશ્વર પ્રણમી, અશુભ કર્મ સવિ હરિયે;
પાસ શાંતિ નિરખી જય નયણે, મન મોહ્યું ડુંગરીયે આ૦ ૫

પાજે ચઢતાં ઉજમ વાધે, જેમ વાડે પાખરીએ,
સકલ જિનેસર પૂજી કેસર, પાપ પડલ સવિ હરિયે. આ૦ ૧
એક ધ્યાને પ્રભુને ધ્યાતાં, મનમાંહિ નવિ ડરીએ;
જ્ઞાનવિમલ કહે પ્રભુ સુપસાયે, સકલ સંઘ સુખ કરીએ
આ૦ ● ઇતિ.

॥ અથ શ્રી આબુજીનું સ્તવન ॥

કોઇ લ્યો પર્વત ધુંધલો રેલો ॥ એ દેશી ॥

આબુ અચળ રળીઆમણો રેલો, દિલવાડે મનોહાર, સુખકારીરે;
ચાર દીએ જે સ્વર્ગપુરે લો, દેવલ દીપે ચાર, બલિહારીરે
ભાવ ધરીને ભેટીએરે લો, એ આંકણી.
બાર પાતશાહ વશ કિયારેલો, વિમળ મંત્રીસરસાર સુ૦
જેણે પ્રાસાદ નિપાઇઆરે લો, રિખભજી જગદાધાર બ૦ ૨ ભા.
જેહ ચૈત્યમાં જિનવરૂ રેલો, આઠશેને બોંતેર સુ૦
જે દીઠે પ્રભુ સાંભરેરે લો, મોહ કર્યો જેણે જેર બ૦ ૩ ભા.
દ્રવ્ય ભાવથી તિમ વરીરે લો, દીધી દઓલ કાજ સુ૦
ચૈત્ય તિહાં મંડાવીયું રે લો. લેવા શિવપુર રાજ બ૦ ૪ ભા૦
પરદરી કારીગરોરે લો. દીધી ધરા પ્રત્યેક સુ૦
તેમ મર્દનકારક વળીરે લો, વસ્તુપાળ એ વિવેક બ૦ ૫ ભા.
કોરણી ધોરણી તિહાં કરીરે લો, દીઠે બને તે વાત સુ૦
પણ નવિ જાએ મુખે કહીઓરે લો, સુરગુરૂ સમ વિખ્યાત.
બ૦ ૬ ભા૦
ત્રણે વરસે નીપનોરે લો, તે પ્રાસાદ ઉત્તંગ સુ૦
બારકોડ ત્રેપન લક્ષનેરે લો, ખરચ્યા દ્રવ્ય ઉછરંગ બ૦૭ભા૦

દેરાસુી ચોકાસુીના ગોખડારે લો, દેખતાં હરખ તે થાય સુ૦
લાખ અઢાર ખરચીઆરે લો, ધન ધન એનીમાય ખ૦૮ આ૦
મૂળ નાયક નેમીસરૂરે લો, જનમ થકી બ્રહ્મચાર સુ૦
નિજ સત્તા રમણી થયોરે લો, ગુણ અનંત આધાર, ખ૦૯ આ૦
આરસોને અઢશઠ ભલારે લો, જિનવર બિંબ વિશાલ સુ૦
આજ ભલે મેં ભેટીઆરે લો, પાપ ગયા પાયાલ ખ૦૧૦ આ૦
રિખભ ધાતુમય દેહરે લો, એકશો પીસતાલીશ બિંબ૦ સુ૦
ચૌમુખ ચૈત્ય જુહારીએરે લો, મરૂધરંમાં જેમ અંબ. ખ૦૧૧. આ૦
ઓગણીસ કાઉસ્સાગીઆ તેહમાંરે લો, ઓગણસાંઠી જિનરાય સુ૦
અચળ ગઢે બહુ જિનવરારે લો, વંદુ તેના પાય ખ૦૧૨ આ૦
ધાતુમય પરમેશ્વરારે લો, અદ્ભુત જાસ સ્વરૂપ સુ૦
ચૌમુખ જિન વંદતારે લો, થાએ નિજ ગુણ ભૂપ. ખ૦૧૩ આ૦
અઢારશેં ને અઢારમાંરે લો, ચૈત્ર વદ ત્રિજ દીન સુ૦
પાલનપુરના સંઘશુંરે લો, પ્રણમી થયો ધનધન. ખ૦૧૪ આ૦
એમ શાંતિ જગદીસરૂરે લો, જાત્રા કરી અદ્ભુત સુ૦
જે દેખી જિન સાંભરેરે લો, સેવા કરે પુરહુત. ખ૦૧૫ આ૦
એમ જાણી આબુતણીરે લો, જાત્રા કરશે જેહ સુ૦
જિન ઉતમપદ પામશેરે લો, પદ્મ વિજય કહે તેહ. ખ૦૧૬ આ૦

અથ શ્રી આબુજીનું સ્તવન.

આબુ પર્વત રૂઅડોરે લાલ, ઉંચા તે ગાઉડા બારરે આદી-
સર દેવ,
પાએ ચઢતાં દોહિલોરે લાલ, જિહાં નથી પુન્યનો પારરે.
આ૦ આબુ૦ ૧ એ આંકણી.

હેલાં આદીસર જુહારીયેરે લાલ, પછે સહુ પરિવારરે. આ૦
ળતા નેમીસર જુહારીએરે લાલ, મુક્તિતણો દાતારરે આ૦
આબુ૦ ૨
શ સામાં હાથ જોડલાંરે લાલ, વિમલ મેહેતો ચડ્યા ઘુ
રંગરે. આ૦
વસ્તુપાલ તેજપાલનાં જોડલાંરે લાલ, ચામર ઢલે હાથઅંગરે
આ૦ આબુ૦ ૩
રાણી જેઠાણીના આરીયારેલાલ, ખરચ્યા તે લાખ અઢારરે. આ૦
પાષાણ ઉપર કોરણીરે લાલ, સોનું ઘડે સોનારરે, આ૦ ૪
કાવન આરસીયા ભલારે લાલ, સુખડ કેશર ચંગરે આ૦
સેવંત્રીના ઝાડુવાંરે લાલ, જાણે પ્રીયશું પ્રીતમ રંગરે
આ. આબુ૦ ૫
અચલગિરિ વધામણાંરે લાલ, ચોમુખ પ્રતિમા ચારરે આ૦
લાં વલી સેવક વિનવેરે લાલ, આવાગમણ નિવારરે. આ૦
આબુ૦ ૬

શ્રી રિષભ દેવજીની સ્તુતિ. થોય જોડો.

પરમ સુખ વિલાસી, શુદ્ધ ચિદ્રુપ ભાસી;
સહજ રૂચી વિકાસી, મોક્ષ આવાસ વાસી.
મદમદન નિવાસી, વિશ્વથી જે ઉદાસી;
ઋષભજિન અનાસી, વંદીયે તે નિરાસી. ૧
જિનવર હિતકારા, પ્રાપ્ત સંસાર પારા;
કૃતકપટ વિદારા, પૂર્ણ પુણ્ય પ્રચારા.
કલિમલ મલહારા, મર્દિતા નંગ ચારા;
કુમ વિપિન કુઠારા, પૂજીયે પ્રેમધારા. ૨

પ્રબલ નયન પ્રકાશા, શુદ્ધ નિક્ષેપવાસા;
વિવિધ નય વિલાસા, પૂર્ણ નાણાવભાસા.
હરિહરિ તર્કહાસા, હસ્ત દુર્વાદિવાસા;
ભવિજન સુખિખાસા, જૈનવાણી જ યાસા.
સકલ સુર વિશિષ્ટા, પાલિતા નેક શિષ્ટા;
ગરિમ ગુણ ગરિષ્ટા, નાસિતા શેષરિષ્ટા.
જનમ અરણ નિષ્ટા, દાન લીલા પદિષ્ટા.
હરતુ સકલ દુષ્ટા, દેવિચક્રા વરિષ્ટા.

શ્રી રિષભ દેવજીની: લાવણી.

પ્રાત નિત નમું નાભિનંદન, ચરણપર ચડે કેસર ચંદન
કરત સબ ઇંદ્રાદિક બંદન, કરત હૈ કરમોંકા કંદન.
આપકો તેં શિવપુરકા સાધન, સર્વ જીવનકું સુખ દેન
જગનંદગુણ જિનદાસ ગાવે, શીસ ચરણાંસે નમાવે.

અષ્ટાપદજી ચૈત્યવંદન, સ્તવન. સમુદાય.

અથ શ્રી ચોવીશ જિનના સમકેત ભવગણતી.

ચૈત્યવંદન.

પ્રથમ તીર્થંકર તણાહુવા, ભવ તેર કહીજે;
શાંતિતણા ભવ બારસાર, નવભવ નેમ લહી જે.
દશભવ પાસ જિણંદના, સત્તાવીસ શ્રી વીર;
શેષ તીર્થંકર ત્રિહુ ભવે, પામ્યા ભવ જલતીર.
જિહાંથી સમકિત ફરશીયું એ, તિહાંથી ગણિએ તેહ.
શ્રીર વિમલ પંડિત તણો, જ્ઞાન વિમલ ગુણગેહ. ૩

અથ તીર્થંકર રાશીનું ચૈત્યવંદન.

શાંતિ નમિ મલ્લી મેષ છે, કુંથુ અજિત વૃષ ભાતિ;
સંભવ અભિનંદન મિથુન, ધર્મ કરક સિંહ સુમતિ. ૧
કન્યા પદ્મ પ્રભુ નેમ વીર, પાસ સુપાસ તુલાઈ;
શાંતિ વૃશ્ચિક ધન ઋષભદેવ, સુવિધિ સીતલ જિનરાય ૨
મકર સુવ્રત શ્રેયાંસને એ, બારમા ઘટ મીન લીલ;
વિમલ અનંત અર નામથી, સુખિયા શ્રી શુભવીર. ૩

અથ ચોવીશ જિનના વર્ણનું ચૈત્યવંદન.

પદ્મ પ્રભને વાસુપૂજ્ય, દોય રાતા કહીએ;
ચંદ્ર પ્રભને સુવિધિનાથ, દો ઉજ્જવલ લહિયે. ૧
મલ્લીનાથને પાર્શ્વ નાથ, દો નીલા નિરખ્યા;
મુનિસુવ્રતને નેમનાથ, દો અંજન સરિખા. ૨
સોળે જિનકંચન સમા, એવા જિન ચોવીશ;
ધીર વિમળ પંડિતતણો, જ્ઞાન વિમળ કહે શિષ્ય. ૩

અથ શ્રી અષ્ટાપદજીનું સ્તવન.

કુંઅર ગભારો નજરે દેખતાંજી. એ દેશી.

ચઉ અઠદસ દોય વંદીયેજી, વર્તમાન જગદીશરે;
અષ્ટાપદ ગિરિ ઉપરેજી, નમતાં વાધે જગીશરે. ચ૦ ૧
પાવન ભરતપતિ જિન મુખેજી, ઉચ્ચરિયાં વ્રત બારરે;
દર્શન શુદ્ધિને કારણેજી, ચોવીશ પ્રભુનો વિહારરે. ચ૦ ૨
ઉંચપણું કોશતિગ કહ્યુંજી, યોજન એક વિસ્તારરે;
નિજ નિજ માન ભરાવીયાંજી, બિંબ સ્વપર ઉપગારરે. ચ૦ ૩
આ[illegible]દિક ચઉ દાહિણેજી, પશ્ચિમે પઉમાવત્ત આઠરે;

અનંત આઠે દશ ઉતારેજી, પૂર્વે રિખભ વીર પાઠરે. ચ૦ ૪
રિખભ અજિત પૂર્વે રહ્યાજી, એ પણ આગમ પાઠરે;
આતમ શક્તે કરે જાતરાજી, તે ભવિ મુક્તિવરે હુઆ આઠરે. ચ૦ ૫
ઇમ આબુ શ્રી સિદ્ધાચલેજી, હુવા અસંખ્ય ઉદ્ધારરે;
આજદિને પણ એહુ ગિરિજી, ઝગમગ ચૈત્ય ઉદારરે. ચ૦ ૬
ઇહાંથી ઉત્સર્પિણી લગેજી, દેવ મહિમા ગુણ દાખિરે;
સિંહ નિષદ્યાદિક થિરપણેજી, વસુદેવ હિંડની શાખરે. ચ૦ ૭
ફરસી જિનમુખ મેં સુણ્યુંજી, એહુ વિધે પાઠ પઠાયરે;
શ્રી શુભવીર વચન રસેજી, ગાયો રિખભ શિવ ઠાયરે. ચ૦ ૮

અથ અષ્ટાપદ તીર્થ સ્તવન.

તીરથ અષ્ટાપદ નિત્ય નમીયે, જ્યાં જિનવર ચઉવીશજી;
નિજ નિજ બિંબ ભરાવ્યાં ભરતે, તે વંદૂ નિત્ય દીસજી. તી૦ ૧
નિરખ નિજ દેહ પ્રમાણે મૂરતિ, દીઠડે મનડું મોહેજી;
ચઉઆદિ આઠ દશ દોય સંપાપરે, જિન ચોવીશ સોહેજી. તી૦ ૨
ચોવીશ કોશનો પર્વત ઉંચો, આઠ તિહાં પાવડીયાજી;
એકેકી ચઉકોશ પ્રમાણે, નવિ જાયે કોઈ ચડીયાજી; તી૦ ૩
ગૌતમ સ્વામી ચઢીયા લબ્ધે, વાંદ્યા જિન ચોવીશજી;
જગચિંતામણિ સ્તવન ત્યાં કીધું, પૂગી મનની જગીશજી. તી૦ ૪
તદ્ભવ મોક્ષ ગામિ જે માનવ, એ તીરથને વાંદેજી;
જંઘા વિદ્યાચારણ વાંદે, તેતો લબ્ધિ પ્રસાદેજી. તી૦ ૫
સાઠ સહસ સુત સગર ચક્રીના, એ તીરથ સેવંતાજી;
બારમા દેવ લોકે તે પોહોતા, લહેશે સુખ અનંતાજી. તી૦ ૬
દેવવંદન પ્રસાદ યહાં છે, વંદન કરવા યોગ્યજી,
એ અધિકાર છે આવશ્યક સૂત્રે, જો જો કરી ઉપયોગજી. તી૦ ૭

જીહાં આદેસર મુક્તે પોહોતા, અવિચલ તીરથ એહજી;
જ્ઞાનંત સાગર શિષ્ય પય પે, જિનેંદ્ર વધતે નેહજી. તીં૦ ૮

અથ અષ્ટાપદ સ્તવન.

અજિત જિણંદ શું પ્રીતડી. એ દેસી.

શ્રી અષ્ટાપદ ઉપરે, જાણી અવસર હો આવ્યા આદિનાથકે;
ચોસઠ ઇંદ્રશું, સમોશરણે હો મલ્યા મહોટા સાથકે.
શ્રી અષ્ટા૦ ૧

વિનીતાપુરથી આવિયો, બહુ સાથે હો વલી ભરત ભૂપાલકે;
વાંદી હરખે હેજશું, તાત સરતી હોનીકે નયણ નિહાલકે.
શ્રી અષ્ટા૦ ૨

ભોજ લાખેણા ભામણા, કહે વયણા હો મહારા નયણા મજકે;
વિણ શાંકલે વિણ દોરડે, બાંધી લીધું હો વાહાલા તેં મનકે.
શ્રી અષ્ટા૦ ૩

સહુ ભાઇએ લાડકા, તેં તો તાતજી હો રાખ્યા હઇયા હજુરકે;
દેશના સુણી વાંદી વદે, ધન જીવડા હો જે તરે ભવપૂરકે.
શ્રી અષ્ટા૦ ૪

પુછે પ્રેમે પુરિઓ, આ ભરતે હો આગળ જગદીશકે;
તીર્થંકર કેતા હોસે, ભણે રૂષભજી હો અમ્હ પછી ત્રેવીશકે.
શ્રી અષ્ટા૦ ૫

આખની શામળી તેરસે, પ્રભુ પામ્યા હો પદ પરમાનંદકે;
જાણી ભરતેસર ભણે, સસનેહા હો નાભીરાયના નંદકે.
શ્રી અષ્ટા૦ ૬

મન મોહન દિન કેટલા, મુજ સાથે હો રસીઓ નવિ લીધકે;

હેજ હૃદયાનો પરિહરી, આજ ઊંડા હો અબોલડા કીધકે
શ્રી અષ્ટા૦ ૭

વિણ વાંકે કાં વિરચિયા, તેં ત્રોડયો હો પ્રભુ પ્રેમનો ત્રાગકે;
દે ભરતને બૂજવ્યા, દોષ મ દીઓ હો એહ જિન વીતરાગકે;
શ્રી અષ્ટા૦ ૮

શોક મૂકી ભરતેશરૂ, વાર્દ્ધિકને હો વલી દીધો આદેશકે;
પૂજા કરો જિન થાનકે, સંચરયા હો તાતજી રિસહેશકે.
શ્રી અષ્ટા૦ ૯

પછી બંધવ બીજા સાધુના, તિહાં કીધા હો ત્રણ શૂભ અનુપકે;
ઊંચા કુટકનો દેહરો, દેખી ડુંગર હો હરખ્યો ભણે ભૂપકે
શ્રી અષ્ટા૦ ૧૦

રત્ન કનક થૂભ રૂકડો, કર્યો કંચન હો પ્રાસાદ ઉત્તંગકે;
ચોબારો ચૂપે કરી, એક જોયણ હો માને મનરંગકે. શ્રીઅષ્ટા૦ ૧૧
સિંહ નિષદ્યા નામનો, ચોરાસી હો મંડપ પ્રાસાદકે;
ત્રણ કોશ ઊંચો કનકમય, ધ્વજ કલશે હો કરે મેરૂશું વાદકે.
શ્રી અષ્ટા૦ ૧૨

માન પ્રમાણે લંછને, જિન સરખી હો તિહાં પ્રતિમા કીધકે;
દાય ચાર આઠ વલી દશ ભણું, રૂષભાદિક પૂરવ પરસિદ્ધકે
શ્રી અષ્ટા૦ ૧૩

રત્નભણી કમલે ઠવી, પ્રતિમાની હો આણી નાસિકા જોડકે
દેવ છંદ રંગ મંડપે, નીલ તોરણ હો કરી કોરણી કોડકે
શ્રી અષ્ટા૦ ૧૪

બંધવ બહિન માતા ભણી, મ્હોટી મૂરતિ હો મણિરત્ન ભરાયકે;
મરૂદેવા મયગલ ચઢી, સેવા કરતી હો નિજ મૂર્ત્તિ પાયકે.
શ્રી અષ્ટા૦ ૧૫

પાડિહેરા છત્ર ચામરા, ધજાદિક હો દીધા અભિષેકકે;
ગોમુખ ચતુર ચક્કેસરી, ગજવાહી હો કુંડ વાવિ વિશેષકે.

શ્રી અષ્ટા૦ ૧૬

પ્રતિષ્ઠા પ્રતિમાતણી, કરાવે હો રાજા મુનિ હાથકે;
પૂજા સ્નાત્ર પ્રભાવના, સંઘ ભક્તે હો ખરચી ખરી હાથકે.

શ્રી અષ્ટા૦ ૧૭

ચઉંદે આરે પાગીયા, મત પાડો હો કોઇ વારૂ આ ઠાઠકે;
એક એક જોયણ આંતરે, ઇમ ચિંતવી હો કરી પાવડી આઠકે.

શ્રી અષ્ટા૦ ૧૮

તીર્થ પ્રભાવે દેહરા, રહેસે અવિચલ હો જ્યાં આગ્યા સીમકે;
ચઢે જે આપ લબ્ધે કરી, નર તેહુ ભવ હો ભવસાગર સીમકે.

શ્રી અષ્ટા૦ ૧૯

દેશાઇ નગરીના રાજીયા, કીઓ દક્ષિણ હો કાં એમ કરો ઢીલકે;
અરથી હોય ઉતાવલા, મત રાખો હો અમશું અખીલકે.

શ્રી અષ્ટા૦ ૨૦

મન માન્યાને મેલવે, આ ઠામે હો તે ન મલે મિતકે;
અંતરજામી મહ્યા પખે, કિમ વલે હો રંગ લાગો ચિત્તકે.

શ્રી અષ્ટા૦ ૨૧

રૂપભજી શિવ વધુ વર્યા, ચાંદલીઆ હો તે ઉલખ રખાડકે;
ભલે ભાવે વાંદી કરી, માંગુ મુક્તિનો હો મુજ બાર ઉઘાડકે.

શ્રી અષ્ટા૦ ૨૨

અષ્ટાપદની જાતરા, ફલ પામે હો ભવિ આ ભવે ભાસકે;
શ્રી ભાવ વિજય ઉવજ્ઝાયનો, ભાણ ભાવે હો ફલે સઘલી આશકે.

શ્રી અષ્ટા૦ ૨૩

અથ શ્રી અષ્ટાપદજીનું સ્તવન.

બનડું તે માહારૂં મોકલે માહારા વાહાલાજીરે. એ દેશી.

અષ્ટાપદ અરિહંતજી મારા વાહાલાજીરે;
આદિશ્વર અવધાર, નમીએ નેહશું; મારા૦
દશ હજાર મુનિંદ શું, મારા૦ વરીઆ શિવ વધુ સાર.ન૦ ૧
ભરત ભૂપ ભાવે ર્યાં મારા૦ચઉ મુખ ચૈત્ય ઉદાર;ન૦મારા૦
જિનવર ચોવીશે જિહાં મારા૦ થાપ્યા અતિ મનોહાર.
ન૦ મારા૦ ૨
વરણ પ્રમાણે બિરાજતા મારા૦ લંછનને અલંકાર;ન૦ મારા૦
સમ નાસાએ શોભતા મારા૦ચિહું દિશે ચાર પ્રકાર.ન૦મારા૦ ૩
મંદોદરી રાવણ તિહાં મારા૦ નાટક કરતા વિચાર; ન૦
ત્રુટી તાંત તવ રાવણે મારા૦ નિજ કર વીણા તતકાળ.ન૦ ૪
સારી વજાવી તેણે સામે મારા૦પણ નવી તોડયું તે તાન; ન૦
તીર્થંકર પદ બાંધીઉ મારા૦ અદ્ભુત ભાવશું ગાન. ન૦ ૫
નિજ લબ્ધિ ગૌતમ ગુરૂ મારા૦ કરવા આવ્યા તે જાત. ન૦
જગ ચિંતામણિ તિહાં કર્યો મારા૦તાપસ બોધ વિખ્યાત.ન૦ ૬
એ ગિરિ મહિમા મોટકો મારા૦તેણે ભવે પામે જે સિદ્ધિ: ન૦
તે નિજ લબ્ધિ જિન નમે મારા૦ પામે શાશ્વતા રિદ્ધિ.ન૦ ૭
પદમ વિજય કહે એહના મારા૦ કેહેતાં કરૂં રે વખાણ. ન૦
વીરે સ્વમુખે વરણવ્યો મારા૦નમતાં કોડ કલ્યાણ.ન૦મારા૦ ૮

શ્રી અષ્ટાપદજીનું સ્તવન.

અષ્ટાપદ ગિરિજાત્રા કરણકું, રાવણ પ્રતિહરી આયા;
પુષ્પક નામે વિમાનમાં બેસી, મંદોદરી સુહાયા. ૧

શ્રી જિન પુજી લાલ, સમકિત નીરમલ કીજે;
નયણું નીરખીલાલ, નરભવ સફલોકીજે;
હઇડે હરખીલાલ, સમતા સંઘ કરીજે; એ આંકણી.
ચઉમુખ ચઉગતી હરણ પ્રસાદે, ચઉવિસે જિન બેઠા;
ચઉદિસિ સિંઘાસન સમ નાસા, પુરવદિસિ દોય છઠ્ઠા. શ્રી૦૨
સંભવ આદે દક્ષણ ચ્યારે, પશ્ચીમે આઠ સુપાસા;
ધર્મઆદિ ઉત્તર દિસિ જાણો, એમ જીન ચઉવિસા. શ્રી૦૩
ઓઠા સિંહુતણે આકારે, જિણહર ભરતે કિધાં;
રયણ બિંબ મુરતિ થાપીને, જગ જસવાદ પ્રસિદ્ધા. શ્રી૦૪
રે મંદોદરી રાણી નાટક, રાવણ તંતી બજાવે;
માદલ વિણુતાલ તંબુરો, પગરવ ઠમઠમકાવે. શ્રી૦૫
ભક્તભાવે ઇમ નાટીક કરતાં, ત્રુટિ તંતી વીચ્ચાલે;
સાંધી આપ નસા નીજ કરની, લઘુ કલારસું તતકાલે. શ્રી૦૬
દ્રવ્ય ભાવસ્યું ભક્તિ ન ખંડી, તો અક્ષયપદ સાંધ્યુ,
સમકિત સુરતરૂ ફલ પાંમીને, તીર્થંકર પદ બાંધ્યું. શ્રી૦૭
ઇણપરે ભવીજન જે જિન આગે, બહુપરે ભાવના ભાવે;
જ્ઞાનવિમલ ગુણ તેહના અહનીસ, સુરનર નાયક ગાવે. શ્રી૦૮

અથ ચતુર્વિંશતિ જિન સ્તુતિ.

નામે યાજિત વાસુપુજય સુવિધ, શ્રેયાંસ પદ્મ પ્રભાન;
શ્રી શાંતિ શશિ સંભવાર સુમતિન, નેમિ નમિ શીતલ;
ધર્મ પાર્શ્વ સુપાર્શ્વ વીર વિમલા, નંતાનાથા સુકરા;
શ્રી મલ્લ્યભિન નોનુતજિના, ને તાંશ્ચતુર્વિંશતીન. ૧
જંબુદ્વીપ વિદેહ પુષ્કરવર, દ્વીપાર્દ્ધ સંજ્ઞાતકી;

ષ્વર્દ્ધેષુ પ્રવરેષુ યેષુ ભરતે, બૈરાવતેષુ સ્થિતા.
નાખંડલ મંડલી મધુકર, શ્રેણીભિરા સેવિતા;
સ્તેષાં તીર્થ કૃતાં મુદે ભવતુવ, પાદારવિંદદ્વયી.
ઉપાદાદિ પદત્રયી સમભવન્, મૂલં બભૂવુર્દલા;
ચાચાર પ્રમુખાંગ કાલ વિપુલા, સાખા પ્રસાખાન્વયા;
જ્ઞાનાનિ પ્રસવોદય ફલમભૂત, સ્વર્ગાદિ સંપત્તયે,
સન્તાસૌ ભ્યતાં જિનાગમ મહા,વૃક્ષશ્ચિર ભૂતલે.
ગૌરીભિ ગામિનીપવિધરા વજ્રાંકુશા શૃંખલા;
અપ્રતિ ચક્રધરા ફણીંદ્ર મહિષી, સર્વાસ્ત્રા રોહિણી,
ગાંધારી મૃગગામિની દ્રુમકરા, કાલી મહાકાલિકા;
માનસ્યા સહષોડ શાપિ કુશલા, નેતાઃ પ્રયચ્છંતુ નઃ

ચૈત્યવંદન.

આજ દેવ અરિહંત નમું, સમરૂં તારૂં નામ;
જ્યાં જ્યાં પ્રતિમા જિનતણી, ત્યાં ત્યાં કરૂં પ્રણામ.
શત્રુંજે શ્રી આદિદેવ, નેમ નમું ગિરનાર;
તારંગે શ્રી અજિતનાથ, આબૂ ઋષભ જુહાર.
અષ્ટાપદ ગિરિ ઊપરે, જિન ચોવીશે જોય;
મણિમય મૂરતિ માનશું, ભરતે ભરાવી સોય.
સમેત શિખર તીરથ વડું, જિહાં વીશે જિન પાય;
વૈભારગિરિ ઉપરે, શ્રી વિરજિનેશ્વર રાય.
માંડવગઢનો રાજિયો, નામેદેવ સુપાસ;
ઋષભ કહે જિન સમરતાં, પહોંચે મનની આશ.

અથ શ્રી પંચ પરમેષ્ઠિ ચૈત્યવંદન.

બાર ગુણ અરિહંત દેવ, પ્રણમિ જે ભાવે;
સિદ્ધ આઠગુણ સમરતાં, દુઃખ દોહગ જાવે. ૧
આચારજ ગુણ છત્રીશ, પચવીશ ઉવઝાય;
સત્તાવીશ ગુણ સાધુના, જપતાં સુખ થાય. ૨
અષ્ટોત્તર સયગુણ મલિએ, એમ સમરો નવકાર;
ધીર વિમલ પંડિતતણો, નય પ્રણમે નિતસાર. ૩

અથ શ્રી સમેત શિખરગિરિનું સ્તવન.

કીસ કરી મેર આવિઓ. ॥ એ દેશી.

સમેત શિખર જિન વંદિયે, મ્હોટું તીરથ એહરે;
પાર પમાડે ભવતણો, તીરથ કહિયે તેહરે. સ० ૧
અજિતથી સુમતિ જિણંદ લગે, સહસ મુનિ પરિવારરે;
પદ્મપ્રભુ શિવ સુખ વર્યા, ત્રણસેં અડ અણગારરે. સ० ૨
પાંચશેં મુનિ પરિવારશું, શ્રી સુપાસ જિણંદરે;
ચંદ્રપ્રભુ શ્રેયાંસ લગે, સાથે સહસ મુણીંદરે. સ० ૩
છહજાર મુનિરાજશું, વિમલ જિનેશ્વર સિદ્ધારે;
સાત સહસ શું ચઉદમા, નિજ કારજ વર કીધાંરે. સ० ૪
એકશો આઠશું ધર્મજી, નવશેં શું શાંતિનાથરે;
કુંથુઅર એક સહસ શું, સાચો શિવપુર સાથરે. સ० ૫
મલ્લિનાથ શત પાંચશું, મુનિ નમિ એક હજારરે;
તેત્રીશ મુનિયુત પાસજી, વરિયા શિવસુખ સારરે. સ० ૬
સત્તાવીશ સહસ ત્રણસેં, ઉપર ઓગણ પંચાશરે;
જિન પરિકર બીજા કેઇ, પામ્યા શિવપુર વાસરે. સ० ૭

એ વીસે જિન એણે ગિરિ, સિદ્ધા અણસણ લેઇરે;
પદ્મવિજય કહે પ્રણમીને, પાસ સામલનું ચેઇરે. સ૦ ૮

અથ સમેત શિખરજીનું સ્તવન.

જઇ પુજો ભાઇ, સમેત શિખરગિરિ ઉપર પાસજી સામલા.
જિન અકિતભાવ, કરતાં જિનપદ પાવે ટલે ભાવ આમલા.
એ આંકણી.

શ્રી પાસી દર્શન કરિયે, ભવ ભવ સંચિત પાતક હરિયે,
નિજ આતમ પુણ્ય ભરી ભરિયે. જઇ૦ ૧
એ ગિરિવર નિત્ય સેવા કીજે, જિમ શિવસુખડાં કરમાં લીજે.
ચિદાનંદ સુધારસ નિત્ય પીજે. જઇ૦ ૨
જિહાં શિવરમણી વરવા આવ્યા,અજિતાદિક વીશે જિનરાયા,
બહુ મુનિવરશું શિવ વધુ પાયા. જઇ૦ ૩
તેણે એ ઉત્તમ ગિરિ જાણ્યા, કરો સેવા આતમ કરી શાણા,
એ ફરી ફરી નહીં આવે ટાણા. જઇ૦ ૪
તુમે ધન કન કંચનની માયા, કરતાં અશુચિ કીની કાયા,
કિમ તરશો વિણ એ ગિરિરાયા. જઇ૦ ૫
એમ શુભમતિ વચન સુણી તાજાં,એ ભજો જગગુરૂ આતમ રાજા.
ગિરિ ફરશો ધરી મન શુચિ માજા. જઇ૦ ૬
સંવતસર વિધિ ગજચંદ સમે, ફાગુણ સુદિ બીજ બુધવાર ગમે;
ગિરિ દર્શન કરતાં ચિત્ત રમે. જઇ૦ ૭
પ્રભુપદ પદ્મતણી સેવા, કરતાં નિત્ય લહિયે શિવ મેવા;
કહે રૂપ વિજય મુજ તે હેવા. જઇ૦ ૮

અથ સમેત શિખર ગિરિ સ્તવન.

આજ સુપનાદિન ઊગીયાહો શ્રીગિરિરાજ નિરખીયા. એ દેશી
આજ સફલ દિન ઉગ્યો હો, શ્રી સમેત શિખરગિરિ ભેટીયા;
આજ જાગ્યા પુણ્ય અંકુર, સુલ અનાદિની ભાગી હો અબ જાગી
સમકિત પાસના.
હીયે પ્રગટયો આનંદ પૂર આજ૦ ૧
વિષમ પહાડની ઝાહાડી હો નદી આડી ઓલંઘી ઘણી.
ઓળંગ્યા બહુ દેશ;
શ્રી ગીરિરાજને નિરખી હો મન હરખી દુઃખડાં વીસર્યાં.
મુજ પ્રગટયો ભાવ વિશેષ. આજ૦ ૨
વીસે ટુંકે ભક્તે હો ભલી યુગતે વીસે જિનવંદન.
ભેટયા ધરી બહુ ભાવ;
શામલા પાસજી પુજયા હો ભાવ ભુજ્યા મોહાદિક રિપુ,
એ તીરથ ભવજલ નાવ; આજ૦ ૩
તીરથ સેવા મેવા હો મુજ હેવા લાગો બહુ
તે પામ્યો પુરણ આજ;
તીન ભુવન ઠકુરાઇ હો મુજ આઇ સઘળી હાથમેં,
મુજ સિધાં સઘળાં કાજ; આજ૦ ૪
પાસ આશા મુજ પુરે હો દુઃખ ચુરે શામળીયો સદા,
ત્રેવીસમો મહારાજ,
એ પ્રભુના પદ પદ્મે હો સુખ સદ્મે મુજ મન મોહ્યું,
રૂપ વિજય કહે આજ, આજ૦ ૫

અથ સમેત શિખર ગિરિ સ્તવન.

વીંછુંઓ વીંછુઓ શું કરોરે રસીઆ. એ દેશી.

તીરથ તીરથ શું કરોરે રસીયા, તીરથ ભેટ્યાની બડી મોજ;
રસીયાજી ચાલોને તીરથ ભેટીએ, ભવસાયર તરિયે જિણંદે, ર૦
ક્ષીણીયે કરમની ફોજ રસીયાજી ચાલોને૦ ૧

પાવન પુરવ દેશમાંરે, રસીયા
સમેત શિખર ગિરિરાજ, રસીયાજી ચાલો૦
દર્શન કરતાં એહનારે, રસીયા
સીજે સઘળા કાજ, રસીયાજી ચાલો૦ ૨

પારંગ પદ જિહાં લહ્યારે, રસીયા
જગ નાયક જિન વીસ, રસીયાજી ચાલો૦
બહુ મુનિવર મુક્તિ વર્યારે, રસીયા
જે થયા નિજ ગુણ ઇશ, રસીયાજી ચાલો૦ ૩

વીસ શિખરબંધ દેહરારે, રસીયા
મંડપ તોરણ થંભ, રસીયાજી ચાલો૦
જુગત જડાવ જડા જિહાંરે, રસીયા
દેખી તેહ અચંભ, રસીયાજી ચાલો૦ ૪

રાજનગરમાં રંગથીરે, રસીયા
આપના થાપી ચંગ, રસીયાજી ચાલો૦
અઢારહ ઓગણ્યાશ વરસેરે, રસીયા
અધિકાધિક ઉછરંગ, રસીયાજી ચાલો૦ ૫

માગશર સુદી સાતમ દિનેરે, રસીયા
ગુરૂવારે અતી ચંગ, રસીયાજી ચાલો૦

કીધી પ્રતિષ્ઠા પ્રેમથીરે, રસીયા
ચડતે હરખ સુરંગ, રસીયાજી ચાલો૦ ૬
જિન ઉત્તમ પદ પદ્મનીરે, રસીયા
સેવના નર કરે જેહ, રસીયાજી. ચાલો૦ ૬
રૂપવિજય કહે તે લહેરે, રસીયા;
નિજ આતમ ગુણ ગેહ, રસીયાજી. ચાલો૦ ૭

ઝીંઝોટીની ઠુમરી.

સમેત શિખર ચાલો જઇએ મોરી સજની, સમેત૦ ટેક.
દેશ દેશકે જાત્રા આવે;
અતિ સુખ અતિ સુખ ચહીએ મોરી સજની; સમેત૦ ૧
વીસે ટૂંકે વીસ જિનેશ્વર,
વંદીને પાવન થઇએ મોરી સજની; સમેત૦ ૨
મન વચ કાયા પ્રદક્ષિણા દે કર,
મુક્તિ પદ્મપદ પઈએ મોરી સજની; સમેત૦ ૩

કેરબો.

ડુંગર બનાદે પહાડીયાં, બનાદે પહાડીયાં;
મેં તો પૂજયારે પારસનાથ, ડુંગર૦ એ આંકણી.
દેશ દેશકે જાત્રા આવે,
મધુવનમેં કીઆ હે મુકામ. ડુંગર૦ ૧
આસપાસ સબ જ્ઞાની ધ્યાની,
બિચમેં બીરાજે મહારાજ. ડુંગર૦ ૨
બનાઆરે સોતારે નાળા,
બાકો સરોએ નીર. ડુંગર૦ ૩

સોનાકી ઝારીમેં ગંગાજળ લાવું,
પ્રભુજીકે ચરણ પખાલ. ડુંગર૦ ૪
અષ્ટ દરવ ઉજ્જવલ લાવું,
પ્રભુજીની પૂજા રચાવું. ડુંગર૦ ૫
અમીચંદ કહે સાહેબ સાચો,
શિવપુરમેં નિરવાણુ. ડુંગર૦ ૬

અથ સમેત શિખરજીનું સ્તવન.

શિખરપર રાજત વીશ જિણંદ. શિખર૦
અજી પૂજિત દેવ નરિંદ. શિખર૦
વીસ જિનેશ્વર મુક્તિ ગયે હે, ઔવર અનેક મુનિંદ. શિ૦ ૧
દર્શન દેખ હરખ ઉર લાવે, પાવે પરમાનંદ. શિ૦ ૨
સિદ્ધ ક્ષેત્રકું જો નર વંદે, સો લહે સુખ મુનિંદ. શિ૦ ૩
જન્મ મરણકું મેટત હે પ્રભુ, પાવત શિવ સુખ વૃંદ. શિ૦ ૪
સંવત અઢારસેં અઠ્ઠાવન, દૂરસે જગકે ફંદ. શિ૦ ૫
માગશર સુદ આઠમ પ્રભુ ભેટયા, મિટ ગયે સબ દુઃખ કંદ. શિ૦ ૬
દુર્ગતિ દૂર કરો પ્રભુ મોરી, એહી અરજ કરંદ. શિ૦ ૭
સકલ ભૂષણ ભટારક વંદે, ભાવ સહિત જિનંદ. શિ૦ ૮

અથ સમેત શિખર સ્તવન.

ચાલો ચાલો શિખર ગિરિ જઇયે રે. ચાલો૦
વીસ જિણંદ મુગતે ગયા. ચાલો૦ એ આંકણી.
મધુબનમેં સકલ બોલાઇ, મધુબનમેં જઇ રહીયેરે. વી૦
આઠ મંદિર હે શ્વેતાંબરકા, તીન દિગમ્બરી લહીયેરે. વી૦

સીતાનલે નિર્મલ થઇને, કેશર પ્યાલા ભરીયેરે. વી૦ ૨
પ્રથમ પાહાડકી કુંજ ગલનમેં, શીતલતા બહુ લહીયેરે. વી૦
પશ્ચિમ આઠ પૂર્વ દિશિ બારે, વીસ ટુંક જીન પદ લહીયેરે.વી૦ ૩
શામલીયા પારસકો મંદિર, બિચ શિખરપર સોહીયેરે.વી૦
વીશ ટુંકે જિન પૂજન કરકે, નરભવ લાહો લહીયેરે. વી૦ ૪
ઓગણીસેં ઇગીયારા માહા વદિ, એકાદશી વિધુફલીયેરે. વી૦
સંઘ સહિત યાત્રા ભઈ સફલી વિનય નમત ગુણ ગહીયેરે.વી૦ ૫
ઇતિ શિખરજીની.

અથ શ્રી સમેત શિખરજીનું સ્તવન.

શિખરજીકી જાત્રા કયું ન કરે,
જાકે બંધે કરમકી રેખ; શિખર૦ ૧
પાલગંજમેં સફલ હોત હે મધુવન પાપ ટરે,
સીતાનળ અનોપમ સોહે, નીર્મલ નીર ભરે; શિખર૦ ૨
વીસ ટુક પર વીસ જિનેસર, મુનિ જન ધ્યાન ધરે;
કર્મ ખપાવી મુગતિકું પહોંચે, શીવ રમણીકું વરે. શિખર૦ ૩
ઇંદ્રાદિક સુર નૃત્ય કરત હે નાના ભાવ ધરે,
ઇંદ્રાણી મિલી મંગળ ગાવે, મોતીના થાળ ભરે. શિખર૦ ૪
મનવચ તન કરી પ્રભુજીકું ધ્યાવે, દુર્ગતિ દૂર હરે;
લક્ષ્મીસેન જો જાત્રા કરીએ, તાકે કાજ સરે. શિખર૦ ૫

અથ સમેત શિખર ગિરિ સ્તવન.

તુંહીં નમો નમો સમેત શિખર ગિરિ, આદિશ્વર અષ્ટાપદ સિદ્ધા;
વાસુપુજ્ય ચંપાપુરી તું૦
નેમ ગયા ગિરનારે મુકતે, વીરપાવન પાવાપુરી. તું૦ ૧

વીસે ટુંકે વીસ જિનેસર, સિદ્ધા અણુસણ આદરી; તું૦
જ્યોતિ સ્વરૂપે હુઆ જગદીશ્વર, અષ્ટ કર્મનો ક્ષય કરી તું૦ ૨
પશ્ચિમ દિશિ શત્રુંજો તીરથ, પૂરવ સમેત શિખર ગિરિ તું૦
મોક્ષ નગરના હોયે દરવાજા, ભવિક જીવ રહ્યા સંચરી તું૦ ૩
જગ વ્યાપક જે અક્ષર સાહેબ, પાપ સંતાપ કાટન ગિરિ તું૦
મોટું તીરથ મોહોટો મહિમા, ગુણ ગાવત સુરાસુરી તું૦ ૪
વિષમ પહાડ ઉજાડમેં ચિહું દીશી, ચોર ચરડ રહ્યા સંચરી તું૦
ભયંકર ડુંગર ભુમિ ડરાવણુ, દેખત ડુંગર થરથરી તું૦ ૫
સંવત સત્તરસેં ચુમ્માલે, ચૈત્ર શુદી ચોથેં ધરી તું૦
એ જિન હર્ષે વીશે ટુંકે, ભાવશું ચૈત્યવંદન કરી તું૦ ૬

અથ રાણકપુરનું સ્તવન.

(ફૂલમલની દેશી.)

જગપતિ જયો જયો રૂષભ જિણંદ, ધરણાસાએ ધન ખરચીયો;
જગપતિ પ્રૌઢ કરાવ્યો પ્રાસાદ, ઉલટભર સુરનર અરચિયો. ૧
જગપતિ આભશું માંડે વાદ, સોવન કલશે જલહલે;
જગપતિ ચોબારો ચોશાલ, પેખતાં પાતક ગલે. ૨
જગપતિ અતિ સુંદર ઉદ્દામ, નલિની ગુલ્મ વિમાનરચ્યો;
જગપતિ ઉત્તમ પુણ્ય અંબાર, નિરૂપદ ધનદ નિધાનરચ્યો. ૩
જગપતિ ઓલે ઓલે થંભ, કીધી અનુપમ કોરણી;
જગપતિ કરતી નાટારંભ, પૂતલીયો ચિત ચોરણી. ૪
જગપતિ નાભી નરેસરનંદ, રાણકપુરનો રાજીયો;
જગપતિ સૌરાષ્ટ્રમાં સિરદાર, જગમાંહે જસ ગાજીયો. ૫
જગપતિ દેવ તું દીનદયાલ, ભક્ત વત્સલ ભલે ભેટીયો;

જગપતિ દેખતાં તુજ દેદાર, મોહ તણા મદ મોડીયો. ૬
જગપતિ ઉદય રતન ઉવઝાય, સંવત સત્તર ત્રાણુંસમે;
જગપતિ ફાગણ વદિ પડવે દિન, સાડડી સંઘ સહિત નમે. ૭

અથ શ્રી રાણકપુરજીનું સ્તવન.

શ્રી રાણકપુર રળીયામણું રે લાલ, શ્રી આદીસર દેવ;
મન મોહ્યુંરે;
ઉત્તંગ તોરણ દેહરૂં રે લાલ, નીરખીજે નિત્યમેવ; મ૦ શ્રી૦ ૧
ચઉવીસ મંડપ ચિહું દિશેરે લાલ, ચઉ મુખ પ્રતિમા ચાર મ૦
ત્રિભુવન દીપક દેહરૂં રે લાલ, સમોવડ નહીંસંસાર મ૦ શ્રી૦ ૨
દેહરી ચોરાશી દીપતીરે લાલ, માંડયો અષ્ટાપદ મેર મ૦
ભલે જુહાર્યાં ભોંયરાંરે લાલ, સુતાં ઉઠી સવેર મ૦ શ્રી૦ ૩
દેશ જાગીતું દેહરૂં રે લાલ મોટો દેશ મેવાડ મ૦
લખ નવાણું લગાવીયારે લાલ, ધન્ન ધરણે પોરવાડ મ૦ શ્રી૦ ૪
ખરતર વસહી ખાંતશુંરે લાલ, નિરખંતાં સુખ થાય. મ૦
પાંચ પ્રાસાદ બીજા વલીરે લાલ, જોતાં પાતક જાય; મ૦ શ્રી૦ ૫
આજ કૃતારથ હું થયોરે લાલ, આજ થયો આણંદ; મ૦
યાત્રા કરી જિનવર તણીરે લાલ, દૂરે ગયું દુઃખદંદ; મ૦ શ્રી૦ ૬
સંવત સોલ ને છોતરેરે લાલ, માગસર માસ મોઝાર; મ૦
રાણકપૂરે યાત્રા કરીરે લાલ, સમય સુંદર સુખકાર; મ૦ શ્રી૦ ૭

અથ આદિજિન સ્તવન.

(ગરબાની દેશીમાં)

આદી જિણંદ અરિહંતજી, પ્રભુ અમનેરે;

તુમેં દ્યો દરસન મહારાજ, શું કહું તુમનેરે;
આઠ પહોરમાં એક ઘડી, પ્રભુ અમનેરે;
લાગ્યું તમારૂં ધ્યાન, શું કહું તુમનેરે. ૧
મધુકરને મન માલતી, પ્રભુ અમનેરે;
જિમ મોરાને મન મેહ, શું કહું તુમનેરે;
સીતાને મન રામજી, પ્રભુ અમનેરે;
તેમ બાંધ્યો તુમશું નેહ, શું કહું તુમનેરે. ૨
રોહિણીને મન ચંદજી, પ્રભુ અમનેરે;
વળી રેવાયેં ગજરાજ, શું કહું તમનેરે;
સમય સમય પ્રભુ સાંભરે, પ્રભુ અમનેરે;
મનડામા મહારાજ, શું કહું તમનેરે. ૩
નિઃસ્નેહી થઈ નવિ છુટીયે, પ્રભુ અમનેરે;
કરૂણાનંદ કહાઓ, શું કહું તમનેરે;
ગુણ અવગુણ જોતાં રખે, પ્રભુ અમનેરે;
તો તારક કેમ કહાઓ, શું કહું તમનેરે. ૪
રઢ લાગી પ્રભુ રૂપની, પ્રભુ અમનેરે;
મુને ન ગમે બીજી વાત, શું કહું તમનેરે;
વાહે વાત બને નહીં, પ્રભુ અમનેરે;
મળીયે મુકી ભાંત, શું કહું તમનેરે. ૫
સેવે ચિંતામણિ રૂપે, પ્રભુ અમનેરે;
તુંતો ત્રિભુવન નાથ, શું કહું તમનેરે;
સો વાતે છાડું નહીં, પ્રભુ અમનેરે;

હવે આવ્યા મુજ હાથ, શું કહું તમનેરે; ૬
બહુની વાત મુકો પરી, પ્રભુ અમનેરે;
જિમ જાણો તીમ તાર, શું કહું તમનેરે;
સદ્ગુરૂ સુંદર કવિરાયનો, પ્રભુ અમનેરે;
પદ્મને પ્રભુ શું પ્યાર, શું કહું તમનેરે. ૭

શ્રી વિનય વિજયજીકૃત આદિ જિનની વિનંતિ.

પામી સુગુરૂ પસાયરે, શત્રુંજય ધણી;
શ્રી રિસહેસર વીનવું એ. ૧
ત્રિભુવન નાયક દેવરે, સેવક વીનતિ;
આદીશ્વર અવધારીયે એ. ૨
શરણે આવ્યો સ્વામીરે હું સંસારમાં;
વિરૂએ વૈરીયે નડયો એ. ૩
તાર તાર મુજ તાતરે, વાત કિશી કહું;
આ ભવ એ ભાવઠ તણી એ. ૪
જન્મ મરણ જંજાલરે, બાલ તરૂણપણું;
વલી વલી જરા દહે ઘણું એ. ૫
કેમે ન આવ્યો પારરે, સાર હવે સ્વામી;
શ્યેં ન કરો એક માહરી એ. ૬
તાર્યા તુમે અનંતરે, સંત સુગુણ વલી;
અપરાધી પણ ઉદ્ધર્યા એ. ૭
તો એક દીન દયાલરે, બાલ દયાયણો;
હું શા માટે વીસર્યો એ. ૮
જે ગિરૂઆ ગુણવંતરે, તારો તેહને;

ને માંહે અચરિજ કીરશું એ. ૯
જે મુજ સરિખો દીનરે, તેહને તારતાં;
જગ વિસ્તરશે યશ ઘણો એ. ૧૦
આણંદ પડિયા આજરે, રાજ કુમારરે;
ચરણે હું આવ્યો વહી એ. ૧૧
મુજ સરિખો કેમ દીનરે, તુજ સરિખો પ્રભુ;
જોતાં જગ લાભે નહીં એ. ૧૨
તોયે કરૂણા સિંધુરે, બંધુ ભુવન તણા;
ન ઘટે તુમ ઉવેખવું એ. ૧૩
તારણ હારો કોઇરે, જો બીજો હુવે;
તો તુમને શાને કહું એ. ૧૪
તુંહિજ તારીશ નેટરે, પહિલાને પછે;
તો એવડી ગાઢિમ કીશીએ. ૧૫
આવી લાગ્યો પાયરે, તે કેમ છોડશે;
મન મનાવ્યા વિણ હવે એ. ૧૬
સેવક કરે પોકારરે, બાહિર રહ્યા જસ;
તો સાહિબ શોભા કીશીએ. ૧૭
અતુલિ બલ અરિહંતરે, જગને તારવા;
સમરથ છો સ્વામી તુમે એ. ૧૮
શું આવે છે જોરરે, મુઝને તારતાં;
કે ધન બેસે છે કિશ્યું એ. ૧૯
કેહેશો તુમે જિણંદરે, ભક્તિ નથી તેહની;
તો તે ભક્તિ મુઝને દીયો એ. ૨૦
વલી કેહેશો ભગવંતરે, નહીં તુજ યોગ્યતા;

જીમણાં મુક્તિ જાવા તણી એ. ૨૧
યોગ્યતા તે પણ નાથરે, તુમહીજ આપસો;
તો તે મુઝને દીજિયે એ. ૨૨
વળી કહેશો જગદીશરે, કર્મ ભણાં તાહરે;
તો તેહજ ટાલો પરાં એ. ૨૩
કર્મ અમારાં આજરે, જગપતિ વારવા;
વલી કોણ ઓજે આવશે એ. ૨૪
વલી જાણો અરિહંતરે, એહને વીનતિ;
કરતાં આવડતી નથી એ. ૨૫
તો તેહીજ માહારાજરે, મુઝને શીખવો;
જેમ તે વિધિ શું વીનવું એ. ૨૬
માય તાય વિણ કોણરે, પ્રેમે શીખવે;
બાલકને કહો બોલવુ એ. ૨૭
એ મુઝ જાણો દેવરે, અહ અપાવન;
ભરયો છે કલિકાદવે એ. ૨૮
કેમ લેશો ઉત્સંગરે, અંગ ભર્યું એહનું;
વિષય કષાય અશુચિશું એ. ૨૯
તો મુઝ કરો પવિત્રરે, કહો કોણ પુત્રને;
વિણ માવિત્ર પખાલશે એ. ૩૦
કૃપા કરી મુઝ દેવરે, ઇહાં લગે આણીયો;
નરક નિગોદાદિક થકી એ. ૩૧
આવ્યો હવે હજુરરે, ઉભો થઇ રહ્યો;
સાંમું દયે જુઓ નહીં એ. ૩૨
આડા માંડી આજરે, બેઠા બારણું;

પવિત્ર તુમેં મનાવશો એ. ૩૩
તુમેં છો દયા સમુદ્રરે, તો મુજને દેખી;
દયા નથી શ્યે આણતા એ. ૩૪
ઉવેખશ્યો અરિહંતરે, જો આણી વેલા;
તો મ્હારી શી પરેં થશે એ. ૩૫
ઉભા છે અનેકરે, મોહાદિક વૈરી;
છલ જુવે છે માહરાં એ. ૩૬
તેહના નાશો વેગેરે, દેવ દયા કરી;
વલી વલી શું વીનવું એ. ૩૭
મરૂદેવી નિજ માયરે, વેગે મોકલી;
ગજ બેસારી મુક્તિમાં એ. ૩૮
ભરતેશ્વર નિજ નંદરે, કીધો કેવલી;
આરીસા અવલોકતાં એ. ૩૯
અઠ્ઠાણું નિજ પુત્રરે, પ્રતિબોધ્યા પ્રેમે;
યુદ્ધ કરંતા વારીયા એ. ૪૦
બાહુબલને નેટરે, નાણ કેવલ તમે;
આપી શાબાસ્યું મોકલ્યું એ, ૪૧
ઇત્યાદિક અવદાતરે, સઘળા તુમતણા;
હું જાણું છું મુલગા એ. ૪૨
માહારી વેલા આજરે, મૌન કરી બેઠા;
ઉત્તર સોં આપો નહીં એ. ૪૩
વીતરાગ અરિહંતરે, સમતા સાગર;
માહારાં તાહારાં શું કરો એ. ૪૪
એકવાર મહારાજરે, મુજને સ્વપ્નમેં;

ઓળખાવો સેવક કહીએ. ૪૫
એટલે સિદ્ધાં કાજરે, સઘળાં માહરાં;
મનના મનોરથ સવિ ફળ્યા એ. ૪૬
ખમજો મુજ અપરાધરે, આસંગો કરી;
અસમંજસ જે વીનવ્યું એ. ૪૭
અવસર પામી આજરે, જો નવિ વીનવું;
તો પસ્તાવો મન રહે એ. ૪૮
ત્રિભુવન તારણ હારરે, પુણ્યે માહરે;
આવી એકાંતે મળ્યા એ. ૪૯
બાળક બોલે બોલરે, જે અવિગતપણું;
માત તાયને તે રૂચે એ. ૫૦
નયણે નિરખ્યો નાથરે, નાભિ નરિંદનો;
નંદન નંદનવન જિસ્યો એ. ૫૧
મરૂદેવી ઉર હંસરે, વંશ ઇખ્ખાગનો;
સોહાકર સોહામણો એ. ૫૨
માત તાય પ્રભુ મિત્રરે, બંધવ માહરો;
જીવ જીવન તું વાલહો એ. ૫૩
અવર ન કો આધારરે, એણે જગ તુજ વિના;
ત્રાણ શરણ તું મુજ ધણીએ. ૫૪
વલિ વલિ કરૂં પ્રણામરે, ચરણે તુમ તણે;
પરમેશ્વર સન્મુખ જુઓ એ. ૫૫
ભવ ભવ તુમ પાય સેવરે, સેવકને દેજો;
હું માગું છું એટલું એ. ૫૬

શ્રી કીર્તિ વિજય ઉવઝાયરે, સેવક એણીપરે;
વિનય વિનય કરી વીનવે એ.

અથ ઋષભ જિન સ્તવન.

(સિદ્ધની શોભા હું શી કહું. એ દેશી.)

ભરતજી કહે સુણો માવડી, પ્રગટ્યા નવે નીધાનરે;
નીત્ય નીત્ય દેતાં ઓલંભડા, હવે જુઓ પુત્રના માનરે,
ઋષભની શોભા હું શી કહું. ૧ એ આંકણી.
અઢાર કોડાકોડી સાગરે, વસીયાં નયર અનુપરે;
ચાર જોયણનુંરે માનછે, ચાલો જોવાને ચુપરે. ઋષ૦ ૨
પહેલો રૂપાનો કોટછે, કાંગરા કંચન સાજરે;
બીજો કનકનો કોટછે, કાંગરા રતન સમાજરે. ઋષ૦ ૩
ત્રીજો રત્નનો કોટછે, કાંગરા મણિમય જાણુરે;
તેહમાં મધ્ય સીંહાસણે, હુકુમ કરે પ્રમાણુરે. ઋષ૦ ૪
પૂરવ દીશીની સંખ્યા સુણો, પગથીયાં વીસહજારરે;
એણીપરે ગણતાં ચારે દીશા, પગથીયાં એંસી હજારરે. ઋષ૦ ૫
શિરપર ત્રણ છત્ર જળહલે, તેહથી ત્રિભુવન રાયરે;
તીન ભુવનનોરે પાદસા, કેવળ જ્ઞાન સહાયરે. ઋષ૦ ૬
ચોશઠ બત્રીશ દશ સુરપતિ, વલી દોય ચંદને સૂરરે;
દોય કરજોડી ઊભા ખડા, તુમ સુત ઋષભ હજુરરે. ઋષ૦ ૭
ચામર જોડા ચોવીશ છે, ભામંડલ ઝળકંતરે;
ગાજે ગગનેરે દુંદુભી, ફુલ પગરવરસંતરે. ઋષ૦ ૮
બાર ગુણો પ્રભુ દેહથી, અશોક વૃક્ષ શ્રીકારરે;
મેઘ સમાણીરે દેશના, અમૃતવાણી જયકારરે. ઋષ૦ ૯

પ્રાતિહારજ આઠથી, તુમ સુત દીપે દેદારરે;
ચાલો જોવાને માવડી, ગયવર ખંધે અસવારરે. ઋષ ૧૦
દૂરથી વાજાંરે સાંભલી, જોવા હર્ષે ન માયરે;
હર્ષના આંસુથી ફુટીયાં, પડલ તે દૂર પલાયરે. ઋષ૦ ૧૧
ગયવર ખંધેથી દેખીયાં, નિરૂપમ પુત્ર દેદારરે;
આદર દીધો નહીં માયને, માય મન ખેદ અપારરે. ઋષ૦ ૧૨
કેહનાં છોરૂ ને માવડી, એ તો છે વીતરાગરે;
ઈમ્ખીપરે ભાવના ભાવતાં,કેવલપામ્યામહાભાગરે. ઋષ૦ ૧૩
ગજવર ખંધે મુક્તે ગયા, અંતગડ કેવલી એહરે;
વંદો પુત્ર ને માવડી, આણી અધિક સનેહરે. ઋષ૦ ૧૪
ઋષભની શોભાને વરણવી, સમકિત પુર મોજારરે;
સિદ્ધગિરિ મહાત્મ્ય સાંભલો, સંઘને જયજયકારરે.ઋષ૦ ૧૫
સંવત અઢાર એંશીયે, માગશર માસ સોહાયરે;
દીપવીજય કવીરાયને, મંગલ માલ સવાયરે. ઋષ૦ ૧૬

અથ કેસરિયાજીનું સ્તવન.

પ્રથમ તીર્થંકર ઋષભ જિણંદા, નાભિરાયા મરૂદેવીકો નંદા;
સો શ્યામલા ગુણવંતા, લાખ ચોરાસી પૂરવનુંરે આય;
ધનુષ પાંચસે સોવનમય કાય, સો શ્યામલા ગુણવંતા. ૧
ભુગલારે ધર્મ નિવારણ સ્વામી, નગર ધુલેવે વસે ધનનામી સો૦
તખતે રે બેઠા કેસરીયાજી સોહે, દરિસણ દેખીને મનડું મોહે. સો૦ ૨
મુખડુરે સોહે પૂનમ કેરો ચંદા, સુરનર મુનિવર સેવે વૃંદા. સો૦
મુકુટ કુંડલ શિર છત્ર બિરાજે, ઠકુરાઇ કેસરીયાને છાજે. સો૦ ૩
દેશ દેશના સંઘજ આવે, વસ્તુ અમુલક ભેટણું લાવે. સો૦

પૂજા ભણાવે ને આંગી રચાવે, કેસર કેરા કીચ મચાવે. સો૦ ૪
અગરબત્તીના ધૂપ કરાવે, ફુલડાં કેરા મુકુટ ભરાવે. સો૦
નાટકનાચે ને ભાવના ભાવે, હરખે કેસરીયાના ગુણ ગાવે. સો૦ ૫
ઝિણાજ તારે વાલો બેડીઓ કાપે, મુહમાગ્યાં વંછિત ફળ આપે. સો૦
રોગ સોગ ભય દૂર નિવારે, ભવસાયરથી પાર ઉતારે. સો૦ ૬
જે કોઈ ગાશે ને જે સાંભળશે, તેહના મનના મનોરથ ફળશે. સો૦
કપુર કહે તમે પ્રત્યક્ષ દેવા, ભવોભવ માગું હું તુમ પય સેવા. સો૦ ૭

શ્રી કેશરિયાજીનું સ્તવન.

જામેરા ઉડરે રંગ મોહોલમાં રે; એ દેશી.

આજ સફળ દિન માહરો રે, વાંધ્યા શ્રી ધૂળેવા રાય રે
કેશરિયોજી ભેટીઓ રે, મેવાડવાગડ વિચ્ચે શોભતો રે
બાવન જિનાલો પ્રાસાદરે, કેશરીયોજી ભેટિયોરે. ૧
મેરૂસમ ઉત્તંગ દેહેરોરે, કોરણી અતિહિ શ્રીકારરે. કે૦
થંભે થંભે શોભે પૂતલીરે, જાણીયેં દેવ વિમાનરે. કે૦ ૨
સુવર્ણના દંડ કલશ અછેરે, રૂપ્ય કપાટ જોડિ દોયરે. કે૦
રત્નેં જડિત સુવર્ણ અંગિકારે, તેજેં ઝલામલ ભાણરે. કે૦ ૩
પ્રભુજીની મૂરતી મોહનીરે, તૃપ્તિ ન પામે નયણરે. કે૦
મહિમાવંત મોહોટા તુમેરે, જગ સહુ નમે જસ પાયરે. કે૦ ૪
નિત પૂજે પ્રભુ ભાવશુંરે, વંછિત ફલ લહે તામરે. કે૦
આશા ધરીને હું આવીયોરે, દ્યો દરસણ મહારાજરે. કે૦ ૫
દેશાવરી સંઘ આવે ઘણારે, યાત્રા કરણ નિત મેવરે. કે૦
કેશરના કીચ મચી રહ્યારે, નિત હોએ મંગલ માલરે. કે૦
ગો મુખ યક્ષ ચક્રેસરીરે, શાસન દેવતા એહરે. કે૦

કલિયુગમાં સાચો ધણીરે, પરતા પૂરણહારરે. કે૦ ૭
શેઠ નરસિંહ નાથાના સંઘમાંરે, વર્તે છે જય જયકારરે. કે૦
સંવત ઓગણીશ બારોત્તરેરે, વૈશાખ વદિ બીજ સારરે કે૦ ૮
તિણ દિન પ્રભુજીને વાંદિયારે, સંઘ સર્વે ગહ ગહરે. કે૦
પૂજા સાહામિ વચ્છલ નિત પ્રતેરે, ખરચીને લાહો લીધરે. કે૦ ૯
આઠ દિવસ કરી જાતરારે, સંઘ સહૂ હર્ષેણરે. કે૦
સોભાગ્યેંદુ શિષ્ય હેવચંદ્રનેરે, યાત્રા થઇ સુખકારરે. કે૦ ૧૦

શ્રી કેશરિઆજીનું સ્તવન.

કેસરીયાસેં લાગ્યું મારૂં ધ્યાનરે, બીજું સુને કાંઇ ન ગમેછે કે૦
નાભિભૂપ મરૂદેવીકો નંદન, ઉપર જીયા ખુરબાનરે.
બીજું. કેશ૦ ૧
ધનુષ પાંચશેં માનમનોહર, કાયા કંચનવાનરે. બીજું. કેશ૦ ૨
જુગલારે ધર્મ નિવારણ સાહિબ, રાજેશ્વર રાજાનરે.
બીજું. કેશ૦ ૩
ઋષભદાસકી આશા પૂરજો, સેવક અપના જાનરે.
બીજું. કેશ૦ ૪

અથ કેશરિયાજીનું સ્તવન.

(રાગ કાફી.)

ઘણું મોહું નામ છેરે, મારે તો કેશરીયાવાલાનું ઘણું મોહું
નામ છે. એ આંકણી.
કોઇ સેવે બ્રહ્મા વાલા કોઇ સેવે સંકર,
કોઇને વિષ્ણુ કોઇને રામ છેરે. મારે૦ તો૦ ૧
કાલકંટક કૂરભાય ટાલણ, સબલ એ શરણનું ઠામછેરે. મા૦

મૂલચંદ કહે પ્રભુ જે જગતારણ, ધુલેવા મંડણ મોહોટું
ધામછે રે. મા૦ ૩

શ્રી કેશરિયાજીનું સ્તવન.

કેશરિયાવાલા, જો લજ્જા રાખશો તો રેહેશે. એ આંકણી.
સાહેબ કલિજુગ કેરા કૂડ કપટમેં, સાચ નહીં લવ લેશ કેશ૦ ૧
જૂઠા બોલા કોણ ધારશે; ગિરૂઆના ગુણગાશે. કેશ૦ ૨
સાહેબ તમે હમારે હમેં તમારે, પ્રીત સદા નિર્વેહેશે. કેશ૦ ૩
આ સંસારતે દેહ હશે તો, ફરિ ફરિને કેશે. કેશ૦ ૪
સાહેબ છેલ છોગાલા દેવ દયાલા, ધુલેવા ધણીને ધ્યાશે.
કેશ૦ ૫
ઋષભદાસની આશા ફલશે, ભવભવનાં દુઃખ ટલશે. કેશ૦ ૬

અથ શ્રી કેસરિયાજીનું સ્તવન.

હાંરે મારો ચીર દ્યો વનમાળી. એ ગરબાની દેશી.

હાંરે વહાલો મારો રિષભ દેવ અનુવાસી,
હાંરે તેતો નગર ધુળેવાનો વાસીરે.
મારૂં મનડું રહ્યુંછે હાસી. એ આંકણી.
હાંરે વાહાલો મારો કેસરીયો કેહેવાએ;
હાંરે વાહાલાને ભેટે ભવ દુઃખ જાએરે; મારૂં મનડું૦ ૧
હાંરે વાહાલાના મુખની શોભા સારી,
હાંરે મને દીઠડે લાગે પ્યારીરે. મારૂં મનડું૦ ૨
હાંરે વાહાલા હું તો મોહીરે તારા મુખને મટકે;
હાંરે ઇંદ્રાણી આવે લટકે, મારૂં મનડું૦ ૩
હાંરે વાહાલાને સંઘ ઘણેરા આવે,
હાંરે વાહાલાને નિત્ય નવી આંગીઓ રચાવેરે. મારૂં૦ ૪

હાંરે વાહાલો મારે આજ બુડતાં તારે,
હાંરે સેવકને કાજ સધારેરે. મારૂં મનડું૦ ૫
હાંરે વહાલો મારો તારણ બિરૂદ ધરાવે,
હાંરે તે તો ગઢ લંકા જઇ આવેરે. મારૂં મનડું૦ ૬
હાંરે વાહાલો મારો ફાગણશુદ બીજ અજવાળી,
હાંરે સૌ જાણે કે દેવ દીવાળીરે. મારૂં મનડું૦ ૭
હાંરે વાહાલો મારો મૂળચંદ વિજય ગુણ ગાવે,
હાંરે સઊ સંઘને પાર ઊતારેરે. મારૂં મનડું૦ ૮

શ્રી કેશરિયાજીનું સ્તવન.

પ્રભુની મૂરતિ મોહન વેલડી, જી તુમારી મૂરતિ મોહન વેલડી;
ચાલો સખી ધુલેવેરે જઇયે, પ્રભુની સામરી સુરત છે સેલડી
જી તુ૦ ૧
કેશર ચંદન ભર્યાંરે કચોલાં, પ્રભુજીની પૂજા કરૂં અહુ પ-
હેલડી જી. તુ૦ ૨
જાઇ જુઇ વર ડમરોજી મરૂવો, પ્રભુજીને પુજી ચડાઉ ચં-
બેલડી. જી તુ૦ ૩
સુરનર મુનિવર જોઇને મોહ્યા, કાંઇ ઋષભદાસ ગુણ વેલડી
જી તુ૦ ૪

કેશરિયાજીનું સ્તવન.

ભલાહુવાજી તેરા દરિશન પાયા, ઋષભદેવ સુખદાયારે;
ભલા૦ ટેક.
તારે જહાજ સમુદમાંહી, રોગ નિવારે ભવ ભવકારે.
કેસરીયાની સામળી મુરત, અલ્પરૂપ બતલાયારે. ભલા૦ ૧

ભવભવ ભટકતોરે શરણુ આયો, લાજ રખો પ્રભુમોરીરે;
હુંખું શેવક ભવ ભવ તારો, આ ભવથી મુજ તારોરે ભલા૦ ૨
કરજોડી શેવક ગુણગાવે, તુમ સ્વામીછો સાચારે;
ઇંદ્રચંદ્ર મુનિ દરિશન આવે, ઋષભ દેવગુણ ગાવેરે, ભલા૦ ૩

અથ (પ્રભાતી) કેસરીયાજીનું સ્તવન.

વૃષભ લંછન પ્રભુ ઋષભ નિત્ય વંદિયે, નાભિ મરૂ દેવી-
નો નંદ નિરખો;
મુક્તાને ભુક્તાનો જેહ ભોગી સદા, પરમ યોગી વલી એહ
પરખો. વૃષ૦ ૧
અસુર સુર કિન્નરા નાગરા નરવરા, કોડી કોઠી ધરા શિશ નામે;
આજુ એહની વહે પરાણે લાગી રહે, પરમપદ સંપદા
તેહ પામે. વૃષ૦ ૨
ધુલેવ ગામમાં ધર્મ ધોરી જયો, કર્મ જંજીરના બંધ કાપે;
ભક્તજન ઊદ્ધરે વિજય લક્ષ્મી વરે, અથિરને થિર કરી
જેહ થાપે. વૃષ૦ ૩
ખડ્‌ગદેશે પ્રભુ જેહ ખાંતે વસ્યો, દેશ પરદેશ ત્યાં સંઘ આવે;
નિત્ય નિત્ય નવ નવા લાભ લહે અભિ નવા, ગુણીજન
સહુ મલી ગીત ગાવે. વૃષ૦ ૪
સત્તર ત્રાણુસમે, સપરિવારે નમે, માઘ વદિ ત્રીજ રવીવાર યોગે;
ઊદય વાચક વદે ઊદયપદ પામીને, નાથજી મેં ગાયો
શુભ સંયોગે. વૃષ૦ ૫

શ્રી ઋષભ જિન સ્તુતિ.

પરમ સુખ વિલાસી, શુદ્ધ ચિદ્રુપ ભાસી;
સહજ વૃત્તિ વિકાસી, મોક્ષ આવાસવાસી.

મદ મદન નિવાસી, વિશ્વથી જે ઉદાસી;
ઋષભ જિન અનાસી, વંદીયે તે નિરાસી. ૧
જિનવર હિતકારા, પ્રામે સંસાર પારા;
કૃત કપટ વિદારા, પૂર્ણ પુણ્ય પ્રચારા.
કલિમલ મલહારા, મર્દિતા નંગ ચારા;
દુઃખ વિપિન કુઠારા, પૂજીયે પ્રેમ ધારા. ૨
પ્રબલ નયન પ્રકાશા, શુદ્ધ નિક્ષેપ વાસા;
વિવિધ નય વિલાસા, પૂર્ણ નાણાવ ભાસા.
પરિહરિ તક દાસા, દત્ત દુર્વાદિ વાસા;
ભવિજન સુણિ ખાસા, જૈનવાણી જયાસા. ૩
સકલ સુર વિશિષ્ટા, પાલિતા નેક શિષ્ટા;
ગરિમ ગુણ ગરિષ્ટા, નાસિતા શેષ રિષ્ટા.
જનમ મરણ નિષ્ટા, દાન લીલા પદિષ્ટા;
હરતુ સકલ દુષ્ટા, દેવિ ચક્રા વરિષ્ટા. ૪

અથ શ્રી મલ્લિનાથજીનું ચૈત્યવંદન.

મલ્લિ જયંત વિમાનથી, મિથિલા નયરી સાર;
અશ્વની યોનિ જયંકરૂ, અશ્વનિયે અવતાર. ૧
સુરગણ રાશિ મેષ છે, વંદિત સ્વર્ગિ લોક;
છદ્મસ્થા અહો રાતિની, કેવલ વૃક્ષ અશોક. ૨
સમવસરણ બેસી કરીએ, તીર્થ પ્રવર્તનહાર;
વીર અચલ સુખને વર્યા, પંચસયાં પરિવાર. ૩

અથ શ્રી મલ્લિનાથજીનું ચૈત્યવંદન.

મલ્લિનાથ ઓગણીશમા, જસ મિથિલા નયરી;
પ્રભાવતિ જસ માવડી, ટાલે કર્મ પયડી. ૧

તાત શ્રી કુંભ નરેસરૂ, ધનુષ પચીશની કાયા;
લંછન કલસ મંગલ કરૂ, નિરમલ નિરમાયા. ૨
વરસ પંચાવન સહસનું, જિનવર ઉત્તમ આય;
પદ્મ વિજય કહે તેહને, નમતાં શિવ સુખ થાય. ૩

અથ શ્રી મલ્લિનાથજીનું ચૈત્યવંદન.

ચવ્યા જયંત વિમાનથી, ફાગણ વદિ ચઉથ;
માગશર શુદિ ઈગ્યારશે, જન્મ્યા નિર્ગ્રંથ. ૧
જ્ઞાન લહ્યા એકણ દિને, કલ્યાણક તિન;
ફાગણ વદિ બારશે લહે, શિવ સદન અદીન. ૨
મલ્લિ જિનેસર નીલડા, ઓગણીસમા જિનરાજ;
અણ પરણ્યા અનુભૂપ પદ, ભવજલ તરણ જિહાજ. ૩

અથ શ્રી મલ્લીનાથ જિન સ્તવન.

એક અંધારીરે રાતડી, એ દેશી.

મિથિલા નયરીરે અવતર્યા, યાને કુંભ નરેશર નંદ;
લંછન સોહેરે કલશતણું, ને નીલવરણ સુખકંદ. ૧
મલ્લી જિનેસર મન વસ્યો, ને ઓગણીસમો અરિહંત;
કપટ ધર્મનારે કારણથી, પ્રભુ કુમરી રૂપ ધરંત. મ૦ ૨
સહસ પંચાવનરે વરસ સુણો, ને આયુતણું પરિમાણ;
માત પ્રભાવતીરે ઉર ધર્યો, પણવીશ ધનુષ તનુમાન. મ૦ ૩
સહસ પંચાવનરે સાધવીયો, ને મુનિ ચાલીસ હજાર;
સમેત શિખરેરે મુગતે ગયા, ને ત્રણ ભુવન આધાર. મ૦ ૪
ષટ ભય ટાલીરે આપ થકી, ને જેણે બાંધી અવિહડ પ્રીત;
રામ વિજયનારે સાહેબની, છે અવિચલ એહજ રીત. મ૦ ૫

અથ શ્રી મલ્લિનાથ સ્તવન.

નાભિરાયાકે બાગ. એ દેશી.

તુજ મુજ રીજની રીજ, અટપટ એહ ખરીરી;
લટપટ નાવે કામ, ખટપટ ભાંજ પરીરી. ૧
મલ્લિનાથ તુજરીજ, જન રીજે ન હુએરી;
દોય રીજણુનો ઉપાય, સાહામું કાંઇ ન જુએરી. ૨
દુરારાધ્ય છે લોક, સહુને સમ ન શશીરી;
એક દુહવાએ ગાઢ, એક જો બોલે હસીરી. ૩
લોક લોકોત્તર વાત, રીઝવે દોય જુઆરી;
તાત ચક્ર ધર પૂજ્ય, ચિંતા એહ હુઇરી. ૪
રીઝવવો એક સાંઇ, લોક તે વાત કરેરી;
શ્રી નયવિજય સુશિષ્ય, એહિજ ચિત્ત ધરેરી. ૫

અથ શ્રી મલ્લિજિન સ્તવન.

દેખી કામિની દોય, કે કામે વ્યાપીયોરે કે કા૦ એ દેશી.

મલ્લિનાથ જગનાથ, ચરણ યુગ ધ્યાઇયેરે; ચ૦
શુદ્ધાતમ પ્રાગ્ભાવ, પરમપદ પાઇયેરે. પ૦
સાધક કારક ષટ્ક, કરે ગુણ સાધનારે. ક૦
તેહિજ શુદ્ધ સ્વરૂપ, થાયે નિરાબાધનારે. થા૦ ૧
કર્ત્તા આતમ દ્રવ્ય, કારજ નિજ સિદ્ધતારે; કા૦
ઉપાદાન પરિણામ, પ્રયુક્ત તે કરણતારે. પ્ર૦
આતમ સંપદ દાન, તેહ સંપ્રદાનતારે. તે૦

દાતા પાત્રને દેય, ત્રિભાવ અભેદતારે. ત્રિ૦ ૨
સ્વપર વિવેચન કરણ, તેહ અપાદાનથીરે. તે૦
સકલ પર્યાય આધાર, સંબંધ આસ્થાનથીરે. સં૦
બાધક કારક ભાવ, અનાદિ નિવારવારે. અ૦
સાધકતા અવલંબી, તેહ સમારવારે. તે૦ ૩
શુદ્ધપણે પર્યાય, પ્રવર્ત્તન કાર્યમેંરે. પ્ર૦
કર્ત્તાદિક પરિણામ, તે આતમ ધર્મમેંરે. તે૦
ચેતન ચેતન ભાવ, કરે સમવેતમેંરે. ક૦
સાદિ અનંતો કાલ, રહે નિજ ખેતમેંરે. ર૦ ૪
પરકર્તૃત્વ સ્વભાવ, કરે તાં લગિ કરેરે; ક૦
શુદ્ધ કાર્ય રૂચિ ભાસ, થયે નવિ આદરેરે. થ૦
શુદ્ધાતમ નિજ કાર્ય, રૂચિકારક ફિરેરે. રૂ૦
તેહિજ મૂલ સ્વભાવ, ગ્રહે નિજ પદ વરેરે. ગ્ર૦ ૫
કારણ કારજ રૂપ, અછે કારક દશારે. અ૦
વસ્તુ પ્રગટ પર્યાય, એહ મનમેં વસ્યારે. એ૦
પણ શુદ્ધ સરૂપ ધ્યાન, તે ચેતનતા ગ્રહેરે. તે૦
તવ નિજ સાધક ભાવ, સકલકારક લહેરે. સ૦ ૬
માહરૂં પૂર્ણાનંદ, પ્રગટ કરવા ભણીરે. પ્ર૦
પુષ્ટાલંબન રૂપ, સેવ પ્રભુજી તણીરે. સે૦
દેવચંદ્ર જિનચંદ્ર, ભગતિ મનમેં ધરોરે. ભ૦
અવ્યાબાધ અનંત, અક્ષયપદ આદરોરે. અ૦ ૭

અથ શ્રી મલ્લિજિનનું સ્તવન.

મારો પીયુડો પર ઘર જાય, સખી શું કહીયેરે;
કિમ એકલડાં રહેવાય, વિયોગે ભરિયેરે. એ દેશી.

મિથિલા તે નયરી દીપતીરે, કુંભ નૃપતિ કુલહંસ;
મલ્લિ જિણંદ સોહામણોરે, સયલ દેવ અવતંસ. ૧
સખી સુણ કહિયેરે, મ્હારો જિનજી મોહન વેલિ;
હિયડે વહિયેરે. એ આંકણી.
છપ્પન દિશી કુમરી મલીરે, કરતી જન્મના કાજ;
હેજાલી હરખે કરીરે, હુલરાવે જિનરાજ. સખી૦ ૨ મ્હારો૦
વીણા વજાવે વાલહીરે, લળી લળી જિન ગુણ ગાય;
ચિરંજીવો એ બાલુડારે, જિમ કંચન ગિરિરાય. સખી૦૩મ.
કેઈ કરમાં વીંજણા ગ્રહીરે, વીંજે હરખે વાય;
ચતુરા ચામર ઢાલતીરે, સુર વધુ મન મકલાય. સખી૦ ૪ મ.
નાચે સાચે પ્રેમથીરે, રાચે માચે ચિત્ત;
જાચે સમકિત શુદ્ધતારે, ભવજલ તરણ નિમિત્ત. સખી૦૫મ.
ઉર શિર સ્કંધ ઉપર ધરેરે, સુરવધુ હોડાહોડિ;
જગત તિલક ભાલે ધરીરે, કરતી મોડામોડિ. સખી૦ ૬ મ.
તવ સુરપતિ સુરગિરિ શિરેરે, નમન કરે કરજોડિ;
તીર્થોદક કુંભા ભરીરે, સાઠ લાખ એક કોડિ. સખી૦ ૭ મ.
જિન જનની પાસે ઠવીરે, વરસી રયણની રાશિ;
સુરપતિ નંદીશ્વર ગયારે, ધરતાં મન ઉલ્લાસ. સખી૦ ૮ મ.
સુરપતિ નરપતિએ કર્યોરે, જન્મ ઓચ્છવ અતિ ચંગ;
મલ્લિ જિણંદ પદ પદ્મશુંરે, રૂપવિજય ધરે રંગ. સખી૦૯મ.

અથ શ્રી મલ્લિજિનનું સ્તવન.

સખી આવી દેવ દીવાલીરે. એ દેશી.

પંચમ સુર લોકના વાસીરે, નવ લોકાંતિક સુવિલાસીરે;
કરે વિનતિ ગુણની રાશી. ૧

મલ્લિ જિન નાથજી વ્રત લીજેરે,
ભવિ જીવને શિવ સુખ દીજે. મલ્લિ૦ એ આંકણી.
તુમે કરૂણા રસ ભંડારરે, પામ્યા છો ભવજલ પારરે;
સેવકનો કરો ઉદ્ધાર. મલ્લિ૦ ૨ ભવિ૦
પ્રભુ દાન સંવત્સરી આપેરે, જગનાં દારિદ્ર દુઃખ કાપેરે;
ભવ્યત્વ પણુ તસ છાપે. મલ્લિ૦ ૩ ભવિ૦
સુરપતિ સઘલા મલિ આવેરે, મણિ રયણ સોવન વરસાવેરે;
પ્રભુ ચરણે શીસ નમાવે. મલ્લિ૦ ૪ ભવિ૦
તીર્થોદક કુંભા લાવેરે, પ્રભુને સિંહાસન ઠાવેરે;
સુરપતિ ભક્તે નવરાવે. મલ્લિ૦ ૫ ભવિ૦
વસ્ત્રાભરણે શણગારેરે, ફુલ માલા હૃદય પર ધારેરે;
દુઃખડાં ઇંદ્રાણી ઉવારે. મલ્લિ૦ ૬ ભવિ૦
મલ્યા સુરનર કોડા કોડીરે, પ્રભુ આગે રહ્યા કરજોડીરે;
કરે ભક્તિ યુક્તિ મદ મોડી. મલ્લિ૦ ૭ ભવિ૦
મૃગશિર શુદિની અજુઆલીરે, એકાદશી ગુણની આલીરે;
વરયા સંયમ વધુ લટકાલી. મલ્લિ૦ ૮ ભવિ૦
દીક્ષા કલ્યાણક એહરે, ગાતાં દુઃખ ન રહે રેહરે;
લહે રૂપવિજય જસ નેહ. મલ્લિ૦ ૯ ભવિ૦

અથ શ્રી મલ્લિજિનનું સ્તવન.

સાંભલરે તું સજની મોરી, રજની કિહાં રમીઆવીજીરે.
એ દેશી.

મલ્લિ જિનેશ્વર અલવેસર, અલવેસર અવિનાસીજી;
પરમેશ્વર પૂરણ પદ ભોક્તા, ગુણરાશી શિવ વાશી.
જિનજી પ્યારોજી.૧

મહિલ જિણંદ મુણિંદ, ગુણગણ ગાવોજી. એ આંકણી.
મૃગશિર શુદિ એકાદશીદિવસે, ઉપન્યું કેવલ નાણજી;
લોકાલોક પ્રકાશક ભાસક, પ્રગટયો અભિનવ ભાણ.જિ૦૨
મહિલ૦
મત્યાદિક ચઉ નાણનું ભાસન, એહમાં સકલ સમાયજી;
ગ્રહ ઉડુ તારા ચંદ પ્રભાજિમ, તરણીતેજમાં જાય.જિન૦૩
મહિ૦
જ્ઞેયભાવ સવિ જ્ઞાને જાણે, જે સામાન્ય વિશેષજી;
આપ સ્વભાવે રમણ કરે પ્રભુ,તજી પુદ્ગલસંકલેશ.જિન૦૪
મહિલ૦
ચાલીશ સહસ મહા મુનિ જેહના રત્નત્રયિ આધારજી,
સહસ પંચાવન સાહુણી જાણો ગુણમણિરયણ ભંડાર.
જિન૦૫ મહિલ૦
શત સમ ન્યૂન સહસ પંચાવન, વરસ કેવલ ગુણ ધરતાજી;
વિચરે વસુધા ઊપર જિનજી, બહુ ઉપગારને કરતા. જિન૦
૬ મહિલ૦
કેવળ નાણ કલ્યાણક જિનનું, જે ભવિયણ નિત્યગાવેજી
જિન ઉત્તમ પદ પદ્મ પ્રભાવે, શુદ્ધ રૂપ તે પાવે
જિન૦૭ મહિલ૦

અથ શ્રી મહિલનાથ સ્વામીની સ્તુતિ.

મહિલનાથ મુખચંદ નિહાળું, મિથ્યા અધમી પાતિક ટાળું,
જ્ઞાનાનંદ વિમલપુર મોર, ધરણ પ્રિયા શુભવીર કુમેર ॥૧॥

શ્રી મલ્લિજિનની સ્તુતિ.

મલ્લિજિન નમીયે, પૂર્વલાં પાપ ગમીએ;
ઇંદ્રિય ગણ દમીએ, આણ જિનની ન ક્રમીએ;
ભવમાં નવી ભમીએ, સર્વ પરભાવ વમીએ;
નિજ ગુણમાં રમીએ, કર્મ મલ સર્વ ધમીએ.

અથ શ્રી પાર્શ્વ જિન ચૈત્યવંદન.

જય ચિંતામણિ પાર્શ્વનાથ, જય ત્રિભુવન સ્વામી;
અષ્ટ કરમ રિપુ જીતીને, પંચમ ગતિ પામી.
પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપત્તિ લહીએ;
પ્રભુ નામે ભવ ભય તણાં, પાતક સબ દહિયે.
ૐ હ્રીં વર્ણ જોડી કરીએ, જપીયેં પારસ નામ;
વિષ અમૃત થઇ પરગમે, પાવે અવિચળ ઠામ. ૧

અથ શ્રી પાર્શ્વ જિન ચૈત્યવંદન.

પ્રણમામિ સદા પ્રભુ પાર્શ્વ જિનં, જિન નાયક દાયક સુખઘનં;
ઘનચારૂ મહોત્તમ દેહધરં, ધરણી પતિ નિત્ય સુસેવકરં. ૧
કરૂણારસ રંજિત ભવ્ય ફણી, ફણિ સપ્ત સુશોભિત મૌલિમણિ;
મણિ કંચન રૂપ ત્રિકોટી ઘટં, ઘટિતા સુર કિન્નર પાર્શ્વતટં. ૨
તટિની પતિ ઘોષ ગભીર સ્વરં, સ્વરનાકર અશ્વ સુસેનનરં;
નરનારિ નમસ્કૃત નિત્ય મુદા, પદ્માવતી ગાવતી ગીત સદા. ૩
સહજેંદ્રિય ગોપ યથા કમઠં, કમઠાસુર વારણ મુક્ત હઠં;
હઠ હેલિત કર્મ કૃતાંત બલં, બલધામ ધુરંધર પંકજલં. ૪
જલજ દ્વય પત્ર પ્રભાનયનં, નયનંદિત ભવ્ય નરેશ મનં;

મનમન્મથ મહીરૂહ વન્હિ સમં, સમતામય રત્ન કરં પરમં.૫
પરમાર્થ વિચાર સદા કુશલં, કુશલં કુરૂમે જિનનાથ અલં;
અલિની નલિની નલિનીલતનું,તનુતા પ્રભુ પાર્શ્વ જિન સુધનં ૬
ધન ધાન્ય કરં કરૂણા પરમં, પરમા મૃત સિદ્ધિ મહાગુણદં;
ગુણદાયક નાયક સંતભવં, ભવભૂત્ પ્રભુ પાર્શ્વ જિન શિવદં.૭

શ્રી પાર્શ્વ જિન ચૈત્ય વંદન.

પુરિસા દાણી પાસ નાહ, નમીયેં મનરંગ;
નીલ વરણ અશ્વસેન નંદ, નિરમલ નિસ્સંગ. ૧
કામિત દાયક કલ્પસામ, વામા સુત સાર;
શ્રીગવડીપુર સ્વામ નામ, જપિયેં નિરધાર. ૨
ત્રિભુવન પતિ ત્રેવીસમો એ, જાસ અખંડિત આણ;
એક મનેં આરાધતાં, લહિયેં કોડ કલ્યાણ. ૩

શ્રી પાર્શ્વનાથ ચૈત્યવંદન.

શ્રી પાર્શ્વનાથ નમસ્તુભ્યં, વિઘ્ન વિધ્વંસ કારિણે;
નિર્મલંસ પ્રભાનંદ, પરમાનંદ દાયિને. ૧
અશ્વસેનાવનીપાલ, કુલ ચૂડામણિ પ્રભો;
વામા સૂનો નમસ્તુભ્યં, શ્રીમત્પાર્શ્વ જિનેશ્વર. ૨
ક્ષિતિ મંડલ મુકુટં ધાર્મિકનિકટં, વિશ્વ પ્રગટ ચારૂભટં;
ભવરેણુ સમીરં જલનિધિ તીરં, સુર ગિરિ ધીરં ગંભીરં
જગત્રય શરણં દુર્મતિ હરણં, દુર્દ્ધર મરણં સુખકરણં,
શ્રી પાર્શ્વ જિનેંદ્રં નત નાગેંદ્રં, નમત સુરેંદ્ર કૃત ભદ્રં. ૩

કમઠે ધરણેંદ્રેચ, સ્વોચિતં કર્મ કુર્વં;
પ્રભુસ્તુલ્ય મનોવૃત્તિઃ, પાર્શ્વનાથઃ શ્રિયે ડસ્તુવઃ. ૪

અથ શ્રી પાર્શ્વનાથજીનો છંદ

સકલ સુરતિ શ્રીપાસ તણી, પૂરે મન વંછિત આશ ઘણી;
વિનવું તુમ સ્વામી પુંહવી ધણી, કૃપા કરો મુઝ ભક્તિ ભણી. ૧
સુરનર સેવે નિત્ય પાય કમલા, સંસાર સમુદ્ર તારણ કુશલા;
ગુણ ભૂષણ નિર્મલ ગંગજલા, તનુ નીલવરણ સમ કમલદલા. ૨
મંદિર થિર થાયે કમલા, સબસિદ્ધિ ઋદ્ધિ સોહે વિમલા;
પસરે જસ કીરતિ ધવલા, પામે વર રમણી રાજલીલા. ૩
શુભ મંગલ માલ લહે વિપુલા, વલિ હય ગય રથ પાયક બહુલા;
સહિજે સુખ સંપત્તિ અચલા, ચિરંજીવી માનવભવ સફલા ૪
વિનય વતાંગ સતિ મહિલા, સુતસુંદર સોહગ રૂપ કલા;
દિનવાધે વર અધિકકલા, વરસબલ શરીરે અતુલબલા. ૫
જે દુર્જય ચંડ પ્રચંડ કલા, જે ભૂત પ્રેત વ્યંતર વિકલા
જે સાયણી ડાયણી કરતી છલા, તે પાર્શ્વ નામે નાસે સબલાં. ૬
વિષહર વિષ દુરે નાસે, જસદુષ્ટ જરા નાવે પાસે;
તુમ નામથકી સબભયત્રાસે, સુર આંગણે વસુ ધારા વાસે. ૭
સંકટ ચૂરે જલથલ વિષમેં, પ્રભુ મહિમા દેશ વિદેશ રમે;
રોગ શોગ સબે રિપુ દૂર ગમે, અમલા અરિ આવી પાયનમે. ૮
તુમ નામે ચિંતામણિ કામગવિ, તુમ મૂરતિ મોહનવેલ નવી;
તુમ તુઠે લહીયે શીવપદવી, તુમ સમોવડ દેવ નહીં પ્રુહવી. ૯
પાર્શ્વ નામ જે હૃદય ધરે, તસપઉમાવઇ સાનિધ્યકરે;
ધરણેંદ્ર રાજવર રિદ્ધિભરે, જક્ષપાસવૈરૂટ્યા વિઘન હરે ૧૦

એહ પાર્શ્વ સ્તવન જે ભાવેંભણ્યું, હોયે અષ્ટ મહા નિધિ નાસનયે;
વિજય શીલ મુનિ એમભણ્યું, નવનિદ્ધિ સદાઆનંદઘણું ૧૧.

અથ પાર્શ્વ જિન છંદ.

કલ્યાણ કેળિસદનાય નમો નમસ્તે, શ્રીમત્સરોજ વદનાય નમોનમસ્તે
શામાંરિવાર કદનાય નમો નમસ્તે, વજ્રાભિરામ રદનાય નમોનમસ્તે ૧
અંભોધરાભ કરણાય ન૦ લોકાતિરિક્ત વરણાય ન૦
સંસાર વર્દ્ધિ તરણાય ન૦ ત્રૈલોક્ય સાર શરણાય ન૦ ૨
સન્નિર્મિતાંહિ મહનાય ન૦ રાગોરૂ દારૂ દહનાય ન૦
વિધ્વસ્ત કૃત્સ્ન કુહનાય ન૦ પુણ્ય દ્રુમાલી ગહનાય ન૦ ૩
સંસાર તાપ શમનાય ન૦ નિર્દાક્ષ્ય દોષ દમનાય ન૦
સુવ્યક્ત મુક્તિ ગમનાય નમો૦ રૂપાભિભૂત કમનાય ન૦ ૪
પાપૌઘપાંસુ પવનાય ન૦ સેવા પર ત્રિભુવનાય ન૦
ક્રોધાંશુ શુક્ષણિ વનાય ન૦ સંસૃત્સુદન્વદવનાય ન૦ ૫
નેત્રાભિભૂત કમલાય ન૦ શક્રાર્ચિતાંધ્રિ કમલાય ન૦
નર્નાસિતાખિલ મલાય ન૦ પદ્મોલ્લસત્પરિ મલાય ન૦
શ્રી અશ્વસેન તનયાય ન૦ સર્વાદ્ભુતૈક વિનયાય ન૦
વિખ્યાત નિશ્ચિત નયાય ન૦ નિર્ણીત ભૂમિપનાય ન૦ ૭
શ્રીસંઘહર્ષ સુવિનેયક ધર્મસિંહ,
પાદારવિંદ મધુલિણ મુનિ રત્નસિંહ;
પાર્શ્વં પ્રભોર્ભગવતઃ પરમં પવિત્રં,
સ્તોત્રંમકાર જનતા ભિમતાર્થ સિદ્ધ્યે. ૮

અથ શ્રી પાર્શ્વનાથ છંદ.

ચોપાઇ.

સકલ સાર સુરતરૂ જગજાણું, જસુજસવાસ જગતપરિમાંણું
સકલદેવ શિરમુગટ સુચંગં, નમો નમો જિનપતિ મન રંગ. ૧

પાદ્ધડી છંદ.

જો જન મન રંગં, અકલ અભંગં, તેજ તુરંગં નીરંગં;
સચિ શોભા સંગં, રુચિર અનંગં. શિશ ભુજંગં ચતુરંગં.
અદ્ભુ પુણ્ય પ્રસંગં, નિત્ય ઉછરંગં, નવ નવ રંગં નારંગં;
કીરત જસગંગં, દેશદુરંગં, સુરપતિ સંગં સારંગં. ૧
સારંગા ભકત્રં, પુણ્ય પવિત્રં, રૂચિર ચરિત્રં ભુવિત્રં;
તેજે જિત મિત્રં, પંકજ પત્રં, નિર્મલ નેત્રં સાવિત્રં;
જગજીવન મિત્રં, તરૂ સત સત્રં, મિત્રામિત્રં સાવિત્રં,
નિર્મલ ચિત્રં, ચામર છત્રં, શીસંચરિત્રં પાવિત્રં. ૨
પાવિત્રાભરણં ત્રિભુવન સરણં, મુગટાભરણં આચરણં.
સુર અર્ચિત ચરણં, શિવ સુખ કરણં, દારિદ્ર હરણં આવરણં;
સુખ સંપત્તિ ભરણં, ભવજલ તરણં, અન્ન સુહરણં ઉદ્ધરણં.
ગો વાહૂત ઝરણં, જન મન હરણં, વરણાવરણં આદરણં. ૩
આદરણા પાલં, અકઝમાલં, નિતભૂપાલં અનુપાલં,
અરૂણી શશિ સમભાલં, દેવ દયાલં, ચેતન ચાલં સુકમાલં;
ત્રિભુવન રખવાલં, મહાદુકાલં, મહાવિકરાલં ભયટાલં,
શૃંગાર રસાલં, મહકેમાલં, હૃદય વિશાલં ભૂપાલં. ૪

કલશ છપ્પય.

સકલરૂપ ઉંકાર, સાર શિવ સંપત્તિકારક.
સાપ સોગ સંતાપ, દુરિત દુખ દુઃખ નિવારક;

ચિહું દિશ આણ અખંડ, ચંદ્ર તપ તેજ દિણંદ,
અમર અપછર કોડી, ગાવે જસ નમે નિરંદહ.
શ્રી સંખેશ્વર સુરમણિ, પાર્શ્વ અધિક મંગલનીલો,
મુનિ મેઘરાજ કહે જિનવર જયો, શ્રી પાર્શ્વનાથ ત્રિભુવન
તીલો. ૫ ઇતિ

અથ શ્રી પાર્શ્વનાથ છંદ.

ભુજંગ પ્રયાત વૃત્તં.

વસો દેવ વામેય દેવાધિ દેવં,
સુરા આસુરા આસુરી સારે સેવં;
નમે ખંડમાં આણ અખંડ જેની,
પ્રભુ કાંતિ શી ભાંતિ નહીં કિહ કેહની. ૧
મહાદુષ્ટ જેદુષ્ટ પાપિષ્ટ પૂરા,
પ્રભુ નામથી તે થાયે જાય દૂરા;
આવી વાટ ધારે, ભાંગે જેહ ગોડા,
થાયે આંધળા તે ઘણા તો ન થોડા. ૨
ધરાપીત ઘેઓ ધરી બીજ કામે,
રાગી સેવકોના પ્રભુ કાજ સામે;
વેરી નાથ જે પાતનો જોર વાધ્યો,
પ્રભુ નામથી બંધુ પક્ષિપાશ બાંધ્યો. ૩
ઘણી વાત જાણી દુનિયાની ઉપાઈ,
મેરુ સાધુને અસાધુ પ્રકાશ;
સાચો તો બેલી છે પ્રભુ તું સહાઈ,
ઘણાની તું સંભારે વખારે વડાઈ. ૪
ઘણી વાત વાંચે પ્રભુ પાર પીછે,

હિડાં બિહાં રૂઠાં નિઠાં પ્રભુજી ધણીઅ;
સાચું કરી જુઠું કર્યાં જોર સાંસો,
વેકરા થયા વાંસો શખો નાય વાંસો. ૫
ચુકા જે ગુમાની લિયે ગુજબ આંસી,
છુંડા જે અહિંસા ભરી તીરઆમી;
કરી [illegible] જે કરે મત કેના,
તમે વારજો લાગજી નાક તેના. ૬
[illegible] [illegible] [illegible] સુખે [illegible],
[illegible] [illegible] [illegible] ચોળા;
[illegible] [illegible] ગજે [illegible],
પ્રભુ પાર્શ્વ દાને નમે તે મહાશા. ૭
[illegible] ભુવાલા દુકાલા કૂવાલા,
વડા [illegible] [illegible] મહા [illegible];
રોગાલા દાદારા [illegible] તે દૂઠો,
તેવાલા [illegible] ફુરે પાસ ત્રુઠો. ૮
કરી કેસરી હાવ દો ઉજવાલો,
ટળે અગ્નિને રોગ મહા રાગ પાસો;
પડ્યા તાસ પાસ ભાંજિ પાસરાશ,
ગોડી સર્વે ત્રાસ આવે તે આરાશ. ૯
પુરે દાસ આશા પ્રભુ પાસ પૂરી,
સદા સંપદા જેહ લિયે સબૂરી;
ટળે આપદાને કરે સાર ટાણે,
જયકાર પામે ભાજી જેહ જાણે. ૧૦
ઉદય ઉવઝાયા વડે આજ પાયા,

વિલાસા સવાયા સવાસેં વસાયા;
લીલા લેહેર વાધે પ્રભુ નામ લાધ્યાં,
બોલી સર્વ બાધા લહ્યાશં અગાધા. ૧૧

અથ શ્રી પાર્શ્વનાથ છંદ.

ત્રોટક વૃત.

સુખ સંપતિ દાયક દેવ સદા, પ્રણમું પ્રભુ પાર્શ્વ જિણંદ મુદા;
નમતાં લહી નવ સુરેશપદા, દુઃખ દોહગ સંકટ નાંહિ કદા. ૧
શરણાંઈશ્વર દેવ ભુજંગપરે, ધરણીધર સાહેબ એહ કરે;
મન મોહન હીર ગીરીંદ ખરો, નિત્ય વાસર ઉગમતે સમરો. ૨
નવ નિધિ લહું જિનને નમતાં, મલિયો મુજને ભવમાં ભમતાં;
રમતાં રલિયો મણિ ચિંતવિયો, મુજ સાહેબ દેવ હવે થુણિયો. ૩
સુણિ સાહિબ તું દિલડે વસીયો, તુજ નામતણા ગુણનો રસિયો;
મન વંછિત પુરે સદા મનના, દુઃખ દુર કરો સઘળાં તનનાં. ૪
વરુણો વલિ જાવતોહું મુજથી, જગમાં શરણું જિનજી તુજથી;
હરિશંકર નામ કહુ અમથાં, અલિયો તુજથો જગદેવ નથી. ૫
સહુ દેવ સરાગપણે ભરિયા, વનિતા વિષયી રસના દરિયા;
જિનદેવ નિરાગ રસે રમતા, મદમોહ ફરે ભવથી ભમતા. ૬
સુખરાવત સાહિબ નામથકી, ડરતા રહેતા રિપુ તેહથકી;
ગડગુમડ રોગ જીકે સઘલા, તુજ નામથકી સહુ તે નબલા. ૭
વલિ ડાકિણ શાકિણ દુર રહે, નર જેહ જિણંદનુ નામ લહે;
જગમાં જશ તેહતણો પસરે, મનવંછિત ચિંતિત કાજ સરે. ૮
હરી સીંહ દાવાનલ નાગતણા, રણ સાગર બંધ મહોદરના;
[illegible] આઠ મહાભય દુરી હરે, ભવિ જેહ સદા તુજ ધ્યાન ધરે. ૯
મહિમા તુજ પાર ન કોય લહે, સમર્થ [illegible]

સગાઈ સમર્યે તુંહિ આવિ મલે, મુજ [illegible] ગોકુલ ચેતિ ફળે. ૧૦
મુખ ચંદ સમો કજ આંખડલી, વલિ ભ્રુંહુ ધનુસમ વાંકડલી;
શિર ઉપર નાગ કિરીટ ધરે, મુખ કમલ કોમલ શોભ કરે. ૧૧
ઘર ઘાટક ઝોટક ઘનના, લખ તો લહુયેં ગુણ કોટિકનાં;
નહિં ખોટ કિસી મુજ ખોટ ખરી, મુનિ ધ્યા મુજ ખોટક છેદ કરી. ૧૨
અઢી વા વરસેં નૃ આઠારતણે, તપ [illegible] શુદિને;
શુભ સુરત ભોજ ખુશાલપણું, કવિ દિતાપ છંદ અખંડ ભણ્યું. ૧૩

શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ છંદ.

પ્રભુ પાસજી તાહરૂં નામ મીઠું, ત્રિહું લોકમાં એટલું સાર દીઠું;
સદા સમરતાં સેવતાં પાપ નીઠું, મન માહરે તાહરૂં ધ્યાન બેઠું. ૧
મન તુમ્હ પાસેં વસે રાત દીસેં, મુખ પંકજ નિરખવા હીંસે;
ધન્ય તે ઘડી જે ઘડી નયણે દીસે, ભલી ભાતસું ભેટવા ચિત્ત હીંસે. ૨
અહો એહ સંસાર છે દુઃખ દારી, ઇંદ્રજાલમાં ચિત્ત લાગ્યો ઠગારી;
પ્રભુ માનિયેં વિનતી એક મોરી, મુજ તાર તું તારક બિરુ- દાલી તારી. ૩
સહી સ્વપ્ન જંજાલમાં સબ મોહ્યો, ગઇ થાલ માંહિ કાલ રમતો ન જોયો;
મુધા એમ સંસારમાં જન્મ ખોયો, અહો ધૂત તાણે દીઠું જલ વિલોયો. ૪
એ તો ભમરલો કેસુંઆં ભ્રાંતિ ધાયો, જઇ શુકની ચંચુ માંહે ભરાયો;

શુકે જંબુ જાણી ગલે દુઃખ પાયો, પ્રભુ બાલમેં છેવડો એમ વાહો. ૫

ભમ્યો ભરમેં ભૂલો રમ્યો કર્મ ભારી, દયા ધર્મની શર્મ મેં નવિ વિચારી;
તોરી નમ્ર વાણી પરમ સુખકારી, ત્રિહું લોકના નાથ મેં નવિ સંભારી. ૬

વિષય વેલડી સેલડી કરિય જાણી, ભજી મોહ તૃષ્ણા તજી તુજ વાણી;
એહવો ભલો ભૂંડો નિજદાસ જાણી, પ્રભુ રાખીયેં બાંહિની છાંહિ પ્રાણી. ૭

આદરા વિવિધ અપરાધની કોડિ સહીયેં, પ્રભુ શરણ આવ્યા તણી લાજ વહીયેં;
વલી ઘણી ઘણી વીનતિ એમ કહીયેં, મુજ માનસેં પરમહંસ રહીયેં. ૮

કલશ.

એ દુખ્ખ ચુરણિ પાસ સ્વામી, મુગતિ ગામી ધ્યાઇયેં;
અનિ બાલ લાગે વિપત્તિ જાવે, પરમસંપદ પાઇયેં.
પ્રભુ મહિમ સાગર ગુણ વિરાગર, પાસ અંતરિક જે સ્તવે;
તસ સકલ મંગલ જય જયારવ, આનંદ વર્દ્ધન વીનવે.

શ્રી પાર્શ્વનાથ છંદ.

આપણ ઘર બેઠાં લીલ કરો, નિજ પુત્ર કલત્ર શું પ્રેમ ધરો;
તમે દેશ દેશાંતર કાંઇ દોડો, નિત્ય પાસ જપો શ્રી જિનરૂડો. ૧
મનોવંછિત સઘળાં કાજ સરે, શિર ઉપર ચામર છત્ર ધરે;

કુલમલ ચાલે આગળ ઘોડા, નિત્ય પાસ જપો શ્રી જિન રૂડો. ૨
ભુતને પ્રેત પિશાચ વલી, સાયસુંદર ડાકણી જાય ટલી;
જલ છઇ ન કોઇ લે ગોડા, નિત્ય પાસ જપો શ્રી જિન રૂડો. ૩
એકાંતર તાવ ચોથો ટાઢ. ... ... ;
નવિ દુઃખે ... ... ગુડો, નિત્ય પાસ જપો શ્રી જિન રૂડો. ૪
કંઠમાલા ... સમલા, ... ઉદર રોગ ... ;
પીડા ન કરે ... , નિત્ય પાસ જપો શ્રી જિન રૂડો. ૫
જાગતો તીર્થંકર પાસ અહું, એમ જાણે ... જગત સહુ;
તતક્ષણ ... ... તોડો, નિત્ય પાસ જપો શ્રી જિન રૂડો. ૬
પાસ ... પૂરી નગરી, ... ઉદયો જિન ... ;
સમય સુંદર ... ... , નિત્ય પાસ જપો શ્રી જિન રૂડો. ૭

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છંદ.

જય જય જગનાયક પાર્શ્વજિનં, ... ;
જિન શાસન મંડન સ્વામિ જયો, તુમ દરિસણ ... આનંદ ભયો. ૧
અશ્વસેન કુલાંબર ભાનુ નિભં, નવ ... શરીર ... પ્રતિભં;
ધરણિંદ્ર સુસેવિત પાદયુગં, ... સદા ૨
નિજરૂપ વિનિર્જિત રંભપતિં, ... શારદ ... ;
નયનાંબુજ દીપ્તિ વિશાલતરા, તિલ કુસુમ સરિખી નાસા પ્રવરા. ૩
રસનામૃત કંદ સમાન સદા, દશનાવલિ અનાર કલી સુખદા.
અધરારુણ વિદ્રુમ રંગધરં, જય શંખ પુરાભિધ પાર્શ્વજિનં. ૪
અતિચારૂ મુકુટ મસ્તક દીપે, કાને કુંડલ રવિ શશિ જીપે

તુમ મહિમા મહિ મંડલ ગાજે, નિત્ય પંચ શબ્દ વાજાં વાજે. ૫
સુર કિન્નર વિદ્યાધર આવે, નરનારી તોરા ગુણ ગાવે;
તુજ સેવે ચોશઠ ઇંદ્ર સદા, તુજ નામે નાંવે કષ્ટ કદા. ૬
જે સેવે તુજને ભાવ ધણે, નવ નિધિ થાયે ઘર તેહ તણે;
અડવડિયાં તું આધાર કહ્યો, સમરથ સાહિબ મેં આજ લહ્યો. ૭
દુખીયાને સુખડાં તું દાખે, અશરણને શરણે તું રાખે;
તુજ નામે સંકટ વિકટ ટલે, વીછડીયાં વાલાં આવિ મલે. ૮
નટ વિટ લંપટ દૂરે નાસે, તુજ નામે ચોરચરડ ત્રાસે;
રણ રાઉલ જય તુજ નામ થકી, સઘલે આગે તુજ સેવ થકી. ૯
યક્ષ રાક્ષસ કિન્નર સાપ ઉરગા, કરી કેશરી દાવાનલ વિહગા;
વધ બંધન ભય સઘલાં જાયે, જે એકમનાં તુજને ધ્યાયે. ૧૦
ભૂત પ્રેત પિશાચ છલી ન શકે, જગદીશ તવાભિધ જાપ થકે;
મહોટા જાંગિરા રહે દૂરે, દૈત્યાદિકનાં તું મદ ચૂરે. ૧૧
ડાયણી સાયણી જાએ હટકી, ભગવંત થાય તુજ ભજન થકી;
કંપી તુજ નામ લીયાં કંપે, દુર્જન મુખથી જીજી જંપે. ૧૨
માના મછરાલા મુહ મોડે, તે પણ આગલથી કરજોડે;
દુર્ગુણ દુષ્ટાદિક તુંહી દમે, તુજ જાપે મહોટા મ્લેચ્છ નમે. ૧૩
તુજ નામે માને નૃપ સબલા, તુજ જશ ઉજ્જવલ જેમ ચંદ કલા;
તુજ નામે પામે ઋદ્ધિ ઘણી, જય જય જગદીશ્વર ત્રિજગ ધણી. ૧૪
ચિંતામણિ કામ ગવી પામે, હયગયરથ પાયક તુજ નામે;
જનપદ ઠકુરાઈ તું આપે, દુર્જન જનનાં દારિદ્ર કાપે. ૧૫
નિર્ધનને તું ધનવંત કરે, તુઠો કોઠાર ભંડાર ભરે;
ઘર પુત્ર કલત્ર પરિવાર ઘણો, તે સહુ મહિમા તુમ નામ તણો. ૧૬
મણિ માણક મોતી રત્ન જડ્યા, સોવન ભૂષણ બહુ સુઘડ ઘડ્યા;

* [illegible] નાર જેમ વસ્યા, તુમ નામેં નવિ રહે કાંઈ મણા. ૧૭
વૈરી વિરૂઓ નવિ તાકિ શકે, વલી ચાડ ચુગલ મનથી ખસકે;
જલ છલ કદા કેહુનો ન લગે, જિનરાજ સદા તુજ જ્યોતિ જગે. ૧૮
ડગ ઠાકુર સવિ થરહર કંપે, પાખંડી પણ કો નવિ ફરકે;
ઝુંટાકિક સહુ નાઠા જાએ, [illegible] તુજ જપતાં જય થાએ. ૧૯
જડ મૂરખ જે મતિહીન વલી, અજ્ઞાન તિમિર તસુ જાય ટલી;
તુજ સમરણથી ડાહ્યા થાયે, પંડિત પદ પામી પૂજાયે. ૨૦
ખસ ખાસ ખયન ગાડા નાસે, દુર્બલ મુખ હીનપણું ત્રાસે;
ગડગુમડ [illegible] નમસાં, તુજ જાપે રોગ સમે સઘલા. ૨૧
ગાંહુલા ગ્રહ [illegible] જિકે, તુજ ધ્યાને ગત દુઃખ થાય તિકે;
તનુ કાંતિકલા સુવિશેષ વધે, તુજ સમરણથી નવ નિધિ સધે. ૨૨
કરિ કેસરી અહિ રણ બંધ સયા, જલ જલણ જલોદર અષ્ટ ભયા;
રોગાદિ પણ સવિ જાય ટલી, તુજ નામે પામે રંગ રલી. ૨૩
ૐ હ્રીં અર્હં શ્રીપાર્શ્વ નમો, નમિઊણ જપતાં દુષ્ટ દમો;
ચિંતામણિ મંત્ર જિકે ધ્યાવે, તિણ ઘર દિન દિન દોલત આવે. ૨૪
ત્રિકરણ શુદ્ધે જે આરાધે, તસ જશ કીર્તિ જગમાં વાધે;
મનોવાંછિત કામ સવે સાધે, સમીહિત ચિંતામણી તુજ સાધે. ૨૫
મદ મચ્છર મનથી દૂર તજે, ભગવંત ભલી પરે જેહ ભજે;
તસ ઘર કમલા કલ્લોલ કરે, વલી રાજ્ય રમણી બહુ લીલ વરે. ૨૬
ભય વારક તારક તું ત્રાતા, સજ્જન મન ગતિ મતિને દાતા;
માતતાત સહોદર તું સ્વામી, શિવ દાયક નાયક હિત કામી. ૨૭
કરૂણા કર ઠાકુર તું મહારો, નિશિવાસર નામ જપું તાહરો;
સેવક શું પરમકૃપા કરજો, વાસે ઘર વંછિત ફલ દેજો. ૨૮
જિનરાજ સદા તું જયકારી, તુજ મૂર્તિ અતિ મોહનગારી;

ગુર્જર જનાગરમાંહે છાજે, ત્રિભુવન ઠકુરાઇ તુજ છાજે. ૨૯
ઇમ ભાવ ધરી જિનવર ગાયો, વામા સુત દેખી અનુ સુખ પાયો;
રવિ મુનિ શશિ સંવત્સર રંગે, જય કેતપુરમાં સુખ સંગે. ૩૦
જય શાખ પુરાણિક પાર્શ્વ કહ્યો, સકલાર્થે સમાધિ દીધિ લીલો;
ગુરુ હર્ષ સૂરિ વિજયરાય મુદા, તપ લબ્ધિ સૂરિ સુખદાય સદા. ૩૧

કલશ. ઇત્થં સ્તુતઃ સકલ કામિત સિદ્ધિ દાતા,
યક્ષાધિરાજ નતપાદ પયોરુહાજ;
સ્વસ્તિ શ્રી હર્ષ સૂરિ પંકજ સુપ્રસાદાત્,
શિષ્યેણ લબ્ધિ સૂરિણેતિ મુદા પ્રસન્નઃ ૩૨

શ્રી પાર્શ્વજિન છંદ.

સકલ સુખાકર જિનવરરાય, ભવિજન વંદો પાસજીના પાય;
નામેં નવ નિધિ હોયે વળી, પૂજતાં પાતક જાયે ટળી. ૧
નયરી વણારસી અશ્વસેનરાય, વામાદેવી જેહના માય;
સતીય શિરોમણી રૂપનિધાન, જિણે જનમ્યા પ્રભુ પાર્શ્વ પ્રધાન. ૨
અંગે આંગી દીપે અતિસાર, રત્ન જડિત શિર મુકુટ ઉદાર;
કાને કુંડલ બાંહે બેરખા, હાર હીયે શોભે નવ લખા. ૩
ધીર નાસિકા તનુ દીપંત, તેજેં શશિકર રવિ જીપંત;
વદન કમલ જસ પુનમ ચંદ, નયન કમલ દીઠે આનંદ. ૪
વાઘ સિંહ ગજ ભય સવિ ટળે, ભૂત પ્રેત વ્યંતર નવિ છળે;
રોગ સોગ દુઃખ વારણહાર, પાસજીને નામેં નિત જયજયકાર. ૫
અંચલગચ્છે ઉદયો ભાણ, ધર્મ મૂર્તિ સૂરિ જગ જાણ;
તાસ તણા વાચક વર શિષ્ય, વંદું રાજમૂર્તિ ગણિ મુખ્ય. ૬
તાસ શિષ્ય પંડિત ઉલટ ધરી, સ્તવન રચ્યું મેં ખંતે કરી;
વિજય સાગર મુનિ પભણે મુદા, સ્તવન ભણે તસ ઘર સંપદા. ૭

અથ શ્રી સંખેશ્વર પાર્શ્વજિન છંદ.

સેવો પાસ સંખેશ્વરો મન શુદ્ધે, નમો નાથ નિશ્ચે કરી એક બુદ્ધે;
દેવી દેવલાં અન્યને શું નમો છો, અહો ભવ્ય લોકો ભૂલા કાં ભમો છો. ૧
ત્રિલોકના નાથને શું તજો છો, પડ્યા પાસમાં ભૂતને કાં ભજો છો;
સુર ધેનું છંડી અજા શું અજો છો, મહા પંથ મૂકી કુપંથે વ્રજો છો. ૨
તજે કોણ ચિંતામણી કાચ માટે, ગ્રહે કોણ રાસભને હસ્તિ સાટે;
સુર દ્રુમ ઉપાડી કુણ આક વાવે, મહા મૂઢ તે આકુલા અંત પાવે. ૩
કીહાં કાંકરો ને કીહાં મેરુ શૃંગં, કીહાં કેસરી ને કીહાં તે કુરંગં;
કીહાં વિશ્વનાથં કીહાં અન્ય દેવા, કરો એક ચિત્તે પ્રભુ પાસ સેવા. ૪
પૂજે દેવી પદ્માવતી આપુનાથે, સહુ જીવને જે કરે છે સનાથે;
મહા તત્ત્વ જાણી સદા જેહ ધ્યાવે, તેનાં દુઃખ દારિદ્ર દૂરે પલાવે. ૫
પામી માનુષ્યનો વૃથા કાં ગમો છો, કુશીલે કરી દેહને કાં દમો છો;
નહીં મુક્તિ વાસં વિના વીતરાગં, ભજો ભગવંત તજો દૃષ્ટિ રાગં. ૬
ઉદયરત્ન ભાખે સદા હિત આણી, દયા ભાવ કીજે પ્રભુ દાસ જાણી;
આજ મારે મોતીડે મેહ વુઠ્યા, પ્રભુ પાસ સંખેશ્વરો આપ તુઠ્યા. ૭

અથ શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ છંદ.

આર્યા.

સકલ સુરાસુર સેવ્યં, દુઃખચૂર્ણ જગત નંદ અભિમાનં;
શ્રી સંખેશ્વર પુરવર, મંડન પ્રણિનૌમિ પાર્શ્વજિનં. ૧

ત્રિભંગી છંદ.

શિવસુખ દાતારં, વિશ્વાધારં, સૌખ્યાકારં, નેતારં,
જિતમદન વિકારં, કરુણાગારં, હતરિપુવારં જેતારં;

કૃત ભવ નીરતારં, પરમોદારં, સ્તવના પારં, ત્રાતારં,
ગુણગણધારં, કીર્તિ સ્ફારં, કેવલ ધારં, ધાતારં. ૨
આનંદાસક્તં, તોષિત ભક્તં, ભય વિમુક્તં, મુખ્યક્તં,
મદ મત્સર મુક્તં, તારણ શક્તં, વિનય વિરક્તં શિવ રક્તં;
અવ્યાહત ભદ્રં, ધૈર્ય ગિરીંદ્રં. ક્ષમા સમુદ્રં સન્મુદ્રં,
મુખ નિર્જિતચંદ્રં, પ્રણત સુરેંદ્રં, મહામુનીંદ્રં, નિસ્તંદ્રં. ૩
ગુણવાસી સ્મરણં, કલ્પિત શરણં, વંદિત ચરણં, વિગતરણં,
કૃતકાનોદ્ધરણં, કલિમલ હરણં, વિમલી કરણં, પ્રવરગણં;
મંડિત કૃતવિનયં, દર્શિત સુનયં, પ્રવચન નિલયં, સંચયં,
ભગવિસ્તુતગુણ નિચયં, મુનિજન હૃદયં, લબ્ધ વિજયં, ક્ષપિ-
તભયં. ૪

કવલીકૃત કાલં, નાયિકરાલં, નતજનપાલં, હૃદયાલં,
હૃત ચિંતાજાલં, બોધિત બાલં, વિશ્વ વિશાલં, સુદયાલં;
ઉત્કૃત ગુણ દાત્રં, સ્તુતિનતિપાત્રં, મુખ કૃતાત્રં, સદ્ગાત્રં,
ભવ લતાનલસૂત્રં, પરમ પવિત્રં, ચારૂ ચારિત્રં, જિનમાત્રં. ૫
દલિત કલિજાતં, ત્રિભુવનતાતં, યોગીધ્યાત વિખ્યાતં,
વિહિતાર્થ વિઘાતં, ક્ષપિતાશાતં, નિર્જર પાતં, નિસ્તાતં;
સંભાવિતદાસં, મુક્તાયાસં, વિશ્વાવાસં, સદ્ભાસં,
કીર્તિસ્થગિતાશં, વિભ્રમ વિનાશં, સદા પ્રકાશં પૂર્ણાશં. ૬
અકલિત મહિમાનં, બોધિ નિધાનં, મુક્તિ નિદાન ગતમાનં,
કૃતકમઠ વિજ્ઞાનં, જગતિ પ્રધાનં, પરમાત્માનં સુજ્ઞાનં;
ષટકુલ કૃતરક્ષં, સર્વ સમક્ષં, વિહત વિપક્ષં, દુર્લક્ષં,
દુર્ગતિ હતકક્ષં, સાધુ સપક્ષં, વશીકૃતાક્ષં, પદ્માક્ષં. ૭
સ્તુતિ શતૈસ્સેવ્યં, પરમ સુપેયં, સુરનરગેયં, સદ્ધેયં,

અનુભવ વિશેય, સ્વાંતાધેય, વિષ્ણુમજ્યેય, વામેય;
ભુજગેશ્વર કેતુ, ભવજલસેતુ, મબમ પનેતું, સહેતુ,
સાંતા સમધ્યેતુ, શ્રુત સમન્વેતુ, સિદ્ધિનિકેતુ, વદેતું. ૮

અથ શ્રી સંખેશ્વર પાર્શ્વનાથનો છંદ.

પ્રહ ઉઠી પ્રણમે પાર્શ્વ મુદા, તે પામે પરમાનંદ સદા;
તસ [illegible] જસ પસરે, સંખેશ્વર સાહિબ જે સમરે. ૧
સુર નરપતી [illegible] પદ ચરણું, ભવ ભય પાડીત જન તુમ શરણું;
તસ દોહગ [illegible] દુઃખ દુર હરે, સંખે૦ ૨
ગજ કેસરી [illegible] જલ રાશી મહોદર [illegible];
[illegible] ભય ન કરે. સંખે૦ ૩
[illegible] [illegible] થયા, તુમ દરસણ અમૃત જેમ [illegible];
તસ મંદીર લક્ષ્મી લીલ કરે. સંખે૦ ૪
દીન દીન [illegible], કોઇ નથી સૂઝી મુખ પૂત [illegible];
અતી સંકટ [illegible] તે ન કરે. સંખે૦ ૫
જે [illegible] સ્તુતિ માલા, તે પામે સબલે જય માલા;
ચિંત ચીંતીત તેહનાં કાજ સરે. સંખે૦ ૬
પ્રભુ રૂપ [illegible] લખે ન શકે, પર દરશન નામે જે ન રહે;
પર [illegible] તેહજ [illegible] કરે. સંખે૦ ૭
અતી દુર્જય કામ નીકામ કર્યો, તીન લોક લગે ઉપગાર કર્યો;
સુંદર શિવ [illegible] તેહ વરે. સંખે૦ ૮
અમૃતથી મીઠી તુજ વાણી, જે બોલ્યા મહે પુરિસાદાણી;
[illegible] અવીચલ તાસ ફીરે. સંખે૦ ૯
[illegible] મહીમંડલ તુજ થકી, અતિશય અધિકો કોય દેવ નથી;
ભવજલ નિધિ દુસ્તર તેહ તરે. સંખે૦ ૧૦

જન્ય વામા જનની તુમ જાયા, અશ્વસેન નરેશ્વર કુલ આયા; તુમ નામ થકી બહુ સુખ પાયા, સુખ કુંવર વિજય શિષ્ય ગુણ ગાયા. ११

અથ શ્રીગોડી પાર્શ્વનાથનો છંદ.

દોહો.

નવખંડિ ગોડી ધણી, સેવક જન આધાર;
પ્રણમુ ભાવે પેખીયે, અદ્ભુત જગ શિરદાર १

ભુજંગ પ્રયાત છંદ.

તમે આન માયા ભજો ભાવ આણી,
વામાનંદને સેવિયે સાર જાણી;
[illegible] નામ નાગિણી નાગ ધ્યાવે,
પામ્યા ઇંદ્રની સંપદા એમ પાવે. २
[illegible] પારણે કાલ કેતો ગમાયાં,
[illegible] પંચ પ્રભુશું પારફરાયાં;
[illegible] દાસ દીધો વિચારી,
પૂરે લોકની આશ અનેક ધારી. ३
[illegible] હાથમાં લાલ કમાન સંગે,
[illegible] ગાનતી નાચતી નીચ અંગે;
[illegible] નીલડી તેજથી વિસ્તારે,
ધ્યાયતા [illegible] પંચ ભુજાં સંચારે. ४
[illegible] પાસ ગોડી તણા પાય પૂજ્યા,
[illegible] સર્વ તેહના સર્વે ધ્રુજ્યા;
સને દેવ દેવી [illegible] આજ જોગાં,
પ્રભુ [illegible] લોક પ્રાકમ મોટાં. ५

ગોડી આપજયોરે નવે ખંડ ગાજે,
જેહથી શાકિની ડાકિની દૂર ભાજે;
પુરે કામના પાર્શ્વ ગોડી પ્રસિદ્ધો,
હેલાં મેઘરાજા જેવું મેર કીધો. ૧
મહા દુષ્ટ દુર્દાંત જે ભૂત ભૂતા,
પ્રભુ નામે પામે સર્વે નાશ ભૂતા;
જરા જન્મકે રોગનાં મૂળ કાપે,
આરાધ્યો સદા શામળા સુખ આપે. ૨
દ્રવ્ય રત્ન ભાંખે નમો પાર્શ્વ ગોડી,
નાંખો નાથજી દુઃખની જાળ તોડી.

અથ શ્રી ગોડીપાર્શ્વનાથનું અષ્ટક.

ભુજંગ પ્રયાત છંદ.

પ્રભુ ગોડીના પાર્શ્વનાથ સારજપે, સુખે નામ જપે મહાવૈરી કંપે;
સદા નમ્ર કર્મા મરેંદ્રા સુરેશ, ભજે ભાવતઃ પાર્શ્વ ગોડી
જીનેશં. ૧ એ આંકણી.
જગન્નાથ કર્તા જગત્કષ્ટ હર્તા, મિથ્યા મુક્તિ ભર્તા તજી દુઃખ ગર્તા;
હરો પાપ સંતાપ નાશો જિનેશં. ભજે. ૨
નમસ્યાર્થ સર્વં શરણ્યાગ પર્વં, દયા દાન કર્મં દહન કર્મ કર્મં;
શિવં સાધુ ચિત્તં ભજે સંજિનેશં. ભજે૦ ૩
ચિદાનંદ રૂપં જગજ્ઞાન રૂપં, જગદ્ધ્યેયરૂપં ત્રિલોકાધિભૂપં;
મને સ્થૈર્ય ભાવે રહે ગોડી દેશં. ભજે૦ ૪
મહા ધૈર્ય ધીરં કૃપા કંદનીરં, જને દાન વીરં તૃષા ભૂમિ શીરં;
નહીં લોકને શોક સંતાપ લેશં. ભજે૦ ૫
ક્ષમાશીલ ગાત્ર ગુણાધાર પાત્રં, સ્તવં નામ મંત્રં જપે ધ્યાન પાત્રં;

સદા ભક્તિને જે ભસે પાર્શ્વ ઇશં. ભજો૦ ૬
અહો શાંત સુદ્ર સમાંબુ: સમુદં, મુખે પૂર્ણ ચંદ્ર નહીં મોહ નિદં;
ચલું નીલ આભા ફિરે નીલ વેશં. ભજો૦ ૭
જશું હસ્ત જોડી સ્તવું માન મોડી, ઇશરી પાર્શ્વ ગોડી કરે ભદ્ર કોડી;
મુને દિજીયે સ્વામી શિવ સન્નિવેશં. ભજો૦ ૮

કલશ. શાર્દૂલ વિક્રાંત વૃત્ત.

પ્રૌઢ ભક્તિ મતા મયામર નવદ્વીપે કુમિ: સન્મિતે,
વર્ષે શ્રી સુગોડાધીશો જિન પતિર્ભાભાર્ચ સૈનાંગજ:;
કલ્યાણાબ્ધિ ગણાધિપેન ભગવાન્ નીત: સ્તતે: સ્તુત:,
દદ્યાદ્ ભવ્ય પરંપરા સુ સતતં કલ્યાણ માલા પરાં. ૯

અથ શ્રી વરકાણાજીનો છંદ.

ચોપેયા છંદ.

ભવિ નરનારી, સમકિત ધારી, જગ ઉપકારી જિણંદ;
સોહંકર શંકર, જગ અભયંકર, સેવે સુરનર ઇંદ.
પારગ પરમેશ્વર, ભુવન દિનેશ્વર, અલવેસર સુખકંદ
વરકાણા પાસં, પૂરે આશં, પુજિ લહો સુખવૃંદ. ૧
એ આંકણી.
સંપત્તિ તતિ આપે, દારિદ્ર કાપે, ભયે સંકટ જાય;
ઘર બેઠા બેઠી, લખમી પેઠી, ચઢતી સંપત્તિ થાય.
હાથી સુંડાલા, અતિ મતવાલા, ઝુલે ઘરે આણંદ; વ૦ ૨
હૈવંતા વાજી, શોભા તાજી, રાજી રાજે ગેહ;
સોહે રથપંતિ, ચઢી ઝલકંતી, પામે પુરૂષ તેહ.
પાયક અતિશૂરા, ભક્તિ પુરા, સસનૂરા લહે વૃંદ. વ૦ ૩
નવ, [illegible] બાલા, રૂપ રસાલા, પામે નવલા ભોગ;

જિન જાપ જપંતા, પાપ ખપંતા, લહિયે શુભ સંજોગ,
પામે જયકંતી, સજ્જનપંતિ, સેવે પદ અરવિંદ. વ૦ ૪

મંદિર અતિ સુંદર, જાસ પુરંદર, સમ સોહે સુરસાલ;
મણિ માણક જડિયા, અંબર અડિયા, તોરણ ઝાક ઝમાલ;
જય કીરતિ સારી, જગ વિસ્તારી, પામે પરમાણંદ. વ૦ ૫

વરકાણા નામે, સંપત્તિ પામે, ઠામ ઠામ સુખ પુર;
જાવે દુઃખ ઝાલા, મંગલ માલા, પામે ચઢતે નુર;
પ્રભુ સેવાકારી, લહે નર નારી, નવલાં સુખનાં વૃંદ. વ૦ ૬

ડર ડાકણ સાકિણ, દૂરે નાસે, પાસે નાવે રોગ;
અરિ કરિ હરિ તસ્કર, જલણ જલોદર, ભાજે સબલા સોક.
મણિધરને ફણિધર જલ ભય જાયે, થાય સરવે આણંદ. વ૦ ૭

જય કીર્તિ વાધે વંછિત સાધે, આરાધે જિન જેહ;
તે સબલ મહોદય, કમલા વિમલા, વિલસી લહે શિવ ગેહ:
સુખ આદી અનંતા, ભજે ભગવંતા, ચિદાનંદ આનંદ. વ૦ ૮

કલશ. છપ્પય છંદ.

જય જય જગદાનંદ, કંદ સુખ સંપત્તિ દાતા;
જય પરમાત્મા સુર, નુર સેવક જન ત્રાતા.
જિન ઉત્તમ પદ પદ્મ, સદા સંપત્તિ ફલદાઈ;
રૂપ વિજય પદ તાસ, ખાસ નવ નિધિ રિદ્ધિ આઈ.
સકલ મનોરથ પુરવા, સુર તરૂ ચિંતામણિપરં;
રૂપ વિજય વંદન કરે, નિત્ય નિત્ય વરકાણેસરં. ૦૧

અથ ભીડભંજન પાર્શ્વનાથનો છંદ.

ઝુલણા છંદ પ્રભાતી.

ભીડભંજન પ્રભુ ભીડભંજન સદા,
નહીં કદા નિષ્ફલ થાય સેવા;
ભવિજન ભાવશું ભજનમાંહી ભજે,
પરમપદ સંપદા તખત લેવા. ૧

કાશી બનારસી જિનપદ પુરે જયો,
વામા અશ્વસેન સુત વિશ્વ દીવો;
સોહી વાત્રક તટે ખેટકપુર તપે,
કલ્પની કોડ કૃપાળ જીવો. ૨

ભીડ ભવ ભ્રાંતિભય ભાવઠ ભંજણો,
ભક્તજન રંજણો ભાવે ભેટયો;
આજ જિનરાજ મુજ કાજ સિદ્ધાં સવે,
મોહ રાજનનો માન મેટયો. ૩

કોડિ મન કામના સુજસ બહુ ઠામના,
શિવસુખ ધામના આજ સાધ્યાં;
મંગળ માલિકા આજ દીપાલિકા,
મુજ મન મંદિરે મોજ વાધ્યા. ૪

આઠકે ઠાઠમેં શક્તિ વદ આઠમેં,
સત્ત અઠયોત્તરે પાસ ગાયો;
ઉદય નિજ દાસની મોહ અરદાસ સુણિ,
હિત ધરી નાથજી હાથ સાહ્યો. ૫

શ્રી સંખેશ્વર પારસનાથનું સ્તવન.

ઉઠની ઉઠ તું બેહેન આળસ તજી,
પાઠ કરવા તણો સમય જાશે. એ દેશી.

પાસ સંખેશ્વરા, સાર કર સેવકા,
દેવકાં એવડી વાર લાગે;
કોડી કરજોડી દરબાર આગે ખડા,
ઠાકુરા ચાકુરા માન માગે. પાસ. ૧

પ્રગટ થા પાસજી, મેલી પડદો પરો,
મોહ અસુરાંણુ તે આપ છોડો;
મુજ મહીરાંણુ મંજુસમાં પેસીને,
ખલકના નાથજી બંધ ખોલો. પાસ. ૨

જગતમાં દેવ જગદીશ તું જાગતો,
એમ શું આજ જિનરાજ ઊંઘે;
મોટા દાનેશ્વરી તેહને દાખીએ,
દાન દે જેહ જગકાળ મોંઘે. પાસ. ૩

ભીડ પડી જાદવા જોર લાગી જરા,
તતક્ષણ ત્રીકમે તુજ સંભાર્યો;
પ્રગટ પાતાળથી પલકમાં તેં પ્રભુ,
ભક્તજન તેહનો ભય નીવાર્યો. પાસ. ૪

આદી અનાદી અરિહંત તું એક છે,
દીન દયાળ છે કોણ દુજો;
ઉદયરત્ન કહે પ્રગટ પ્રભુ પાસજી,
પામી ભય ભંજનો એહ પુજો. પાસ. ૫

અથ શંખેશ્વર જિન સ્તવન.

(રાગ પ્રભાતી)

સાર કર સાર કર સ્વામી સંખેશ્વરા,
વિશ્વ વિખ્યાત એકાંત આવો;
જગતના નાથ મુજ હાથ ઝાલી કરી,
આજ કિમ કાજમાં વાર લાવો. સા૦ ૧
કટક મુજ રંજજો શત્રુ દુઃખ ભંજજો,
દુષ્ટ પરિષદ મોહે તુંહીં સાચો;
પાયક ખિજમત કરે વિપતિ સમે ખિણ ભરે,
નવિ રહે તાસ અભિલાષ કાચો. સા૦ ૨
યાદવા રણજણું રામ કેશવ રહ્યું,
તામ લાગી જરા નિંદ સોતી;
સ્વામી શંખેશ્વરા ચરણ જલ પામીને,
યાદવની જરા જાય રોતી. સા૦ ૩
આજ જિનરાજ તિમ કિશું આ સમે,
ભાગ મહારાજ સેવક પનોતા;
બુધ્ધિ મધે ટળે ભૂલે દોલત હરે,
વીર હાંકે રિપુ વૃંદ રોતા. સા૦ ૪
દાસ હું જન્મના પૂરીયે કામના,
ધ્યાનથી આસ દસ દોષ વીત્યા;
વિકટ સંકટ હરો નિકટ નમણાં કરો,
લો અમે શત્રુ નૃપતિ જીત્યા. સા૦ ૫
કાલ મુખે આસન શીતલાયે વસન,
આમ સુખાસને રહું ઉદાસ;

મુમુક્ષુ નર સાંભરે વીસરે નહીં કદા,
પાસજી તું સદા છે સખાઈ. આ૦ ૬
માત તું તાત તું ભ્રાત તું દેવ તું,
દેવ દુનિયામેં દૂજો ન વાહ્લો;
શ્રી શુભ વીર જગજીત ડંકા કરે,
નાથજી નેક નયણે નિહાલો. આ૦ ૭

અથ શ્રી શંખેશ્વરજીનું સ્તવન.

સહજાનંદી શીતળ સુખ ભોગી તો,
હરિ દુઃખ હરિયે સતાવરી;
કેસર ચંદન ઘોળી પૂજોરે કુસુમે,
અમૃત વેલિના વૈરીની બેટી તો.
કંતહાર તેહના અરિ. કેસર. ૧
તેહના સ્વામિની કાંતાનું નામ તો,
એક વરણે લક્ષણ ભરી; કેસર.
તે સુર થાપીને આગળ ઠવિયે તો,
ઉપમાણ ચંદ્રક ખેચારી. કેસર. ૨
કુરંગનો વરણ તે નયન પ્રમાણે તો,
માત્રા સુંદર શિર ધરી. કેસર.
વીશરાજ સુત દાહક નામે તો,
તિમ વરણાદિ દુરે કરી. કેસર. ૩
એકવીસમે દ્રવ્યે ધરી કલશ તો,
અર્ધાવિધ તે સમ હરી. કેસર.
અંતરમેં બીજો સ્વપ બળી બે,

સિવગામી ગતિ આચરી. કેસર. ૪
વીસ કુરસ વળી સંયમ માને તો,
આદિકરણ ધરી દેહ ધરી. કેસર.
ઇણું નામેં જિનવર નિત્ય ધ્યાઉં તો,
જિનહર જિનકું પરિહરી. કેસર. ૫
ત્ર્યંબકે દાહ્યા વૃષ જન [illegible] તો,
વાત એ દિલમેં ન ઉતરી. કેસર.
અજ ઇશ્વર પણ સીતાનેં [illegible] તો,
[illegible] વિદ્યા નારતા ધરી. કેસર. ૬
તે જિન તસ્કર શું [illegible] તો,
હરિ પ્રભુને [illegible]; કેસર.
આલાપણે ઉપજાવે [illegible],
મોહન છલ [illegible] કેસર. ૭
પ્રભુ પ્રત્યક્ષ [illegible] તો,
[illegible] ભવમાં [illegible]; કેસર.
મન મંદિર મહારાજ [illegible] તો,
હરિ ઉદયે ન [illegible] ધરી. કેસર. ૮
મારગમાં સંપા [illegible] તો,
ધ્યાન અનુભવ લેહરી; કેસર.
શ્રી શુભવીર વિજય શિવ વહુને તો,
ઘર તેડતાં હાથ ધરી. કેસર. ૯

અથ શ્રી શંખેશ્વરજીનું સ્તવન.

અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તુમારો;
સાંભળીને આવ્યો હું તીરે, જન્મ મરણ દુઃખ વારો. ૧

સેવક અરજ કરે છે રાજ, અમને શિવસુખ આપો. એ આંકણી.
સહુકોનાં મનવંછિત પૂરો, ચિંતા સહુની ચૂરો;
એહવું બિરૂદ છે રાજ તુમારૂં, કેમ રાખો છો દૂરે. સે૦ ૨
સેવકને વલવલતો દેખી, મનમાં મહેર ન ધરશો;
કરૂણાસાગર કેમ કહેવાશો, જો ઉપગાર ન કરશો. સે૦ ૩
લટપટનું હવે કામ નહીં છે, પ્રત્યક્ષ દરિસણ દીજે;
ધુઆડે ધીજું નહીં સાહિબ, પેટ પડયાં પતીજે. સે૦ ૪
શ્રી શંખેશ્વર મંડણ સાહિબ, વીનતડી અવધારો;
કહે જિનહર્ષ મયાકર મુજને, ભવસાયરથી તારો. સે૦ ૫

શ્રી પારસનાથજીનું સ્તવન.

રઘુપતિરામ રૂદેમાં રેહેજોરે. એ દેશી.

આવોરે આવો પાસજી મુજ મળીયારે;
હાંરે મારા મનના મનોરથ ફળીઆ, આવોરે. આંકણી.
હાંરે તારી મુરત મોહન ગારીરે;
હાંરે સહુ સંઘને લાગે છે પ્યારીરે.
હાંરે તમને મોહ્યાં રહ્યા સુર નરનારી; આવોરે. ૧
હાંરે અલબેલી મુરત પ્રભુ તાહારીરે;
હાંરે તાહરા મુખડા ઉપર જાઉં વારીરે.
હાંરે નાગ નાગણીની જોડ ઉગારી; આવોરે. ૨
હાંરે ધન ધન દેવાધિદેવારે;
હાંરે સુરલોક કરે છે સેવારે.
હાંરે હમને આપોની શિવપુર મેવા. આવોરે. ૩
હાંરે તમે શિવરમણીના રસીઆરે,
હાંરે જઇ વાસપુરીમાં વસીઆરે;

હાંરે મારા હૃદય કમળમાં વસીઆ; આવોરે. ૪
હાંરે જે કોઈ પાસતણા ગુણ ગાશેરે,
હાંરે ભવ ભવનાં પાતિક જાશેરે;
હાંરે તેનાં સમકીત નીરમળ થાશે. આવોરે. ૫
હાંરે પ્રભુ ત્રેવીસમા જીનરાયારે,
હાંરે માતા વામા દેવીના જાયારે;
હાંરે હમને દરશન દ્યોની દયાળા. આવોરે. ૬
હાંરે હું તો લળી લળી લાગુંછું પાયરે,
મારા ઉરમાં તે હરખ ન માયરે;
હાંરે એમ માણેકવિજય ગુણ ગાયરે. આવોરે. ૭

અથ શ્રી પાર્શ્વનાથજીનું સ્તવન.

સજની મોરી પાસ જિણેસર પુજોરે, સ૦ જગમાં દેવ ન દુજોરે.
સ૦ સારંગપુર શણગારરે, સ૦ પુજાદોય પ્રકારરે. સ૦ ૧
સ૦ જિનપડિમા જયકારરે, સ૦ વારી જાઉં વાર હજારરે.
એ આંકણી.

સ૦ ગણધર સુત્રે વખાણીરે, સ૦ સિદ્ધની ઉપમા આણીરે.
સ૦ સમકિતની વૃદ્ધિકારીરે, સ૦ તે કેમ જાશે નિવારીરે. સ૦ ૨
સ૦ ભગવઇ અંગેધારોરે, સ૦ ચારણમુનિ અધિકારોરે;
સ૦ જિન પડિમા જિન સરખીરે, સ૦ સુત્ર ઉવવાઇ નિર-
ખીરે. સ૦ ૩

સ૦ રાયપસેણી ભાંખીરે, સ૦ જીવાભિગમેં દાખીરે;
સ૦ વ્યવહારે પણ ભાખીરે, સ૦ શુદ્ધિ પડિમા સાખીરે. સ૦ ૪
સ૦ જંબુપન્નત્તિ ઠાણાંગરે, સ૦ બોલે દશાસુ અંગરે;
સ૦ મહા નિશીથેં વિચારોરે, સ૦ પૂજાનો અધિકારોરે સ૦ ૫

સ૦ સાતમે અંગે વિખ્યાતરે, સ૦ આણંદ શ્રાવક વાતરે;
સ૦ અનઉત્થી પડિમા વારીરે, સ૦ સુધા સમકિતધારીરે સ૦ ૬
સ૦ જ્ઞાતા પાઠ દેખાવેરે, સ૦ કુમતિ ભરમ ન જાવેરે;
સ૦ એમ અનેક સૂત્ર સાખરે, સ૦ કહો હવે કેહનો વાંકરે. સ૦ ૭
સ૦ અમા અરોચક થાશેરે, સ૦ નવ દંડકમાં જાશેરે;
સ૦ જીવ કરમવસ જાણોરે, સ૦ કુણકુમક કુણરાણોરે; સ૦ ૮
સ૦ જિનવર સેવા સારોરે, સ૦ વિષય કરો પરિહારોરે;
સ૦ સેવા અબંધક ભાવરે. સ૦ ભવજલ તરવા નાવરે. સ૦ ૯
સ૦ મણિ ઉદ્યોત પ્રભુ સાચોરે, સ૦ જેહવો હીરો જાચોરે;
સ૦ શંકા મન નવિ લાવોરે, સ૦ શું ઝાઝું કેહવરાવોરે. સ૦ ૧૦

શ્રી અજરા પાર્શ્વનાથજીનું સ્તવન.

મહાકોપ થયો તે કળી કાળમાંજો. ગરબાની દેશી.

હાંરે મારે આજની ઘડી તે રળીઆમણીજો;
અજરા પાસજી પુજ્યાની વધામણીજો. મારે આજની૦ ૧
પુરો પુરોરે સોહાગણ સાથીઓ જો.
મારે મંદિરે પધારયો પાસ હાથીઓ જો. મારે આજની૦ ૨
હું તો મોતીડાના ચોક પુરાવતી જો;
અજરા પાસજીની આંગીઓ રચાવતી જો. મારે આજની૦ ૩
હું તો ચંબેલીના થંભ રોપાવતી જો;
અજરા પાસજીને પધરાવતી જો. મારે આજની૦ ૪
કહે રૂપચંદ સ્વામીને દીઠડા જો;
મારા હૃદય કમળ લાગે મીઠડા જો. મારે આજની૦ ૫

અથ દીક્ષા કલ્યાણકે ષષ્ઠ ધુપ પૂજા પ્રારંભ.

હવે ગતિ દેવનીરે. એ દેશી.

ત્રીજે વરસ ઘરમાં વસ્યારે, સુખભર વામાનંદ;
સંજમ રસીયા જાણીનેરે, મળિયા ચોસઠ ઇંદ.
નમો જિન નાથજીરે, નિરખત નયનાનંદ. નમોજિન૦ ૧
એ આંકણી.

તીર્થોદકવર આણિયેરે, મેળવતા બહુ ઠાઠ;
આઠ જાતિ કલશા ભરીરે, એક સહસને આઠ. નમો૦ ૨
અચ્યુતેન્દ્ર રાજા હુવેરે, પાછળ સુરઅભિષેક;
કુસુમ કુસુમે અલંકર્યારે, દેવ ન ભુલે વિવેક. નમો૦ ૩
વિશાલા નામે શિબિકારે, બેઠા સિંહાસનનાથ;
બેઠી કરતી દક્ષિણેરે, પટશાટક લેઇ હાથ. નમો૦ ૪
વામ દિશે અંબ ધાતરીરે, પાછળ ધરી શણગાર;
છત્ર ધરે એક યૌવનારે, ઇશાન કુલ કરનારી. નમો૦ ૫
અગ્નિકુણે એક યૌવનારે, રયણ મેં પંખો હાથ;
ચઉ દિશિ શિબિકા ગાવતીરે, સર્વ સાહેલી સાથ. નમો૦ ૬
શક્ર ઇશાન ચામર ધરેરે, વાજિંત્રનો નહિ પાર;
આઠ મંગલ આગલ ચલેરે, ઇંદ્ર ધ્વજ ઝલકાર. નમો૦ ૭
ઇમ ઘણી નર નારીયોરે, જુઓ કરે પરણામ;
ધુમમાં વધેરા સુગંધનારે, બોલે પ્રભુને નામ. નમો૦ ૮
જીત નિશાન ચઢાવતોરે, મોહની કરી ચકચુર;
જિમ સંવત્સર દાનથીરે, દલિદ્દર કાઢ્યા દૂર. નમો૦ ૯
વરઘોડેથી ઉતર્યારે, કાસી નગરને બાર;
આશ્રમપદ ઉદ્યાનમાંરે, વૃક્ષ અશોક રસાલ. નમો૦ ૧૦

અનુમ તપ અણુસણ લહીરે, ઉચ્ચરે મહાવ્રત ચાર;
પાસ બહુલ એકાદશીરે, ત્રણસયાં પરિવાર. નમો૦૧૧
મનઃપર્યવ તવ ઉપનુંરે, ખંધ ધરે જગદીશ;
દસ દુષ્ય ઇંદ્રે દિયુંરે, રહેશે વરસ ચત તીશ. નમો૦૧૨
નાગેરગગ મુદ્રાર્થે રહ્યાંરે, ક્ષુર નંદિસાર જાત;
માતપિતા વંદિ વધયાંરે, શ્રી શુભવીર પ્રભાત. નમો૦૧૩

અથ કેવલજ્ઞાન કલ્યાણકે સપ્તમ દીપક પૂજા પ્રારંભ.

(ઢાલ) મહાવીર પ્રભુ ઘરે આવે. એ દેશી.

પ્રભુ પાસનાથ સધાવ્યા, કાદંબરી અટવી આવ્યા;
કુંડ નામે સરોવર તીરે, ભરયું પંકજ નિરમલ નીરેરે.
વન મોહન સુંદર મેલા, મન્મ લોક નગર મન્ય મેલારે. મન. ૧
એ આંકણી.
દાનેરગગ મુદ્રા પ્રભુ ઠાવે. વનહાથી તિહાં એક આવે;
જલ સુંઢભરી નવરાવે, જિનઅંગે કમલ ચઢાવેરે. મન. ૨
કલીકુંડ તીરથ તિહાં થાવે, સુરતા ગતિ દેવના પાવે;
વલિ કોસ્તુભ વન આવે,ધરણેંદ્ર વિનય ધરી જાવેરે.મન. ૩
ત્રણદિન કુણી છત્ર ધરાવે, અહિછત્રા નગરી વસાવે;
મહાનાગપુર જઈ પૂઠે, તિહિ તાપસી વડાઘ વડ હેઠેરે. મન. ૪
ઘરા કમઠ સુરી મેઘમાલી, આવ્યો વિભંગે નિહાળી;
ઉપસર્ગ કરયા બહુ જાતિ, નિશ્ચલ દીઠી જિન છાતીરે. મન. ૫
ગગને જલ ભારી વાદલિયો, વરસે ગાજે વીજલીયો;
પ્રભુ નાસા ઉપર જલ જાવે, ધરણેંદ્ર પ્રિયાસહ આવેરે. મન. ૬
ઉપસર્ગ હરી પ્રભુ પૂજી, મેઘમાલી પાપથી ધ્રુજી;

જિનભક્તિ સમકિતપાવે, એહુ જણ સર્ગ સધાવેરે. મન. ૭
આવ્યા કાશી ઉદ્યાનેં, રહ્યા સ્વામી કાઉસ્સગ્ગ ધ્યાને;
અપૂરવ વીર્ય ઉલ્લાસેં, ઘનઘાતી ચાર વિનાસેરે. મન. ૮
ચોરાશી ગયા દિન આખા, વદિ ચૈતર ચોથ વિશાખા;
અઠ્ઠમ તરૂધાતકી વાસી, થયા લોકાલોક પ્રકાશીરે. મન. ૯
મલે ચોસઠ ઇંદ્ર તે વાર, રચે સમવસરણ મનોહાર;
સિંહાસન સ્વામી સુહાવે, શિર ચામર છત્ર ઢલાવેરે. મન.૧૦
ચોત્રીશ અતિશય થાવે, વનપાલ વધામણિં લાવે;
અશ્વસેન વામા રાણી, પરભાવતી હર્ષ ભરાણીરે. મન.૧૧
સામઇયું સજી સહુ વંદે, જિનવાણી સુણી આણંદે;
સસરો સાસુ વહુ સાથે, દીક્ષા લીધી પ્રભુ હાથેરે. મન.૧૨
સંઘ સાથે ગણીપદ ધરતા, સુરજ્ઞાન મહોત્સવ કરતા;
સ્વામી દેવ છંદે સોહાવે, શુભવીર વચન રસ ગાવેરે. મન.૧૩

અથ પ્રભાતી રાગ ગોડીજિન સ્તવન.

પ્રભુરે ગોડીચા પાસજી, કરો મોરી કૃપાલ;
જગમાંહે જાણે સહુ, તુમ હો દીન દયાલ. પ્રભુ. ૧
બિરૂદ ગરિબ નિવાજણું, અશરણ આધાર;
પતિત પાવન પરમેસરૂ, સેવક આધાર. પ્રભુ. ૨
ભૂત પ્રેત છેડે નહીં, ધરતાં તુમ ધ્યાન;
ગયવરના અસવારને, કહો કેમ અડકે શ્વાન. પ્રભુ. ૩
ચાંકી યો તુમ ઉપરેં, દઢ સમકિત ધારી;
ભગતિ વચ્છલ ભગવંતજી, કરો દેવ કરારી. પ્રભુ. ૪
પાપ પડલ જાવે પરાં, વેદન વિસરાલ;
કહે લાવણ્ય તુમ નામથી, હોવે મંગલ માળ. પ્રભુ. ૫

શ્રી પાર્શ્વનાથજીની સ્તુતિ.

શંખેશ્વર પાસજી પૂજીએં નર ભવનો લાહો લીજીએં;
મનવંછિત પૂરણ સુરતરૂ, જય વામા સુત અલવેસરૂ. ૧
દોય રાતા જિનવર અતિભલા, દોય ધોળા જિનવર ગુણનીલા;
દોય નીલા દોય શામલ કહ્યા, સોળે જિન કંચનવર્ણ લહ્યા. ૨
આગમ તે જિનવરેં ભાખિઓ, ગણધર તે હૈયડે રાખીઓ;
તેહનો રસ જેણે ચાખીઓ, તે હુઓ શિવસુખ સાખીઓ. ૩
ધરણીધર રાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વ તણા ગુણ ગાવતી;
સહુ સંઘનાં સંકટ ચૂરતી, નય વિમલના વંછિત પૂરતી. ૪

અથ શ્રી પાર્શ્વનાથજીની સ્તુતિ.

પાસ જિણંદા વામાનંદા, જબ ગરભેં ફલી;
સુપનાં દેખે અર્થ વિસેખેં, કહે મઘવા મલી.
જિનવર જાયા સુર હુલરાયા, હુઆ રમણી પ્રિયે;
નેમિ રાજી ચિત્ત વિરાજી, વિલોકિત વ્રત લીએ. ૧
વીર એકાકી ચાર હજારે, દીક્ષા ધુર જિનપતિ;
પાસને મલ્લી ત્રય શત સાથેં, બીજા સહુસેં વ્રતી.
ખટશત સાથેં સંજમ ધરતા, વાસુપૂજ્ય જગ ધણી;
અનુપમ લીલા જ્ઞાન રસીલા, દેજો મુજને ઘણી. ૨
જિન મુખ દીઠી વાણી મીઠી, સુરતરૂ વેલડી;
દ્રાખ વિહાસે ગઇ વનવાસે, પીલે રસ સેલડી.
સાકર સેતી તરણાં લેતી, મુખે પશુ ચાવતી;
અમૃત મીઠું સ્વર્ગે દીઠું, સુર વધુ ગાવતી. ૩
ગજ મુખ દક્ષો વામન જક્ષો, મસ્તકે ફણાવળી;

ચાર તે ખાંણી કુમ્છગ વાણી, કાયા જસ સાંભળી.
ચક્રીકર પ્રૌઢા નાગારૂઢા, દેવી ચક્રઆવતી;
સોવન કાંતિ પ્રભુ ગુણ ગાતી, વીર ઘેર આવતી. ૪

ચોવીસે તીર્થંકર દેવોનાં ચૈત્યવંદન, સ્તવન, અને થોયો. અનુક્રમવાર.

૧ ઋષભદેવનાં. પાને ૧ થી ૨૯ સુધી.

૨ અજીતનાથનાં પાને ૭૨ થી ૮૦ સુધી.

૧ શ્રી સંભવનાથ સ્વામીનાં ચૈત્યવંદનો.

સુગ્રામ ગૈવેજ ચ્યવન છે, જનમ્યા મૃગશિર માંહિ;
દેવ ગણે સંભવજિના, નમિયે નિત્ય ઉચ્છાહિ. ૧
સાવથિપુરી રાજિયો, મિથુનરાશી સુખકાર;
પજાયોના પામીયા, યોની નિવારણ હાર. ૨
ચૌદ વરસ છદમસ્થમાંએ, નાણ શાલ તરૂ સાર;
સહસ પ્રતોશું શિવ વર્યા, વીર જગત આધાર. ૩

૨

સાવથી નયરી ધણી, શ્રી સંભવનાથ;
જિતારિ નૃપ નંદનો, ચલવે શિવ સાથ. ૧
સેના નંદન ચંદને, પૂજો નવ અંગે;
ચ્યારસે ધનુષ્યનું દેહિમાન, પ્રણમું મનરંગે ૨
સાઠ લાખ પૂરવતણુ એ, જિનવર ઉત્તમ આય;
તુરંગ લંછન પદ પદ્મમાં, નમતાં શિવ સુખ થાય. ૩

૩

સનામ ગ્રૈવેયક થકી, ચવીયા શ્રી સંભવ;
ફાલ્ગુણ શુદિ આઠમ દિને, સોહે ચૌદશ અભિનવ. ૧
માગશીર મારેં જનમીયા, તિમ્રિ પૂનમ સંજમ;
કાર્તિક વદિ પાંચમ દિને, લહે કેવળ નિરૂપમ. ૨
પંચમી ચૈત્રના ઉજલીએ, શિવ પહોતા જિનરાજ;
જ્ઞાનવિમલ પ્રભુ પ્રણમતાં, સિઝે સઘલાં કાજ. ૩

અથ શ્રી સંભવનાથજીનું સ્તવન.

સાહિબ સાંભળોરે, સંભવ અરજ અમારી,
ભવોભવ હું ભમ્યોરે, ન લહિ સેવા તુમારી;
નરક નિગોદમાં રે, તિહાં હું બહુ ભવ ભમીઓ,
તુમ વિના દુઃખ સહ્યાં રે, અહનિસ ક્રોધે ધમધમીયો. સા૦ ૧
ઇંદ્રિયવશ પડયોરે, પાળ્યાં વ્રત નવિ સૂસેં,
ત્રસ પણ નવિ ગણ્યા રે, હણીયા થાવર હુંસેં;
વ્રત ચિત્ત નવી ધર્યાં રે, બીજું સાચું ન બોલ્યું,
પાપની ગોઠડી રે, તિહાં મેં હઇડલું ખોલ્યું. સા૦ ૨
ચોરી મેં કરી રે, ચઉવિહ અદત્ત ન ટાળ્યું,
શ્રી જીન આણશું રે, મેં નવી સંજમ પાળ્યું;
મધુકર તણી પરે રે, શુદ્ધ ન આહાર ગવેષ્યો,
રસના લાલચે રે, નીરસ પીંડ ઉવેખ્યો. સા૦ ૩
નર ભવ દોહિલો રે, પામી મોહ વશ પડિઓ,
પરસ્ત્રી દેખીને રે, મુજ મન તિહાં જઈ અડિઓ;
કામ ન કો સર્યાં રે, પાપે પીંડ મેં ભરીઓ,

શુદ્ધ બુદ્ધ નવિ રહિ રે, તેણે નવિ આતમ તરીયો. સા૦ ૪
લક્ષ્મીની લાલચે રે, મેં બહુ દીનતા દાખી,
તોપણ નવી મલી રે, મલી તો નવી રહી રાખી;
જે જન અભિલખે રે, તે તો તેહથી નાસે,
તૃણ સમ જે ગણે રે, તેહની નિત રહે પાસે. સા૦ ૫
ધન ધન તે નરા રે, એહનો મોહ વિછોડી;
વિષય નિવારીને રે, એહને ધર્મમાં જોડી.
અભક્ષ તે મેં ભખ્યાં રે, રાત્રી ભોજન કીધાં,
વ્રત છ નવિ પાળીયાં રે, જેહવાં મુખથી લીધાં. સા૦ ૬
અનંત ભવ હું ભમ્યો રે, ભમતાં સાહિબ મલિયો,
તુમ વિના કોણ દિયે રે, બોધિ રયણ મુજ બળીયો;
સંભવ આપજો રે, ચરણ કમલ તુમહ સેવા,
નય એમ વિનવે રે, સુણજો દેવાધિદેવા. સા૦ ૭

અથ શ્રી સંભવનાથ સ્વામીની સ્તુતિઓ.

સંભવ સ્વામી સેવીયે, ધન સજન દીહા;
જિન ગુણ માલા ગાવતા, ધન્ય તેહની જીહા;
નયણ સુગંગ તરંગમાં, ન્હાતાં શિવ ગેહી;
ત્રિસુખ સુદરિતારીકા, શુભ વીર સનેહી.

૨

સંભવ સુખદાતા, જેહ જગમાં વિખ્યાતા;
ષટ જીવોના ત્રાતા, આપતા સુખશાતા.
માતાને ભ્રાતા, કેવલ જ્ઞાન જ્ઞાતા;
દુઃખ દોહગ ત્રાતા, જાસ નામે પલાતા. ૧

શ્રી અભિનંદન સ્વામીનાં ચૈત્યવંદનો.

ચ્યવ્યા જયંત વિમાનથી, અભિનંદન જિનચંદ;
પુનર્વસુમાં જનમિયા, રાશિમિથુન સુખકંદ. ૧
નયરી અયોધ્યાનો ધણી, યોનીવર મંજાર;
છદ્મ વિહારે તપ તપ્યા, ભૂતલ વરસ અઢાર. ૨
જલી રાયણ પાદપતલેએ, વિમલ નાણ ગણદેવ;
મોક્ષ સહસ મુનિશું ગયા, વીર કરે નિત્ય સેવ. ૩

૨

નંદન સંવર રાયનો, ચોથા અભિનંદન;
કપી લંછન વંદન કરો, ભવદુઃખ નિકંદન. ૧
સિદ્ધારથ જસ માવડી, સિદ્ધારથ જસ રાય;
સાડાત્રણસે ધનુષ્ય માન, સુંદર જસકાય. ૨
વનીતા વાસી વંદીએ, આયુ લખ પંચાસ:
પૂરવ તસ પદ પદ્મને, નમતાં શીવપુર વાસ. ૩

૩

જયંત વિમાન થકી ચવ્યા, અભિનંદન રાયા,
વૈશાખ સુદિ ચોથિમાઘ, શુદિ બીજે જાયા. ૧
મહાસુદિ બારશે ગ્રહીય દીક્ષા, પોશી શુદિ ચઉદશ:
કેવળ શુદિ વૈશાખની, આઠમે શિવસુખ રસ. ૨
ચોથા જિનવરને નમીએ, ચઉગતિ ભ્રમણ નીવાર:
જ્ઞાનવિમલ ગણપતિ કહે, જિન ગુણનો નહીં પાર. ૩

અથ શ્રી અભિનંદનજિન સ્તવન.

સુણજો હો પ્રભુ૦ એ દેશી.

દીઠી હો પ્રભુ, દીઠી જગ ગુરૂ તુજ;
મૂરતિ હો પ્રભુ, મૂરતિ મોહન વેલડીજી.
મીઠી હો પ્રભુ, મીઠી તાહરી વાણી;
લાગે હો પ્રભુ, લાગે જેસી સેલડીજી. ૧
જાણું હો પ્રભુ, જાણું જન્મ કૃતાર્થ;
જોઉં હો પ્રભુ, જોઉં તુમ સાથે મિલ્યોજી.
સુરમણિ હો પ્રભુ, સુરમણિ પામ્યો હથ્થ;
આંગણે હો પ્રભુ, આંગણે મુજ સુરતરૂ ફલ્યોજી. ૨
જાગ્યાં હો પ્રભુ, જાગ્યાં પુણ્ય અંકૂર;
માગ્યા હો પ્રભુ, મુહ માગ્યા પાસા ઢળ્યાજી.
વુઠા હો પ્રભુ, વુઠા અમિ રસ મેહ;
નાઠા હો પ્રભુ, નાઠા અશુભ શુભ દિન વળ્યાજી. ૩
ભૂખ્યાં હો પ્રભુ, ભૂખ્યાં મળ્યાં ઘૃત પૂર;
તરસ્યાં હો પ્રભુ, તરસ્યાં દિવ્ય ઉદક મિલ્યાંજી.
થાકયાં હો પ્રભુ, થાકયાં મિલ્યા સુખપાલ;
ચાહતાં હો પ્રભુ, ચાહતાં સજન હેજે હલ્યાજી. ૪
દીવો હો પ્રભુ, દીવો નિશાવિન ગેહ;
સાથી હો પ્રભુ, સાથી થલે જલનૌકા મલિજી.
કલિજુગે હો પ્રભુ, કલિજુગે દુલહો મુજ;
દરિસન હો પ્રભુ, દરિસન લહ્યું આશા ફલીજી. ૫
વાચક હો પ્રભુ, વાચક યશ તુમ દાસ;

વીનવે હો પ્રભુ, વીનવે અભિનંદન સુણોજી.
કહિયે હો પ્રભુ, કહિયે મ દેશો છેહ;
દેજો હો પ્રભુ, દેજો સુખ દરિસણ તણોજી. ૬

શ્રી અભિનંદન સ્વામીની સ્તુતિઓ.

અભિનંદન ગુણ માલિકા, ગાવતા અમરાલિકા;
કુમતકી પરજાલિકા, શિવ વહુ વર માલિકા.
સંગે ધ્યાનકી તાલિકા, આગમની પરનાલિકા;
સેવેરો સુર બાલિકા, વીર નમે નિત્ય કાલિકા. ૧

૨

સંવર સુત સાચો, જાસ સ્યાદ્વાદ વાચો;
થયો હીરો જાચો, મોહને દેઈ તમાચો.
પ્રભુ ગુણ ગણ માચો, એહને ધ્યાને રાચો;
જીનપદ સુખ ચાખો, ભવ્ય પ્રાણી નીકાચો. ૧

શ્રી સુમતિનાથ સ્વામીનાં ચૈત્યવંદનો.

સુમતિ જયંત વિમાનથી, રહ્યા અયોધ્યા ઠામ;
રાક્ષસ ગણ પંચમ પ્રભુ, સિંહરાશી ગુણ ધામ. ૧
મઘા નક્ષત્રે જનમિયા, મુષક યોની જગદીશ;
મોહરાય સંગ્રામમાં, વરસ ગયાં છવ્વીસ. ૨
જીત્યો પ્રીયંગુ તરૂ તળેએ, સહસ મુનિ પરિવાર;
અવિનાશી પદવી વર્યા, વીર નમે સો વાર. ૩

૨

સુમતિનાથ સુહંકરૂ, કોશલ્લા જસ નયરી;
મેઘરાય મંગલા તણો, નંદન જિત વયરી. ૧

ક્રૌચ લંછન જિનરાજીયો, ત્રણસેં ધનુષની દેહ;
ચાલીસ લાખ પૂરવતણું, આયુ અતિ ગુણ ગેહ. ૨
સુમતિ ગુણે કરી જે ભર્યો એ, તર્યો સંસાર અગાધ;
તસ પદ પદ્મ સેવા થકી, લહો સુખ અવ્યાબાધ. ૩

૩

શ્રાવણ સુદ બીજે ચવ્યા, મેહેલીને જયંત;
પંચમી ગતિ દાયક નમું, પંચમ જિન સુમતિ. ૧
શુદિ વૈશાખની આઠમે, જનમ્યા તેમ સંયમ;
સુદિ નવમી વૈશાખની, નિરૂપમ જસ સંજમ ૨
ચૈત્ર ઇગ્યારશ ઉજલીએ, કેવલ પામે દેવ;
શિવ પામ્યા તિણ નવમીએ. નય કહે કરો તસ સેવ. ૩

અથ શ્રી સુમતિનાથનું સ્તવન.

ઝાંઝરીયા મુનિવરની દેશી.

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુઝ મન પ્રીતિ;
તેલ બિંદુ જિમ વિસ્તરેજી, જલ માંહે ભલિ રીતિ.
સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ. ૧
સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
પરમલ કસ્તૂરી તણોજી, મહિ માંહે મહકાય. સો૦ ૨
આંગલિયે નવિ મેરૂ ઢંકાયે, છાબડિયે રવિ તેજ;
અંજલામાં જિમ ગંગ ન માયે, મુજ મન તિમ પ્રભુહેજ. સો૦ ૩
હુઆ છિપે નહિ અધર અરૂણ, જિમ ખાતાં પાન સુરંગ;
પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ. સો૦ ૪
ઢાંકી ઇક્ષુ પલાલશુંજી, ન રહે લઇ વિસ્તાર;
વાચક યશ કહે પ્રભુતણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર. સો૦ ૫

શ્રી સુમતિનાથ સ્વામીની સ્તુતીયો.

સુમતિ સ્વર્ગ દિયે અસમંતને, મમત્વ મોહ નહીં ભગવંતને:
પ્રગટ જ્ઞાન વરી શિવબાલિકા, તુંજરૂ વીર નમે મહાકાલિકા. ૧

૨

સુમતિ સુમતિ દાઇ, મંગલા જાસ માઇ;
મેરૂને રાઇ, ઉર એહને તુલાઇ.
ક્ષય કીવાં ઘાઇ, કેવલજ્ઞાન પાઇ,
નહિ ઉણીમ કાંઇ, સેવીએ એ સદાઇ. ૧

શ્રી પદ્મપ્રભ સ્વામીનાં ચૈત્યવંદનો.

ગ્રૈવેયક નવમે થકી, કોસંબી ધરવાસ;
રાક્ષસ ગણ નક્ષત્તરૂ, ચિત્રા કન્યારાશિ. ૧
જુક યોની પદ્મપ્રભુ, છદ્મસ્થા ષટ્માસ;
તરૂ છત્રાંધે કેવલી, લોકાલોક પ્રકાશ. ૨
ત્રિણ અધિક શત આઠસ્યુંઅ, પામ્યા અવિચલ ધામ:
વીર કહે પ્રભુ માહરે, ગુણશ્રેણી વિશ્રામ. ૩

૨

કોશંબી પુરી રાજીયો, ધર નરપતિ તાય;
પદ્મપ્રભુ પ્રભુતા મઇ, સુશીમા જસમાય. ૧
ત્રીસ લાખ પુરવતણું, જિન આયુ પાલી;
ધનુષ અઢીસે દેહડી, સવિ કર્મને ટાલી. ૨
પદ્મલંછન પરમેસરૂએ, જિનપદ પદ્મની સેવ;
પદ્મવિજય કહે કીજીયે, ભવિજન સહુ નિત્ય મેવ. ૩

૩

નવ ગ્રૈવેયકથી ચવી, માહા વદિ છઠી દીવસે;
કારતક વદિ બારસે જનમ, સુરનર સવિ હરસેય. ૧

વદિ તેરસ સંયમ ગ્રહેએ, પદ્મપ્રભ સ્વામી;
ચૈત્રી પુનમ કેવલી, વલી શાવ ગતિ પામી.
માગશર વદિ ઇગ્યારશેએ, રક્ત કમલે સમવાન;
નય વિમલ જિનરાયનું, ધરીએ નિરમલ ધ્યાન. ૩

અથ શ્રી પદ્મપ્રભજિન સ્તવન.

હું તુજ આગળ શી કહું કેસરીયા લાલ. એ દેશી.

શ્રી પદ્મપ્રભ જિન ગુણ નિધિરે લાલ, જગ તારક જગદીશરે,
વાલ્હેસર.
જિન ઉપગાર થકી વહેરે લાલ, ભવિજન સિદ્ધિ જગીસરે
વાલ્હેસર. ૧

તુજ દરિસણ મુજ વાલહું રે લાલ, દરિસણ શુદ્ધ પવિત્તરે વા૦
દર્શન શબ્દ નયે કરેરે લાલ, સગ્રહ એવંભૂતરે. વા૦ તુ૦ ૨
બીજે વૃક્ષ અનંતતારે લાલ, પસરે ભૂ જલ યોગરે; વા૦
તિમ મુજ આતમ સંપદારે લાલ, પ્રગટે પ્રભુ સંયોગરે. વા૦ તુ. ૩
જગત જંતુ કારજ રૂચીરે લાલ, સાધે ઉદયે ભાનુરે; વા૦
ચિદાનંદ સુવિલાસતારે લાલ, વાધે જિનવર ઝાણુરે. વા૦ તુ. ૪
લબ્ધિ સિદ્ધિ મંત્રાક્ષરેરે લાલ, ઉપજે સાધક સંગરે; વા૦
સહુજ અધ્યાતમ તત્વતારે લાલ, પ્રગટે તત્વી રંગરે. વા૦ તુ. ૫
લોહ ધાતુ કંચન હુવેરે લાલ, પારસ ફરસન પામિરે; વા૦
પ્રગટે અધ્યાતમ દશારે લાલ, વ્યક્ત ગુણી ગુણ ગ્રામરે. વા. તુ. ૬
આત્મસિદ્ધિ કારજ ભણીરે લાલ, સહજ નિયામક હેતુરે; વા૦
નામાદિક જિનરાજનારે લાલ, ભવસાગર માંહે સેતુરે. વા૦ તુ. ૭
સ્થંભન ઇંદ્રિય યોગનોરે લાલ, રક્ત વરણ ગુણ રાયરે; વા૦
દેવચંદ્ર વૃંદે સ્તવ્યોરે, આપ અવર્ણ અકાયરે. વા૦ તુ. ૮

અથ શ્રી પદ્મપ્રભ સ્વામીની સ્તુતિઓ.

પદ્મપ્રભુજત છદ્મસ્થ અવસ્થા,
શિવસદ્મ સિદ્ધા આરૂસ્થા;
નાણને દંસણ હોય વિલાસી,
વીર કુસુમ સ્વામી જિન પાસી. ૧

૨

અહીંએં મનુષ કાયા, ત્યક્ત મદ મોહ માયા;
સુસીમાજસ માયા, શુકલ જે ધ્યાન ધ્યાયા.
કેવલ વર પાયા, ચામરાદિ ધરાયા;
સેવેં સુર રાયા, મોક્ષ નગરે સધાયા. ૨

અથ સુપાર્શ્વનાથ સ્વામીનાં ચૈત્યવંદનો.

ગ્રૈવિજ છઠેથી ચવ્યા, વાણારશી પુરીવાસ;
જુલા વૈશાખા જનમિયા, તપ તપિયા નવ માસ. ૧
ગણ રાક્ષસ મૃગયોનિએ, શોભે સ્વામી સુપાસ;
સરિસ તરૂ તલે કેવલી, જ્ઞેય અનંત વિલાસ. ૨
મહાનંદ પદવી લહીએ, પામ્યા ભવનો પાર;
શ્રી શુભવીર કહે પ્રભુ, પંચસયાં પરિવાર. ૩

૨

શ્રી સુપાસ જિણંદ, પાસ ટાલો ભવફેરો;
પૃથ્વી માતા ઉરે, જયો તે નાથ હમેરો. ૧
પ્રતિષ્ઠિત સુત સુંદરૂં, વાણારસી રાય;
વીશ લાખ પૂરવતણું, પ્રભુજીનું આય. ૨

ધનુષ બસેં જિન દેહડીએ, સ્વસ્તિક લંછન સાર;
પદ પદ્મ જસ રાજતા, તાર તાર ભવતાર. ૩

૩

છઠ્ઠા ગ્રૈવેયકથી ચવ્યા, જિનરાજ સુપાસ;
ભાદ્રવા વદિની આઠમે, અવતરીયા ખાસ. ૧
જેઠ શુકલ બારશે જણ્યા, તસ તેરશે સંયમ;
ફાગુણવદિ છઠે કેવલી, શીવ લહે તસ સત્તમિ. ૨
સત્તમ જિનવર નામથી એ, સાતે ઇત સમંત;
જ્ઞાનવિમલ સૂરિ નિત્ય લહે, તેજ પ્રતાપ મહંત. ૩

અથ શ્રી સુપાર્શ્વનાથનું સ્તવન.

(લાછલદે માત મલાર. એ દેશી.)

શ્રી સુપાસ જીનરાજ, તું ત્રિભુવન શિરતાજ;
આજ હો છાજેરે ઠકુરાઇ, પ્રભુ તુજ પદ તણીજી. ૧
દિવ્ય ધ્વનિ સુર ફૂલ, ચામર છત્ર અમૂલ;
આજ હો રાજેરે ભામંડલ, ગાજે દુંદુભિજી. ૨
અતિશય સહજના ચાર, કર્મ ખપ્યાથી અગ્યાર;
આજહો કીધારે ઓગણીશે, સુરગણ ભાસુરેજી. ૩
વાણીગુણ પાંત્રીસ, પ્રાતિહારજ જગદીસ;
આજહો રાજેરે દીવાજે, છાજે આઠશુંજી. ૪
સિંહાસન અશોક, બેઠા મોહે લોક;
આજહો સ્વામીરે શિવગામીરે, વાચક યશ થુણ્યોજી. ૫

શ્રીસુપાર્શ્વનાથ સ્વામીની સ્તુતિઓ.

અષ્ટ મહા પડિહારશું એ, શોભે સ્વામી સુપાસ તો;
મહા ભાગ્ય અરિહા પ્રભુ એ, સુર નર જેહના દાસ તો.
ગુણ અતિશય વરણવ્યા એ, આગમ ગ્રંથ મોઝાર તો;
માતંગ શાંત સુર સુરિએ, વીર વીઘન અપહાર તો. ૧

૨

સુપાસ જિન વાણી, સાંભળે જેહ પ્રાણી;
હૃદયે પહોંચાણી, તે તર્યા ભવ્ય પ્રાણી
પાંત્રીશ ગુણ ખાણી, સૂત્રમાં જે ગુંથાણી;
ષટ દ્રવ્યશું જાણી, કર્મ પીલે જ્યું ઘાણી. ૧

શ્રી ચંદ્રપ્રભ સ્વામીનાં ચૈત્યવંદનો.

ચંદ્રપ્રભુ ચંદ્રાવતી, પુરિ ચવિયા વિજયંત;
અનુરાધાએ જનમિયા. વૃશ્ચિક રાશિ મહંત. ૧
મૃગયોની ગણ દેવનો, કેવલવિણ ત્રિકમાસ;
પામ્યા નાગ તરૂતલે, નિર્મલ નાણ ઉલ્લાસ. ૨
પરમાનંદ પદ પામિયા એ, વીર કહે નિરધાર;
સાથે સહુણા શોભતા, મુનિવર એક હજાર. ૩

૨

લખમણા માતા જનમીયા, મહસેન જસ તાત;
ઉડુપતિ લંછન દીપતો, ચંદ્રપુરીનો રાય. ૧
દશલખ પૂરવ આઉખું, દોઢસો ધનુષની દેહ;
સુરનર પતિ સેવા કરે, ધરતા અતિ સસનેહ. ૨
ચંદ્રપ્રભુ જિન આઠમાએ, ઉત્તમ પદ દાતાર;
પદ્મવિજય કહે પ્રણમિએ, મુજ પ્રભુ પાર ઉતાર. ૩

૩

શ્રીચંદ્રપ્રભ જિન આઠમા, ચંદ્રપ્રભ સમ દેહ;
અવતરિયા વિજયંતથી, વદિ પચમી ચૈત્રેહ. ૧
પોસવદિ બારશે જનમિયા તસ તેરશે સાધ;
ફાગુણ વદિની સાતમે, કેવલ નિરબાધ. ૨
ભાદ્રવ સતમિ શિવ લહ્યા, પુરિ પૂરણ ધ્યાન;
અષ્ટમહા સિદ્ધિ સંપજે, નય કહે જિન અધ્યાંન. ૩

અથ શ્રી ચંદ્રપ્રભ સ્તવન.

શ્રી શ્રેયાંસ જિન અંતરજામી એ દેશી.

શ્રી ચંદ્રપ્રભ જિનપદ સેવા, હેવાયે જે હલિયાજી;
આતમ ગુણ અનુભવથી મલિયા, તે ભવ ભયથી
ટલિયાજી. શ્રી ચંદ્રપ્રભ. ૧

દ્રવ્ય સેવ વંદન નમનાદિક, અર્ચન વલી ગુણગ્રામોજી;
ભાવ અભેદ થવાની ઈહા, પરભાવે નિઃકામોજી. શ્રી૦ ૨
ભાવ સેવ અપવાદે નૈગમ, પ્રભુ ગુણને સંકલ્પેજી;
સંગ્રહ સત્તા તુલ્યારોપે, ભેદાભેદ વિકલ્પેજી. શ્રી૦ ૩
વ્યવહારે બહુ માન જ્ઞાન નિજ, ચરણે જિન ગુણ રમણાજી;
પ્રભુ ગુણ આલંબી પરિણામે, ઋજુ પદ ધ્યાન સ્મ
રણાજી. શ્રી૦ ૪

શબ્દે શુક્લ ધ્યાનારોહણ, સમભિરૂઢ ગુણ દશમેજી;
બીઅ શુક્લ અવિકલ્પ એકત્વે, એવંભૂત તે અમમેજી.
શ્રી૦ ૫

ઉત્સર્ગે સમકિત ગુણ પ્રગટ્યો, નૈગમ પ્રભુતા અંશેજી;
સંગ્રહ આતમ સત્તાલંબી, મુનિપદ ભાવ પ્રશંસેજી. શ્રી૦ ૬

ઋજુસૂત્રે જે શ્રેણિ પદસ્થે, આતમ શક્તિ પ્રકાશેજી;
યથાખ્યાત પદ શબ્દ સ્વરૂપે, શુદ્ધ ધર્મ ઉલ્લાસેજી. શ્રી૦ ૮
ભાવ સયોગિ અયોગિ શૈલેશી, અંતિમ દુગ નય જાણોજી;
સાધનતાયે નિજ ગુણ વ્યક્તિ, તેહ સેવના વખાણોજી. શ્રી૦
કારણ ભાવ તેહ અપવાદે, કાર્ય રૂપ ઉત્સર્ગેજી;
આત્મભાવ તે ભાવ દ્રવ્ય પદ, બાહ્ય પ્રવૃત્તિ નિસર્ગેજી. શ્રી૦ ૯
કારણ ભાવ પરંપર સેવન, પ્રગટે કારજ ભાવોજી;
કારજ સિદ્ધે કારણતા વ્યય, શુચિ પારિણામિક ભાવોજી. શ્રી૦ ૧૦
પરમ ગુણી સેવન તન્મયતા, નિશ્ચય ધ્યાને ધ્યાવેજી;
શુદ્ધાતમ અનુભવ આસ્વાદી, દેવચંદ્ર પદ પાવેજી. શ્રી૦ ૧૧

શ્રી ચંદ્રપ્રભ સ્વામીની સ્તુતિઓ.

ચંદ્રપ્રભુ મુખ ચંદ્રમા, સખિ જોવા જઇયે;
દ્રવ્ય ભાવ પ્રભુ દરિસણે, નિર્મળતા થઇયે.
વાણી સુધારસ વેલડી, સુણીયે તતખેવ;
ભાજે ભાવઠ ભૂકિકા, શ્રી શ્રીજય તે દેવ. ૧

૨

સેવે સુર વૃંદા, જાસ ચરણારવિંદા;
અઠ્ઠમ જિણચંદા, ચંદ વરણે સોહંદા.
મહસેન નૃપ નંદા, કાપતા દુઃખ દંદા;
લંછન મિષ ચંદા, પાય માનું સેવંદા. ૧

શ્રી સુવિધિનાથ સ્વામીનાં ચૈત્યવંદનો.

સુવિધિનાથ સુવિધિ નમું, ધ્યાન યોનિ સુખકાર;
આવ્યા આણત સ્વર્ગથી, કાકંદી અવતાર. ૧

રાક્ષસ ગણ ગુણવંતને, ધનરાશિ શિવસુખ;
વરસ ચાર છદ્મસ્થમાં, કર્મ શશક શાર્દૂલ. ૨
સાઢી નવુતસે કેવલીએ, સહસ મુનિ સંઘાત;
અક્ષ અલેહદ પદ વર્યા, વીર નમે પરભાત. ૩

૨

સુવિધિનાથ નવમા નમું, સુગ્રીવ જસ તાત;
મગર લંછન ચરણે નમું, રામા રૂડી માત. ૧
આયુ બે લાખ પૂરવતણું, શત ધનુષની કાય;
કાકંદી નગરી ધણી, પ્રણમું પ્રભુ પાય. ૨
ઉત્તમ વિધિ જેહથી લહ્યો એ, તિણે સુવિધિ જિન નામ;
નમતાં તસ પદ પદ્મને, લહિયે શાશ્વત ધામ. ૩

૩

ગોરો સુવિધિ જિણંદ, નામ બીજું પુષ્પદંત;
ફાગુણ વદિ બીજે ચવ્યા, મેલ્હી સુર આનંત. ૧
માગશર વદિ પંચમી જનમ્યા, તસ છઠે દીક્ષા;
કાર્તિક શુદિ ત્રીજે કેવળી, દિએ ભવ્ય પરિ શીક્ષા. ૨
શુદિ નવમી ભાદ્રવા તણીએ, અજર અમર પદ હોય,
ધીરવિમલ સેવક કહે, એ નમતાં સુખ જોય. ૩

અથ શ્રી સુવિધિનાથનું સ્તવન.

ચાંદા મહેલા ઉપર મેહ, ઝરૂખે વીજળી હો લાલ. એ દેશી.

દીઠો સુવિધિ જિણંદ, સમાધિરસે ભર્યો હો લાલ,
સમાધિરસે ભર્યો, ભાસ્યું આત્મસ્વરૂપ, અનાદિનો વીસ-
ર્યો હો લાલ. અ૦

સકલ વિભાવ ઉપાધિ, થકી મન ઓસર્યો હો લાલ; અ૦
સત્તા સાધન માર્ગ, ભણી એ સંચર્યો હો લાલ. ભ૦ ૧
તુમ પ્રભુ જાણગ રીતિ, સરવ જગ દેખતા હો લાલ; સ૦
નિજ સત્તાએ શુદ્ધ, સહુને લેખતા હો લાલ સ૦
પર પરિણતિ અદ્વેષ, પણે ઉવેખતા હો લાલ. પ૦
ભોગ્યપણે નિજ શક્તિ, અનંત ગવેખતા હો લાલ. અ૦ ૨
દાનાદિક નિજ ભાવ, હતા જે પરવશા હો લાલ. હતા૦
તે નિજ સનમુખ ભાવ, ગ્રહી લહી તુજ દશા હો લાલ. ગ્ર૦
પ્રભુનો અદ્ભુત યોગ, સ્વરૂપ તણી રસા હો લાલ. સ્વ૦
ભાસે વાસે તાસ, જાસ ગુણ તુજ જિસા હો લાલ. જા૦ ૩
મોહાદિકની ઘૂમિ અનાદિની ઉતરે હો લાલ. અ૦
અમલ અખંડ અલીપ્ત, સ્વભાવજ સાંભરે હો લાલ. સ્વ૦
તત્વ રમણ શુચિ ધ્યાન, ભણી જે આદરે હો લાલ. ભ૦
તે સમતારસ ધામ, સ્વામી મુદ્રા વરે હો લાલ. સ્વા૦ ૪
પ્રભુ છો ત્રિભુવન નાથ, દાસ હું તાહરો હો લાલ. દા૦
કરૂણાનિધિ અભિલાષ, અછે મુજ એ ખરો હો લાલ. અ૦
આતમ વસ્તુ સ્વભાવ, સદા મુજ સાંભરો હો લાલ. સ૦
ભાસન વાસન એહ, ચરણ ધ્યાને ધરો હો લાલ. ચ૦ ૫
પ્રભુ મુદ્રાને યોગ, પ્રભુ પ્રભુતા લખે હો લાલ. પ્ર૦
દ્રવ્ય તણે સાધર્મ્ય, સ્વસંપત્તિ ઓળખે હો લાલ. સ્વ૦
ઓળખતાં બહુ માન, સહિત રૂચિ પણ વધે હો લાલ. સ૦
રૂચી અનુયાયી વીર્ય, ચરણ ધારા સધે હો લાલ. ચ૦ ૬
ક્ષાયોપશમીક ગુણ સર્વ, થયા તુજ ગુણ રસી હો લાલ. થ૦
સત્તા સાધન શક્તિ, વ્યક્તતા ઉલ્લસી હો લાલ. વ્ય૦

હવે સંપૂર્ણ સિદ્ધ, તણી શી વાર છે હો લાલ. ત૦
ચંદ્ર જિનરાજ, જગત આધાર છે હો લાલ. જ૦ ૭

શ્રી સુવિધિનાથ સ્વામીની સ્તુતિઓ.

સુવિધિ સેવા કરતા દેવા, તજિ વિષય વાસના;
શિવ સુખ દાતા જ્ઞાતા ત્રાતા, હરે દુઃખ દાસનાં;
ગય ગમ ભંગે રંગે ચંગે, વાણી ભવ હારિકા;
અમર અતીતા મોહાતિતા, ધીર ચ સુતારિકા. ૧

૨

નર દેવ ભાવ દેવો, જેહની સારે સેવો;
જેહ દેવાધિ દેવો, સારજગમાં જ્યું મેવો.
જોતાં જગ એહવો, દેવ દીઠો ન તેહવો;
સુવિધિ જિન જેહવો, મોક્ષ દે તતખેવો. ૨

અથ શ્રી શીતલનાથ સ્વામીનાં ચૈત્યવંદનો.

દશમા સ્વર્ગથકી ચવ્યા, દશમા શીતલનાથ;
ભદ્દિલપુર ધન રાશિયે, માનવ ગણ શિવ સાથ. ૧
વાનર યોનિ જિણંદની, પૂર્વાષાઢા જાત;
તેગ વરસાંતર કેવલી, પ્રીયંગુ વિખ્યાત. ૨
સંયમધર સહસે વર્યા એ, નિરૂપમ પદ નિરવાણ;
વીર કહે પ્રભુ ધ્યાનથી, ભવ ભવ કોડિ કલ્યાણ, ૩

૨

નંદ દ્ઢરથ નંદનો, શીતલ શીતલ નાથ;
રાજા ભદ્દીલપુર તણો, ચાલવે શિવ સાથ.

લાખ પૂરવનું આઉખું, નેઉ ધનુષ પરિમાણ;
તજ્યા માયા ટાળીને, લહ્યા પંચમ નાણ. ૨
શ્રીવત્સ લંછન સુંદરૂ એ, પદ પદમે રહે જાસ;
તે જિનની સેવા થકી, લહીએ લીલ વિલાસ. ૩

૩

અચ્યુત કલ્પ થકી ચવ્યા, શીતલ જિન દશમા;
વદી વૈશાખની છઠે જાણું, દાધજ્વર પ્રશમ્યા. ૧
મહાવદી તેરશે જન્મ દીક્ષા, તસ તેરશે લીધ;
વદી પોષની ચૌદશ દીને, કેવલી પરસિદ્ધ. ૨
વદી બીજે વૈશાખની એ, મોક્ષ ગયા જિનરાજ;
જ્ઞાનવિમલ જિનરાજથી, સિઝે સઘળાં કાજ. ૩

અથ શ્રી દેવચંદ્રજી કૃત શ્રી શીતલનાથ સ્વામીનું સ્તવન.

આદર જીવ ક્ષમા ગુણ આદર. એ દેશી.

શીતલ જિનપતી પ્રભુતા પ્રભુની, મુજથી કહીય ન જાયજી;
અનંતતા નિર્મલતા પુર્ણતા, જ્ઞાન વીના ન જણાયજી શી૦ ૧
ચરમ જલધિ જલમિણે અંજલી, ગતિ ઝીપે અતીવાયજી;
સર્વ આકાશ ઓલંઘે ચરણે, પણ પ્રભુતા ન ગણાયજી. શી૦ ૨
સર્વ દ્રવ્ય પ્રદેશ અનંતા, તેહથી ગુણ પર્યાયજી;
તાસ વર્ગથી અનંત ગુણું પ્રભુ, કેવલ જ્ઞાન કહાયજી. શી૦ ૩
કેવળ દર્શન એમ અનંતુ, ગ્રહે સામાન્ય સ્વભાવજી;
સ્વપર અનંતથી ચરણ અનંતુ, સમરણ સંવર ભાવજી. શી૦ ૪
દ્રવ્ય ક્ષેત્ર ને કાલ ભાવ ગુણ, રાજનીતિ એ ચારજી;

ત્રાસ વીના જડ ચેતન પ્રભુની, કોઈન લોપે કારજી. શી૦ ૫
શુદ્ધાશય થીર પ્રભુ ઉપયોગે, જે સમરે તુજ નામજી;
અવ્યાબાધ અનંતો પામે, પરમ અમૃત સુખધામજી. શી૦ ૬
આણા ઇશ્વરતા નિર્ભયતા, નિર્વાંછકતા રૂપજી;
ભાવ સ્વાધીન તે અવ્યય રીતે, ઈમ અનંત ગુણ ભૂપજી. શી૦ ૭
અવ્યાબાધ સુખ નિર્મલ તે તો, કરણ જ્ઞાને ન જણાયજી:
તેહજ એહનો જાણગ ભોક્તા, જે તુમ સમ ગુણ રાયજી. શી૦ ૮
એમ અનંત દાનાદિક નિજગુણ, વચનાતિત પંડુરજી;
વાસન ભાસન ભાવે દુર્લભ, પ્રાપ્તી તો અતિ દૂરજી. શી૦ ૯
સકલ પ્રત્યક્ષપણે ત્રીભૂવન ગુરૂ, જાણું તુજ ગુણ ગ્રામજી:
બીજું કાંઇ ન માગું સ્વામી, એહીજ છે મુજ કામજી. શી૦ ૧૦
એમ અનંત પ્રભુતા સદ્દહતાં, અર્ચે જે પ્રભુ રૂપજી:
દેવચંદ્ર પ્રભુતા તે પામે, પરમાનંદ સ્વરૂપજી. શી૦ ૧૧

શ્રી શીતલનાથ સ્વામિની સ્તુતિ.

શીતળ પ્રભુ દર્શન શીતળ અંગ ઉપંગ,
કલ્યાણક પાંચે પ્રાણી ગણ સુખ સંગે;
તો વચન સુણંતા શીતળ કાંમ નહી લોક;
શુભ વીર તે બ્રહ્મા શાસનદેવી અશોક. ૧

૨

શીતળ જિન સ્વામી, પુન્યથી સેવ પામી;
પ્રભુ આતમરામી, સર્વપરભાવ વામી.
જે શીવગતી ગામી, શાશ્વતાનંદ ધામી;
ભવી સુખ કામી, પ્રણમીએ શીશ નામી. ૧

શ્રી શ્રેયાંસનાથ સ્વામીનાં ચૈત્યવંદનો.

અચ્યુતથી પ્રભુ ઉતર્યા, સિંહપુરે શ્રેયાંસ;
યોની વાંનર દેવગણ, દેવ કરે પરશંસ.
શ્રવણે સ્વામી જનમિયા, મકરરાશિ દુગવાસ:
છદ્મસ્થા તિંદુકતલે, કેવલ મહિમા જાસ.
વાચંયમ સહસે સહિયે, ભવ સંતતિનો છેદ;
શ્રી શુભ વીરને સાંઇસ્યું, અવિચલ ધર્મ સનેહ.

૨

શ્રી શ્રેયાંસ અગ્યારમા, વિષ્ણુ નૃપ તાય;
વિષ્ણુ માતા જેહની, એંશી ધનુષની કાય.
વર્ષ ચોરાશી લાખનું, પાળ્યું જેણે આય;
ખડગી લંછન પદકજે, સિંહપુરીનો રાય.
રાજ્ય તજી દીક્ષા વરીએ, જિનવર ઉત્તમ જ્ઞાન:
પામ્યા તસ પદ પદ્મને, નમતાં અવિચલ થાન.

અચ્યુત કલ્પથકી ચવ્યા, શ્રેયાંસ જિણંદ;
જેઠ અંધારી દીવસ છઠે, કૃત બહુ આણંદ.
ફાગણ વદિ બારશે જનમ, દીક્ષા તસ તેરશે;
કેવલી મહા અમાવશે, દેસન ચંદન રસ.
વદિ શ્રાવણ ત્રીજે લહ્યાએ, શિવ સુખ અક્ષય અનંત:
સકલ સમિહા પૂરજો, નય કહે એ ભગવંત.

શ્રી શ્રેયાંસનાથ સ્વામીનું સ્તવન.

રાગ ગોડી. આહો મતવાલે સાજના એ દેશી.

શ્રી શ્રેયાંસ જિન અંતરજામી, આતમરામી નામીરે;
અધ્યાતમ મત પૂરણ પામી, સહજ મુગતિ ગતિ ગામીરે. શ્રી. ૧
સયલ સંસારી ઇંદ્રિયરામી, મુનિગણ આતમરામીરે;
મુખ્યપણે જે આતમરામી, તે કેવલ નિઃકામીરે. શ્રી. ૨
નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહિયેરે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહિયેરે. શ્રી. ૩
નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડોરે;
ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડોરે. શ્રી. ૪
શબ્દ અધ્યાતમ અરથ સુણીને, નિર્વિકલ્પ આદરજોરે,
શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાન ગ્રહણ મતિ ધરજોરે. શ્રી. ૫
અધ્યાતમ જે વસ્તુ વિચારી, બાજા જાણ લબાસીરે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાસે, આનંદઘન મતવાસીરે. શ્રી. ૬

શ્રી શ્રેયાંશનાથ સ્વામીની સ્તુતિઓ.

શ્રી શ્રેયાંસ સુહંકર પામી, ઇચ્છે અવર કુંણ દેવાજી;
કનક તરૂ સેવે કુણ પ્રભુને, છંડી સુરતરૂ સેવાજી.
પૂર્વાપર અવિરોધી સ્યાતપદ, વાણી સુધારસ વેલીજી;
માનવી મણુએસર સુપસાએ, વીર હૃદયમાં કેલીજી. ૧

૨

વિષ્ણુ જસ માત, જેહના વિષ્ણુ તાત;
પ્રભુના અવદાત; તીન ભુવને વિખ્યાત.

સુરપતિ સંઘાત, જસ નિકટે આયાત;
કરી કર્મનો ઘાત, પામીયા મોક્ષ શાત. ૧

શ્રી વાસુપૂજ્ય સ્વામીનાં ચૈત્યવંદનો.

પ્રાણત થકી પ્રભુ પાંગર્યા, ચુંપે ચંપા ગામ;
શિવમારગ જાતાં થકાં, ચંપક તરૂ વિસરામ. ૧
અશ્વ યોનિ ગણ રાક્ષસ, સતભિષા કુંભરાશ;
પાડલ હેઠે કેવલી, મૌનપણે ઇગવાસ. ૨
ષટશત સાથે શિવ થયા એ, વાસુપૂજ્ય જિનરાજ;
વીર કહે ધન્ય તે ઘડી, જબ નિરખ્યા મહારાજ. ૩

૨

વાસવ વંદિત વાસુપૂજ્ય, ચંપાપુરી ઠામ;
વાસુપૂજ્ય કુલ ચંદ્રમા, માતા જયા નામ. ૧
મહિષ લંછન જિન બારમા, શિત્તેર ધનુષ પ્રમાણ;
કાયા આયુ વરસ વલી, બોહોતેર લાખ વખાણ, ૨
સંઘ ચતુર્વિધ સ્થાપીને એ, જિન ઉત્તમ મહારાય;
તસ મુખ પદ્મ વચન સુણી, પરમાનંદી થાય. ૩

૩

પ્રાણતથી ઇહાં આવીયા, જેઠ સુદિ નવમી;
જન્મ્યા ફાગણ ચૌદશે, અમાવાશે સંયમી. ૧
મહા શુદિ બીજે કેવલી, ચૌદશ આષાઢી;
શુદિ શિવ પામ્યા કર્મ કષ્ટ, સર્વિ દૂરે કાઢી. ૨
વાસુપૂજ્ય જિન બારમાએ, વિદ્રુમ રંગે કાય;
શ્રી નયવિમલ કહે ઇસ્યું, જિન નમતાં સુખ થાય. ૩

શ્રી વાસુપૂજ્ય સ્વામીનું સ્તવન.

સાહેબા મોતીડો હમારો એ દેશી.

સ્વામી તુમે કાંઈ કામણ કીધું, ચિત્તડું અમારૂં ચોરી લીધું;
સાહેબા વાસુપૂજ્ય જિણંદા, મોહના વાસુપૂજ્ય. એ આંકણી.
અમે પણ તુમશું કામણ કરશું, ભક્તિ ગ્રહી મન ઘરમાં ધરશું. સા. ૧
મન ઘરમાં ધરીયા ઘરશોભા, દેખત નિત્ય રહેશો થિરથોભા;
મન વૈકુંઠ અકુંઠિત ભકતે, યોગી ભાખે અનુભવ યુકતે. સા. ૨
ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશ રહિત મન તે ભવપાર;
જો વિશુદ્ધ મન ઘર તુમે આવ્યા, પ્રભુ તો અમે નવનિધિ ઋદ્ધિ પાયા. સા. ૩
સાત રાજ અલગા જઈ બેઠા, પણ ભગતે અમ મનમાં પેઠા;
અલગાને વલગ્યા જે રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું. સા. ૪
ધ્યાયક ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે;
ખીર નીર પરે તુમશું મલશું, વાચક યશ કહે હેજે હળશું. સા. ૫

શ્રી વાસુપૂજ્ય સ્વામીની સ્તુતિઓ.

વિમલ ગુણ આગારં, વાસુપૂજ્યં સફારં;
નિહત વિષય વિકારં, પ્રાપ્ત કૈવલ્ય સારં;
વચન રસ ઉદારં, મુક્તિ તત્વં વિચારં;
ધીર ત્રિભુવન નિવારં, સ્તૌમિ ચંડી કુમારં. ૧

૨

વિશ્વના ઉપગારી, ધર્મના આદિકારી;
ધર્મના દાતારી, કામક્રોધાદિ વારી.
તાર્યાં નર નારી, દુઃખ દોહગ્ગવારી;
વાસુપૂજય નિહારી, જાઉં હું નિત્ય શારી. ૧

શ્રી વિમલનાથ સ્વામીનાં ચૈત્યવંદનો.

આઠમ સ્વર્ગ થકી ચવી, કંપીલપુરમાં વાસ;
ઉત્તરા ભાદ્રપદ જનમ, માનવગણુ મીન રાશિ.
યોની છાગ સુહંકરૂ, વિમલનાથ ભગવંત;
દોય વરસ તપ નિર્જલી, જંબુતલે અરિહંત.
ખટ સહસ મુનિ સાથશું એ, વિમલ વિમલ પદ પાય;
શ્રી શુભવીરને સાંઇશું મળવાનું મન થાય.

૨

કંપીલપુરે વિમલ પ્રભુ, શ્યામા માતા મલ્હાર;
કૃતવર્મા નૃપ કુલ નભે, ઉગમિયો દિનકાર. ૧
લંછન રાજે વરાહનું, સાઠ ધનુષની કાયા;
સાઠલાખ વરસાં તણું, આયુ સુખ દાયા. ૨
વિમલ વિમલ પોતે થયા એ. સેવક વિમલ કરેહ;
તુજ પદ પદ્મ વિમલ પ્રત્યે, સેવું ધરી સસનેહ. ૩

૩

અષ્ટમ કલ્પ થકી ચવ્યા, માધવ સુદિ બારશે;
શુદિ માહા દિને જનમ્યા, તસ ચોથે વ્રત રસ
શુદિ પોષિ છઠ્ઠું લહ્યા, વર નિર્મલ કેવલ;

ચઢિ સાતમ આષાઢની, પામ્યા પદ અમલ. ૨
વિમલ જિનેસર વંદિએ એ, જ્ઞાનવિમલ કરી ચિત્ત;
તેરશમો જિન નિત હિયે, પુણ્ય પવિત્ર વિત્ત. ૩

શ્રી વિમલનાથ સ્વામીનું સ્તવન.

રાગ મલ્હાર, ઇડર આંબા આંબલીરે. એ દેશી.

દુઃખ દોહગ દૂરે ટલ્યાંરે. સુખ સંપદ શું ભેટ;
ધીંગ ધણી માંથે કિયારે, કુણ ગંજે નર ખેટ;
વિમલ જિન, દીઠાં લોયણ આજ, મ્હારાં સીધ્યાં વંછિત કાજ. વિમલ જિન૦ દિઠા૦ ૧

ચરણ કમલ કમલા વસેરે, નિર્મલ થિર પદ દેખ;
સમલ અથિર પદ પરિહરીરે, પંકજ પામર પેખ વિ૦દી૦ ૨

મુજ મન તુજ પદ પંકજેરે, લીનો ગુણ મકરંદ;
રંક ગણે મંદિરધરા રે, ઇંદ ચંદ નાગિંદ. વિ૦દી૦ ૩

સાહિબ સમરથ તું ધણીરે, પામ્યો પરમ ઉદાર;
મન વિશરામી વાલહોરે, આતમ ચો આધાર વિ૦દી૦ ૪

દરિસણ દીઠે જિન તણું રે, સંશય ન રહે વેધ;
દિનકર કરભર પસરંતા રે, અંધકાર પ્રતિષેધ. વિ૦દી૦ ૫

અમિય ભરી મૂરતિ રચીરે, ઉપમ ન ઘટે કોય;
શાંતિ સુધારસ ઝીલતી રે; નિરખત તૃપ્તિ ન હોય. વિ૦દી૦ ૬

એક અરજ સેવક તણીરે, અવધારો જિનદેવ;
કૃપા કરી મુજ દીજીયેરે, આનંદઘન પદ સેવ. વિ૦દી૦ ૭

શ્રી વિમળનાથ સ્વામિની સ્તુતિઓ.

વિમલનાથ વિમલ ગુણ વર્યા,
જિન પદ ભોગી ભવ નિસ્તર્યા;
વાણી પાંત્રીસ ગુણ લક્ષણી,
છમ્મુહ સુર પ્રવરા જક્ષણી. ૧

૨

વિમલ જિન જુહારો, પાપ સંતાપ વારો;
શ્યામાંબ મલ્હારો, વિશ્વ કીર્તિ વિફારો.
યોજન વિસ્તારો, જાસ વાણી પ્રસારો;
ગુણ ગણ આધારો, પુન્યના એ પ્રકારો. ૧

શ્રી અનંતનાથ સ્વામીનાં ચૈત્યવંદનો.

દેવલોક દશમા થકી, ગયા અયોધ્યા ઠામ;
હસ્તિ યોનિ અનંતને, દેવગણું અભિરામ. ૧
રેવતીએ જનમ્યા પ્રભુ, મિન રાશિ સુખકાર;
ત્રણ વરસ છદ્મસ્થમાં, નહિ પ્રમાદિ ઉચ્ચાર. ૨
પીંપલ વૃક્ષે પામીયા એ, કેવલ લક્ષ્મીનિધાન;
સાત સહસશું શિવ વર્યા, વીર કહે બહુ માન. ૩

૨

અનંત અનંત ગુણ આગરૂ, અયોધ્યા વાસી;
સિંહસેન નૃપ નંદનો, થયો પાપ નિકાસી. ૧
સુજશા માતા જનમીયો, ત્રીસ લાખ ઉદાર,
વરસ આઉખું પાલિયું, જિનવર જયકાર. ૨

લંછન સિંચાણા તણું એ, કાયા ધનુષ પચાસ;
જિનપદ પદ્મ નમ્યાથકી, લહિયે સહજ વિલાસ. ૩

૩

પ્રાણત થકી ચવિયા ઈહાં, શ્રાવણ સુદિ સાતમ;
વૈશાખ વદિ તેરશે, જનમ્યા ચોદશે વ્રત.
વદિ વૈશાખી ચોદશે, કેવલ પણ પામ્યા;
ચૈત્ર શુદિ પંચમિ દિને, શિવ વનિતા કામ્યા. ૨
અનંત જિનેશ્વર ચૌદમા એ, કીધા દુશ્મન અંત;
જ્ઞાનવિમલ કહે નામથી, તેજ પ્રતાપ અનંત. ૩

શ્રી અનંતજિન સ્તવન.

સાહેલડિયાં. એ દેશી.

શ્રી અનંત જિનશું કરો, સાહેલડિયાં.
ચોલ મજીઠનો રંગરે; ગુણ વેલડિયાં.
સાચો રંગ તે ધર્મનો, સાહેલડિયાં.
બીજો રંગ પતંગરે, ગુણ વેલડિયાં. ૧
ધર્મ રંગ જીરણ નહીં, સા૦ દેહ તે જીરણ થાયરે; ગુ૦
સોનું તે વિણસે નહી, સા૦ ઘાટ ઘડામણ જાયરે. ગુ૦ ૨
ત્રાંબું જે રસ બેધિયું, સા૦ તે હોય જાચું હેમરે; ગુ૦
ફરિ ત્રાંબું તે નવિ હુએ, સા૦ એહવો જગ ગુરૂ પ્રેમરે. ગુ૦ ૩
ઉત્તમ ગુણ અનુરાગથી, સા૦ લહિયે ઉત્તમ ઠામરે. ગુ૦
ઉત્તમ નિજ મહિમા વધે, સા૦ દીપે ઉત્તમ ધામરે. ગુ૦ ૪
ઉદક બિંદુ સાયર ભળ્યો, સા૦ જિમ હોય અખય અભંગરે ગુ૦
વાચક યશ કહે પ્રભુ ગુણે, સા૦ તિમ મુજ પ્રેમ પ્રસંગરે. ગુ૦ ૫

શ્રી અનંતનાથ સ્વામીની સ્તુતિઓ.

જ્ઞાનાદિકા ગુણવરા નિવસંત્યનંતે,
વર્જ્રી સુપર્વ મહિતો જિન પાદ પદ્મે;
ગ્રંથાર્ણવે મતિવરા પ્રણતિરમ ભક્ત્યા,
પાતાલ ચાંકુશી સુરી શુભ વીર દક્ષા.

૨

અનંત અનંત નાણી, જાસ મહિમા ગવાણી;
સુરનર તિરિ પ્રાણી, સાંભળે જાસ વાણી.
એક વચન સમજાણી, જેહ સ્યાદ્વાદ જાણી;
તર્યા તે ગુણ ખાણી, પામિયા સિદ્ધિ રાણી. ૧

શ્રી ધર્મનાથ સ્વામીનાં ચૈત્યવંદનો.

વિજય વિમાન થકી ચવ્યા, રત્નપુરે અવતાર;
ધર્મનાથ ગણ દેવતા, કર્કરાશિ મનોહાર. ૧
જન્મ્યા પુષ્ય નક્ષત્રમેં, યોનિ છાગ વિચાર;
દોય વરસ છદ્મસ્થમાં, વિચર્યા ધર્મ દયાલ. ૨
દધિપર્ણ હેઠે કેવલી, નાર વર્યા બહુ ઋદ્ધ;
કર્મ ખપાવીને હુવા, અડસય સાથે સિદ્ધ. ૩

૨

ભાનુનંદન ધર્મનાથ, સુવ્રતા ભલી માત;
વજ્ર લાંછન વજ્રી નમે, ત્રણ ભુવન વિખ્યાત. ૧
દશલાખ વરસનું આઉખું, વપુ ધનુષ પિસ્તાલીસ;
રત્નપુરીનો રાજીયો, જગમાં જાસ જગીસ. ૨

ધર્મ મારગ જિનવર કહે એ, ઉત્તમ જન આધાર;
તિણે તુજ પાદ પદમ તણી, સેવા કરૂ નિરધાર. ૩

૩

વૈશાખી સુદિ સાતમે, ચવિયા શ્રી ધર્મ;
વિજય થકી મહા માસની, શુદિ ત્રીજે જન્મ. ૧
તેરશ માહી ઉજળી, લીયે સંજમ ભાર;
પોશી પુનમે કેવલી, ગુણના ભંડાર. ૨
જેઠી પાંચમ ઉજલીએ, શિવપદ પામ્યા જેહ;
નય કહે એ જિન પ્રણમતાં, વાધે ધર્મ સનેહ. ૩

અથ શ્રી ધર્મનાથનું સ્તવન.

(હાંરે મારે જોબનીયાનો લટકો દહાડા ચારજો. એ દેશી.)

હાંરે મારે ધર્મ જીણંદશું લાગી પૂરણ પ્રીતજો,
જીવડલો લલચાણો જિનજીની ઓલગેરેલો;
હાંરે મુને થાશે કોઈક સમે પ્રભુ સુપ્રસન્નજો,
વાતલડી તવ મ્હારારે સવી થાસે વગેરેલો. ૧
હાંરે કોઈ દુર્જનનો ભંભેર્યો મારો નાથજો,
ઓળવસ્યે નહી કયારે કીધી ચાકરીરે લોલ;
હારે મારા સ્વામી સરખો કુણ છે દુનિયા માંહેજો,
જઈએ રે જીમ તેહને ઘર આશા કરીરેલો. ૨
હાંરે જસ સેવાસેતી સ્વારથની નહીં સિદ્ધજો,
મલીરે શી કરવી તેહથી ગોઠડીરેલો;
હાંરે કાંઈ જાડું આવે તે મીઠાશને સાટેજો,
કાંઈરે પરમારથ વીણ નહી ઝાંતડીરેલો. ૩

હાંરે પ્રભુ અંતરજામી જીવન પ્રાણઆધારજો,
વાહોરે નથી જાણ્યો કલિયુગ વાયરોરેલો;
હાંરે મારો લાયક નાયક ભક્તવત્સલ ભગવંતજો,
વારૂરે ગુણ કેરો સાહિબ સાયરૂરેલો. ૪
હાંરે પ્રભુ લાગી મુજને તાહારી માયા જોરજો,
અળગારે રહ્યાથી હોય ઓસિંગલોરેલો;
હાંરે કુણ જાણે અંતરગતની વિણ મહારાજજો,
હેજેરે હસી બોલો છાંડી આંબળોરેલો. ૫
હાંરે તારે મુખને મટકે અટકયું માહારૂં મનજો,
આંખલડી અણીયાલી કામણગારડીરેલો;
હાંરે મારે નયણાં લંપટ જોવે ખીણ ખીણ તુજજો,
રાતાં રે પ્રભુ રૂપે ન રહે વારીયાંરેલો. ૬
હાંરે પ્રભુ અલગા તો પણ જાણજ્યો કરીને હજુરજો,
તાહરીરે બલીહારી હું જાઉં વારણેરેલો;
હાંરે કવિ રૂપ વિબુધનો મોહન કરે અરદાસજો,
ભિરૂઆથી મન આણી ઉલટ અતી ઘણીરેલો, ૭

શ્રી ધર્મનાથ સ્વામીની સ્તુતિઓ.

સખિ ધર્મ જિનેસર પુજિયે, જિનપુજે મોહને ધ્રુજિયે;
પ્રભુ વયણ સુધારસ પીજિયે, જિમ કંદર્પ રીઝીયે. ૧

૨

ધરમ ધરમ ધોરી, કર્મના પાસ તોરી;
કેવલ શ્રી જોરી, જેહ ચોરે ન ચોરી.
દર્શની મદ છોરી, જાય ભાગ્યા સટોરી;
નમે સુરનર કોરી, તે વરે સિદ્ધિ ગોરી. ૧

શ્રી શાંતિનાથ સ્વામીનાં ચૈત્યવંદનો.

સર્વાર્થ સિદ્ધ થકી, ચવિયા શાંતિ જિણંદ;
હસ્તિનાગપુર અવતર્યા, યોનિ હસ્તિવિશેષ. ૧
માનવ ગણ ગુણવંતને, મેષરાશિ સુવિલાસ;
ભરણીયે જન્મ્યા પ્રભુ, છદ્મસ્થા એગવાસ. ૨
કેવલ નંદિ તરૂ તલેએ, પામ્યા અંતર જ્ઞાણ;
વીર કરમને ક્ષય કરી, નવસત શું નિર્વાણ. ૩

૨

શાંતિ જિનેશ્વર સોલમા, અચિરા સુત વંદો;
વિશ્વસેન કુલનભોમણિ, ભવિજન સુખ કંદો. ૧
મૃગ લંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ;
હથિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણમણિ ખાંણ. ૨
ચાલીશ ધનુષની દેહડીએ, સમચોરસ સંઠાણ;
વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ. ૩

૩

ભાદ્રવ વદિ સાતમ દિને, સવ્વટ્ઠથી ચવિયા;
વદિ તેરશ જેઠે જનમ્યા, દુઃખ દોહગ સમિયા. ૧
જેઠ ચોદશે વદિ દિને, લીધે સંજમ પ્રેમ;
કેવલ ઉજવલ પોસની, નવમી દિન એમ. ૨
પંચમ ચકી પરવડો, સોલમ જિનરાજ;
જેઠ વદિ તેરશે શિવલહ્યા, નય કહે સારો કાજ. ૩

શ્રી શાંતિનાથ સ્વામીનું સ્તવન.

રાગ મલ્હાર. ચતુર ચોમાસું પડિક્કમી. એ દેશી.

શાંતિ જિન એક મુજ વીનતિ, સુણો ત્રિભુવન રાયરે;
શાંતિ સરૂપ કિમ જાણિયે, કહો મન પરખાયરે. શાં૦ ૧
ધન્ય તું આતમા જેહને, એહવો પ્રશ્ન અવકાશ રે;
ધીરજ મન ધરી સાંભળો. કહું શાંતિ પ્રતિભાસરે, શાં૦ ૨
ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે. કહ્યા જિનવર દેવ રે;
તે તેમ અવિતથ સદ્દહે, પ્રથમ એ શાંતિપદ સેવરે. શાં૦ ૩
આગમધર ગુરૂ સમકિતી, ક્રિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવાધાર રે. શાં૦ ૪
શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાલ રે;
તામસી વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્વિકી શાલરે. શાં૦ ૫
ફલવિસંવાદ જેહમાં નહીં, શબ્દ તે અર્થ સંબંધિ રે;
સકલ નય વાદ વ્યાપી રહ્યો, તે શિવ સાધન સંધિરે. શાં૦ ૬
વિધિ પ્રતિષેધ કરિ આતમા, પદારથ અવિરોધ રે;
ગ્રહણ વિધિ મહાજને પરિગ્રહ્યો, ઇસ્યો આગમે બોધરે. શાં૦ ૭
દુષ્ટ જન સંગતિ પરિહરી, ભજે સુગુરૂ સંતાનરે;
જોગ સામર્થ્ય ચિત ભાવજે, ધરે મુગતિ નિદાન રે. શાં૦ ૮
માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક પાષાણ રે;
વંદક નિંદક સમ ગણે, ઇસ્યો હોયે તું જાણ રે. શાં૦ ૯
સર્વ જગજંતુને સમ ગણે, ગણે તૃણ મણિભાવરે;
મુક્તિ સંસાર બેહુ સમ ગણે, ગણે ભવજલનિધિનાવરે. શાં૦ ૧૦
આપણો આતમભાવ જે, એક ચેતનાધાર રે,

અવર સવિ સાથ સંયોગથી, એહ નિજ પરિકર સાર રે.શાં૦ ૧૧
પ્રભુ મુખથી એમ સાંભળી, કહે આતમરામ રે;
તાહરે દરિસણે નિસ્તર્યો, મુજ સીધાં સવિ કામ રે. શાં૦ ૧૨
અહો અહો હું મુજને કહું, નમો મુજ નમો મુજરે;
અમિત ફળ દાન દાતારની, જેહની ભેટ થઇ તુજરે. શાં૦ ૧૩
શાંતિ સરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ પરરૂપરે;
આગમમાંહે વિસ્તર ઘણો, કહ્યો શાંતિ જિનભૂપરે. શાં૦ ૧૪
શાંતિ સરૂપ એમ ભાવશે, ધરી શુદ્ધ પ્રણિધાન રે;
આનંદઘન પદ પામશે, તે લહેશે બહુ માન રે. શાં૦ ૧૫

શ્રી શાંતિજિન સ્તવન.

બરબો કોણે કોરાવ્યો કે નંદજીના લાલરે. એ દેશી.
સોળમા શાંતિ જિનેસર દેવ કે, અચિરાના નંદરે.
જેહ ની સારે સુરપતિ સેવ કે; અ૦
તિરિનર સુર સહુ સમુદાય કે, અ૦
એક યોજન માંહે સમાય કે. અ૦ ૧
તેહને પ્રભુજીની વાણી કે, અ૦
પરિણમે સમજે ભવિ પ્રાણી કે; અ૦
સહુ જીવના સંશય ભાજે કે, અ૦
પ્રભુ મેઘ ધ્વનિ એમ ગાજે કે. અ૦ ૨
જેહને જોયણ સવાસો માન કે, અ૦
જે પૂર્વના રોગ તેણે થાન કે; અ૦
સવિ નાસ જાવે નવા નાવે કે, અ૦
ખટ માસ પ્રભુ પરભાવે કે, અ૦ ૩

જિહાં જિનજી વીચરે રંગ કે, અ૦
નવિ મુષક શલભ પતંગ કે; અ૦
નવિ કોઇને વયર વિરોધ કે, અ૦
અતિવૃષ્ટ અનાવૃષ્ટિ રોધ કે; અ૦ ૪
નિજ પર ચક્રનો ભય નાસે કે, અ૦
વલી મરકી નાવે પાસે કે; અ૦
પ્રભુ વિચરે તિહાં ન દુકાલ કે, અ૦
જાયે ઉપદ્રવ સવિ તતકાલ કે; અ૦ ૫
જસ મસ્તક પૂંઠે રાજે કે, અ૦
ભામંડલ રવિપરે છાજે કે, અ૦
કર્મ ક્ષયથી અતિશય અગીયાર કે, અ૦
માનું યોગ સામ્રાજય પરિવાર કે. અ૦ ૬
કબ દેખું ભાવ એ ભાવે કે, અ૦
એમ હોંશ ઘણી ચિત્ત આવે કે; અ૦
શ્રી જિન ઉત્તમ પરભાવે કે, અ૦
કહે પદ્મવિજય બની આવે કે. ૭

શ્રી શાંતિનાથ સ્વામીની સ્તુતિઓ.

શાંતિ સુહંકર સાહિબો, સંજમ અવધારે,
સુમતિને ઘેર પારણું, ભવ પાર ઉતારે;
વિચરંતા અવની તલે, તપ ઉગ્ર વિહારે,
જ્ઞાન ધ્યાન એક તાનથી, તિર્યંચને તારે. ૧
પાસ વીર વાસુપૂજ્યને, નેમ મલ્લી કુમારી,
રાજ્ય વિહુણા એ થયા, આપે વ્રત ધારી;

શાંતિનાથ પ્રમુખા સવિ, લહી રાજ્ય નિવારી.
મલ્લી નેમ પરણ્યા નહીં, બીજા ઘરબારી. ૨

[illegible] કમલ પગલાં ઠવે, જગ શાંતિ કરીજે,
[illegible] સિંહાસન બેસીને, ભલી દેશના દીજે;
[illegible] પ્રાણિયા, ફલ લેતાં રીજે,
[illegible] ગાથામાં, મગસેલ ન ભીજે. ૩

[illegible] ચરણ શુક્રરાફેદે, સ્યાસરૂપે ત્યાર,
[illegible] કમલ છે, દક્ષિણ કર સાર;
[illegible] પામીયે, નિકુલાક્ષ વખાણું
[illegible] તો, કવિ વીર તે જાણું. ૪

શ્રી કુંથુનાથ સ્વામીનાં ચૈત્યવંદનો.

[illegible] ગજપુર નયર નિવાસ:
[illegible] કુંથુનાથ સુખરાશિ. ૧
[illegible] જિનવર યોની છાગ:
[illegible] કરી, તિલક તજે વીતરાગ. ૨
[illegible] કરી એ, એક સહસ પરિવાર:
[illegible] મંદિર સિધાવતા, વીર બહુ હુશિયાર. ૩

૨

કુંથુનાથ કામિત દિયે, ગજપુરનો રાય;
સિરિ માતા ઉરે અવતરયો, સુર નરપતિ તાય. ૧
કાયા પાંત્રીશ ધનુષની, લંછન જસ છાગ;
કેવલ જ્ઞાનાદિક ગુણા, પ્રણમો ધરી રાગ. ૨
સહસ પંચાણુ વરસનું એ, પાલી ઉત્તમ આય:
પદ્મવિજય કહે પ્રણમિયે, ભાવે શ્રી જિનરાય. ૩

શ્રાવણ વદિ નવમી દિને, સર્વારથથી ચવિયા;
વદિ ચૌદશ વૈશાખના, જિન કુંથુ જનમિયા. ૧
વદિ પાંચમ વૈશાખ માસ, લિયો સંજમ સાર;
શુદિ ત્રીજે ચૈત્રહ તણું, લહે કેવલ સાર. ૨
પડવા દિન વૈશાખની, પામ્યા અવિચલ ઠામ;
છઠ્ઠા ચક્રી જિનવરૂ, જ્ઞાનવિમલ ગુણ ધામ. ૩

શ્રી કુંથુનાથજીનું સ્તવન.

સાહેલાં હે કુંથુ જિનેશ્વર દેવ, રત્નદીપક અતિ દીપતો હો સાહે૦
મુજ મન મંદિર માંહે. આવે જો અરિબલ જીપતો હો સાહે૦
મિટે તો મોહ અંધાર; અનુભવ તેજે ઝલહલે હો લાલ સા૦
ધૂમ કષાય ન રેખ, ચરણ ચિત્રામણ નવિ ચલે હો લાલ સા૦
પાત્ર કરે નહિ હેઠ, સૂર્ય તેજ નવિ છીપે હો લાલ સા૦
સર્વ તેજનું તેજ, પહેલાંથી વાધે પછે હો લાલ સા૦ ૩
જેહ ન મરુતને ગમ્ય, ચંચલતા જે નવિ લહે હો લાલ સા૦
જેહ સદા છે રમ્ય, પૂષ્ઠ ગુણે નવિ કૃશ રહે હો લાલ સા૦ ૪
પુદ્ગલ તેલ ન ખેપ, તેહ ન શુદ્ધ દશા દહે હો લાલ સા૦
નયવિજય બુધ શિષ્ય, વાચક યશ ઇણિપરે કહે હો લાલ સા૦; ૫

શ્રી કુંથુનાથ સ્વામીની સ્તુતિઓ.

વશી કુંથુજીની તિલકા જગતિ, મહિમા મહુની નાત શુદ્ધ નાતિ;
પ્રથિતાગમ જ્ઞાન ગુણાતિમલા, શુભસાર મનાં ગાંધર્વબલા ૧

કુંથુજિન નાથ, જે કરે છે સનાથ;
તારે ભવ પાથ, જે ગ્રહી ભવ્ય હાથ;

અહુના તજે સાથ, બાંધસે હિયે બાથ,
તારે સુન્દર સાથ, જે સુણે એક ગાથ. ૧

શ્રી અરનાથ સ્વામીનું ચૈત્યવંદન

પ્રભુ સર્વાર્થ થકી આવ્યા, નાગપુરે અવતાર;
રેવતી જન્મ અધિકારતા, કરતા નિર્જર નાથ ૧
ખાકર યોની ગણમાંહે, રાશી મીન ગુણુરી;
ત્રણ વરસમાં સ્થિર થયા, તલે આમ્રની ઠેવ ૨
ઘાતિયા અણુઘાત ટાલીયો, ક્ષાયક ભાગે નાણ;
સહસ મુનિવર સાથશું, વીર કહે નિરવાણ ૩

નાગપુરે અરજિનવરૂ, સુદર્શન નૃપનંદ;
દેવી માતા જનમીયા, ભવિજન સુખકંદ ૧
લંછન નંદાવર્તનું, કાયા ધનુષ ત્રીશ;
સહસ ચોરાશી વરસનું, આઉખું જાસ જગીશ ૨
અરજ અરજ અર જિનવરૂ, પામ્યા ઉત્તમ ઠાણ;
ગતપદ પદ્મ આલંબતાં, લહીએ પદ નિરવાણ ૩

સર્વાર્થથી આવીયા, ફાગુણ વદિ બીજે;
માગશર શુદિ દશમે જણ્યા, અરદેવ નમીજે ૧
માગશર શુદિ એકાદશી, સંયમ આદરીયો;
કાર્તિક ઉજ્જવલ બારશે, કેવલજ્ઞાન વરીયો ૨
શુદિ તેરશ માગશર તણીએ, શિવપદ લહે જિનનાથ;
ઉત્તમ ચરણને નમું, નય કહે જોડી હાથ ૩

શ્રી અરનાથ સ્વામીનું સ્તવન.

રાગ ગુર્જ. ઋષભનો વંશ રયણાયરૂ એ દેશી.

ધરમ પરમ અરનાથનો, કેમ જાણું ભગવંતરે;
સ્વપર સમય સમજાવિયે, મહિમાવંત મહંત રે ધ. એ આંકણી ૧
શુદ્ધાતમ અનુભવ સદા, સ્વસમય એહ વિલાસ રે;
પરની છાંહડી જેહ પડે, તે પરસમય નિવાસરે ધ૦ ૨
તારા નક્ષત્ર ગ્રહ ચંદની, જ્યોતિ દિનેશ મઝાર રે;
દર્શન જ્ઞાન ચરણ થકી, શક્તિ નિજાતમ ધારરે ધ૦ ૩
ભારી પીળો ચીકણો, કનક અનેક તરંગ રે;
પર્યાય દૃષ્ટિ ન દીજિયે, એકજ કનક અભંગ રે ધ૦ ૪
દરિસણ જ્ઞાન ચરણ થકી, અલખ સરૂપ અનેક રે;
નિર્વિકલ્પ રસ પીજિયે, શુદ્ધ નિરંજન એક રે ધ૦ ૫
પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંતરે;
વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંતરે ધ૦ ૬
વ્યવહારે લખે દોહિલા, કાંઈ ન આવે હાથ રે;
શુદ્ધનય સ્થાપના સેવતાં, નવિ રહે દુવિધા સાથરે ધ૦ ૭
એકપખી લખી પ્રીતિની, તુમ સાથે જગનાથ રે;
કૃપા કરીને રાખજો, ચરણ તળે ગ્રહી હાથ રે ધ૦ ૮
ચક્રી ધરમ તીરથ તણો, તીરથ ફલ તતસાર રે;
તીરથ સેવે તે લહે, આનંદઘન નિરધાર રે ધ૦ ૯

અરનાથ સ્વામીની સ્તુતિઓ

અરવિભ રવિ ભૂનાશે ઘાતકં, સુમત સામનસાધિતપત્રકં;
જિનાગાર નગિરાપરં તારણી, પ્રણતઃ યક્ષપતિ વીરધારણી ૧

અર જિનવર રાયા, જેહની દેવી માયા;
સુદરશન નૃપ તાયા, જાસ સુવર્ણ કાયા,

નંદાવર્ત પાયા, દેશના શુદ્ધ દાયા; ૩
સમવસરણ વિરચાયા, ઇંદ્ર ઇંદ્રાણી ગાયા.

મલ્લિનાથજીનાં ચૈત્યવંદન સ્તવન થોય.

પાને ૧૧૮—૧૯૫—૯૬ જુઓ

શ્રી મુનિસુવ્રત સ્વામીનાં ચૈત્યવંદનો

સુવ્રત અપરાજિતથી, રાજગૃહી ઠેકાણું; ૧
વાનર યોની રાજતી, સુંદર ગણ વખાણું.
શ્રવણ નક્ષત્રે જનમિયા, સુરનર જયજયકાર; ૨
મકરરાશિ છદ્મસ્થમાં, મૌન માસ અગિયાર.
ચંપક હેઠે ચાંપિયાએ, જે મન વાળી સાર; ૩
વીરવડા જગમાં પ્રભુ, શિવપદ એક હજાર.

મુનિસુવ્રત જિન વીશમા, કચ્છપનું લંછન; ૧
પદ્મા માતા જેહની, સુમિત્ર નૃપ નંદન.
રાજગૃહી નગરી ધણી, વીસ ધનુષ શરીર; ૨
કર્મ નિકાચિતરેણુ વ્રજ, ઉદ્દામ સમીર.
ત્રીસ હજાર વરસ તણું એ, પાળી આયુ ઉદાર; ૩
પદ્મવિજય કહે શિવ વર્યા, શાશ્વત સુખ નિરધાર.

અપરાજિતથી આવીયા, શ્રાવણ શુદિ પુનમ; ૧
આઠમ જેઠ અંધારડી, પામ્યા સુવ્રત જનમ.
ફાગણ શુદિ બારસે વ્રતી, વદિ બારસે જ્ઞાન; ૨
ફાગુની તિમ જેઠ નવમી, કહિયું નિર્વાણ.

ચંદ્રપ્રકાશ સુનુ ઉજ્જ્વલા ત્રિભુવન કરે પ્રકાશ;
જ્ઞાન વિમલ જિન રાજના, સુર નરનાયક દાસ ૪

શ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

કડખા ... આંખડીએ એ દેશી.

મુનિસુવ્રત કીજે ... મન માંહિ ધરી મોહેર
મોહેર ત્રિભુવન ... જગાવે કહેર ૧
જિનેશ્વર તું જગ ... દેવ, તુજ જગહિત કરવા ટેવ જિ૦
બીજ ... કરતા ... તુજ એ આંકણી
અરજુક ... હોય
પારાધિક સમજી ... સાજ હોય જિ૦ ૨
તે માટે ... મનમાં મોહેર
આપે આવ્યાં ... અશ્વ સાહેર જિ૦ ૩
અશ્વ પ્રતિબોધવા ... કરિય ઉપાય
પ્રતિબોધવા ... એ ગુણ કહિયે ન્યાય જિ૦ ૪
સમજ પણ તુજ ગુણ ... સ્વામી સેવક ભાવ
જ્ઞાન કહે હવે મેહેરનો, ન રહ્યો અવર પ્રસ્તાવ જિ૦ ૫

શ્રી મુનિસુવ્રત સ્વામીની સ્તુતિઓ.

સુવ્રત સ્વામી આતમરામી, પુજો ભવિ મન રલી;
જિન ... પુજિયે પાતિક હોયે, ભાવ સ્તવ સાંકલી;
... ન કહિયે, ઠક્કે ફુલ વંચકો;
... સી, નરદત્તા, વદુછુ જિનાચંકો ૧

૨

મુનિસુવ્રત સ્વામિ, જે ભવી ચિત ઠામે;
... પતિ પામે, સ્વર્ગના સુખ જામે;

દુર્ગતિ દુઃખ વામે, નવિ પરે મોહ ભામેઃ
સવિ કર્મ વિરામે, જઇ વસે સિદ્ધ ધામે

શ્રી નમિનાથ સ્વામીનાં ચૈત્યવંદનો.

૧

પ્રાણત કલ્પ સ્વર્ગથી, આવ્યા શ્રી નમિનાથ;
મિથિલા નગરી રાજિયો, શિવપુર કેરા સાથ
વાની અર્થ અલંકરી, અર્ધની ઉદયો સાજ;
મૃગશિર સુરગણ નમું, ધન તે દિન અભિરામ
નવ માસાંતર કેવલીએ, બકુલ તલે નિરધાર;
વીર અનોપમ સુખ વરયા, મુનિ પંડિત હુંકાર

૨

મિથિલા નગરીનો રાજિયો, વપ્રા સુત સાચો;
વિજયરાય સુત છોડીને, અવરા મન માચો
નીલ કમલ લંછન ભલું, પન્નર ધનુષની દેહ;
નમિ જિનવરનું શોભતું, ગુણ ગણ મણિ ગેહ
દશહજાર વરસ તણું એ, પાળ્યું પરગટ આય;
પદ્મવિજય કહે પુન્યથી, નમીએ તે જિનરાય

૩

આસો શુદિ પૂનમ દિને, પ્રાણતથી આયા;
શ્રાવણ વદિ આઠમ દિને, નમિ જિનવર જાયા
અષાઢ વદિ નવમી આષાઢની, થયા મિંડું અણગાર;
માગશર શુદિ ઇગ્યારશે, વર કેવલ ધાર
વદિ નવમી વૈશાખનીએ, અક્ષય અનંતા સુખ;
વીર કહે શ્રી જિન નામથી, નાસે દારિદ્ર દુઃખ

શ્રી નમિનાથ સ્વામીનું સ્તવન.

પીછોલારી પાળ, ઉભા દોય રાજવી રે એ દેશી.

શ્રી નમિ જિનવર સેવ, ઘનાઘન ઉનમ્યો રે ઘ૦
દીઠાં મિથ્યારોર, ભવિક ચિત્તથી ગમ્યો રે ભ૦
શુચિ આચરણા રીતિ તે, અભ્ર વધે વડાં રે તે૦
આતમ પરિણતિ શુદ્ધ તે, વીજ ઝબુકડા રે તે૦
વાજે વાય સુવાય, તે પાવન ભાવના રે તે૦
ઇંદ્ર ધનુષ ત્રિક યોગ, તે ભક્તિ એક મના રે તે૦
નિર્મલ પ્રભુ સ્તવ ઘોષ, ધ્વની ઘનગર્જના રે ધ્વ૦
તૃષ્ણા ગ્રીષ્મ કાળ, તાપની તર્જના રે તા૦
શુભ લેશ્યાની આલિ, તે બગ પંક્તિ બની રે તે૦
શ્રેણી સરોવર હંસ, વસે શુચિ ગુણ મુનિ રે વ૦
ચઉગતિ મારગ બંધ, ભવિક જન ઘર રહ્યા રે ભ૦
ચેતન સમતા સંગ, રંગમેં ઉમહ્યા રે ૨૦
સમ્યગ્દૃષ્ટિ મોર, તિહાં હરખે ઘણું રે તિ૦
દેખી અદ્ભુત રૂપ, પરમ જિનવર તણું રે પ૦
પ્રભુ ગુણનો ઉપદેશ, તે જલધારા વહી રે તે૦
ધરમ રૂચિ ચિત્ત ભૂમિ, માંહિ નિશ્ચલ રહી રે માં૦
ચાતક શ્રમણ સમૂહ કરે, તવ પારણો રે ક૦
અનુભવ રસ આસ્વાદ; સકલ દુઃખ વારણો રે સ૦
અશુભાચાર નિવારણ, તૃણ અંકુરતા રે તૃ૦
વિરતિ તણા પરિણામ, તે બીજની પૂરતા રે તે૦
પંચ મહાવ્રત ધાન્ય, તણાં કર્ષણ વધ્યાં રે ત૦
સાધ્ય ભાવ નિજ થાપી, સાધનતાએ સધ્યાં રે સા૦

ક્ષાયિક દરિસન ગ્યાન, ચરણ ગુણ ઉપનારે ચ૦
આદિક બહુ ગુણ સસ્ય, આતમ ઘર નીપનારે આ૦ ૬
પ્રભુ દરિસણ મહામેહ, તણે પરવેશમેં ન૦
પરમાનંદ સુભિક્ષ, થયા મુજ દેશમેં પ૦
દેવચંદ્ર જિનચંદ્ર, તણો અનુભવ કરોરે ન૦
સાદિ અનંતો કાલ, આતમ સુખ અનુસરોરે આ૦ ૭

શ્રી નમિનાથ સ્વામિની સ્તુતિઓ.

શ્રી નમિનાથ મહારાજ જાણો, તીર્થ પતિ મન આણો;
ત્રિભુવન આનંદ રૂપ એ. વીતરાગ ભગવાન તો;
દેશના સુધારસ ઉજ્જાળો, ભાંગે પદ ઇન્દ્ર ત્રાણ તો;
ગુરૂની ગંધારી સુરી, વીર હૃદય બહુ ઠાણો ૧

૨

નમિયો નમિ નેહ, પુન્ય થાય જેમ દેહ;
અઘ સમુદય જેહ, તે રહે નાહિ રેહ;
આઠ કેવલ તેહ, સેવના કાર્ય એહ;
ભાંડે શિવપુર ગેહ, કમેના ભાખી છેહ ૧

શ્રી નેમનાથ સ્વામીનાં ચૈત્યવંદન સ્તવન
થાયો વિગેરે પાને ૮૬ થી ૯૨ જુઓ.

શ્રી પાર્શ્વનાથ સ્વામીનાં ચૈત્યવંદન, સ્તવન, છંદ, થાયો પાને ૧૨૫ થી ૧૪૮ જુઓ.

શ્રી મહાવીર સ્વામીનાં ચૈત્યવંદનો

ઉર્દ્ધ લોક દશમા થકી, દેવ પુરે મંડાણ
ચ્યવનયોની ચાર શશિ, વર્દ્ધમાન જિન ભાણ ૧
ઉત્તરા ફાલ્ગુના ઉપના, માનવ ગણ સુખદાય
કન્યારાશિ જન્મનક્ષત્રમાં, બાર વરસ વળી આય

કાલ વિશાલ તરુ તલેએ, કેવલ નિધિ પ્રગટાય
વીર જિણંદ [illegible] ભણું, [illegible] જિન જાય 3

સિદ્ધારથ સુત વંદીયે, ત્રિશલાનો જાયો
ક્ષત્રીકુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો 1
મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાય
બહોતેર વરસનું આઉખું, વીર જિનેશ્વર રાય 2
ખીમાવિજય જિનરાજનાએ, ઉત્તમ ગુણ અવદાત
સાત બોલથી વર્ણવ્યા, પદ્મવિજય વિખ્યાત 3

શુદિ અષાઢની છઠ દિવસે, પ્રાણતથી ચવિયા
તેરસ ચૈત્ર શુદિ દિને, ત્રીસલાએ જનમિયા 1
માગશર વદિ દશમી દિને, આપ સંયમ આદરે
શુદિ દશમી વૈશાખની, વર કેવલ સાધે 2
કાર્તિક વદ અમાવાશીયે, શિવગતિ કરે ઉદ્યાન
જ્ઞાનવિમલ ગોતમ લહે, પર્વ દીપોત્સવ ઠાર 3

શ્રી મહાવીર સ્વામીનું સ્તવન.

કડખાની દેશી.

તાર હો તાર પ્રભુ, મુજ સેવક ભણી,
જગતમાં એટલું સુજશ લીજે.
દાસ અવગુણ ભર્યો, જાણી પોતા તણો,
દયાનિધિ દીનપર દયા કીજે તા૦ 1
રાગ દ્વેષે ભર્યો, મોહ વૈરી નડ્યો,
લોકની રીતિમાં ઘણુંય રાતો.
ક્રોધવશ ધમધમ્યો, શુદ્ધ ગુણ નવિ રમ્યો,
ભમ્યો ભવમાંહિ હું વિષય માતો તા૦ 2

આદર્યું આચરણ, લોક ઉપચારથી,
શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈ કીધો.
શુદ્ધ શ્રદ્ધાનવલિ, આત્મ અવલંબ વિણ,
તેહવો કાર્ય તિણે કો ન સીધો ॥૩॥ ૩
સ્વામી દરિશણ સમો, નિમિત્ત લહી નિર્મલો,
જો ઉપાદાન એ શુચિ ન થાશે
દોષ કો વસ્તુનો, અહવા ઉદ્યમ તણો,
સ્વામી સેવા સહી નિકટ લાશે ॥૪॥ ૪
સ્વામીગુણ ઓળખી, સ્વામીને જે ભજે,
દરિશણ શુદ્ધતા તેહ પામે.
જ્ઞાન ચારિત્ર તપ, વીર્ય ઉલ્લાસથી,
કર્મ ઝીપી વસે મુક્તિ ધામે ॥૫॥
જગત વત્સલ, મહાવીર જિનવર સુણી,
ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો.
તારજો બાપજી, બિરુદ નિજ રાખવા,
દાસની સેવના રખે જોશો ॥૬॥ ૬
વિનતિ માનજો, શક્તિ એ આપજો,
ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ ભાસે.
સાધિ સાધકદશા, સિદ્ધતા અનુભવી,
દેવચંદ્ર વિમલ પ્રભુતા પ્રકાશે ॥૭॥ ૭

શ્રી મહાવીર જિન સ્તવન.

(રાગ ધન્યાશ્રી.)

ગિરૂઆરે ગુણ તુમ તણા, શ્રી વર્દ્ધમાન જિનરાયા રે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મ્હારી નિર્મળ થાયે કાયા રે. ગિ૦ ૧
તુમ ગુણ ગણ ગંગા જલે, હું ઝીલી નિર્મળ થાઉં રે;

અશુદ્ધ ન થયો આદરૂ, નિશદિન તોરા ગુણ ગાઉં રે. જિ૦ ૨
ઝીલ્યા જે ગંગા જલે, તે છિલ્લર જલ નવિ પેસે રે;
જે માલતી ફુલે મોહીયા, તે બાવલ જઇ નવિ બેસે રે. જિ૦ ૩
એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે;
તે કેમ પરસુર આદરૂં, જે પરનારી વશ રાચ્યા રે. જિ૦ ૪
તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે;
વાચક યશ કહે માહરે, તું જીવન જીવ આધારો રે. જિ૦ ૫

([illegible] વિષય ન [illegible]. એ. દેશી.)

શ્રી[illegible] નંદન વીરજી, [illegible];
[illegible] નાયક [illegible], [illegible]. શ્રી૦ ૧
[illegible] જગ [illegible], [illegible];
[illegible] પ્રભુ [illegible], [illegible]. શ્રી૦ ૨
[illegible] તે મેરૂ [illegible], [illegible];
[illegible] તે [illegible], [illegible]. શ્રી૦ ૩
[illegible] નાયક [illegible], [illegible];
[illegible], પ્રભુજી [illegible]. શ્રી૦ ૪
વાચક શેખર કીર્તિવિજય ગુરૂ, પ્રભુનું નામ [illegible];
[illegible], વિનયવિજય ગુણ[illegible] શ્રી૦ ૫

(શ્રીમહાવીર [illegible]. એ દેશી.)

ચઉગતિમાંથી પારણું આવે, કરી વિનતી નીજ ઘેર લાવે;
[illegible] પુત્રને [illegible], [illegible].
મહાવીર પ્રભુ ઘેર આવે, જગમાં શોક ભાવના ભાવે રે. મ૦ ૧
[illegible] જળ છંટકાવે, [illegible] ફુલ બીછાવે;
નીજ ઘર તોરણ બંધાવે, મેવા મીઠાઇ થાળ ભરાવે રે. મ૦ ૨

અરિહાને દાનજ દીજે, દેતાં જે દેખી રીજે;
ઘર [illegible] ભુરિજે, રાજે દાયક [illegible] બીજે રે. મ૦ ૩
તે જીનવર [illegible] જાણું, મુજ મંદિરીએ પધરાવું;
પારણું [illegible] કરાવું, જીનને [illegible] રે. મ૦ ૪
પછે પ્રભુને વોળાવા જઈશું, [illegible];
નમી વંદી પાવન થઈશું, વીરની [illegible] રે. મ૦ ૫
દયા દાન ખીમા શીલ ધરશું, ઉપદેશ [illegible];
સત્ય જ્ઞાન દીક્ષા [illegible] રે. મ૦ ૬
એમ જીરણ શેઠ [illegible], [illegible];
શ્રાવકની સીમે ઠરતાં, [illegible] નાદ સુણતાં રે. મ૦ ૭
કરી આયુ પૂરણ શુભ ભાવે, સુર લોક બારમે જાવે;
શાતા વેદની સુખ પાવે, શુભ વીરવચન રસ ગાવે રે. મ૦ ૮

(રાગ [illegible] તેલીયાની દેશી.)

મહા વીર જિનેશ્વર ગાયા, વિમલા [illegible] જાયારે;
કરી [illegible] કંચન વન કાયા અમર વધુ ફુલરાયારે. વં૦ ૧
બાલપણે સુરગીરી ડોલાયા, [illegible];
ઇંદ્ર કહ્યું વ્યાકરણ નીપાયા, પંડિત વિસ્મય પાયારે. વં૦ ૨
ત્રીસ વરસ ઘરવાસ રહાયા, સંજમ [illegible] રે;
[illegible] વરસ [illegible] કર્મ ખપાયા, કેવલ નાણ ઉપાયારે. વં૦ ૩
પ્રાતક રિદ્ધિ અનંતી પાયા, ચોત્રીશ અતિશય સુહાયારે;
વાણી રૂપ કરી ધર્મ બતાયા, ચઉવિહ સુર ગુણ ગાયારે. વં૦ ૪
સમવસરણમેં આપ સોહાયા, શિર [illegible] છત્ર ધરાયારે;
રૂપ [illegible] વિરાજીયા નિર્મલ નામ ધરાયારે. વં૦ ૫
રત્ન સિંહાસન બેસન આયા, દુંદુભિ નાદ બજાયારે;

કનક રતન વાસ વધાવ્યા, ભકતે શિશ નમાયારે. વં૦ ૬
પ્રભુ ગુણગણ ગંગાજલે નાહ્યા, પાવન તનુની કાયારે;
ખંડીત ક્રમ: વિજય સુપસાયા, સેવક જન ગુણ ગાયારે. વં૦ ૭

વીર કુંવરની વાતડી કેને કહીએ, હાંરે કેને કહીએરે કેને કહીએ;
નવિ આદર બેસી રહીએ, હાંરે સુકુમાર શરીર. વી૦ ૧
બાલપણાથી લાડકો નૃપ ભાવ્યો, હાંરે ગામી ચાસઠ ઇંદ્રે
મલ્હાવ્યો;ઇંદ્રાણી મળી હુલરાવ્યો, હાંરે ગયો રમવાકાજ. વી૦ ૨
બારૂ ઉંબંજ સાંભળી તાં કેમ રહીએ, હાંરે ગયા આલકીને સુરિ૦
હીએ: કહું મનોઅટ નાચીએ, હાંરે નાશી ગયાં સાગ. વી૦ ૩
આમલકી ક્રીડાવશ થી રાખું, હાંરે મોટા મોહિગ રૂપ ભરાખું;
હારે હાથે ગ્રહાને તાણ્યો. હાંરે કાંઈ નાખ્યો દૂર. વી. ૪
રૂપવિશાલનું દેવતાકરી ચઢિયા, હાંરે મુષ્ટ ખૂને લેઈ હબગીઆ;
વીર મુષ્ટી પ્રહારે વગાંગો, હાંરે સભાએ એમ. વી. ૫
ત્રિશલા માતા મનમાં એમ કહેતી, હાંરે સાહીમાનેઓળખીના
હેતી; લઘુ લઘુ પ્રભુ નામજ લેતી, હાંરે તેડાવે બાળ. વી. ૬
બાલકે વર્ધમાન કુમાર આવ્યા, હાંરે માતા ત્રિશલાએ નવરાવ્યા;
ખોળે બેસારી હુલરાવ્યા. હાંરે આલિંગન હેત. વી. ૭
યૌવન વય પ્રભુ પામતાં પરણાવે, હાંરે પછી સંજમશું દીલ
લાવે; ઉપસર્ગની ફોજ હઠાવે હાંરે લીધુ કેવળ નાણ. વી. ૮
કર્મે સઘન તપ ભાખીયું જીનરાજે. હાંરે ત્રણ લોકની ઠકુરાઈ
છાજે; કુલયુત કહી શીવ કાજે, હાંરે ભવિને ઉપગાર. વી. ૯
શાતા અશાતા વેદની ક્ષય કીધું, હાંરે આપે અક્ષયપદ લીધું;
પૂજ વીરનું કારજ સિદ્ધ, હાંરે ભાંગે સાદિ અનંત. વી. ૧૦

વીર પ્રભુ ત્રિભુવન શ્રૃંગારી, જાણી શરણું હમ આવે હે;
પાવાપુરી પ્રભુ દરશ પાયા, દુઃખ દારિદ્ર દૂર ગમાયે. વીર. ૧
જલપાય પાવાપુર આયે, સમવસરણ વિરચાયો હે;
ચઉ મુખ ચતુર્વિધ સ્થાપન કરકે, શિવપુર પંથ બતાયો હે. વીર. ૨
મહિમા મંડન ત્રિભુવન જિનવર, પ્રભુ ચેતન પૂજાયો હે;
ત્રૈલોક્યકે મહિમાં અદભુત, સુરનર કિન્નર જશ ગાયો હે. વીર. ૩
પાવાપુર પ્રભુ ચરમ ચોમાસા, કરી સબ કરમ ખપાયો હે,
સોળ પહોર દેશના દેઈ અદભુત, શિવપુરકું સિધાયો હે. ૪
સૂત્ર ધર્મ સુધારક પ્રભુ કે, દરશન કરિ હુલસાયો હે. વીર.
શિલ્પવિમલ હરખાઈ સુધાકર, શાસનપતિ ગુણ ગાયો હે. વીર. ૫

નારે પ્રભુ નહીં માનું, નહીં માનું રે અવરની આણ; નારે પ્ર૦
મ્હારે તાહરૂં વચન પ્રમાણ, નારે પ્રભુ. એ આંકણી.
હરિ હરાદિક દેવ અનેરા, તે દીઠા જગમાંયરે;
ભામિની ભ્રમર ભ્રૂકુટીયે ભુલ્યા, તે મુજને ન સુહાય. નારે. ૧
કેઇક રાગી ને કેઇક દ્વેષી, કેઇક લોભી દેવરે;
કેઇક મદમાયામાં ભરિયા, કેમ કરીએ તસુ સેવ. નારે. ૨
મુદ્રા પણ તેમાં નવિ દીસે પ્રભુ, તુજ માંહેલી તિલ માતરે;
તે દેખી દિલડું નવિ રીઝે, શાં કરવી તેહની વાત. નારે. ૩
તું ગતિ તું મતિ તું મુજ પ્રીતમ, જીવ જીવન આધારરે;
રાત દિવસ સ્વપનાંતર તુંહી, તું માહરે નિરધાર. નારે. ૪
અવગુણ સહુ ઉવેખીને પ્રભુ, સેવક કરીને નિહાલરે;
જગબંધવ એ વિનતી મોરી, માહરાં સવિ દુઃખ દૂર ટાળ. નારે. ૫

શ્રાવીશમા પ્રભુ ત્રિભુવન સ્વામી, બીહારથના નંદરે;
શિવાદેવીના ન્હાનડાયા પ્રભુ, જુએ દીઠે અતિ આનંદનારે. ૧
સુમતિ વિજય કવિ રાયનેરે, રામ વિજય કર જોડરે;
ઉપકારી અરિહંતજી, મારા ભવભવના બંધ છોડનારે. ૭

શ્રી મહાવીર સ્વામીની સ્તુતિ.

વીર જગપતિ જન્મ થાવે, નંદન નિશ્ચિત શિખર રહાવે
આઠ કુમારી ગાવે, આઠ ગજ કુંભ ઉંડે વસાવે
ઉર્ધ્વ લોકથી અવીશ આવે, દ્વીપ રૂચક ચઉઆવે
છપ્પન દિશ કુમારી ફુલરાવે, શાંતિ કરમ કરી જિનવર પાવે
ચોસઠ સુરપતિ વજાવે, સિંહનાદ કરી જ્યોતિષી આવે.
ભવનપતિ ઘંટ પડહો વાગે વરગિર જનમ મહુલાવે. ૧
રૂપક સરી સાત કહીજે, શાંતિનાથ ભવ બાર સુણીજે
મુનિ સુવ્રત નવ કીજે, નવ નેમીશ્વર નમન કરીજે
પાર્શ્વ પ્રભુના દશ સમરીજે, વીર સત્તાવીશ લીજે.
અજિતાદિક જિન શેષ રહીજે, ત્રણ ત્રણ ભવ સાધે ઠવીજે
જગ અજ્ઞાનથી ગણીજે, જિનનામ બંધ નિકાચિત કીજે
સીજે ભવ તપ ખતિ ધરીજે, જિનપદ ઉદયે સીજે ૨
આચારાંગ આદિ અંગ ઇગ્યાર, ઉવવાઇ આદિ ઉપાંગ તે બાર
દશ પયન્ના સાર, છ છેદ સૂત્ર વિચિત્ર પ્રકાર
ઉત્તરાધ્યયન મૂલ સૂત્ર તે ચાર, નંદી અનુયોગદ્વાર
પિસ્તાલીસ આગમ સાર, સુણતાં લહે તત્વ ઉદાર
વસ્તુ સ્વભાવ પ્રકાર: વિષય ભુજંગી નિર્વિષ અપહાર
એ સમો મંત્ર ન કો સંસાર, વીર શાસન જયકાર ૩

ત્રુશ બીજોરૂં શાય કર આલી. મતંગ સુર શાસન કાંતિ તે આલી
વાહન ગજશું કાલી, સિંહ ઉપર બેઠી રહિયાલી
સિદ્ધાયિકા દેવી લટકાલી, હરે તાજા ચ્યાર ભુજાલી
પુસ્તક અભયા જિમણે આલી, માતુ લિંગને વીણા રસાલી
ડાબ ભુજ નહિં ખાલી, શુભ ગુરૂ ગુણ પ્રભુ ધ્યાન ધરાલી
અનુભવ નેહશું દેતા તાલી, વીર વચન ટંકશાલી. ૪

મહાવીર જિણંદા, રાયસિદ્ધારથ નંદા;
લંછન મૃગઇંદા, જાસ પાયે સોહંદા.
સુરનર વરઇંદા, નિત્ય સેવા કરંદા;
ટાલે ભવ ફંદા, સુખ આપે અમંદા. ૧
અડ જિનવર માતા, મોક્ષમાં સુખશાતા;
અડ જિનની ખ્યાતા, સ્વર્ગ ત્રીજે આખ્યાતા.
અડ જિનપ જનેતા, નાક માહેંદ્ર યાતા;
સવિ જિનવર નેતા, શાશ્વતા સુખદાતા. ૨
મલ્લિ નેમિ પાસ, આદિ અઠ્ઠમ ખાસ;
કરી એક ઉપવાસ, વાસુ પૂજ્ય સુવાસ.
શેષ છઠ સુવિલાસ, કેવલજ્ઞાન જાસ;
કરે વાણી પ્રકાશ, જેમ અજ્ઞાન નાશ. ૩
જિનવર જગદીશ, જાસ મોટી જગીશ;
નહિ રાગને રીશ, નામિયે તાસ શીશ.
માતંગ સુર ઈશ, સેવતો રાત દીશ;
સુખ ઉત્તમ આશિષ, પદ્મ ભાખે સુશીષ.

અથ શ્રી બીજનું ચૈત્યવંદન.

દુવિધ ધર્મ જિણે ઉપદિશ્યો, ચોથા અભિનંદન ॥
બીજે જન્મ્યા તે પ્રભુ, ભવદુઃખ નિકંદન ॥ ૧ ॥
દુવિધ ધ્યાન તુમ્હે પરિહરો, આદરો દોય ધ્યાન ॥
એમ પ્રકાશ્યું સુમતિ જિને, તે ચવિયા બીજ દિન ॥ ૨ ॥
દોય બંધન રાગ દ્વેષ, તેહને ભવિ તજીએ ॥
મુજ પરે શીતલ જિન કહે, બીજદિન સિવ ભજીએ ॥ ૩ ॥
જીવાજીવ પદાર્થનું, કરો નાણ સુજાણ ॥
બીજ દિને વાસુપૂજ્ય પરે, લહો કેવલ નાણ ॥ ૪ ॥
નિશ્ચય નય વ્યવહાર દો, એકાંત ન ગ્રહીયે ॥
અર જિન બીજ દિને ચવી, એમ જન આગળ કહીયે ॥ ૫ ॥
વર્તમાન ચોવીશીયે, એમ જિન કલ્યાણ ॥
બીજદિને કેઈ પામીયા, પ્રભુ નાણ નિર્વાણ ॥ ૬ ॥
એમ અનંત ચોવીશીયે એ, હુઆં બહુ કલ્યાણ ॥
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં હોય સુખ ખાણ ॥ ૭ ॥

ઇતિ શ્રી બીજનું ચૈત્યવંદન સંપૂર્ણ.

અથ શ્રી બીજનું સ્તવન.

દુલહલ પાણીડાને જાય. એ દેશી.

સરસ્વતી શારદ માય, શાસન વીર સુહંકરૂજી ॥
બીજ તિથિ ગુણ ગેહ, આદરો ભવિયણ સુંદરૂજી ॥ ૧ ॥
એહ દિન પંચ કલ્યાણ, વિવરીને કહું તે સુણોજી ॥
માહા સુદિ બીજે જાણ, જન્મ અભિનંદન તણોજી ॥ ૨ ॥
શ્રાવણ શુદિની હો બીજ, સુમતિ ચવ્યા સુરલોકથીજી ॥
ત્રેવીસું સવોદધિ તેહ, તસ પદ સેવે સુર થોકથીજી ॥ ૩ ॥

સમેતશિખર શુભ ઠાણ, દશમા શીતલ જિનગણુંજી ॥
ચૈત્ર વદિની હો બીજ, વર્યા મુક્તિ તસ સુખ ઘણુંજી ॥૪॥
ફાલ્ગુન માસની બીજ, ઉત્તમ ઉજ્જવલ માસનીજી ॥
અરનાથ ચ્યવન, કર્મક્ષયે તવ પાસનીજી ॥ ૫ ॥
ઉત્તમ માઘજ માસ, શુદિ બીજે વાસુપૂજ્યનોજી ॥
એહિજ દીન કેવલ નાણ, શરણ કરો જિનરાજનોજી ॥૬॥
કરણી રૂપ કરો ખેત, સમકિત રૂપ રોપો તિહાંજી ॥
ખાતર કિરિયા હો જાણ, ખેડ સમતા કરી જિહાંજી ॥ ૭ ॥
ઉપસમ તદ્રૂપ નીર, સમકિત છોડ પ્રગટ હોવેજી ॥
સંતોષ કરી અહો વાડ, પચ્ચખ્ખાણ વ્રત ચોકી સોહેજી ॥૮॥
નાસે કર્મ રિપુ ચ્યાર, સમકિત વૃક્ષ ફલ્યો તિહાંજી ॥
માંજર અનુભવ રૂપ, ઉતરે ચારિત્ર ફલ જિહાંજી ॥૯॥
શાંત સુધારસ વારિ, પાન કરી સુખ લીજીયેજી ॥
તંબોલ સમ લ્યો સ્વાદ, જીવને સંતોષ રસ કિજીએજી ॥૧૦॥
બીજ કરો બાવીશ માસ, ઉત્કૃષ્ટિ બાવીશ માશનીજી ॥
ચોવિહાર ઉપવાસ, પાલિયે શીલ વસુધાસનીજી ॥૧૧॥
આવશ્યક દોય વાર, પડિલેહણ દોય લીજીયેજી ॥
દેવવંદન ત્રણ કાલ, મન વચ કાયાયે કીજીયેજી ॥૧૨॥
ઉજમણું શુભ ચિત્ત, કરી ધરીયે સંયોગથીજી ॥
જિનવાણી રસ એમ, પીજીયે શ્રુત ઉપયોગથીજી ॥૧૩॥
એણિ વિધ કરિયે હો બીજ, રાગને દ્વેષ દૂરેજી ॥
કેવલ પદ લહી તાસ, વરે મુક્તિ ઉલટ ધરીજી ॥૧૪॥
જિનપૂજા ગુરૂભક્તિ, વિનય કરી સેવો સદાજી ॥
પદ્મવિજયનો શિષ્ય, ભક્તિ પામે સુખ સંપદાજી ॥૧૫॥

ઇતિ શ્રી બીજનું સ્તવન સંપૂર્ણ.

અથ શ્રી બીજ તિથિની સ્તુતિ.

જિન સકલ મનોહર, બીજ દિવસ સુ વિશેષ ॥
ગયા રાણા પ્રણમે, ચંદ્ર તણી જ્યાં રેખ ॥
તિહાં ચંદ્ર વિમાને, શાશ્વત જિનવર જેહ ॥
હું બીજ તણો દિન, પ્રણમું આણી નેહ ॥ ૧ ॥
અભિનંદન ચંદન, શીતલ શિતલનાથ ॥
અરનાથ સુમતિજિન, વાસુપૂજ્ય શિવ સાથ ॥
ઇત્યાદિક જિનવર, જન્મ જ્ઞાન નિર્વાણ ॥
હું બીજતણે દિન, પ્રણમું તે સુવિહાણ ॥ ૨ ॥
પરકાશ્યો બીજે, દુવિધ ધર્મ ભગવંત ॥
જેમ વિમલા કમલા, વિપુલ નયન વિકસંત ॥
આગમ અતિ અનુપમ, જિહાં નિશ્ચય વ્યવહાર ॥
બીજે સવિ કીજે, પાતકનો પરિહાર ॥ ૩ ॥
ગજગામિની કામિની, કમલ સુકોમલ ચીર ॥
ચક્કેસરી કેસરી, સરસ સુગંધ શરીર ॥
કરજોડી બીજે, હું પ્રણમું તસ પાય ॥
એમ લબ્ધિવિજય કહે, પુરો મનોરથ માય ॥૪॥

ઇતી શ્રી બીજ તિથિની સ્તુતિ સંપૂર્ણ.

અથ શ્રી જ્ઞાન પંચમીનું ચૈત્યવંદન.

ત્રિગડે બેઠા વીરજિન, ભાખે ભવિજન આગે ॥
ત્રિકરણશું ત્રિહું લોક જન, નિસુણો મન રાગે ॥ ૧ ॥
આરાધો ભલિ ભાતસેં, પાંચમ અજુવાલી ॥
જ્ઞાન આરાધન કારણે, એહજ તિથિ નિહાલી ॥૨॥

જ્ઞાન વિના પશુ સારિખા, જાણો એણે સંસાર ॥
જ્ઞાન આરાધનથી લહ્યું, શિવપદ સુખ શ્રીકાર ॥૩॥
જ્ઞાન રહિત ક્રિયા કહી, કાશ કુસુમ ઉપમાન ॥
લોકાલોક પ્રકાશકર, જ્ઞાન એક પરધાન ॥૪॥
જ્ઞાની શ્વાસો શ્વાસમે, કરે કર્મનો છેહ ॥
પૂર્વ કોડિ વરસાં લગે, અજ્ઞાને કરે તે ॥૫॥
દેશ આરાધક ક્રિયા કહી, સર્વ આરાધક જ્ઞાન ॥
જ્ઞાન તણો મહિમા ઘણો, અંગ પાંચમે ભગવાન ॥૬॥
પંચ માસ લઘુ પંચમી, જાવજ્જીવ ઉત્કૃષ્ટિ ॥
પંચ વરસ પંચ માસની, પંચમી કરો શુભદૃષ્ટિ ॥૭॥
એકાવનહી પંચનો એ, કાઉસ્સગ્ગ લોગસ્સ કેરો ॥
ઉજમણું કરો ભાવશું, ટાળો ભવ ફેરો ॥૮॥
એણી પેરે પંચમી આરાહીયે એ, આણી ભાવ અપાર ॥
વરદત્ત ગુણમંજરી પરે, રંગવિજય લહો સાર ॥૯॥

ઇતિ શ્રી પંચમીનું ચૈત્યવંદન સંપૂર્ણ.

અથ શ્રી પંચમીનું સ્તવન.

પંચમી તપ તુમે કરો રે પ્રાણી, જેમ પામો નિર્મલ જ્ઞાનરે ॥
પહેલું જ્ઞાનને પછી ક્રિયા, નહિં કોઇ જ્ઞાન સમાનરે ॥ પંચ૦
નંદીસૂત્રમાં જ્ઞાન વખાણ્યું, જ્ઞાનના પાંચ પ્રકારરે ॥
મતિ શ્રુત અવધિને મનઃ પર્યવ, કેવલ એક ઉદારરે; પં. ૨
મતિ અઠ્ઠાવિશ શ્રુત ચઉદહ વીસ, અવધિ છ અસંખ્ય પ્રકારરે;
દોય ભેદ મનઃપર્યવ દાખ્યું, કેવલ એક ઉદારરે. પં. ૩
ચંદ્ર સૂર્ય ગ્રહ નક્ષત્ર તારા, એકથી એક અપારરે;
કેવલ જ્ઞાન સમું નહીં કોઇ, લોકાલોક પ્રકાશરે. પં. ૪

પારસનાથ પ્રસાદ કરીને, મ્હારી પૂરો ઉમેદરે;
સમયસુંદર કહે હું ઇમ પામું, જ્ઞાનનો પાંચમો ભેદરે. ૫.

ઇતિ શ્રી પંચમીનું લઘુ સ્તવન સંપૂર્ણ.

અથ શ્રી પંચમીની સ્તુતિ.

શ્રાવણ શુદિ દિન પંચમીએ, જનમ્યા નેમજિણંદ તો;
શ્યામ વરણ તનુ શોભતુંએ, મુખશારદકો ચંદ તો;
સહસ વરસ પ્રભુ આઉખુંએ, બ્રહ્મચારી ભગવંતતો;
અષ્ટ કરમ હેલે હણીએ, પહોતા મુક્તિ મહંતતો. ૧
અષ્ટાપદ આદિ જિનએ, પહોત્યા મુક્તિ મોઝાર તો;
વાસુપૂજ્ય ચંપાપુરીએ, નેમ મુક્તિ ગિરનાર તો;
પાવાપુરી નગરીમાં વલિએ, શ્રી વીરતણું નિર્વાણ તો;
સમેત શિખર વીશ સિદ્ધ હુઆએ, શિરવહું તેહની આણતો.
નેમનાથ જ્ઞાની હુવાએ, ભાંખે સાર વચન તો;
જીવદયા ગુણ વેલડીએ, કીજે તાસ જતન તો;
મૃષા ન બોલો માનવીએ, ચોરી ચિત નિવાર તો;
અનંત તીર્થંકર એમ કહે એ, પરહરિયે પરનાર તો. ૩
ગોમેદ નામે જક્ષ ભલોએ, દેવી શ્રી અંબીકા નામ તો
શાસન સાનિધ્ય જે કરે એ, કરે વલિ ધર્મનાં કામ તો,
તપગચ્છ નાયક ગુણ નિલોએ, શ્રી વિજયસેન સૂરિ રાય તો
ઋષભદાસ પાય સેવતાં એ, સફલ કરો અવતાર તો. ૪

ઇતિ શ્રી પંચમીની સ્તુતિ સંપૂર્ણ.

અથ શ્રી અષ્ટમીનું ચૈત્યવંદન.

માહા શુદિ આઠમને દિને, વિજયા સુત જાયો;
તેમ ફાગણ શુદિ આઠમે, સંભવ ચવિ આયો. ૧
ચૈતર વદની આઠમે, જનમ્યા ઋષભ જિણંદ;
દીક્ષા પણ એ દિન લહી, હુઆ પ્રથમ મુનિચંદ. ૨
માધવ શુદિ આઠમ દીને, આઠ કર્મ કર્યાં દૂર;
અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપૂર. ૩
એહિજ આઠમ ઉજળી, જનમ્યા સુમતિ જિણંદ;
આઠ જાતિ કલશે કરી, ન્હવરાવે સુર ઇંદ. ૪
જનમ્યા જેઠ વદિ આઠમે, મુનિસુવ્રત સ્વામિ;
નેમ આષાઢ શુદિ આઠમે, અષ્ટમી ગતિ પામી. ૫
શ્રાવણ વદિની આઠમે, નમિ જનમ્યા જગભાણ;
તિમ શ્રાવણ શુદિ આઠમે, પાસજીનું નિર્વાણ. ૬
ભાદરવા વદિ આઠમ દિને, ચવિયા સ્વામી સુપાસ;
જિન ઉત્તમ પદ પદ્મને સેવ્યાથી શિવવાસ. ૭

ઇતિ શ્રી અષ્ટમીનું ચૈત્યવંદન સંપૂર્ણ.

અથ શ્રી અષ્ટમીનું સ્તવન.

હાંરે મારે ઠામ ધરમના, સાડા પચવીસ દેશ જો;
દીપે રે ત્યાં દેશ મગધ સહુમાં શિરે રે લો;
હાંરે મારે નગરી તેહમાં, રાજગૃહી સુવિશેષ જો;
રાજે રે ત્યાં શ્રેણિક, ગાજે ગજપરે રે લો. ૧.
હાંરે મારે ગામ નગર પુર પાવન કરતા નાથ જો,
વિચરંતા તિહાં આવી વીર સમોસર્યા રે લો

હાંરે૦ ચઉદ સહસ્સ મુનિવરના સાથે સાથ જો;
સુધારે તપસંયમ શિયલે અલંકર્યા રે લો. ૨.
હાંરે૦ ફુલ્યા રસભાર ઝુલ્યા અંબકદંબ જો;
જાણું રે ગુણશીલ વન હસિ રોમંચિયા રે લો.
હાંરે૦ વાયા વાવ સુવાય તિહાં અવિલંબ જો;
વાસેરે ગંધોદક સિંહુ પાસે સંચિયારે લો. ૩.
હાંરે૦ દેવ ચતુર્વિધ આવે કોડા કોડ જો;
ત્રિગડુંરે મણિ હેમ રજતનું તે રચે રે લો.
હાંરે૦ ચોસઠ સુરપતિ સેવે હોડા હોડ જો;
આગે રે રસ લાગે ઇંદ્રાણી નચે રે લો. ૪.
હાંરે૦ મણિમય હેમ સિંહાસન બેઠા આપ જો;
ઢાલે રે સુર ચામર મણિ રત્ને જડ્યાં રે લો.
હાંરે૦ જાણતાં દુંદુભિ નાદ ટલે સવિ તાપ જો.
બરસે રે સુર ફુલ સરસ જાણું અડ્યાં રે લો. ૫
હાંરે૦ તાજે તેજે ગાજે ઘન જેમ લુંબ જો;
રાજેરે જિનરાજ સમાજે ધર્મને રે લો.
હાંરે૦ નિરખી હરખી આવે જન મન કુંબ જો.
પોષેરે રસ ન પડે ધોખે ભર્મમાં રે લો. ૬.
હાંરે૦ આગમ જાણી જિનનો શ્રેણિક રાય જો;
આવ્યોરે પરિવરિયો હય ગય રથ પાયગે રે લો.
હાંરે૦ દઈ પ્રદક્ષિણા વંદિ બેઠો ઠાય જો. ૭
સુણવારે જિનવાણી મીઠી ભાખતી રે લો.
હાંરે૦ [illegible]

આણી રે જન કરૂણા ધર્મ કથા કહે રે લો. ૯
ઝાંરે૦ સહજ વિરોધ વિસારી જગના જંત જો;
સુણવા રે જિનવાણી મનમાં ગહ ગહે રે લો. ૮.

ઢાળ ૨ ૭૯.

વાલમ વેહેલારે આવજો એ દેશી.

વીરજીનવર એમ ઉપદિશે, સાંભલો ચતુર સુજાણરે;
મોહની નિંદમાં કાં પડો, ઓળખો ધર્મના ઠાંણરે;
વિરતીએ સુજાણી ધરી આદરો. ૧.
પરિહરો વિષય કષાયરે, બાપડા પંચ પરમાદથી:
કાં પડો કુગતીમાં ધાય રે. વિ૦
કરી શકો ધર્મ કરણી સદા, તો કરો એ ઉપદેશરે;
સર્વ કાલે કરી નવિ સકો, તો કરો પર્વ સુવિશેષરે ૩.
જુજુઆ પર્વ ષટનાં કહ્યાં, ફલ ઘણાં આગમે જોયરે;
વચન અનુસારે આરાધતાં, શર્વથા સિદ્ધિ ફલ હોયરે. ૪.
જીવને આયુ પરભવ તણો, તિથિદિને બંધ હોય પ્રાયરે;
તેહભણી એહ આરાધતાં, પ્રાણીઓ સદ્ગતિ જાયરે. વિ૦૫.
તેહવે અષ્ટમી ફલ તિહાં, પૂછે ગૌતમ સ્વામરે;
ભવિક જીવ જાણવા કારણે, કહે વીર પ્રભુ તાંમરે, વિ૦ ૬.
અષ્ટ મહા સિદ્ધી હોય એહથી, સંપદા આઠની વૃદ્ધીરે;
બુદ્ધિના આઠ ગુણ સંપજે, એથી આઠગુણ સિદ્ધરે. વિ૦ ૭.
લાભ હોય આઠ પડિહારનો, આઠ પવયણ ફલ હોયરે;
નાશ અષ્ટ કર્મનો મુલથી, અષ્ટમીનું ફલ જોયરે. વિ૦ ૮.
આદિ જીન જન્મ દિક્ષા તણો, અજીતનો જન્મ કલ્યાણરે;

ચ્યવન સંભવ તણું એહ તિથે, અભિનંદન નિરવાણુરે. વિ૦ ૯
સુમતિ સુવ્રત નમિ જનમિયા, નેમનો મુગતિ દિન જાણરે;
પાસ જીન એહ તિથે સિદ્ધલા, સાતમા જીન ચ્યવન માણરે. ૧૦
એહ તિથિ સાવતો રાજીઓ, દંડવિરજ લહ્યો મુક્તિરે.
કર્મ હણવા ભણી અષ્ટમી, કહે સૂત્ર નિર્યુક્તિરે. વિ૦ ૧૧
અતીત અનાગત કાલનાં, જીન તણાં કેઈ કલ્યાણરે;
એહ તિથે વલી ઘણા સંયમી, પામશે પદ નિરવાણરે. ૧૨
ધર્મ વાસિત પશુ પંખીયા, એહ તિથે કરે ઉપવાસરે;
વ્રત ધારી જીવ પોષા કરે, જેહને ધર્મ અભ્યાસરે. વિ૦ ૧૩
ભાખિયો વીરે [illegible] તણો, ભૂપતિ [illegible] હિત એહ અધિકારરે;
જીન મુખે ઉચ્ચરી પ્રાણીયા, પામશે ભવ તણો પારરે. વિ૦ ૧૪
એહથી સંપદા સવિ લહે, ટલે કષ્ટની કોડરે;
સેવજો શિષ્ય બુધપ્રેમનો, કહે કાંતી કરજોડરે. વિ૦ ૧૫.

કળસ.

એમ ત્રિજગ ભાસન અચલ શાસન, વર્ધમાન જીનેસરૂ;
બુધ પ્રેમ ગુરૂ સુપસાય પામી, સંથુણ્યો અલવેસરૂ.
જીન ગુણ પ્રસંગે ભણ્યો રંગે, તવન એ આઠમ તણો;
જે ભવિક ભાવે સુણે ગાવે, કાંત સુખ પાવે ઘણો. ૧.

ઇતિ શ્રી અષ્ટમીનું સ્તવન સંપૂર્ણ.

અથ શ્રી અષ્ટમીની સ્તુતિ.

મંગલ આઠ કરી જસ આગલ, ભાવ ધરી સુરરાજજી;
આઠ જાતિના કલશ કરીને, ન્હવરાવે જિનરાજજી.
વીર જિનેશ્વર જન્મ મહોત્સવ, કરતાં શિવ સુખ સાધેજી;

આઠમનું તપ કરતાં અમ ઘર, મંગલ કમલા વાધેજી. ૧
અષ્ટ કરમ વયરી ગજગંજન, અષ્ટાપદ પરે બલીયાજી;
આઠમે આઠ સ્વરૂપ વિચારી, મદ આઠે તસ ગલિયાજી.
અષ્ટમી ગતિ પહોંતા જિનવર, ફરસ આઠ નહીં અંગજી;
આઠમનું તપ કરતાં અમ ઘર, નિત્ય નિત્ય વાધે રંગજી. ૨
પ્રાતિહારજ આઠ વિરાજે, સમવસરણ જિનરાજેજી;
આઠમે આઠસો આગમ ભાખી, ભવિ મન સંશય ભાંજેજી.
આઠે જે પ્રવચનની માતા, પાલે નિરતિચારોજી;
આઠમને દિન અષ્ટ પ્રકારે, જીવ દયા ચિત્ત ધારોજી. ૩
અષ્ટ પ્રકારી પૂજા કરીને, માનવ ભવફલ લીજેજી;
સિદ્ધાઈ દેવી જિનવર સેવી, અષ્ટ મહાસિદ્ધિ દીજેજી.
આઠમનું તપ કરતાં લીજે, નિર્મલ કેવલ જ્ઞાનજી;
ધીર વિમલ કવિ સેવક નય કહે, તપથી કોડ કલ્યાણજી. ૪

ઇતિ શ્રી અષ્ટમીની સ્તુતિ સંપૂર્ણ.

અથ શ્રી એકાદશીનું ચૈત્યવંદન.

શાસન નાયક વીરજી, પ્રભુ કેવલ પાયો;
સંઘ ચતુર્વિધ થાપવા, મહસેન વન આયો. ૧
માધવ સીત એકાદશી, સોમલ દ્વીજ યજ્ઞ;
ઇંદ્રભૂતિ આદે મલ્યા, એકાદશ વિજ્ઞ. ૨
એકાદશસે ચઉ ગુણા, તેહનો પરિવાર;
વેદ અર્થ અવળો કરે, મન અભિમાન અપાર. ૩
જીવાદિક સંશય હરી એ, એકાદશ ગણધાર;
વીરે થાપ્યા વંદીયે, જિન શાસન જયકાર. ૪

મલ્લી જન્મ અર મલ્લી પાસ, વર ચરણ વિલાસી;
ઋષભ અજિત સુમતિ નમિ, મલ્લી ઘનઘાતી વિનાશી ૫
પદ્મપ્રભ શિવવાસ પાસ, ભવભવના તોડી;
એકાદશી દિન આપણી, ઋદ્ધિ સઘલી જોડી. ૬
દશ ક્ષેત્રે તિહું કાલનાં, ત્રણસેં કલ્યાણ;
વરસ અગ્યાર એકાદશી, આરાધો વર નાણ. ૭
અગીયાર અંગ લખાવીયે, એકાદશ પાઠાં;
પૂંજણી ઠવણી વિંટણી, મસી કાગલ કાઠાં. ૮
અગીયાર અવ્રત છાંડવાં એ, વહો પડિમા અગિયાર;
ખિમાવિજય જિન શાસને, સફલ કરો અવતાર. ૯

ઇતિ શ્રી એકાદશીનું ચૈત્યવંદન સંપૂર્ણ.

અથ શ્રી એકાદશીનું સ્તવન.

જગપતિ નાયક નેમિજિણંદ, દ્વારિકા નગરી સમોસર્યા;
જગપતિ વંદવા કૃષ્ણ નરિંદ, જાદવ કોડશું પરિવર્યા. ૧
જગપતિ ધીગુણ ફુલ અમૂલ, ભક્તે ગુણે માલા રચી;
જગપતિ પૂજી પૂછે કૃષ્ણ, ક્ષાયિક સમકિત શિવરુચિ. ૨
જગપતિ ચારિત્ર ધર્મ અશક્ત, રક્ત આરંભ પરિગ્રહે;
જગપતિ મુજ આતમ ઉદ્ધાર, કારણ તુમ વિણ કોણ કહે. ૩
જગપતિ તુમ સરિખો મુજ નાથ, માથે ગાજે ગુણનીલો;
જગપતિ કોઇ ઉપાય બતાવ, જેમ કરે શિવવધૂ હેતલો. ૪
નરપતિ ઉજ્જવલ માગશિર માસ, આરાધો એકાદશી;
નરપતિ એકસોને પચાસ, કલ્યાણક તિથિ ઉલ્લસી. ૫
નરપતિ દશ ક્ષેત્રે ત્રણ કાલ, ચોવીશી ત્રીસે મળી;

નરપતિ નેમુ જિનનાં કલ્યાણ, વિવરી કહું આગલ વલી. ૬
નરપતિ અર દીક્ષા નમિ નાણ, મલ્લી જન્મ વ્રત કેવલી;
નરપતિ વર્ત્તમાન ચોવીશી, માંહે કલ્યાણક આવલી. ૭
નરપતિ મૌનપણે ઉપવાસ, દોઢશો જપમાલા ગણો;
નરપતિ મન વચ કાય પવિત્ર, ચરિત્ર સુણો સુવ્રત તણો. ૮
નરપતિ દાહિણ ધાતકી ખંડ, પશ્ચિમ દિશિ ઇક્ષુકારથી;
નરપતિ વિજય પાટણ અભિધાન, સાચો નૃપ પ્રજાપાલથી. ૯
નરપતિ નારી ચંદ્રાવતી તાસ, ચંદ્રમુખી ગજગામિની;
નરપતિ શ્રેષ્ઠિ શૂર વિખ્યાત, શિયલ સલીલા કામિની. ૧૦
નરપતિ પુત્રાદિક પરિવાર, સાર ભૂષણ ચીવર ધરી;
નરપતિ જાયે નિત્ય જિનગેહ, નમન સ્તવન પૂજા કરે. ૧૧
નરપતિ પોષે પાત્ર સુપાત્ર, સામાયિક પોષધ વરે;
નરપતિ દેવવંદન આવશ્યક, કાલ વેલાયે અનુસરે. ૧૨

ઢાળ ૨ જી.

એક દિન પ્રણમી પાય, સુવ્રત સાધુ તણારી;
વિનયે વિનવે શેઠ, મુનિવર કરી કરૂણારી. ૧
દાખો મુજ દિન એક, થોડો પુણ્ય કીયોરી;
વાધે જિમ વડ બીજ, શુભ અનુબંધી થયોરી. ૨
મુનિ ભાસે મહા ભાગ્ય, પાવન પર્વ ઘણાંરી;
એકાદશી સુવિશેષ, તેહમાં સુણ સુમનારી. ૩
સિત એકાદશી સેવ, માસ અગ્યાર લગેરી;
અથવા બરસ ઇગ્યાર, ઉજવી તપશુવગેરી. ૪
સાંભલી સદ્ગુરૂ વેણ, આનંદ અતિ ઉલ્લસ્યોરી;

તપ સેવી ઉજવિય, આરણ સ્વર્ગે વસ્યોરી. ૫
એકવીશ સાગર આય, પાલી પુણ્ય વસેરી;
સાંભલ કેશવ રાય, આગલ જેહુ થશેરી. ૬
સોરીપુરમાં શેઠ, સમૃદ્ધદત્ત વડોરી,
પ્રીતિમતિ પ્રિયા તાસ, પુણ્યે જોડ જડ્યોરી. ૭
તસ કુખે અવતાર, સૂચિત શુભ સ્વપ્નેરી;
જનમ્યો પુત્ર પવિત્ર, ઉત્તમ ગ્રહ શુકનેરી. ૮
નાલ નિક્ષેપ નિધાન, ભૂમિથી પ્રગટ હુવોરી;
ગર્ભદોહદ અનુભાવ, સુવ્રત નામ ઠવ્યોરી. ૯
બુદ્ધિ ઉદ્યમ ગુરૂ જોગ, શાસ્ત્ર અનેક ભણ્યોરી;
યૌવનવય અગીયાર, રૂપવતી પરણ્યોરી. ૧૦
જિનપૂજન મુનિદાન, સુવ્રત પચ્ચખાણ ધરેરી;
અગીયાર કંચન કોડ, નાયક પુણ્ય ભરેરી. ૧૧
ધર્મઘોષ અણગાર, તિથિ અધિકાર કહેરી;
સાંભલી સુવ્રત શેઠ, જાતિસ્મરણ લહેરી. ૧૨
જિન પ્રત્યય મુનિ શાખ, ભક્તે તપ ઉચરેરી;
એકાદશી દિન આઠ, પોહોરો પોસો ધરેરી. ૧૩

ઢાળ ૩ જી.

પતિની સંયુતે પોસહ લીધો, સુવ્રત શેઠે અન્યદાજી;
અવસર જાણી તસ્કર આવ્યા, ઘરમાં ધન લૂંટે તદાજી. ૧
શાસન ભક્તે દેવી શક્તે, થંભાણા તે બાપડાજી;
કોલાહલ સુણી કોટવાલ આવ્યો, ભૂપ આગલ ધર્યા રાંકડાજી. ૨
પોસહ પારી દેવ જુહારી, દયાવંત લેઈ ભેટણાંજી;

શાયને પ્રણમી ચાર મૂકાવી, શેઠે કીધાં પારણાંજી. ૩
અન્ય દિવસ વિશ્વાનલ લાગ્યો, સોરીપુરમાં આકરોજી;
શેઠજી પોસહ સમરસ બેઠા, લોક કહે હઠ કાં કરોજી. ૪
પુણ્યે હાટ વખાર્યો શેઠનો, ઉગારી સો પ્રશંસા કરેજી;
હરખે શેઠજી તપ ઉજમણું, પ્રેમદા સાથે આદરેજી. ૫
પુત્રને ઘરનો ભાર ભલાવી, સંવેગી શિર સેહરોજી;
ચઉનાણી વિજય સેખર સૂરિ, પાસે તપવ્રત આદરેજી. ૬
એક ખટ માસી ચાર ચોમાસી, દોસય છઠ્ઠ સો અઠ્ઠમ કરેજી;
બીજા તપ પણ બહુ શ્રુત સુવ્રત, મૌન એકાદશી વ્રત ધરેજી. ૭
એક અધમ સુર મિથ્યાદૃષ્ટિ, દેવતા સુવ્રત સાધુનેજી;
પુર્વોપાર્જિત કર્મ ઉદેરી, અંગે વધારે વ્યાધિનેજી. ૮
કર્મે નડીયો પાપે જડીયો, સુર કહે જાઓ ઓષધ ભણીજી;
સાધુ ન જાયે રોષ ભરાયે, પાદ પ્રહારે હણ્યો મુનિજી. ૯
મુનિ મન વચન કાય ત્રિયોગે, ધ્યાન અનલ દહે કર્મનેજી;
કેવલ પામી જિતપદ રામી, સુવ્રત નેમ કહે શ્યામનેજી. ૧૦

ઢાળ ૪ થી.

કાન પયંપે નેમને એ, ધન્ય ધન્ય યાદવવંશ;
જિહાં પ્રભુ અવતરયા એ;
સુજસન માનસ હંસ, જયો જિન નેમને એ. ૧
ધન્ય શિવા દેવી માવડીએ, સમુદ્રવિજય ધન્ય તાત;
સુજાત જગત ગુરૂએ, રત્ન ત્રયિ અવદાત જયો. ૨
ચરણ વિરાધી ઉપનો એ, હું નવમો વાસુદેવ; જયો.
તિણે મન નવિ ઉલ્લસે ગો, ચરણ ધરમની સેવ. જયો.૩

હાથી જેમ કાદવ ગહ્યો એ, જાણું ઉપાદેય હેય. જયો.
તો પણ હું ન કરી શકું એ, દુષ્ટ કર્મનો ભેય. જયો. ૪
પણ સરણા બલિયા તણા એ, કીજે સીજે કાજ. જયો.
એહવાં વચનને સાંભલીએ, બાંહે ગ્રહ્યાની લાજ. જયો. ૫
નેમ કહે એકાદશી એ, સમકિત યુક્ત આરાધ. જયો.
થાઇશ જિનવર બારમો એ, ભાવિ ચોવીશિયે [illegible]. જયો. ૬

કલશ

ઇય નેમિ જિનવર, નિત્ય પુરંદર, રૈવતાચલ મંડણો.
બાણ નવ મુનિ, ચંદ્ર વરસે, રાજનગરે સંથુણ્યો;
સંવેગરંગ તરંગ જલનિધિ, સત્યવિજય ગુરૂ અનુસરી;
કપૂરવિજય કવિ,ક્ષમાવિજય ગણિ, જિનવીજય જયસિરિ વરી. ૧
ઇતિ શ્રી એકાદશીનું સ્તવન સંપૂર્ણ.

અથ શ્રી એકાદશીની સ્તુતિ.

એકાદશી અતિ રૂયડી, ગોવિંદ પૂછે નેમ;
કોણ કારણ એ પર્વ મહોટું, કહો મુજશું તેમ;
જિનવર કલ્યાણક અતિ ઘણાં, એકશોને પંચાશ;
તેણે કારણ એ પર્વ મહોટું, કરો મૌન ઉપવાસ. ૧
અગિયાર શ્રાવક તણી પ્રતિમા, કહે તે જિનવર દેવ;
એકાદશી એમ અધિક સેવો, વન ગજા જિમ રેવ;
ચોવીશ જિનવર સયલ સુખકર, જેસા સુરતરૂ ચંગ;
જેમ ગંગ નિર્મલ નીર જેહવું, કરો જિનશું રંગ. ૨
અગીયાર અંગ લખાવીયે, અગીયાર પાઠાં સાર;
અગીયાર કવલી વિંટણાં, ઠવણી પૂંજણી સાર;
ચાબખી ચંગી વિવિધ રંગી, શાસ્ત્રતણે અનુસાર;
એકાદશી એમ ઉજવો, જેમ પામિયે ભવપાર. ૩

વર કમલનયણી કમલ વયણી, કમલ સુકોમલ કાય;
ભુજ દંડ ચંડ અખંડ જેહને, સમરતાં સુખ થાય;
એકાદશી એમ મન વશી, ગણી હર્ષ પંડિત શિષ્ય;
શાસન દેવી વિઘન નિવારો, સંઘ તણાં નિશદિશ. ૪

ઇતિ શ્રી અગીયારશની સ્તુતિ સંપૂર્ણ

અથ શાંતી જિનની આરતી.

જય જય આરતી શાંતિ તુમારિ,
તોરા ચરણ કમળકી મેં જાઉ બલિહારી. જ૦૧
વિશ્વસેન અચિરાજીકે નંદા, શાંતિનાથ સુખ પૂનમચંદા. જ૦૨
ચાલીસ ધનુષ્ય સોવનમય કાયા. મૃગલંછન પ્રભુચરણ સુહાયા. જ૦૩
ચક્રવર્તી પ્રભુ પાંચમા સોહે, સોળમા જિનવર જગસહુ મોહે. જ૦૪
મંગળ આરતી તોરી કીજે, જન્મ જન્મનો લાહો લીજે. જ. ૫
કરજોડી સેવક ગુણ ગાવે, સો નરનારી અમરપદ પાવે. જ૦૬


અથ મંગળ ચાર.

ચારો મંગળ ચાર, આજ મ્હારે ચારો મંગળ ચાર;
દેખ્યો દરસ સરસ જીનજીકો, શોભા સુંદર સાર. આજ૦૧
છિનું છિનું છિનું મન મોહન ચરચો, ઘસી કેસર ઘનસાર. આજ૦૨
વિવિધ જાતીકે પુષ્પ મંગાવો, મોઘર લાલ ગુલાલ. આજ૦૩
ધુપ ઉખેવોને કરો આરતી, મુખ બોલો જયકાર. આજ૦૪
હર્ષ ધરી આદીશ્વર પુજો, ચોમુખ પ્રતિમા ચાર. આજ૦૫
હૈયે ધરી ભાવ ભાવના ભાવો, જિમ પામો ભવ પાર. આજ૦૬
સકળચંદ સેવક જિનજીકો, આનંદઘન ઉપગાર. આજ૦૭

અર્પણ પત્રિકા.



આ પુસ્તક જે શ્રાવિકા શાળા તરફથી પ્રગટ કરવામાં આવ્યું છે તેને વખતો વખત યોગ્ય મદદ આપનાર શા. મોતીલાલ પ્રેમચંદને બહુ સ્નેહ પૂર્વક અર્પણ કરૂં છું.



લી. ભા. ક. મ.